વિદુષક—ગણેશીયો હમણાં કટાઈ ગયો છે. તે સજાઇને આવે એટલે રાજરીતિમાં પાવરધા થઇએ કાં, નહીં?

અજેપાલ—શું અમે કંઈ તસ્કર છીએ! પગમાં તોડો તો જો?

વિદુષક—મોતીશાના પ્રેમચંદને પગે અડવો કરી દીધો ઈના! એક તો ઈ માંહેલો છે. ખોટું કહીશ મા.

અજેપાલ—સાળા નટખટીની દોસ્તી સારી નહીં.

વિદુષક—દોસ્તીએ જાય, અને ભેળી ઠાકોરડાની પદવીએ જાય!

અજેપાલ—દોસ્ત એમ! (આંખું કાઢેછે.)

વિદુષક—આંખું કાઢમાં માબાપ! માંડ રોટલા ખાતો થયોછું આસામી જોઇને કામ કરજે.

અજેપાલ—દોસ્ત! તારા ઘરપર હોય, મારીએતો મીરકું, તારા જેવા રેંદી પેંઢીને માર્યે શું થાય!

વિદુષક—હા ભાઈ, હા! કળું બતાવી દીધી ત્યારે આમ બોલેછે ના. (અખો અને રખો લૂટનો સામાન લઇને આવેછે અને તે અજેપાલના મોં આગળ નાખેછે. ત્યારે તેમાંથી એક લોટનો ખડીઓ વિદૂષક ઉપાડેછે ત્યારે.)

અખો—ઉપાડમાં!

વિદુષક—મારા સારા અખા રખાતો બ્રાહ્મણને પણ મૂકતા નથી. અજેપાલ લૂંટમાં ફાકવો લોટ, ને પરણવી રાજાની કુંવરી.

અખો—સાબ ધણી! મારૂં હારૂં ટીલડું તો ભાગતુંજ જાય.

રખો—હા, હારે તુંબડે તો ઘોડવી ઘોડવીને ઠુસ કાઢી નાંખી.

અખો—રખા! મોઢાનું ડીમચું કેવું ઉડાવી દીધું.

રખો—તે વિના હારૂં માનતુંતુંજ ક્યાં?

વિદુષક—અલ્યા! બ્રાહ્મણને પણ ઠેર મારી નાખ્યો! તમારૂં નખોદ જાય!!

અખો—તું કુંણસે? તારૂં નામ શું?

વિદુષક—હું રામલાનો ભાઈ ગમો, લૂંટમાં બ્રાહ્મણનો ખડીયો ભેળવીને ખડીયા ખાટજો.

અજેપાલ—એમાં શું નુકસાનછે. રોટી આટામાંથી થાયછે ના!

**વિદુષક**—આ અમારા લોટની રોટી, પેરીલે લંગોટી, ચાલ કેવળપૂરીને ચેલો થાવું હોયતો.

**અબો**—રબા! એટલું આપણું આમાંથી?

**રબો**—અબા એમ પેહેલેથીજ કરગઠ કરીસે જે અજીયાના એ ભાગ ને તારો મારો એચ એચ.

**અબો**—રબા! મારો દિયરો અજીયો તે સેનું બેમણું લીએ!

**વિદુષક**—લીઓ મારા ભીલના ઠાકરડા! અજેપાલ બહાદુર! અબો રબો તો કહે છે જે, મારો દીયરો અજીયો!

**અબો**—તે પાટ ઉપર ચડી બેઠો છે, તેથી શું થીયું! પણ તિરચાંમઠાં અમારે ચલાવવાં પડેસે! (પુરંધરી આવેછે.)

**રબો**—આ મારી દિયરી પુરંધરી આવી! આજ રાંડ બધુય ખેતરી જઈ!

**અબો**—અજીયો અશકી તે એમ કરવું?

**વિદુષક**—આવો પુરંધરીબા! શું ઝસેલ કર્યું? લગન લાફશી ભેળાં છે કે કેમ?

**પુરંધરી**—અજેપાલ ઠાકોર, એ વાતતો નહીં બને!

**અબો**—એમ ન થાય રાંડ!તો મશરૂની પોટકી પોચાડીજા પાછી.

**રબો**—રાંડ છેતરી જઇછું. તે બાપની ચ્યાં પૂજી હતી!

**પુરંધરી**—અજેપાલ ઠાકોર, થોડુંઘણું કર્યું છે. તે પણ રદ કરીશ. બધા આમ બોલોછો તેથી!

**અજેપાલ**—અબા! રબા! પુરંધરીની સામે કાંઈ બોલવું નહીં. તેને છેડવી નહીં. નહીંતો કામ બગાડશે.

**પુરંધરી**—જે વખત મેં તમારૂં નામ દીધું, તે વખતે મારો ઘણોજ ધિક્કાર કર્યો. અને બહુજ મુને ઠપકો દીધો. હવે તમે જો જો કે એ વિમળાને હું કેવી રઝળાવું છું. તમે પણ કબૂલ કરશો. અને આખર તમારા હાથમાં સોંપાવીશ.

**વિદુષક**—શાબાશ! પુરંધરી જનાનામાંતો તારા જેવાંજ માણસ જોઇએ. રજક ઠીક હક કરછ?

**પુરંધરી**—નીચના પેટના, તું વચમાં લવરી કરમાં?

**વિદુષક**—વોય મારી દીચરીની ફાટી! કેવા દેજે પ્રધાનજીને.



**પુરંધરી**—જાને પીટયા કાણીયા, તારાથી થાય તે કરજે.

**વિદુષક**—હવેજ નિચ ખરી!

**પુરંધરી**—અજેપાલ હવે હું જાઉંછું.

**અજેપાલ**—બહુ સારૂં જા. (જાયછે.)

**વિદુષક**—કાં ભાઇબંધ રામ રામ એક હમણાં ને બીજા લગન વખતે.

**અજેપાલ**—તું પણ જઇશ?

**વિદુષક**—હા! હમણાંતો જઇશ, પાછો લગન વખતે આવીશ. (જાય છે.)

**અજેપાલ**—અબા! આ લૂંટનો સામાન અંદર લઈ ચાલો, ત્સાં વેંચણ કરશું.

**અબો**—ચાલો સાબ! (રબાને) રબા! ઉપાડ આ પોટકો!

**રબો**—લાવ લાવ! (ઉપાડેછે.)

(સૌ નીકળી જાય છે.)

## પ્રવેશ ૪ થો.

**સ્થળ**—દિલ્હીમાં ઔરંગજેબનું જનાનખાનું.

**પાત્ર**—કેશરબા, કનીઝક, ઔરંગજેબ.

**કેશરબા**—કયું! કનીઝક મેરા માબાપસે કાગજ બહોત તાકીદસે આયાહે, સો મીલને બાસ્તે અવસ્ય જાનાં ચાહીએ. કયુંકે બરસભી બહોત હોગયેહે; અલબત મુગલબાદશાહકે જનાનેમેં માબાપકે ઘરૂં જાને બાસ્તે રજા મીલનેકી રશમતો નહીંહે; લેકીન શાહ જબ અપને કબજેમેંહે તબ ખુબ જીદ કરકે, આજ રજા લેઉંગી, માબાપ, બેહેન, ભાઈ, સબકુ મિલનેકી મેરે દીલમેં બહોત ઉમેદવારીહે.

**કનીઝક**—હુરમસાહેબ તુમારા ચચ્ચા જશવંતસિંહજી અચ્છે ઓર લાયક આદમીહે.

**કેશરબા**—હાં! કનીઝક મેરા ચચ્ચાકા મેરેપર બહોત પ્યારહે જીસકે લીયે દર પંદરા રોજપેં કાગજભી આતાહે.

Taj Tahir Foundation

**કનીઝક**—જહાં સાહેબ! તુમારે ખાવીંદ શાહ ઔરંગઝેબ અબ રજપૂત લોગપર ખફા નજરસે રહેતેહે, સબબ જાનેકી રજા મીલની મુશ્કીલહે.

**કેશરબા**—કનીઝક! તું સચ્ચ કહતીહે, મગર વોતો ઉદેપૂરકા રાણા રાજસિંહસેં ઉસ્કુ બડી તકરાર પેદા હુઈહે. જીસ લીયે ઉસકા દિલ સારે રજપૂતકું મારકે જેર કરનેમે લગાહે.

**કનીઝક**—નહીં, નહીં! મુંમસાબ, જજીયા બેરા નયા ડાલનેસેં અબ સબ રજપૂત રાજા ઇકઠ્ઠે હોગયેહે, ઓર શાહકે સામને ટક્કર લેનેકું તત્પર હોરહેહે.

**કેશરબા**—મેરે ખાવીંદતો ઉસ્કે જમાઉ લગતેહે, તબ ઇસ મસલતમેં વહ સામેલ હોવે નહીં.

**કનીઝક**—તબતો હુરમ સાહેબ રજાકે બાસ્તે અરજ કરનાં, ઓર ખાહેશ મંદી બતાનાં.

**નેપથ્યમાં**—નિગાહ રખો મેહેરબાન.

**કેશરબા**—કનીઝક! સરકારકી સવારી આતીહે.

**કનીઝક**—હા બેગમસાબ મૈંનેભી એૈસા સુના.

**ઔરંગજેબ**—(પ્રવેશ કરીને કેશરબા પાસે આવી બેસેછે,ત્યારે તેને દીલગીર જોઇને) કયું! દિલજાન! કયા ફિકરમેં બેઠેહો, બસ એક તુમસેં મેરી દીલલગીહે! અબ નજર દુસરી ચીજપે ઠેરતી નહીં.

**કેશરબા**—ખાવીંદ મેરી એક અર્જહે!

**ઔરંગ૦**—કયાહે! મેરી માશુક! બેલાશક બોલો! આશમાનસેં સિતારા હાજર કરૂં. બોલો કયા ચઇતાહે?

**કેશરબા**—મેરે બાવાકા જોધપૂરસેં કાગજ આયાહે!

**ઔરંગજેબ**—અચ્છા! વો જશવંતસિંહ કયા લીખતાહે?

**કેશરબા**—મેરે બાવાનેતો કાગજમેં બેરખુશાલીકા ખબર લીખાહે, મગર મેરી એક નઈ અર્જહે!

**ઔરંગજેબ**—કયાહે, સો બોલો, દિલજાન!

**કેશરબા** **ગજલ.**

(ઇંદ્રસભામાં ગવાતી ઢબની)

જોધપૂર જાનાં, એૈસી ઇતેજારીહે,



ખાવિંદ ઘો રજા મુઝેતો, દિલ કરારીહે.
આપકે જનાનેમેં, હુવેહે વર્ષ બાર;
એક વક્ત ઘો રજાહો, મુગલકે સરકાર.
જોધપુરમેં ભેણુ મેરી, મીલનેકી ઉમેદ;
કાગજ લીખકે વો બુલાતી, કરતીહું નીબેદ.

**ઔરંગ૦**— (રાગ સદર.)

દિલલગી તેરેસેં મેરી, કયું જુદા મૈં હોઉં;
ઓર હુરમ બહોત મગર, ખુશમેં તુજસેં હોઉં.
તેરી સુરત તેરા બદન, લ્યાકતહે કયા તેરી;
તુજસેં જુદા પડનાં હોવે, તબ ખરાબી મેરી.
તકલીફ એૈસી નહિ ઉઠાઓ, હોમેરે દિલજાન;
જોધપુર જાના બીચમેં, મુલ્કહે વેરાન.

**કેશરબા**— (રાગ સદર)

નામદાર માસ એક, મુદત મુજકું દીઓ;
દિલ મિલકે આઉં ઇધર, સચ સુકન લેઓ.
એક વખત જાના એસા, દિલમેં હે જરૂર;
ચાય તૈસા હોવે મગર, ઘો રજા હજૂર.
મેરી માત ભેણુ, મેરે બાપુકે દેદાર;
એક વકત કરકે આઉં, ફીર મુજે કરાર.
જો ન જાઉંતો મેરા દિલકું, ગમગિની રહે;
અર્જપેં દરિયાફ કરો, દૂર ન બોતહે.

**ઔરંગજેબ**—બહોત અચ્છા, જબ તુમારે દિલમેં એૈસી બહોત ઇન્તેજારી માબાપકું મીલને જાનેકી હે; તબ મૈં એક માસકી રજા દેતા હું, મગર બોહોત તાકીદસેં આનાં, કયું કે તુમારે બિના મેરા દિલકું મઝે નહીં રહેગી ઓર તુમારે સંગમે મેરા ખાન ઉમરાવકો ભેજતા હું ઓર ખાનગી કે આદમી મૈંસેં હુસેનમીયાકે ભેજતા હું મુદત્તખતમ બાદ વહાં ઠેરનાં નહીં.

**કેશરબા**—બહોત અચ્છા, મેરે ખાવીંદ, મેરેકુંભી આપકે દેદાર બીના દીલમેં આરામ કયું રહેગા! જલદી આઉંગી.

Taj Tahir Foundation

**ઔરંગજેબ**—બહોત અચ્છા તબ! અબ મેં કચેરીમેં જાતાહું, ઓર તુમારે સંગ આનેવાલેકું વરધી દીલવાતા હું.

**કેશરબા**—પધારીયે ખાવીંદ. (જાયછે.)

**કનીઝક**—બાઇસાહેબ આપકી મુરાદ તો હાંસીલ હુઈ.

**કેશરબા**—હાં! પહિલેભી મુઝે બહોત અંદેશા નહીં થા. અચ્છા અબ ચલ, પોશાક ઓર દાગીના સંગ લેજાનેકા તૈયાર કરરખે.

**કનીઝક**—પધારીએ.

(સૌ જાયછે.)

## પ્રવેશ ૫ મો.

સ્થળ-દિલ્લીમાં રસ્તો.

**પાત્ર—હસનમિયાં, વિદુષક.**

**વિદુષક**—કાં! હસનમિયાં, કેણીકોર તૈયારીક?

**હસનમિયાં**—સાલે જનાનેકી નોકરી બડી મુસ્કેલ હે. સારા દિન ખડા હાજર રહના પડતા હે. આજ કેશરબાકી બાનીને કહા હે કે, કુચ્છ કાગજ આયા હે.

**વિદુષક**—જોધપૂરવાળાં કેશરબા પીયર જાતાં હશે ભાઈ?

**હસન૦**—ખુદાજાને ઐસા કુચ્છ હોગા!

**વિદુષક**—ઔરંગજેબ બાદશાહ રજા દેશે?

**હસન૦**—વોતો ખુદા જાને, લેકીન રજા મિલેગી તો હમારે ભી દો માસકી નોકરી આઈ.

**વિદુષક**—મુગલ જનાનામાં રજા દેવાની રશમતો નથી?

**હસન૦**—બેગમસાહેબકા બચન ગલત હોવે? ઉસકી આગે તો બાદશાહ ગુલામ જેસા હે.

**વિદુષક**—હસનમીયાં સાચું કહેજો? તમારે ઘરે શી રીત? અમારાં ફાતમા ભાભી ચતુર તો ઘણાં છે.

**હસન૦**—હમતો દો નોકરી કરતે હે, એક બાદશાહકે ઘરકી, ઓર દુસરી અપને ઘરકી, લેકીન તેરે ઘરકા હાલ કેસાહે, વો તો બોલ?



**વિદુષક**—અમેતો ઘર ભેળુંજ રાખીએ છીએ, દિ આખો બારણે નળાદીઉં, ને બારણાં રાતના આઠ વાગે ઉઘડે.

**હસન૦**—તબ કયા ઓરતકું ઓઝલમેં રખતા હે?

**વિદુષક**—ઓઝલમાં ને અંધારામાં, એક મારૂં મોઢું દિવો કરૂં ત્યારે રાતના બારવાગે દેખે. ત્યાં સુધી તો ઈ અંધારામાં, ને અમે અજવાળામાં. ને તમારીયે તો હસનમિયાં હું જાણુંછું કે ઈ અજવાળામાં, ને તમે સદાય અંધારામાં.

**હસન૦**—સાલે તેં અંધેરા કૈસા બોલતા હે? હમ મેહેલકી દેવડીમેં અંધેરા હોલમેં રહતે હે, ઉસપરસે કહતા હે?

**વિદુષક**—એક તો ઈ! અને બીજું તો આ જમૈયો ભેઠમાં ન હોય તો કહું.

**હસન૦**—બોલ! અપને દોસ્ત, કયા તેને કુચ્છ મેરે ઘરમેં નાપાકી દેખી!

**વિદુષક**—ત્યારે કાલ તરકારી પહોંચાડવા મને તમે મોકલ્યો નહોતો ત્યારે આંખવિંચારો ઓર તરેહનો હતો.

**હસન૦**—ઐસા! (જમૈયાને જોરથી કાઢેછે.)

**વિદુષક**—માબાપ ભેઠે હાથ લગાડમાં! આંખવિંચારો એટલે આંખ વિંચી ગયું. ઈ! પરપુરૂષને જોતાંજ નથી.

**હસન૦**—સાલા! એસી હરહમેશ મશ્કરીજ કરતા હે; ચલ ખબર નીકાલું કે કયા હકીકત હે; જોધપૂર જાનાં પરેગા તો દાના પાનીકા બંદોબસ્ત કરનાં હોવેગા.

**વિદુષક**—તમે તો ઔરંગજેબના ખાનગી માણસ ભાઈ! હસનમીયાંની હુરમને દાણાપાણીની ફિકર હોય!

**હસન૦**—એસા હે, તબજ નોકરીમેં જાનાં પડતા હેના!

**વિદુષક**—ચાલો હવે આપણે રંગભૂવનમાં જઇએ. પ્રાણપ્રીયા વાટ જોતાં હશે. કે કેમ, કામદેવનો અવતાર આવ્યો નહીં! (લૂગડાં તરફ જોઇને.) સાળાં! લૂગડાં ખરાબ! બાકી રૂપનોતો સંતોષછે.

(બંને જાયછે.)

## પ્રવેશ ૬ ઠો.

સ્થળ—જોધપૂરમાં અંતઃપુર.

**પાત્ર—કૌમારદેવી, પન્ના, જશવંતસિંહ, લવિંગી.**

**કૌમારદેવી**—દાસી! તુંને વિમળાની ખબર કાઢવા મોકલી હતી, પછી ત્યાંથી શું ખબર લાવી ?

**પન્ના**—બાઇસાહેબ! હું ગઈ તે વખતે ઈ તેની સખી કાન્તા સાથ પુસ્તકાલયમાં બેઠાં હતાં. રૂપનગઢથી હમણાંજ આવ્યાં એમ કહ્યું

**કૌમારદેવી**—પછી તેં શું કહ્યું ?

**પન્ના**—મેં જઇને કહ્યું કે આજ દિલ્લીથી કેશરબા આવવાનાં છે. માટે મા સાહેબ અને અંતઃપુરમાંથી સૌ સામા જવાનાં છે. તો આપને પણ સંગ આવવાનું મા સાહેબે ફરમાવ્યું છે. વાસ્તે પધારો; તે સમયે તે ગ્નાની યુક્ત બોલ્યાં કે સાંજને ટાંણે મારે શિવ પુજન કરવાનો નિયમ છે; તો એનો ભંગ કરીને હું શી રીતે આવી શકું? માટે મા સાહેબને મારા પ્રણામની સાથે કહેવું કે બેન કેશરબાને પાછળથી મળીશ—

**કૌમારદેવી**—હા! એનું ચિત્ત શિવપૂજનમાં બહુ રહેછે. વાસ્તે એના નિયમમાં ભંગ ન કરવો. ફિકર નહીં ભલે પછીથી મળે. રૂપનગઢથી અહીં આવી પહોંચી એ ઠીક થયું.નહિતો ત્યાં વળી જવું જોત.

**લવિંગી**—( પ્રવેશ કરીને ) બાઇસાહેબ ! મહારાજ પધારેછે !

**જશવંતસિંહ**—(પ્રવેશ કરીને) કેમ ! પ્રીયા ! કાલે પત્ર આવ્યો ને પુત્રી એકદમ આવી પણ પહોંચ્યાં! સઘળી તૈયારી થઈ ગઇછે ! કેશરબાને માટે મુકામતો આપણા નવા બાગમાં રાખશું. કેમકે એને ત્યાં વધારે અનુકૂળ આવશે.

**કૌમારદેવી**—હાં ! ત્યાંજ મૂકામ રખાવજો. સાથે માણસ કેટલાંક છે ? એના કંઈ ખબર મળ્યા ?

**જશવંતસિંહ**—ત્રણસેં માણસ સાથે છે.

**કૌમારદેવી**—એને ખાવાપીવાનો બંદોબસ્ત સારી રીતે રખાવજો. એ મોટાં રાજનાં માણસછે, તો કોઈ રીતે બુરૂં લાગવા નદેવું



**જશવંતસિંહ**—એ વાતના બદોબસ્તતો, મેં પ્રથમથીજ કરી રાખ્યો છે. ખાસ પ્રધાનજીનેજ એની બરદાશ રાખવાનું ફરમાવ્યુંછે.

**કૌમારદેવી**—ત્યારેતો કંઇ હરકત નહીં આવે.

**જશવંતસિંહ**—પ્રીયા ! કેશરબાને દિલ્લી ગયાં ઘણાં વર્ષ થઇ ગયાં. તેથી તમને મળવા તેને ઘણીજ ચાહના હશે.

**કૌમારદેવી**—પ્રાણનાથ! પુત્રિ અને માતુનો સ્નેહ એક અપૂર્વ હોય છે !

**જશવંતસિંહ**—પ્રીયા ! તમારૂં કહેવું ખરૂંછે. તમારે કેશરબાની ઘણીજ બરદાશ રાખવી. એની બાદશાહીમાં કોઈ વાતનો કમીનો તો છે નહીં.

**કૌમારદેવી**—હા ! સાચી વાત છે. તોપણ પુત્રી જેછે તે ચહાય તેવાં માબાપ ગરીબ હોય, તોપણ એની આશા રાખે !

**જશવંતસિંહ**—તો આપણે તો ઇશ્વરની મેહેર છે ! પ્રીયા ! હમણાં આપણે હિરા અને મુક્તાની માળા જે લીધીછે, તે કેશરબાને દેવાનો મારો ઈરાદો છે.

**કૌમારદેવી**—પ્રાણનાથ, એ માળાનો મેં વીમળાને માટે રાખી છે, પરણાવીને વોળાવીશ ત્યારે તેને આપીશ, તમારા ભાઈ અમરસિંહને એ બહુ પ્રીય હતી અને જ્યારે આપણે પુત્રી તરીકે રાખીએ છીએ ત્યારે કોઈ વાતે તેને ઓછું આવવા ન દેવું એની મા ગુજરી ગઈ ત્યારથી તે મને સગી માથી પણ વધારે ગણેછે. કેશરબાને ત્યાં કંઈ કમીનો નથી પણ પ્રાણપતિ ! હવે વિમળાના વિવાહનો કયાંય વિચાર કરોતો સારૂં. અભ્યાસ પણ એણે પૂર્ણ કર્યો છે. તેમ ઉમ્મર પણ ચૌદવર્ષની થઈ. તો હવેતો સારા વિદ્યાવિનય, સદ્‌ગુણસંપન્ન, સૌંદર્યયુક્ત રાજપુત્રની શોધ કરવી જોઇએ, એતો ના કહેછે પણ આપણે તેનો વિચાર છે !

**જશવંતસિંહ**—પ્રીયા ! પ્રીય પુત્રિ વિમળા, સદા શિવભક્તિ, પ્રાર્થના, સદાચાર, સ્નાન ધ્યાનમાં રહેછે. તો કોઈ ક્ષત્રિ પરમ ધાર્મિક ધુરંધર રાજકુમારથી એનાંલગ્ન કરવાં જોઇએ. અગર જો કે એણે તો મારે મોઢે પરણવા સંબંધીજ બીલકુલ ના કહીછે !!

Taj Tahir Foundation

**કૌમારદેવી**—પ્રાણનાથ! એવો રાજપુત્ર આપની દ્રષ્ટિમાં કોઇછે?

**જશવંતસિંહ**—એવો કોઇ મારી દ્રષ્ટિમાં હજુ સુધીમાં આવ્યો નથી. પરંતુ વિમળા બારોટની સ્ત્રીઓ પાસે દેશવિદેશની વાત એની સખી કાન્તાદ્વારા સાંભળે છે. તો એનો અનુમત પ્રથમથી લેવો કે કયા રાજમાં, કયા રાજપુત્રથી તમારૂં લગ્ન કરીએ કે જેથી તમે ખુશી થાઓ.

**કૌમારદેવી**—મારી સાવિત્રિ વિમળાને સત્યવાન જેવો કોઈ રાજપુત્ર મળી જાયતો સારૂં.

**જશવંતસિંહ**—પ્રિયા! જેવી એની નિષ્ટા છે, એવોજ પતિ મળશે. પરંતુ હવે કેશરબાને આવવાનો સમય થઈ ગયોછે, તો હું જાઉંછું. અને તમે પણ અંતઃપુરમાંથી સૌને લઈને, બહાર નિકળો. વિમળાને પણ બોલાવજો.

**કૌમારદેવી**—એને બોલાવવાને માટે દાસીને મોકલી હતી; પરંતુ તે આજ સોમવાર છે; માટે સાંજને વખતે શિવપુજનમાં તત્પર રહેવાની હશે. વળી સોમવારે પ્રદોષ કરેછે, તેથી જમવાનું પણ રાત્રિને વખતે હોયછે. તેથી કરી આજ બહાર નહીં નીકળી શકે. રૂપનગઢથી આજજ આવીછે તેથી પરીશ્રમિત પણ હશે!

**જશવંતસિંહ**—કાંઈ ફિકર નહીં. પછીથી મળે. (જાયછે.)

**કૌમારદેવી**—પન્નાં! આપણે પણ ચાલો, હવે સામાં જઇએ. તું સૌને ઓરડે ખબર આપી આવ. એટલે બહાર નીકળે.

**પન્નાં**—બહુ સારૂં બાઇસાહેબ! હું ખબર આપવા જાઉંછું. અને આપ પધારો. (જાયછે.)

**કૌમારદેવી**—લવિંગી! રથ તૈયાર છે! બારીએથી જોતો ખરી.

**લવીંગી**—(બારીએથી જોઇને) બાઇસાહેબ રથ તૈયાર છે.

**કૌમારદેવી**—બહુ સારૂં ત્યારે ચાલો.

( બંને જાય છે. )



## પ્રવેશ ૭ મો.

**સ્થળ—જોધપૂરમાં બગીચો.**

**પાત્ર—કેશરબા, કનીઝક, કૌમારદેવી, જશવંતસિંહ, પુરંધરી, બિરસદ અને ફાતમાં.**

**કેશરબા**— ક્યું! કનીઝક, અપને બાસ્તે મકાનતો, બહોત અચ્છા મેરે બાવાને કરવાયા હે.

**કનીઝક**—બેગમસાહેબ! તુમ યહ શહરમેં એક અચ્છે બગીચેકી તારીફ કરતેથેં, વો કયા યહ હે? જગેતો બડી અચ્છીહે.

**કેશરબા**—હાં! યહ બાગ, જીસકી બાત મેં તેરે આગે કરતીથી યહ મકાન જીસ વક્ત મેં ઇધરથી, ઉસ વક્ત તૈયાર હોતાથા!

**કનીઝક**—હવા આનેકા બેતભી, બહોત અચ્છા કીયાહે. ઓર દરખતભી બહોત નયે નયે લગાયે હે.

**કેશરબા**—અપના દિલ્લીકે બગીચાકા હાકતો નહીં હે; તોભી અપને મૂકામ કરનેકું લાયક યહબિના દુસરા કોઉભી મકાન નહીંહોગા.

**કનીઝક**--આપકી તબીયતકુંભી ઇશ્વર માફક આયગા. બાસ્તે અબ શેહેરમેં રહનેકી કુછ જરૂર નહીં હે.

**કેશરબા**—હાં! ઇધરજ રહેગેં. તોભી મેરે બાપુ ઓર અમાંકુ મિલુંગી, તબ ઉસકા કયા ઇરાદા હે, વો દેખેંગે. ફિર અપના બિચાર કહેંગે.

**કનીઝક**—તુમારે અમાં ઓર બહેનભી ઈધર આયગે?

**કેશરબા**—હાં! જબ અપને ઇધર આયે, ઉસીવકત ઉસ્કું ખબર ભેજા હે; સો થોરા વક્તમેં આનાં ચઇએ.

**ફાતમાં**—(પ્રવેશ કરીને) બેગમસાહેબ આપકે અમાં આતેહે.

**કેશરબા**—ક્યું! મેરી અમાં આયે! (ઉઠેછે).

**કૌમારદેવી**—પુત્રિ! બહુવર્ષે તમારો મેળાપ થયો, (એકબીજાને મળેછે અને પછી બેસેછે.)

**ગજલ.**

(જફાવો સિતમકું) એ રાહ.

કહો કેશરબા છોરે, પુત્રિ સુખી, ગયાં દિલ્લી માને, વિસારી મૂકી.

થયાં વર્ષ બાર,ન લીધી સંભાળ,આવ્યાં આજ સાચો,જણાવીનેપ્યાર.
કહો દિલ્લીશાહ તણી,કેવી પ્રીત, કહો ત્યાંના દરબારની, કેવી રીત.
નથી એવું રાજ, બહુ જેનું પૂર, નમી તારા પિતાએ, દીધી જરૂર.
નહીં ઓછું લગાડવું, બેની કાંઈ, જેપુર આદી મોટાએ જોડી સગાઇ.
અરે એક પુત્રિ, અને બીજી ગાય, જહાં દોરી આપે,તહાં તેતો જાય.
તમારો વિયોગ, કરે મુને કેર, અરે પુત્રિ ગઈ, જ્યારથી દિલ્લીશેહેર.

**કેશરબા—** (રાગ ઉપરનો.)

અરે માતુ થાશો, નહીં દિલગીર, મજેમાં સદા ત્યાંની,રીતી અમીર.
મોટા દિલ્લીશાહ જે, મારા ખાવીંદ,સદા મારા પ્યારા, એમારે આધિન.
આખો ભર્તખંડ,જેની સલ્તનત, હુરમછું હું એની, મોટું જેનું તખ્ત.
મારૂં દીલ નહીં એથી જાૂદું જરા, સદા પ્યાર મારામાં, એનો હરા.
માનું માત તારો, સદા એહેશાન,દિલ્લીશાહને દીધી એ જુગમાં નિશાન.

માતુ મારા ખાવિંદ તમામ ભર્તખંડના બાદશાહ છે. એના જનાનામાં કોઈ વાતનો કમીનો નથી. હું સદા ખુશી અને એશ આરામમાં રહુંછું.

**કોમારદેવી—**ત્યારે મારા દિલને આનંદ! હવે વિમળાને ક્યાંય સારૂં ઠેકાણું મળી જાય તો, પછી મારા મનને પુરી નીરાંત!

**નેપથ્યમાં—**નિગાહ રખો મેહેરબાન; મારૂપૂતિ રાઠોડરાજ મહારાજકી સવારી આતી હે.

**કોમારદેવી—**પુત્રિ! તમારા બાપુ પધાર્યા!

**જશવંતસિંહ—**(પ્રવેશ કરીને) બેન! ખુશી મજામાં છો?

**કેશરબા—**બાપુ! કદમમાં કુરનસ બજાવુંછું.

**જશ૦—**પુત્રિ! સદા ખુશીમાં રહો. શાહે કંઈ ખબર કહ્યાછે?

**કેશરબા—**બાપુના પ્રતાપથી એ સદા ખેરખુશાલીમાંછે.

**જશ૦—**પુત્રિ! ઔરંગજેબનો આજકાલ હિંદુપર બહુ જુલમછે!

**કેશરબા—**બાપુ! મારા ખાવિંદનાં તકદીર બહુ મોટાંછે.તેથી કરી એના મોંઢાપર એક પણ શુકન કહેવાની કોઇની તાકાદ નથી!

**જશવંતસિંહ—**મેં સાંભળ્યુંછે કે, હવે તો હિંદુઓ ઉપર શાહ ઘણા નવા નવા કર નાંખેછે. તેમ ઉદેપૂરના રાણા રાજસિંહની સાથે



પણ બહુજ તકરાર ચાલેછે. સઘળા રજપૂત એકત્ર થઈ શાહની વિરૂદ્ધ થઈ ગયા છે. એક અમે અળગા રહ્યા છીએ.

**કેશરબા—**બાપુ! એ સઘળાને મારી જેર કરશે, એની ધમ જતુન અને સખ્ત મિજાજની આગળ કોણ ટક્કર લઈ શકશે?

**જશવંતસિંહ—**પુત્રિ! ત્યારે આવી રીતે રજપૂતોપર જાૂલમ ગુજારેછે; એને માટે તમે કાંઈ કહેતાં નથી?

**કેશરબા—**હું શું કહું! સઘળા રજપૂતને પોતાની જાતનું ગુમાન બહુ રહેછે. તેથી કરી મારા ખાવિંદ કફા રહેછે. તો એ લોકો અભિમાન છોડી દઇ, મારા ખાવિંદની મરજીને તાબે થાય,તો જુલમમાંથી બચે. નહીં તો શિક્ષાને લાયકજ છે.

**જશવંતસિંહ—**(કેશરબાનું આવું બોલવું સાંભળી મનમાં ખેદ પામેછે.) પુત્રિ! હવે એક બે માસ મઝાથી આંહીં રહેજો. કોઈ રીતે મુંઝાશો નહીં. જે જોઇએ તે મંગાવવું તેમ મેં પણ સઘળો બંદોબસ્ત કરાવ્યો છે; એટલે કોઈ રીતે હરકત નહીં આવે.

**કેશરબા—**આપને અને મારી માને મળવાની ઘણા રોજ થયા ઉમેદવારી હતી, એટલામાં બહુ તાકીદીનો તમારા તરફથી પત્રપણ આવ્યો તેથી જલદીથી—

**જશવંતસિંહ—**હા! તમારી માએ એક કાગળતો લખ્યો હતો.

**કોમારદેવી—**પાછળનો કાગળ તો તમારા તરફથી ગયો હશે?

**જશવંતસિંહ—**હા, હા, ત્યારે મારા તરફથી ગયો હશે! પુત્રિ તમને મળવાની અમને પણ ઘણા દિવસ થયાં ઇંતેજારી હતી. માટે તમે આવ્યાં એ બહુ સારૂં કર્યું. હવે હું રજા લઉંછું.

**કેશરબા—**પધારો બાપુ! (તેના ગયા પછી) મા, એક ઘણીજ તાજુબીની વાતછે!

**કોમારદેવી—**શું છે, પુત્રિ?

**કેશરબા—** ગજલ.

(જફાવો સીતમકું) એ રાહ.

માંતુ મુંને મળવા, ગયાં આવી સહુ, મારી બેન ન આવી,સબબછેરેશું?

Taj Tahir Foundation

લખ્યુંતું તમે, એ કરે નિત્યયાદ, કેમ વિમળા નહીં આવી,શુંછેફિકરશાદ.
બહુ વર્ષે હું આવી,છું આણે ઠામ,કેમ મળવું ભૂલી,એ વિમળાતગામ.

**કોમારદેવી—** ગીતી.

શુણ પુત્રિ કેશરબા, વિમળા સદાય કરતી શિવ સેવા;
સ્નાન ધ્યાન ને પૂજા, કર્મો કરવાં ગમતાં શુભ એવાં.
તે માટે હજુ નાવી, તોપણ નિશ્ચે આવે તુજ પાસે;
મોટી બેનને મળવા, નહીં કેમ આવે અંતર આશે.

કેશરબા, વિમળા સદા પાઠ પૂજા કર્યા કરેછે, અને પોતાના ધર્મ ધ્યાનમાં બહુ આરૂઢ રહેછે. તેથી આવી શકી નહીં હોય!

**કેશરબા—**મેં એને બે વખત ખબર મોકલ્યાછોહાલછેતો આંહીનાં?

**કોમારદેવી—**હા થોડું આંહી ને વળી થોડો વખત રૂપનગઢ જાયછે, બાપના ગામની પ્રીતી તો હોયજ ના! હવે હું જઈ તેને તમારી પાસે મોકલુંછું.

**કેશરબા—**બહુ સારૂં. જાઓ! અને તાકીદથી વિમળાને મોકલજો. એને મળવાને મારૂં દિલ ઘણુંજ તલપી રહ્યું છે!

**કોમારદેવી—**હમણાંજ મોકલીશ. (જાયછે.)

**કનીઝક—**તુમારી અમાકાભી પ્યાર તુમારેપર બહોત હે. ઓર લાયક હે.

**કેશરબા—**હાં સચ્ચી બાત હે!

**પુરંધરી—**(પ્રવેશ કરીને.) કેશરબા! ખુશીમાં છો?

**કેશરબા—**કેમ પુરંધરી, તું પણ હજુ આંહીજછો!

**પુરંધરી—**જી, હા! હું દશ વર્ષની હતી, ત્યારે આપ દિલ્લી પધાર્યાં છો, તે વખતથી હું જોધપુરમાં પ્રધાનજીને ઘેર રહુંછું, અને એમનાં પુત્રિ કાંતાની સેવામાં રહુંછું.

**કેશરબા—**કાન્તાતો વિમળાની સખી છે, ત્યારે તો તું પણ કાંન્તા સાથે વિમળા પાસે જતી હઈશ?

**પુરંધરી—**હા! આખો દિવસ ત્યાંજ રહુંછું.

**કેશરબા—**ત્યારે વિમળા અત્યાર સુધી મુને મળવા કેમ નથી આવી? તેનું કારણ કાંઈ તારા જાણવામાં છે? હોય તો બોલ!



**પુરંધરી—**એના ખબર હું કોઈને દેતી નથી. કેમકે એનો મીજાજ ઓર તરેહનો છે.

**કેશરબા—**કાંઈ ફિકર નહિ, બોલી દે; મારી આગળ એનો મીજાજ હોય નહિ.

**પુરંધરી—**બાઈ વાત કરૂંતો મારૂં નખોદ કાઢી નાંખે!

**કેશરબા—**ખરૂં બોલી દે? શું છે! તુંને કાંઈ પણ ઈજા આવવા નહિ દઉં. અને કદી કંઈ થશે તો મારી સાથે દિલ્લી તેડી જઈશ. પછી શી હરકત છે?

**પુરંધરી—**બહુ સારૂં! ત્યારે સાંભળો. એક દિવસ આપને બોલાવવાને વાસ્તે મા સાહેબે વિમળાની પાસે વાત કરી, ત્યારે તેણે કહ્યું કે એને આંહિ બોલાવશો નહિ. કેમકે એ મુસલમાન તુરકના ઘરમાં ગયાં, તો હવે એની સાથે આપણે શો સંબંધ રહ્યો! વળી વટલ્યાં, તો હવે આપણે આંહિ જમવા કરવામાં પણ કેટલીક હરકત આવશે, માટે તે ન આવે એજ સારૂં છે, હવે એનું મોહું પણ જોવું આપણે યોગ્ય નથી.

**કેશરબા—**(સક્રોધ ને આશ્ચર્ય થતી.) શું! આ વાત તું ખરી કહે છે? એમ બોલ્ય નહિ! ત્યારે પછી મારી માએ શો જવાબ આપ્યો?

**પુરંધરી—**તમારી માતાતો એ સાંભળીને ઘણાં ગુસ્સે થયાં, અને કહ્યું કે મુસલમાનને ત્યાં આપ્યાં, તેમાં એનો શો દોષ છે? આવું કોઈ દિવસ બોલીશ નહિ.

**કેશરબા—**મુંને આ વાત ખરી હોય એમ લાગતું નથી?

**પુરંધરી—**કેશરબા! તમારી સોગન! મરજી હોયતો એને તમારી સાથે ખાવાને બોલાવો, ત્યારે ખરા ખોટાની ખબર પડશે; કેશરબા! મેહેરબાની કરીને મારૂં નામ એની આગળ દેશો નહીં. નહિતર હું નાહક મારી જઈશ.

**કેશરબા—**તું ફિકર રાખ માં.

**બિરસદ—**(પ્રવેશ કરીને ઉભી રહેછે.)

**કેશરબા—**ક્યું! બિરસદ બિમલાને ક્યા કહા?

**બિરસદ—**મુઝેતો મુલાકાત ભી નહિ હુઈ, ઓર એક બાંદીને

Taj Tahir Foundation

આકર કહા કે, કેશરબાકું બોલનાં કે કલરોજ તુમારી બેન બિમલા તુમકું મિલને આયંગે.

**પુરંધરી**—કેમ! કેશરબા! સાચું કે ખોટું! આજ નહિ આવ્યાં ને કાલની વાત કરી, એને મળવાની બિલકુલ મરજીજ છે નહિ.

**કેશરબા**—ફિકર નહિ! વિમળાની પાસે હું જાતથી જઇને મળીશ. એમાં શી હરકત છે. એ પણ મારી નાની બેન છેના!

**કનીઝક**—હા! ઉસમે કયા હરકત હે! આપકું બેસાઈ રખનાં ચઇએ.

**કેશરબા**—કનીઝક! તબ ચલ, જાકર ઉસ્કા દિલ કૈસા હે, વો જાનલેવે.

**કનીઝક**—ચલો.

**પુરંધરી**—હવે હું પણ રજા લઊંછું.

**કેશરબા**—બહુ સારૂં.

( સૌ જાયછે. )

---

## પ્રવેશ ૮ મો.

**સ્થળ**—જોધપુરમાં વિમળદેવીના મેહેલમાં સ્તુતિ ગ્રહ.

**પાત્ર**—**વિમળદેવી, કાન્તા, કેશરબા, કનીઝક, જયા, વિજયા.**

**વિમળદેવી**—શિવની પૂજા કર્યા પછી સ્તુતિ કરેછે. )

**દોંડિ.**

શુણો શિવજી, કરૂં હું વિનતિ આ ઉચ્ચારી;
નિશદિન રહો તવ, ધ્યાન મુને સુખકારી;
ક્ષત્રિ નીતિ રીતી, નવ તજું ત્રિપુરારી. શુણો.
સીતાનું, સતીત્વ, આપજો મારે અંગે,
હામ આપજો હર, જે વિકટ દુઃખ પ્રસંગે;
ક્ષત્રિની તનુજા ભજતી એક ઊમંગે. શુણો.
શરીર પડે કદીપણ, ક્ષત્રિ ટેક ન ત્યાગું;
શિયળ સાચવીને, તવ ધ્યાન વિશે શિવ લાગું;
શુદ્ધ ભક્તિ મુખથી, હું તમારી માગું. શુણો.



**કાન્તા**—( પ્રવેશ કરીને ) ધન્ય છે. સખી વિમળા! એવો સદગુણ પ્રાપ્ત થવાને માટે હમેશાં શિવ આરાધના કરવી. હુંપણ એજ આકાંક્ષાથી વિશ્નુ આરાધન કરૂંછું.

**વિમળ૦**—બેન કાન્તા! આજતો વેહેલી આવી, બેશ, સાંભળ!

**રાગ ભોપાલી કલ્યાણ.**

ગિરીજાપતિ આ, વિનતિ હમારી; ટેક.
ચરનકમલમાં મગ ચિત્ત લાગો; ધુર્જટી ત્રિપુરારી. ગિરીજા૦
ચંદ્રમૌલી શિવ મુક્તિ દાતા; સ્તુતિ સદા કરૂં પ્યારી. ગિરીજા૦
ક્ષત્રી બાળાનો અંકુર મુજ હૃદયે, દ્રઢ કરો વિષ કંઠધારી. ગિરીજા૦

**નેપથ્યમા**—નિગાહ રખીએ!

**વિમળદેવી**—સખી! કોણ આવેછે, જોતો ખરી!

**વિજયા**—( પ્રવેશ કરીને ) વિમળબા આપનાં મોટાં બેન કેશરબા આપને મળવા પધારેછે.

**વિમળદેવી**—કેવા સમયમાં એનું આવવું થયું. હવે શું થાય! ઠીક ત્યારે બિછાત લાવીને (જગ્યા બતાવીને) ત્યાં નાંખી રાખ.

**વિજયા**—બહુ સારૂં, ત્યાં નાંખુછું. (લાવીને નાંખેછે.)

**કેશરબા**—(પ્રવેશ કરીને) કેમ વિમળા! છોતો ખુશીમાં બેન! (મળવા જાયછે.)

**વિમળદેવી**—(નહીં મળતાં એકદમ) બેન! ત્યાં બિરાજો, મહાદેવજીની કૃપાથી હું આનંદમાં છું.

**કેશરબા**—(બિછાત ઉપર બેઠા પછી સ્વગત) આટલે દુર બેસાડી! અને મળી પણ નહીં. સિદ્ધાઈ બહુ રાખેછે. ઘરમાં એક આ પાક થઈ ગઈ! (ચાસન) વિમળા! મેં તારી ઘણી રાહ જોઇ, પરંતુ તુંતો મળવા આવીજ નહિ. પણ મારૂં દિલ તો તને મળવાને ઘણું તલપી રહ્યું હતું; તેથી હુંજ આવી. દાસીને બે વખત તને બોલાવવા મોકલી; પણ તેંતો જવાબજ આપ્યો નહિ,તેનું શું કારણહતું?

**વિમળદેવી**—બેન! હું શિવપુજનમાં હતી; તેથી તમારી પાસે આવી શકી નહિ. માટે ક્ષમા કરશો.

**કેશરબા**—આ શો ઢોંગ લગાવીને બેઠીછો?

Taj Tahir Foundation

**વિમળદેવી**—બેન! તમને મુસલમાનના ઘરમાં માતપિતાએ દીધાં, અને તમે ખુશીથી ત્યાં ગયાં, તો તે સારી વાત છે; પરંતુ મુસલમાનની સોબતથી આપણો ક્ષત્રિ ધર્મ અને વૃત્ત શાસ્ત્ર, વિધિ તમે ભૂલી ગયાં. તેથી કરી તમને આ ઢોંગજ જણાય! તો ભલે! પણ હું મળવાને નથી આવી શકી, તેણે કરીને તમારા ઉપર જે મારો પ્યાર છે; તે કાંઈ કમી થયો નથી.

**કેશરબા**—બેન! પણ આ કંકર પથ્થર પૂજવાથી શો ફાયદો છે! એક હકતાલાનું નામ સાચું છે. આ છોકરાંની રમતના જેવો ઢોંગ છોડી દઇને, ખુદાની બંદગી કર. દીલ પાક રાખ! તો તું તેની જીનતમાં જઈશ.

**વિમળા**—બેન! તમે મારાથી મોટાં છો. અને તમે આપણી ક્ષત્રિ કુળની રીતીને વિસરી ગયાંછો, તો હવે તમને અમારા ધર્મમાં શુ ખબર પડે! માટે ધિક્કારોછો. પણ એ સારૂં નથી કરતાં. હકતાલા, ખુદા એવા યવનના શબ્દ બોલીને મારા કર્ણ, અને આ સ્થાન અપવિત્ર કરોછો. અમારા ઈષ્ટદેવનું તમારે બીલકૂલ બુરૂં ન બોલવું. તમે તમારા રાજમાં મોટાંછો! એમાં અમારે શું?

**કાન્તા**—કેશરબા! આપ ડાહ્યાં ને શાણાંછો! તો આમ કજીયો કરવાથી શો ફાયદો છે?

**કનીઝક**—કાન્તા તું યહ શિખ કેશરબાકું કયા દેતી હે! તુજેતો બીમલાકું કહનેકી જરૂર હે. ( કેશરબા તરફ હાથ કરીને ) યહ કોન હે! ઇસ્કી તુમકુ માલુમ નહિ હે; સારી જહાંનકા બાદશાહ ઔરંગજેબકું પીછાનતે હો? ઉસ્કી યહ બેગમ હે! કિસકી તાકાદ હે કે ઉસ્કી સામને એકભી સુકન બોલ શકે! કભી કીસીને બેસમજસેં સામને બોલનેકી હિમત ચલાઇ તો, મારી જેર કરનેકું ઈસકા ખાવિંદ સત્તાવાન હે. મગર યહ બિમલા તો છોટી ભેણ હોતી હે; ઉસવાસ્તે દરગુજર કરતે હે. મગર બિચારકે બોલનાં! નહિતર આખિર બડી મુસ્કેલી સહન કરની પડેગી.

**વિમળા**—શું મુસ્કેલી થશે? કોણ તમારાથી ડરેછે! નાહક વગર બોલાવ્યાં આંહી આવીને કજીઓજ ઉભો કરવોછે કે શું!



**કેશરબા**—અરે! શું આવડું મગરૂરીથી બોલેછે! હુંપણ જશવંતસિંહની બેટી છું. અને આખા હિંદુસ્તાનના ચક્રવૃતિ મહારાજાધિરાજ મુગલ બાદશાહ તમારા કાફર લોકના કટ્ટા શત્રુ, જે ઔરંગજેબ એની હું બેગમ છું; અને જેને ત્યાં તારા જેવી હજારૂં લુંડીઓ હમામમાં પાણી ભરેછે; અને વાસીદાં વાળેછે. તું બેપરવાઇથી આમ બોલીછું, તેની તુંને સારી રીતે નશિયત અપાવીશ યાદ રાખ! હું પણ રાઠોડની બેટી છું.

**વિમળદેવી**— રાગ.

( શુણો દિલ્લી તખ્ત ધરનાર ) એ રાહ.

તેં કીધો જઈ, દિલ્લી વાસ;<br>
રાઠોડ પુત્રિ, નથી રહી હે. રાઠોડ. ટેક.<br>
તું વટલી તે, તુરક અવાસ, રાઠોડ.<br>
તું બાદશાહની, થઇછું બેગમ; રાઠોડ.<br>
તુંને ક્ષત્રિ નારીની, નોય ગમ. રાઠોડ.<br>
તું જમીછું, તુરક તણું અન્ન; રાઠોડ.<br>
તેથી અશુદ્ધ, થયુંછે તારૂં તન. રાઠોડ.<br>
તારૂં જુએ નહિ, આંહિ દરશન; રાઠોડ.<br>
તુંને જોતાં ઝેર, વરશે છે મન. રાઠોડ.<br>
જ્યારે પિતા નમ્યા, દિલ્લીપતિ પાય; રાઠોડ.<br>
તુંને હાજર કરીને, દીધી ત્યાંય. રાઠોડ.<br>
તારે મરવું હતું, તેહ કાળ; રાઠોડ.<br>
નોતી ચડાવવી, તુરકની ગાળ. રાઠોડ.<br>
તું કૌલારાણીની, થઈ જોડ; રાઠોડ.<br>
શૂરા કરણને, દીધી જેણે ખોડ. રાઠોડ.<br>
તુંને રાણકદેવડી, વિર માત; રાઠોડ.<br>
યાદ નાવી લજવીછે. તેંતો જાત. રાઠોડ.<br>
તું ગઈ જો તુરક, તણે સંગ; રાઠોડ.<br>
તેથીં બુદ્ધિ બગડી, તુજ અંગ. રાઠોડ.<br>
તેં સંભારી ન વિરમતી નાર; રાઠોડ.

Taj Tahir Foundation

લાલરાજથી, જે છૂટી હુશિયાર. રાઠોડ.
તુંને ગમ્યાં એની, કિતાબ કુરાન; રાઠોડ.
કયાંથી જાણે, હિંદુશાસ્ત્ર ને પુરાણ. રાઠોડ.
તુંતે ઉંચે મોઢે, બોલેછે શું બેન; રાઠોડ.
તારે મુંને નવ કે'વાં ઘટે વેણ. રાઠોડ.
તેંતો મૂકયું, રજપૂત અભિમાન; રાઠોડ.
ધિક્ક ધિક્ક નીચ, કરશું ગુમાન. રાઠોડ.
કદી થઇ બાદશાહની, બેગમ; રાઠોડ.
ધિક્ક તજી તેંતો કુળની શરમ. રાઠોડ.
હવે રજપૂતાણીની, ગઈ છાપ; રાઠોડ.
તુંને તરકડીનો, છે ઈલકાબ. રાઠોડ.

**કેશરબા—** **રાગ ઉપરનો.**

ખરે વટલીછું, હાહા તારી બેન;
બેગમ બાદશાહની સાચીરે. બેગમ. ટેક.
પણ યાદ રાખજે, તું તારાં વેણ; બેગમ.
તું વાદ વદી માહરે, સંગાથ; બેગમ.
તુંને સોંપાવું જો, તુરકને હાથ. બેગમ.
તુંને કરૂં તેજ, મુગલની નાર; બેગમ.
તુંને કરૂં જો હું ખરાબ ખુવાર. બેગમ.
કમજાત તુંને, કલમા પઢાવું; બેગમ.
તુંને પાણી, ઇસલામનાં પીલાવું. બેગમ.
તારી ત્રોડાવું જો, ખરી ક્ષત્રિ ટેક; બેગમ.
તારે માટે જોજે, ગોતું શેરએક. બેગમ.
આવી ચતુર, મીયાંના પગ ચાંપ; બેગમ.
સદા કલમેં શરીફ જપ જાપ. બેગમ.
તારાં કંકર પથ્થરનાં, પુજન; બેગમ.
વણસાડી જોડ, નિમાજમાં મન. બેગમ.
હવે અન્નપાણી, અહીંનું હરામ; બેગમ.
કરૂં દિલ્લી જઈ. પે'લું એહ કામ. બેગમ.
તારાં વચન શુણ્યાં છે, મેં આ કાળ; બેગમ.



રોમ રોમ પ્રગટી છે, મુને ઝાળ, બેગમ.
ખાઈ કસમ જાઉછું, દિલ્લી શહેર; બેગમ.
તેં કુટુંબ માથે, કીધો છે કેર. બેગમ.

**કાન્તા—** **રાગ.**

( રે જરા સુનોતો સહી ) રાહ.

રે બેનો વિચારો જરા, (૨) સંભારો આપનો સંબંધ,
હો વિચારો જરા. ટેક.
દાગ દિલમાં રાખો, પલટી જાય તોરે ધરા,
આશું ધારી બેઠાં ધંધ, હો વિચારો જરા.
કેશરબા તમે છો, મોટાં ને સુજાણ ઘણાં,વિમળા મૂકોકુસ્છંદ,
હો વિચારો જરા. સંભારો.

**કેશરબા**—અરે કમજાત! કાફર, તારા મનમાં રજપૂત કુળની મગરૂરી રહેછે કેમ? હું જે આખો ભર્તખંડ જેની સલ્તનત છે તેના બાદશાહ ઔરંગજેબની હુરમ, એને તું તુરક બોલીને ધિક્કારે છે! પણ યાદ રાખજે ? રજપૂત જાતનું નામ નાબુદ ન કરી દઊં અને મુસલમાનનું પાણી તમને કાફર હિંદુને ન પાઊં ત્યાં સુધી મારૂં નામ કેશરબા સાચું ન સમજજે !

**વિમળદેવી**—તું કેશરબા, એ નામને લાયક નથી.

જહાં ! બેગમ, તું મારી કાકાની દીકરી બેન છે, પરંતુ તું ક્ષત્રિનું બીજ નથી. એમ હું સમજુંછું. નહિ તો આવાં વચન ક્ષત્રિ ફરજંદના મુખથી નીકળે નહિ. કાંઈ ફિકર નહિ? જ્યાં સુધી તારી સત્તા હોય ત્યાં સુધી તું પહોંચી વળજે.

**કેશરબા**—ઠીકછે, વિમળા! દિલ્લી જઇને શું કરૂંછું, તે થોડા રોજમાં દેખીશ, એક વખત તુંને મુગલનું ખાણું ખવરાવીશ; અને એના ઘરમાં બેસાડીશ. ત્યાર પછી હું આરામ કરીશ. એ પેહેલાં નહિ કરૂં.

**વિમળદેવી**—બહુ બકવાદ કરવાથી શું થવાનું છે. તારાથી જે થાય તે કરી લેજે? જા અહિથી ?

**કેશરબા**—કનીઝક ! ચલ અબ, યહ ગાંઊંકા પાની હરામહે: ઔર માત પિતાંકુંભી મિલનેકી જરૂર નહિ હે. જબ યહ લુંડીકું મુસલમીનકે ઘરમેં બિઠાઊંગી, તબ ઈહાંકા પાંની પીઉંગી.

Tajtahir Foundation

**વિમળદેવી**—લવરી શું કરેછે ! એક વખત કહી દીધું કે તારાથી બને તેટલું કરજે. જરાય ઓછી ઉતરીશમાં ! ઘણો વખત થયાં, બકવાદ કર્યાં કરેછે; તેથી હું કંઈ ડરવાની નથી. જા ! આંહિથી.

**કનીઝક**—બેગમ સાહેબ ! અબ ડેરના મુનાસબ નહિ હે. યહ લુંડી એસે નહિ માનેગી.

**કેશરબા**—નહિ માનેગી ક્યા ? (એમ બોલતાં બોલતાં જાયછે.)

**વિમળદેવી**—વિજયા ! એ કેશર જ્યાં બેઠી હતી, એ જગ્યા અપવિત્ર થઈછે; માટે ગંગાજળ લાવી છાંટીને શુદ્ધ કર ?

**વિજયા**—આજ્ઞા માફીક કરૂંછું. (ગંગાજળ લેવા જાય છે.)

**વિમળદેવી**—જયા, એ બિછાત હવે અપવિત્ર થઈ, માટે હવે એને લઈ જઈને બહાર બાળી નાંખ. નહિ તો, અજાણતાં અડકવાથી અભડાશું. અને તું તે બાળીને પછી સ્નાન કરી અહીં આવજે.

**જયા**—બહુ સારૂ બા ! તેમ કરૂંછું. ( બિછાત લઈને જાયછે.)

**કાન્તા**—વિમળા ! કેશર પ્રતિજ્ઞા લઈને ગઈ છે, તો અવશ્ય દિલ્લી શાહને ખોટું સાચું સમજાવીને કંઈ પણ દુષ્ટ ઈલાજ કરશે. એમાં સંદેહ નથી !

**વિમળદેવી**—તો કાન્તા હું પણ આ શંભુનાથની સમક્ષ પ્રતિજ્ઞા કરૂંછું જે, રજપૂત વિના અવર પુરૂષથી કદી પણ પાણી ગ્રહણ કરવાની નથી !

**કાન્તા**—સખી ! એક પુત્રિ પ્રથમથીજ તમારા બાપુએ શાહને દીધેલછે. તો આ તમારી વાત કબૂલ રહેવી મુસ્કેલ છે.

**વિમળદેવી**—કબૂલ નહિ, રાખે તો પ્રાણ ત્યાગ કરીશ. પણ મુસલમાનના ઘરમાં કોટી વાતે પણ નહિ જાઉં; તો પણ ચાલ, મારી માતુ પાસે જઇએ, અને આ વાતથી એને વાકેફ કરીએ, પછી એ શું બોલેછે; તે ઉપરથી બધું જણાઈ રહેશે.

**કાન્તા**—બહુ સારૂં ચાલો.

( જાય છે. )

**પ્રથમ અંક સમાપ્ત.**

# उदेपुरना महाराणा राजसिंह
अने
# विमळदेवी.

पंचांकी नाटक.

Taj Tahir Foundation

# अंक २ जो.

## पात्रजन.

| | |
|---|---|
| **જશવંતસિંહ** | જોધપૂરનો રાઠોડ રાજા. |
| **કૌમારદેવી.** | તેની રાણી. |
| **કેશરબા** | તેની પુત્રી, ને ઔરંગજેબની હુરમ. |
| **ચપળશાહ** | તેનો પ્રધાન. |
| **કેશરીસિંહ** | તેનો સેનાધિપતિ. |
| **પન્ના**, **લવિંગી** | કૌમારદેવીની દાસીઓ. |
| **રાભીયાં**, **કનીઝક** | કેશરબાની દાસીઓ. |
| **વિમળદેવી** | જશવંતસિંહની ભત્રીજી. |
| **જયા**, **વિજયા** | વિમળદેવીની દાસીઓ. |
| **કાન્તા** | વિમળદેવીની સખી. |
| **પુરંધરી** | વિમળદેવીની પાસે રહેનારી ભીલની છોકરી, |
| **તરસંગો** | પુરંધરીનો ધણી. |
| **રાજસિંહ** | ઉદેપૂરનો તખ્તનશીન રાણો. |
| **દયાળશાહ** | તેનો પ્રધાન. |
| **રત્નચંદાવત** | સલુંબ્રાનો રાજા, ને રાણાનો મૂખ્ય પટાવત. |
| **વૈરીસિંહ** | બીજોલીનો પુંઆર રાજા, ને રાણાનો પટાવત. |
| **સુબલસિંહ** | એડલાનો રાજા, ને રાણાનો પટાવત. |
| **વીરમતી** | રાજસિંહની મા. |
| **વસંતી** | વિરમતીની દાસી. |
| **દયારામ** | જોધપૂરથી કાગળ લઈ આવનાર બ્રાહ્મણ. |

આ સિવાય હલકારા, સિપાઈ, ચોપદાર, વિદુષક વિગેરે પ્રવેશ કરેછે.



# अंक २ जो.

## પ્રવેશ ૧ લો.

સ્થળ—જોધપૂરમાં કૌમારદેવીનું ભુવન.

પાત્ર—**કૌમારદેવી, વિમળદેવી, જશવંતસિંહ, પન્નાં, લવિંગી.**

**કૌમારદેવી**—દાસી! વિમળાને અને કેશરબાને તકરાર થઈ, અને તેથી કેશરબા એકદમ ક્રોધીત થઈ દિલ્લી ચાલ્યાં ગયાં. એ વાત ખરી છે?

**પન્નાં**—બાઈ સાહેબ! કજીઓ ઘણો થયો હોય, એમ જણાય છે. અને કેશરબા ઘણાંજ ગુસ્સે થઇને આપને તથા એમના બાપુને મળ્યા વગર દિલ્લી ગયાં; આ વાત મુંને વિમળાબાની દાસી વિજયાએ કહી.

**કૌમારદેવી**—શા માટે તકરાર થઇ! એ કંઇએ બોલી?

**પન્નાં**—એ તો કંઇએ બોલી નહીં. તેમ મેં પણ એ વિશે એને કંઈ પૂછ્યું નહીં; પરંતુ તે કહેતી હતી કે વિમળાબા મા સાહેબ પાસે આ ખબર આપવા ગયાં.

**કૌમારદેવી**—કાંઈ ધર્મની વાતમાં તકરાર થઇ હશે. રૂપાળી ઘણીજ આસ્તિક ને પવિત્ર છે. તેથી મળવા કરવામાં કંઈ વાંધો આવ્યો હશે.

**પન્નાં**—વિમળાબા હજુ આવ્યાં નહીં, મરજી હોય તો હું બોલાવી આવું.

**વિમળા**—(નિપથ્યમાં) લવિંગી, માસાહેબ ક્યાં છે?

**પન્નાં**—(શબ્દ સાંભળીને,) બાઇસાહેબ! વિમળાબા આવ્યાં.

**વિમળા**—(પ્રવેશ કરીને) માતા પ્રણામ કરૂંછું.

**કૌમારદેવી**—બેશ, બેન! (બેઠા પછી) વિમળા તારે કેશરબાની સાથે એવડો શું ટંટો થયો કે જેથી તે એકદમ દિલ્લી ચાલ્યાં ગયાં, અને અમને મળવા પણ આવ્યાં નહી.

Taj Tahir Foundation

**વિમળા**—માતા જે વખતે એ મુને મળવા આવ્યાં, તે વખતે હું શિવપુજનમાં હતી. તો તે દેખીને એણે મુને જે કહ્યું, તે હું આપની પાસે કહુંછું, સાંભળો!

**રાગ ઝીંઝોટી.**

(કહો તો રાજા સાથે હું આવું એ રાહ.)

એણે કહ્યું વિમળા, આ શું રે સુજે;
કંકર પથ્થર લઇને, શું પુજે; એણે. ટેક.
છોડીદે પુજન આરે પથ્થરનાં,નામ ખુદાનું દિલમાં એક બુઝે;એણે.
છોડ પ્રપંચ તું દિલપાક રાખી,ધિક્કાર આવું ધ્યાન ધર્યુંછે; એણે.

**કૌમારદેવી**—ત્યારે તેં એને શું કહ્યું?

**વિમળા**—મેં કહ્યું કે—

**રાગ ઉપરનો.**

ભ્રષ્ટ થયું એની અંગજ તારૂં,તરકનું અન્ન, જમી તું નઠારૂં; ભ્રષ્ટ.ટેક.
તેથી મતિ આવી તુજનેરે સુજે, ક્ષત્રિ અભિમાન તેં ખોયું તારૂં;ભ્રષ્ટ.
ધિક્ક ધિક્ક તુજને મ્લેચ્છના ઘરમાં, મરવું કબૂલ કર્યું ન કેમ સારૂં;ભ્રષ્ટ.
કાકાની બેન તું મારી કેશરબા,બોલીમાં બીજ જણાવ્યું તેં ન્યારૂં;ભ્રષ્ટ.

**કૌમારદેવી**— **રાગ ધનાશ્રી.**

ભલેં વીર વચન પુત્રિ, કીધાં તેં એવાં. ટેક.
ફૂળ રોડાડનું તેંતો શોભાવ્યું, છોરૂ પ્રગટો તુજ જેવાં. ભલેં.
ક્ષત્રિ અભિમાન મૂક્યુંછે જેણે, ફિટકાર તેને તો દેવા. ભલેં.

શાબાશ છે, મારી પુત્રિ વિમળા! તું ક્ષત્રિબાળા ઉદરથી ઉત્પન્ન થઈ, તો તારા મુખમાંથી એવાંજ વચન નીકળવાં જોઇએ. એથી પણ કદી વધારે કહ્યું હોત, તોપણ હરકત નહોતી. મુગલના ઘરમાં એ ગઇછે, તેથી કરી શું આપણા ધર્મનો ધિક્કાર કરવો, એને ઉચિત્ત છે! હોય રાજકાજછે! એવો વખત પણ આવે! તેથી કૂળની રીત અને ટેક શું ભૂલી જવી!! ભલે મારી સગી દીકરી રહી! પણ એણે તને એમ કહેવું નહોતું જોઇતું?

**વિમળા**—માતા! તમે કેશરબાનાં લગ્ન શાહથી કબૂલ કર્યાં, અને એ ખુશીથી દિલ્લી ગયાં. પરંતુ હુંતો પ્રતિજ્ઞા કરીને બેઠીછું કે



ગમે તેવું ઉધું ચતું થાય તોપણ મારે વરવું નથી, અને મ્લેચ્છ ઘરનો તો મારી પાસે ઉચ્ચાર કરશો તે પણ હું સહન નહીં કરૂં!

**કૌમાર૦**—પુત્રિ! પરમેશ્વર તારી પ્રતિજ્ઞા પૂર્ણ કરશે. પરંતુ તારા બાપુ આ કેશરબા સાથેનું વૃત્તાંત જ્યારે સાંભળશે, ત્યારે તે બાદશાહથી ડરશે.

**વિમળા**—મારા બાપુ જો, એ વાત કરશે, તો હું મરીશ; પણ હું મુસલમાનના ઘરમાં કદી નહીં જાઉં.

**નેપથ્યમાં**—આસ્તે કદમ, મુલાકતસેં કદમ, બાજુસેં બાજુસેં નિગાહ રખો મેહેરબાન.

**વિમળા**—માતુ! મારા બાપુ પધાર્યા.

**જશવંતસિંહ**—(પ્રવેશ કરી કૌમારદેવીની પાસે બેસેછે.)

**કૌમાર૦**—પ્રાણનાથ! વિમળાના વૃત્તાંતની ખબર પડી કે?

**જશવંતસિંહ**—પ્રિયા! દિલગીરછું કે વિમળાએ કેશરબાની સાથે કજીયો કર્યો, પણ આગળ શું પરિણામ આવશે, એનો કંઇ વિચાર કર્યો નહીં!

**કૌમાર૦**—સાચુંછે પ્રાણનાથ! પણ જે વખતે આપણા સ્વધર્મ અને સ્વજ્ઞાતિનો ધિક્કાર સાંભળીએ છીએ, ત્યારે લોહી એની મેળે તપી જાયછે! આમાં વિમળાનો દોષ નથી!

**જશવંત૦**—પ્રિયા! ક્ષત્રિનું લોહી તો અવસ્ય તપવું જોઈએ; તેમ કેશરબાની વર્ત્તણુક પણ શાહના જેવી થઈ ગઈ છે. કેમકે તે તેની સોબતમાં રહી, તેથી કરી એના વિચાર આપણાથી જૂદા થઈ ગયા છે; પણ દિલ્લી જઇ મુગલ બાદશાહ તરફથી કંઇ ફરજ પડાવશે તો, આપણને તકલીફ બહુ પડશે. કેમકે એ ક્રુર બાદશાહે મોટા મોટા રાજવંશી કુમારોને જેર કરી દીધા છે.

**વિમળા**—બાપુ! આ તમે શું બોલોછો.

**લાવણી.**

હું નહીં રે વરૂં (૨) ક્ષત્રિ વીણ પુરૂષજ અન્ય,
એ નિશ્ચયછે માહરો, શિરછત્ર ધારજો મન. હું૦ ટેક.
કદી શત્ કટકા (૨) આ શરીર તણા પિતુ થાય;

પુત્રિ તમારી પેખજો, કદી તુરક ઘેર નહીં જાય. હું૦
શીદ નીર ખુઓ (૨) ક્ષત્રિનું નિર્મળ નામ;
એકને આપીછે તમે, બીજીનું શીદ લ્યો નામ. હું૦
કદી મેરૂ ચળે (૨) ધ્રુમંડલ તજે નિજ ધામ;
સમુદ્ર મર્યાદા મૂકે, પણ હું નહીં કરૂં એ કામ. હું૦
ભોરીંગમણી (૨) સિંહ મુચ્છ તણો જે વાળ;
સતીનો પાલવ પામતાં, કો'કોણ ન પામે કાળ. હું૦
વાઘેલા કરણ (૨) મેવાડ તણો જે પ્રતાપ;
સંકટ બહુ બહુ તે સહ્યાં, પણ નમ્યા ન મુગલને આપ. હું૦

**જશવંતસિંહ—** **ગજલ.**

(ઇંદ્રસભામાં ગવાતી ઢબની.)

વીર વચન કાઢે પુત્રી, ધન્ય એની ટેક;
કે શું પ્રીયા એને કહું, ક્ષત્રિનો વિવેક.
ભલેજ થાય ત્યારે પ્રીયા, દૈવે નિરમ્યું જેહ;
મુગલ ભલે ચડીને આવે, ખોશું ત્યારે દેહ.
પણ આ બાળાને દુભાવી, કરવું નથી કામ;
વિર પુત્રિ આછે વિમળા, જો તું એની હામ.
માટે શોધી કાઢો કોઈ, યોગ્ય ક્ષત્રિ વિર;
લગ્ન સઘ કરીએ હવે, રાખવી ન ધીર.

**કોમારદેવી**—ઠીકછે વિચાર એહ, શુણોરે પ્રાણનાથ;
વિર પુરૂષ કાઢો શોધી, સોંપે જેને હાથ.
વળી એવો પુરૂપ જે, મુગલથી નવ ડરે;
કદીક વિઘન થાય, પગલું પાછું નવ ભરે.
સૂર્યવંશી, ચંદ્રવંશી, વરશે આણીવાર;
માણુસોને મૂકી શોધીએ, ક્ષત્રિ કુમાર.

**જશવંતસિંહ—** **ગજલ.**

(મેંને કયા જુલમ એ રાહ,)

વિલંબ એમાં, કરવો નહીં, પ્રીયા મારી (૨) ટેક.
શોધીને સઘ, પ્રસન્ન કરો, પુત્રિ પ્યારી (૨) વિલંબ.



નહીં તો કુશળ, પ્રીયાનાં થશે, છે વૈર ભારી (૨) વિલંબ.
કેશરબા ગઇછે દિલ્લી વિશે, બુરૂં ધારી. (૨) વિલંબ.

**વિમળા૦—** **રાગ સિયાનો કનરો.**

આમ પિતુ મારા શિદને વિચારો,
મૃત્યુ વિશેષ મુને નથી ધારો. આમ. ટેક.
વચન કટુ શુણી કરીછે પ્રતિજ્ઞા.
બોલ ન મિથ્યા થાશે હમારો. મૃત્યુ.
યોગ્ય ક્ષત્રિ વિર મળશે તો વરશું,
નહીં તો આ દેહ નથી પિતુ પ્યારો. મૃત્યુ.

**જશવંતસિંહ—** **ગજલ.**

( ઇંદ્રસભામાં ગવાતી ઢબની. )

ધન્ય બેન રહે તું ધન્ય, તારી જોઈ ટેક;
સારો સ્વામી શોધી તુજને, આપવી વિવેક.
રૂડી રીતે પરણી બેન, કુશળ ઘેર જાય;
એ ઇચ્છાજ છે અમારી, પ્રિય સુતા સદાય.

**કોમારદેવી**—પ્રાણનાથ! ત્યારે આજેજ આ વાતની તપાસ કરો.

**જશવંતસિંહ**—બહુ સારૂ ! ત્યારે હું કચેરીમાં જઇને કોઈ યોગ્ય રાજપુત્રની તપાસ કરવાનો બંદોબસ્ત કરૂંછું—અને તુરત લગ્ન કરી દેવાં, કે જેથી એ વિશે ચિંતા ન રહે,

**કોમારદેવી**—હા, પ્રાણનાથ ! મારો પણ એજ વિચાર છે. હવે જો વિલંબ કરશો તો કાંઈ નહીં ને કાંઈ વિઘ્ન નડશે.

**જશવંતસિંહ**—બહુ સારૂં ! આ હમણાંજ જઈને બ્રાહ્મણોને દેશોદેશ તપાસ કરવા મોકલુંછું; (જાયછે.)

**વિમળદેવી**—માતુશ્રી મારા પિતાજી મુગલથી બહુ ડરે છે. પણ મેંતો મારો નિશ્ચય તમને કહી દીધોછે; પછી તમારી મરજી.

**કોમારદેવી**—વિમળા ! તુ નિશ્ચીંત રહે, ફિકર રાખ્યમાં. બેન ! સૌ સારાંવાનાં થઈ રહેશે. જ્યાં સુધી મારા કંઠમાં પ્રાણ છે, ત્યાં સુધી તો કોઈ રીતે તુંને હું આંચ આવવા નહી દઉં.

**વિમળદેવી**—બહુ સારૂં ! માતા જ્યારે તમે એમ નહી રાખો, તો પછી બીજું કોણ રાખશે.

Taj Tahir Foundation

**કૌમારદેવી**—એત ! જરાએ મુંઝાઈશ નહીં.

**લવિંગી**—( પ્રવેશ કરીને. ) બાઈસાહેબ ! અંગોળ સુગંધી તૈયાર છે.

**કૌમારદેવી**—ચાલ હું ત્યારે સ્નાન કરી લઉં, વિમળા ! તું પણ સ્નાનગ્રહમાં ચાલ.

**વિમળા**—ચાલો માતુ.

( સૌ જાયછે. )

## પ્રવેશ ૨ જો.

**સ્થળ**—દિલ્લીમાં જનાનખાંનાની અંદર જવાનો રસ્તો.

**પાત્ર—રાભિયાં, કનીઝક.**

**રાભીયાં**—ક્યું કનીઝક ! બડી હેરતકી બાતહે કે કેશરબા દસ રોજમેં જોધપૂર પીછે આયે, ઇસમે વહાં આપને કુટુંબ કબિલેકે સંગ ઉન્ને ક્યા મુલાકાત લી !

**કનીઝક**—રાભીયાં કુચ્છ કહેનેકી બાત નહીંહે. ગયેથે મિલનેકું, ઓર ટંટા લેકે ચલે આયે, દો દીન જોધપૂરમેં ડેરે ઓર તિસરે દિન તો વહાંસે એકીદમ કુચ કરદિયા.

**રાભીયાં**—મા બાપસેં ટંટા હુવા ? અગર મન મર્જીએ બરાબર નહી રખે, ઐસા કુછ હુવા !

**કનીઝક**—બેગમસાહેબકી એક છોટી ભેણુ હે, વો બડી મગરૂરહે, સો ઉન્ને કેશરબાકું મુસલમાનકે ઘરમેં રહેનેસેં બડા ફિટકાર દીયા.

**રાભીયાં**—ઐસા ! તબતો બડી કાફર પંથકી ઝનુન ! !

**કનીઝક**—અરે ! મગરૂરી કીતની બખ્ત ટીકેગી ! હુરમ સાહેબ બહોત કફા હુવેહે; ઓર ઉસકી ભેણકું ઇહાં બુલાને બાસ્તે સરકારકું બોલને હારેહે. ફિર દેખી જાયગી ઉસકી કમબખ્તી !

**રાભીયાં**—યહ બાત ઔરંગજેબ બાદશાહકું રોશન હોગી તો ઉસ્મેં રૂપનગઢકું બડા નુકશાન હોગા !

**કનિઝક**—કેશરબાકે બાપુકા રાજતો બડા છોટાહે !



**રાભીયાં**—એક મખીકે પાઉકે માફીક ઉન્કું પાયમાલ કર ઉડા દેગા. ઉસ્કી છોટી ભેણુને અચ્છા નહીં કીયા !

**કનીઝક**—દેખેં ક્યાં હોતાહે ઉસ્કે તકદીર ભૂલાતાહે; રજપૂતપર આજ કાલ કૈસી સખ્તી ચલતીહે, ઇસ્મેં ઐસી બાત સુનેગેં તો શાહકા મિજાજ હાથ નહીં રહેગા.

**રાભીયાં**—કેશરબાને તબ ઉસ્કા બાપુકું કુચ્છ કહા કે નહીં કહા ! ઓર ઉસ્કે બાપુને બીમલાકું ઐસા ટંટા કરનેસેં કુચ્છ ઠપકા નહીં દીયા હોગા ?

**કનીઝક**—ફિર તો હમ હેરેજ નહી. સો પીછેસેં ક્યા હુવા ઇસકી માલુમ નહીં.

**રાભીયાં**—કનીઝક ! કેશરબાને યહ બાતમેં બિચાર કરનેકાહે; ક્યું કે શાહકી દિલ્લગી જબ ઉસ્કેપર હે, તબ યહ બાત જબ બાદશાહકું રોશન કરેંગે, તબ એકીદમ ઉસ્કુ વો પાયમાલ કરીને સબબ લશ્કર ભેજેગા. ઓર ઉસ્કી ભેણકું મુસ્કે ટાટ બાંધકે ઇધર મંગવાયગા. સો યહ બાત નહીં બોલે, ઉસ્મે અચ્છાહે.

**કનીઝક**—અપને ક્યા ! ઉસ્કી ભેણકું તો બેશક શાસન હોના ચાહીએ. જીસ વક્ત તકરાર હુઈ, ઉસ વક્ત મેં પાસથી, સો ઉસ્કા બચન સુનકે મેરજી ખુન તપગયાથા !

**રાભીયાં**—અચ્છા ! હોનેદો.

**કનીઝક**—ઓર હમ નીકલતેથે ઉસ વખ્ત બિમલાકી દાસી એક પુરંધરી કરકે હે, વો મેરેકું મીલીથી. ઓર ઉન્ને કીતીક બાત મુજે કીહે. વો જબ મેં હુરમ સાહેબકું કહુંગી, તબતો વો સુનકે ઉનકે સારે બદનમેં ચીરાક લગેગી.

**રાભીયાં**—અચ્છા ! તબ ચલો.

(સૌ જાયછે.)

Tahir Foundation

## પ્રવેશ ૩ જો.

**સ્થળ**—કેશરબાનો મેહેલ.

**પાત્ર—કેશરબા, કનીઝક, ઔરંગજેબ.**

**કેશરબા**—(સ્વગત.) મેરી બેહેનને કેસા બચન મુજે કહાહે, વો સુનાહે તબસેં મેરા દિલકું કીધરભી ચેન નહીં પડતા. માબાપકી મુલાકાતકી જો ઉમેદવારીસેં મેં ગઇથી. વો તો બરબાદ હુઇ, લેકીન ઉસ્કે બદલ બડી દિલગીરી લેકર પીછી આઈ. અબ કોઉભી ઈલ્લાજસેં બિમલાકું મુસલમીનકી બિછાન નશીન કરૂંગી, તબ મેરા દિલકી ચીરાક બુઝેગી. ઉસ અવલ્ક કભી બુઝનેહારી નહીહે. વો મદોન્મત્ત હો ગઇ હે;તો ઉસ્કું સજા અચ્છી તરેહસેં જબદેઊગી, તબ ચેન પડેગા.

**કનીઝક**—(પ્રવેશ કરીને.) હુરમસાહેબ એસેં ગમગીનીમેં બેઠનેસેં કયાહે! જો બાત હુઈ હે, વો સબ આપકે ખાવિંદકે આગે રજુ કરની તબ તુમારા દિલકી મુરાદ હાંસીલ હોગી.

**કેશરબા**—કનીઝક! જો અહેવાલ હુવા હે, વો જબ ખાવિંદ સુનગેં, તબ ઉસ્કાભી ખુન તપ જાયગા.

**કનીઝક**—હાં તબ વો આપેઈ ઇલાજ લયેગેં. આપકું જ્યાદે કહનેકી જરૂરભી નહીં હોયગી. મગર બેગમસાહેબ, જબ આપકું ઇતની બાત સુનનેસેં બેચેની હુઇ હે, તબ જબ અપને જોધપૂરસેં ચલે ઉસવક્ત ઉસ્કી દાસી પુરંધરી મેરી પાસ આઇથી, ઓર મુજે જો હકીકત ઉને કીહે વો જબસેં આપકું રોશન કરૂંગી, તબ આપકા મગજ ઠીકાને નહીં રહેગા.

**કેશરબા**—એૈસા! પીછેસેં કયા હુવાથા! રસ્તેમેં કયું નહીં બોલી! બોલ કયા હે? જલદી રોશન કર.

**કનિઝક**—બેગમસાહેબ! રસ્તેમેં મેંને આપકું જો કહા હોતા તો ગુસ્સાકે લીયે, આપકા ઇધર પહુંચના ભી બડા મુસ્કેલ હોતા.

**કેશરબા**—એૈસી કયા બાત હે?



**કનીઝક**—અપને બીમલાકે મહેલમેં મુલાખાત વક્ત જીસ જગેપર બૈઠેથે વો જગા અપને બેઠનેસેં નાપાક હુઇ; વૈસા જાનકે ઊંને ગંગાજલ છીંટવાકે પાક કરવાઇ. ઓર આપ જો બિછાતપર બૈઠેથે, વો બિછાત જલાકે ફેંકદી. ઉસપરસેં આપ દરિયાફ્ કરીયેં કે ઉસ્કે દિલમેં અપના કિતના ધિક્કાર હે.

**કેશરબા**—યહ બાત સુનનેસેં મેરા જીગરમેં ચીરાક જલતીથી ઉસ્મેં જ્યાદે આતસ હુઇહે. અબ ખાવિંદ કબ આવે, કે ઉસ્કું યહ બાત કહકર મેરા જીગરકી ચિરાક બુઝાઉં.

**નેપથ્યમાં**—આસ્તેકદમ મુલાકાતસેં કદમ નિગાહરખો મહેરબાન.

**કનીઝક**—બેગમસાહેબ! સરકારકી સવારી આતી હે. તૈયાર હોકર બૈઠો.

**ઔરંગજેબ**—(પ્રવેશ કરીને) કયું દિલજાન બહોત સતાબીસેં પીછે આયે?

**કેશરબા**—ખાવિંદ! કદમમેં કુરનસ બજાતી હું.

**ઔરંગજેબ**—મેરે માશુક! ઇતને રોજમેં કયું તુંમ પીછે આયે! મુદત્ત તો સારા માસકી તુંમકું દીથી.

**કેશરબા**—(જરા દિલગીરી બતાવીને) કુચ્છ નહીં હે, મેરે ખાવિંદ! મેરે કિસ્મતકી બાત હે.

**કનીઝક**—બેગમસાહેબને આયે પીછે ખાનાભી નહીં ખાયાહે.

**ઔરંગજેબ**—પ્યારી! એૈસી કયા બાત હે? દિલગીરીમેં કયું ગમગીન હોગયે હો. દેખો! સારા ભર્તખંડ જીસ્કી સલ્તનત ઓર સારે દુનિયાંકી રયાશદકા મેં બાદશાહ ઉસ્કે જનાનેમેં તુમ મેરી સબસેં પ્યારી દિલજાનકું દિલગીરી કેસેં હોની ચઇએ. જો કુચ્છ બાત હુઇ હોવે સો મેરે આગે બીન અંદેશે જાહેર કીજીએ.

**કેશરબા**— ગજલ.

(ઇંદ્રસભાની ઢબની.)

જલતી હે ખાવીંદ, મેરે દિલમેં યહ ચિરાક;
મેં તુમારી બેગમ, ઉધર જા બની નાપાક.
તુરક ઘરમેં મેં બસી, મેરા કયાહે તિરસ્કાર;

Taj Tahir Foundation

મેરી ભેણુ હે બીમલા, ઉન્ને દીયા મુજે ધિક્કાર.
મૈંને કસમ ખાયા ઉધર, તુઝે દિલ્લી બુલાઉં;
સચ્ચી બેગમ બાદશાહકી, મ્લેચ્છ પાની પાઉં.
અર્જ મેરી યહ હે ખાવીંદ, ઉસ્કુ ઈહીં બોલાઓ;
આપ ઉસ્કી સાથ નીક્કા, પઢકે ઈહીં બીઠાઓ.

**ઔરંગજેબ**— રાગ ઉપરનો.

મત ફિકર હે રખો પ્યારી, જોધપૂર મેં જાઉં;
નીક્કા ઉસસેં પઢકે, તેરી સંગમેં બિઠાઉં.
તેરી લુંડી જો ન કરૂં તો, તેરી હે કસમ;
ઉસ બિના ન પીછા આઉં, મુગલકા તુખમ.
કહે તો ગાંઉ ઉન્કા કરૂં, જાકર જમીનદોસ્ત;
બોલ ઉસસેં કયામેં જ્યાદે, કરૂં તેં છોડ રોશ.
હિંદુ કાફ્ર કયાયે કરતે, બિન સમજ બકવાદ;
ખબર મેં જા લઉંગા ઉસ્કા, રખતેં પ્યારી દાદ.
તેરા દિલકું દિલગીરી, સો મેરા દિલ બેચેન,
ખુશ મઝેમેં રહે તું પ્યારી, રખ તું દિલમેં ચેન.

માહાશુખ ! તુમારા તિરસ્કાર ઉન્ને કયા સબબસેં કીયા ?

**કેશરબા**—ખાવિંદ ! મેરી ભેણ બીમલાદેવી હિંદુકે દેવકી પુજામેં સારા દિન બૈઠ રહતી હે, ઔર કંકર પથ્થરકા પૂજન કરકે ઢોંગ કરતી હે. જબ મૈંને હકતાલ્લાકી બંદગીકા સચ્ચા પ્રકાર સુનાયા, તબ ઉન્ને કહ્યા હોકે અસ બચ્ચનુંકે બાણ મેરેપર ચલાયે કે, વો સુનકે મુજે રોમ રોમ રોષ પ્રગટ હો ગયા હે, ઉન્ને કહા કે તેં મુગલ બાદશાહુકા અન્ન ખાકર નાપાક હો ગઈ હે, તેરા મું દેખને લાયક નહીં હે. તેં ઈધરસેં ચલી જા. તબ મૈંને ઉસવક્ત કસમ ખાયા કે જબ મેં તુજે મુસલમીનકી રોટી ખીલાઉંગી, ઔર ઉસ્કે સાથ નીકા પઢાઉંગી તબ મેં ખાના ખાઉંગી.

**ઔરંગજેબ**—તબ તુમારા બાપુને કયા કહા ?

**કેશરબા**—ઉસ્કું મેં ફિર મિલનેકું ઠેરી નહી હું. ઔર ઐસેંઈ ઈધર ચલી આઈહું, ઔર આપ ઈસ બાત નિધામેં લીજીયે.



**ઔરંગજેબ**—ગુલબદન તુમને જો કસમ ખાયા હે, વો મેં સચ્ચા કરૂંગા. અબ કચેરીમેં જાકર પરવાના લીખવા કે તુમારા બાવાકું ભેજતાહું, કે તુમારી છોટી બેટી જો અમરસીંહકી લડકી હે ઉસ્કી સાદી હમારેસેં કબૂલ કરની. નહીંતો લડાઈ કરનેકું તૈયાર હોનાં, પ્યારી ! બીલકૂલ ફિકર નહીં રખનાં. તુમારી ભેણકું જબમેં જનાને દાખલ કરૂંગા; તબ મેં તુમારી સંગ મજેદારીસેં બેહુંગા.

**કેશરબા**—ગરીબપરવર ! બંદેનીવાઝ ! આપકું એક સુકન કહનાં બસહે. મેં આપકી ઔરત હું, સો મેરા કસમ સચ્ચા કરનાં આપકે ઈખત્યારમેં હે; મેં જ્યાદે કયા બોલું.

**ઔરંગજેબ**—ઈસ બાતકા સખ્ત બંદોબસ્ત કરતા હું. ઔર તુમારી ભેણુ બીમલાને જો સુકન તુંમકું કીયે હે, ઈસકા ઉસ્કું બડા ખેદ હોવે, વૈસા કરૂંગા. વો કાફ્ર લોગ કયા નાહક બડાઈ કરતે હે. દેખો ! કયા હોતા હે? સો થોરે દિનમેં મોજુદ હોવેગા, અબ મેં રૂકસત ચાહતા હું.

**કેશરબા**—પધારીયે, ખાવિંદ. (જાયછે.)

**કનીઝક**—( બાદશાહના ગયા પછી ) બેગમ સાહેબ ! ખાનેકું પધારનાં ચઈએ; કયુંકે આપકી મરજી માફીક અબ હુવાહે.

**કેશરબા**—અચ્છા ચલ.

( બંને જાયછે. )

## પ્રવેશ ૪ થો.

### સ્થળ—પુરંધરીનું ઘર.

### પાત્ર—પુરંધરી, તરસંગો.

**પુરંધરી**—(સ્વગત) કેશરબાને પત્ર લખ્યો, એ પ્રપંચમાં તો આપણી ફત્તેહ થઈ ? કેશરબા આહીં આવ્યાં; વિમળાને અને એને ધાર્યો હતો, તેવોજ કલેશ થયો; અને કેશરબા રીસાઈ દિલ્લી ગયા. અત્યાર સુધી તો કામ બરાબર થતું આવ્યું છે, એ દિલ્લી જઈ શાહને ઉસ્કેરશે, જોધપૂર ઉપર લાવશે. અને વિમળાને બેશક

વટલાવશે. હવે એની સિદ્ધાઈ બહુ વખત નહીં ટકે. વિમળાને વટલાવવાનો વખત જ્યારે નજીક આવે, કે જે જોઇ હું ખુશી થાઊં, દિલ્લીશાહ ખુદ તો એને પરણે અથવા ન પરણે, પરંતુ એ ધર્મભ્રષ્ટ થઈ જાય, તો પછી બસછે! રજપૂત જાતનું એટલું બધું અભિમાન રાખી; બીજાને ધિક્કારેછે; અને કોઈની વાત પણ નથી સાંભળતી; આખો દિવસ પવિત્રતાનો પ્રપંચ કરી બેસી રહેછે; એ સઘળું ધૂળ મળે તો પછી આપણે બીજું શું જોઈએ? જ્યારે મુસલમાનથી પરણવાનો પ્રસંગ આવશે ત્યારે અજેપાલની વાત કરીશ તો કબુલ કરશે. કેમકે આખર તે હિંદુતો છે! એમ કહેવાથી માનશે. હવે શું થાયછે, તે જોઇએ; પછી વાત.

**તરસંગો**—(પ્રવેશ કરીને) રાંડ! હમણાં શું ધડગથલ કર્યા કરછ! કાલ રાતની ગઈ હતી, તે પાછી અત્યારે આવી. કાંઇ તારૂં મોત ભમેછે કે કેમ?

**પુરંધરી**—જાને પીટયા! તુંને શું ખબર પડે, કમાવું કરવું નહીં. અને લવરી કર્યા કરે છે. તારા આ પાકા ચીભડા જેવા ડાચા સામું જોઈને આખો દિવસ બેસી રહું તો, પછી ખાજે રોટલા?

**તરસંગો**—વોય, રાંડ! ફાટીકે! ગોળ પાક ખવરાવ્યા વગર પાંશરી નહીં ચાલે.

**પુરંધરી**—તારૂં મોડું જોને ગોળપાક ખવરાવૈં તેવુંજ છે. મુઆની આળસે જીવેછે. ત્યાં વળી બોલકો બહુ!

**તરસંગો**—પણ તું વાત તો કર મુંને, હમણાં રોજરોજ કાગળ લખેછે, તે એવડી બધી કયાંની હુંડીઊ લખવા માંડીછે.

**પુરંધરી**—એમાં તને ખબર ન પડે! તું તારે બેઠો બેઠો ખાને. બીજી ત્રીજી વાતનું તારે શું કામ છે.

**તરસંગો**—કામ કેમ નહોય રાંડ ધરવાળી અમથી થઇછું?

**પુરંધરી**—ધરવાળી થઇછું તે કરતો જાને રખવાળી.

**તરસંગો**—રખવાળી શું કરૂં તારૂં કપાળ, એવી સળંગું દેછ તે પગેરૂંય જડતું નથી.

**પુરંધરી**—રે જાલા, બાયડીનો પગ નથી જડતો તો તસ્કરના પગ શું ગોતતો હોઇશ.



**તરસંગો**—રાંડ તું તો તસ્કરનીએ તસ્કરછું પણ જોતી રેજે હવે, પાણીમાંથાયે પગ ગોતુંછું કે નહિ?

**પુરંધરી**—પગ તો ગોતજે, પણ છ મહીના થયાં ધરમાં દાણા કેટલા લાવ્યો ઇ કહેને?

**તરસંગો**—રાંડ તું કમાછ ઇ એ આ તરસંગાની આબરૂસેં નાં? અજીયા પાસે જાછ. પણ જોજે ડીમચાં ઉડાવુંછું ને!

**પુરંધરી**—(સ્વગત) આ પીટયાને ઈ ખબર કયાંથી પડી! (પ્રકાશ) પણ તમારે સારૂં શેર એક અફીણ ને હુંગા સારૂં પાંચ શેર મીઠાઇ લાવીછું તે કસુંબા કયારે લઈ નાસ્તો કરશો.

**તરસંગો**—લે હાલ, એફણ તો સારૂં લાવીછુંનાં. કર તૈયાર, જુવાનીના સમ, તારા હાથ વિના કોઇ દી અમલ ઉગતું નથી.

**પુરંધરી**—લીઓ હાલો, કસુંબો પાઇને પછી જાઉં, વીમલબા વાટ જોતાં હશે.

**તરસંગો**—પુરીયાની મા સાંભળ્યું છે કે તારે ને વિમળાને જામી ગઈ છે ને?

**પુરંધરી**—ઇતો રાજા માણસ છે,—એક દી કહેશે જે મોઢુંય દેખાડીશ નહિ, ને બીજે દી આપણા વગર ચાલેય નહિ.

**તરસંગો**—ઝાઝી આઘ્રાપાછી કરીશ નહિ નકર ધરનું ખોખું ફડી જશે.

**પુરંધરી**—તેની તમારે ફીકર ન રાખવી. તમે ખાઓ પીઓ ને લેહેરૂં કરોને.

**તરસંગો**—(સ્વગત) રાંડ એનાં કરમ ઈ જાણે આપણને તો ઇશક કરાવે છે. (પ્રકાશ) લે ચાલ, ભૂખ હવે તો બહુ લાગી છે, ને અમલ પણ લેવુંછે.

**પુરંધરી**—ચાલો (બન્ને જાયછે.)

## પ્રવેશ ૫ મો.

**સ્થળ—જોધપુર, જશવંતસિંહની કચેરી.**

**પાત્ર—જશવંતસિંહ, ચપળશાહ, કેશરીસિંહ ચોપદાર, હલકારો, સિપાઇ.**

**જશવંત૦**—કેમ ! પ્રધાનજી, હું ધારૂંછું કે હવે મુગલ બાદશાહથી રજપૂતનો સંબંધ બહુ વખત નહિ ટકે.

**ચપળશાહ**—મહારાજ ! અકબર બાદશાહની જે રીત હતી, તે ઔરંગજેબે છોડી દીધી, અને ધર્મની ઝનુનથી, નવા નવા કર હિંદુઓ ઉપર નાંખ્યા કરેછે. તથા તેઓને જોરજુલમથી વટલાવે છે. એ કેટલાક રોજ સહન થાય !

**કેશરીસિંહ**—મહારાજ ! શતનરામી લોકે પણ એની સામું બંડ મચાવ્યું છે.

**ચપળશાહ**—હા ! સિકલોકના ગુરૂ ગોવિંદે પણ કંઈ માણસ એકઠા કર્યાછે. અને દિલ્લીની સામે ઉઠવાનો ઇરાદો રાખેછે.

**જશવંત૦**—એતો કટ્ટો શત્રુ શિવાજી પણ દક્ષિણમાં એક જબરજસ્ત થયોછે.

**ચપળશાહ**—હા, રાજન ! એ પણ બળ સામર્થ્ય છલ, કપટ, એવી સઘળી વાતે શાહને પૂરો પડે તેવોછે.

**જશવંત૦**—જેવા મુગલો લુચ્ચાછે, તેમાં પણ ઔરંગજેબની સામે તો તેવોજ હોય તો પૂરો પડે, એવો એક શિવાજી છે.

**ચપળશાહ**—મહારાજ, આપણે પણ જજીયાવેરાની બાબતમાં પત્ર તો લખવો જોઇએ ?

**જશવંત૦**—એમ એકદમ ન લખાય, વળી એ શાહ આપણા જમાઈ છે. મેવાડનો રાણો રાજસિંહ આ બાબતમાં પત્ર લખવાનો છે; એવા ખબર મેં સાંભળ્યા છે. તો તેનો તેને શું જવાબ આવે છે; તે જાણ્યા પછી આપણે પણ અર્જપૂર્વક કાંઇક લખશું.

**ચપળશાહ**—સાચી વાતછે ! એ વિચાર શૂન્ય શાહછે. જેની ક્રૂર રાજરીતીની આગળ વિચારીને પગ ભરવો.



**સિપાઈ**—(પ્રવેશ કરીને.) નામદાર ! દિલ્લી બાદશાહ ઔરંગજેબ તરફથી કાગળ લઈને હલકારો આવ્યોછે.

**જશવંત૦**—આવવા દીઓ. (સિપાઈ જાયછે.)

**હલકારો**—(પ્રવેશ કરીને.) સલામહે ! સરકાર—યહ કાગદકા જવાબ તાકીદસેં મંગવાયા હે.

**જશવંત૦**—લાવો ! (લેછે.) જાઓ. તમે જમીને તૈયાર રહો ત્યાં જવાબ લખી રાખીએ છીએ.

**હલકારો**—બહોત અચ્છા સરકાર, (જાયછે.)

**જશવંત૦**—પ્રધાનજી ! વાંચો શું લખ્યુંછે ?

**ચપળશાહ**—બહુ સારૂં; મહારાજ વાંચુંછું (વાંચે છે.) બંદેનિવાજ દસ્તગીર દરગાનગાત, દિલ્લી તખ્તનશિન મુગલ બાદશાહ ખુદાવિંદ ઔરંગજેબ શાહ તરફસેં જોધપૂરકે ઠાકોર રાઠોડ જશવંતસિંહકું યહ હુકમસેં માલુમ હોવે કે, તુમારી છોટી બેટી બિમલા દેવી જોહે, ઉસકી શાદી હમસેં કબૂલ કરનાં ઓર મોતીકે કંઠે, મંદીલ વ સાદીકી સાબુતી દાખલ શિરપાવ ભેજનાં. ઓર સવામણ દારૂકી તોપાં ઉસ ખુશાલીકે ખાતર છોડની, ઓર ના કબૂલ હોવે તો લડાઈ કરનેકું તૈયાર હોનાં. હમ ફોજ લેકર આતેહે. ઈસકા જવાબમેં બીલકુલ દેર, નહિ કરનાં.

**જશવંતજી**—(વિચાર કરીને) કેમ પ્રધાનજી ! જે વાતનો ભય હતો, તે આખર આવીને ઉભું રહ્યું ! હવે શું કરવું. આ વાતમાં તમારો શો અભિપ્રાય છે ?

**ચપળશાહ**—ગરીબપરવર આ કાગળ ઉપરથી તો, એમ જણાયછે કે દિલ્લીશાહે સતાબીથી પત્ર લખ્યો છે, તો આપણે એના હુકમનું અપમાન કરશું તો, એ એકદમ હુમલો કરશે. તો રાજને હાની પહોચશે, વાસ્તે બેહેતરછે કે આ વખતે તો સાદી કબૂલ કરવી. કેમ ! સેનાપતિ ખરૂં કે ખોટું !

**કેશરિસિંહ**—મહારાજ ! એક આપનાં દીકરી તો મુગલના ઘરમાં છે. તો આપણે લાંબો વિચાર કરવાનું શુંછે ! બાને સમજાવવાં કે જો ના કબૂલ કરશો તો રાજ પાયમાલ થશે. અને જબરજસ્તીથી લઈ જશે, ત્યારે શું શોભા !!

Taj Tahir Foundation

**જશવંત૦**—પ્રધાનજી! મારો પણ એજ મતછે. કેમકે હાલ દેસકાળ વરતુપર દ્રષ્ટી કરીને કાર્ય કરવું, જેથી પરાજય ન થાય.

**વિદુષક**—(પ્રવેશ કરીને) મહારાજ! ભોજનનો સમય થઈ ગયોછે. ત્રણ વખત આદમી બોલાવવા આવ્યો? તોપણ આપ પધાર્યા નહીં. તેથી કરી મુને પાછો મારી બાઈએ તેડવા મોકલ્યો.

**ચપળશા**—મહારાજ એજ નિશ્ચય રાખવો, વળી આપણે એક દીકરી તો આપ્યાંછે. એટલે એ બાતે કંઈ બોલવા જેવું નથી. તો મરજી હોયતો, હલકારાની સાથે મોતીનાં કડાં, શેલાં, મંદીલ અને એક સોનાનું શ્રીફળ, લઇને દાનસિંહને એની સાથે મોકલીએ.

**વિદુષક**—મહારાજ! એક કેશરબાને તો આપ્યાંછે. અને વળી વિમળબાને પણ એટલે છેટે દીલ્લી આપશો?

**ચપળશા**—વિદુષક! કાગળની મતલબ તેં જાણી?

**વિદુષક**—ઈતો બારણે ઉભા રહીને બધું સાંભળ્યુંછે, પણ તમારે માટે ગોદડું લઈ આવું?

**ચપળશા**—શું, કામને!

**વિદુષક**—પોશ મહીનાની ટાઢછે, તે માટે, ઉનાળામાં પણ હેમાળુ બહુ ચંડો હોય.

**ચપળશા**—અમે આ નિશ્ચય કાંઈ ડરને લીધે નથી કર્યો.

**વિદુષક**—(કેશરીસિંહની પાસે ઉભો રહીને) આપની છાતીમાં તો ડાકલીજ બંધ થાતી નથી. કેશરીસિંહજી શીકોતર કે મેલડીનાં જપાય છે?

**કેશરિસિંહ**—આ કમજાત્ત તો સૌને નામર્દાજ સમજેછે!

**વિદુષક**—એમ હોય! તમે તો કંઇક પરાક્રમ માર્યા છે. જોધપૂરમાં બીજું છે કોણ! એક તમે ને બીજો પુંજો પોસ્તી. માથે માંખી પણ બેસવા ન દીએ.

**જશવંત૦**—સાંભળ! વિદુષક, આ વાતમાં અમે ત્રણે જણે બહુ વિચાર કરીને મસલત કરીછે, ચારે તરફ જોતાં લગ્ન કબૂલ કર્યા વગર છૂટકો નથી. કેમકે આજકાલ મુગલોનું બહુ પ્રબળ વધી ગયુંછે. વળી તે આપણા સંબંધી પણ પ્રથમથીજ થયાછે, તો હવે ના પાડીએ એમાં માલ નહીં.



**વિદુષક**—બહુ સારૂં! ત્યારે મહારાજને ગમ્યું તે ખરૂં, રાજા બોલે તે ન્યાય, ને પાસો પડે તે દાવ, દિકરીને ગાય, દોરે ત્યાં જાય. પાદશાહી મોટી છે, સગો જાડો, કોકદી આડો આવે ખરો.

**જશવંત૦**—પ્રધાનજી! ત્યારે હું જનાનામાં જઈ વિમળાને સમજાવુંછું, અને તમારે. દિલ્હી મોકલવાના માણસો જલદી તૈયાર કરાવવાં.

**ચપળશા**—બહુ સારૂં મહારાજ! આજ્ઞા પ્રમાણે સૌને વરધી આપુંછું.

**વિદુષક**—પ્રધાનજી! તમારી મુછ નીચી તેમાં રજપૂતની પણ નીચી કરાવોછો કે?

**ચપળશા**—તું રાજ રીતીમાં શું સમજે!

**વિદુષક**—ખબકે બીસા હેઠકે નવસેં નવાણુ રોકડી, રાજરીતી એ બધી એમાંછે?

**કેશરી૦**—આ બ્રાહ્મણ તો ટોળ નહીં છોડે, એને જવાબ નહીં આપો.

**વિદુષક**—સેનાપતિ! ફિકર રાખો નહીં, ટોળ શું! તમારી તો બોળ ઉતરવી છે.

**કેશરી૦**—ત્યારે તું દિલ્લી શાહની આગળ શું કરવાનો હતો?

**વિદુષક**—એ! ત્રણવાર દિલ્લી જઈ આવ્યોછું, તે ભૂલી ગયા? દિલ્લીશાહનો જીવજાન દોસ્ત આ સ્થળમાં બંદા વિના બીજોછે કોણ?

**જશવંત૦**—કેશરીસિંહ! તમે જઈ તોપું છોડવાનો બંદોબસ્ત કરો!

**કેશરી૦**—બહુ સારૂં મહારાજ! આપ પધારો, અને અમે બધો બંદોબસ્ત કરીએ છીએ.

**જશવંત૦**—બહુ સારૂં. ત્યારે હું જાઉંછું. (જાયછે.)

**ચોપદાર**—આસ્તે કદમ મુલાકાતસેં કદમ આજુસેં બાજુસેં નિગાહ રખો મેહેરબાન.

(સૌ નીકળી જાયછે.)

Taj Tahir Foundation

## પ્રવેશ ૬ ઠો.

**સ્થળ**—જોધપૂરમાં રાજમેહેલમાં જવાનો રસ્તો.

**પાત્ર—જયા, વિજયા.**

**જયા**—(સ્વગત) આજ સવારથી તોપુંના બહાર થઈ રહ્યાછે! રાજમેહેલમાં સૌ દોડાદોડ કરી રહ્યાંછે! અને વાજીંત્રો પણ વાગી રહ્યાંછે! તો શું હશે! આ વાતની તજવીજ કરી, વિમળાબાને ખબર આપું. આજ કંઈ તહેવાર પણ છે નહિ!

**વિજયા**—(પ્રવેશ કરીને.) સખી! શું વિચાર કરેછે, બહુજ દિલગીરીનો બનાવ બન્યો.

**જયા**—( આશ્ચર્ય થઇને. ) શું, બનાવ બન્યો છે! કહી દે? વિમળાબાએ મુને ખબર કાઢવા મોકલી છે કે, આજે આ શા માટે બધી ગડબડ થઈ રહીછે, તે તપાસ કરવા હું આવીછું. અને વિચાર કરતી હતી કે કોઇને પૂછી જોઊં, તે દરમ્યાનમાં તુંજ આવી! તો હવે જલદી બોલ, એટલે જઇને બાને ખબર આપીએ.

**વિજયા**—બેન! જશવંતસિંહ મહારાજે વિમળાબાની સગાઈ ઔરંગજેબ શાહથી કબૂલ કરી, એની ખુશાલીની આ સઘળી ધામધુમ થઈ રહીછે.

**જયા**—આ તું સાચું કહેછે!! એમ હોય તોતો મહારાજે ભુંડું કર્યું!

**વિજયા**—આથી પછી બીજું શું ભુંડું કહેવાય! ચાલ ત્યારે વિમળબાને ખબર આપીએ. પણ સખી! આમાં સારૂં નહિ થાય.

**જયા**—મહારાજે કાંઇ વિચાર કર્યો હોય એમ જણાતું નથી.

**વિજયા**—વિચાર શું કરે! મુગલરાજથી બહુ ડરે છે, અને વળી મહારાજને સલાહ આપનાર પેલો વણિક એટલે બહાદુરીની તો વાતજ ક્યાં કરવી?

**જયા**—તારે માતુશ્રીની આ વાતમાં સમ્મતિ હશે કે નહિ?

**વિજયા**—માતુશ્રી તો ઘણાંજ નારાજ છે. પણ મહારાજની મરજી થઈ ત્યાં એ શું કરે!

**જયા**—સખી! વિમળા આ ખબર જ્યારે સાંભળશે, ત્યારે એને બહુ ફાળ પડશે.



**વિજયા**—ઘણુંએ જાણીએ છીએ, પણ શું થાય!

**જયા**—ચાલ, ત્યારે જઇને કહીએ! કાંઈ કહ્યા વગર છૂટકો છે? આપણે કહી આજ છૂપાવશું, તો કાલ કોઈક કહેશે, કાંઇ છાનું રહેવું છે?

**વિજયા**—કાંઈ સુરજ છાબડે ઢાંક્યો રહેશે!

(એમ વાત કરતાં કરતાં નીકળી જાયછે.)

## પ્રવેશ ૭ મો.

**સ્થળ**—જોધપૂર, વિમળદેવીનો મેહેલ.

**પાત્ર—વિમળદેવી, કાન્તા, વિજયા.**

**વિમળ૦**—કેમ! કાન્તા! મુગલ બાદશાહ તરફથી કાગળ આવી ગયો; અને જેમાં એણે મારી માગણી કરીછે; અને મારા બાપુએ પણ તે માગણી કબૂલ રાખી; હવે શું કરવું. મારી પ્રતિજ્ઞાની તો તુંને ખબર છે!

**કાન્તા**—બેન! શું ઉપાય કરશું? મુંને તો કાંઈ સુઝતું નથી! વળી બાપુની મરજી વિરૂદ્ધ આપણે શું કરી શકીએ! માટે હું તો ધારૂંછું કે તું સમજ તો સારૂં!

**વિમળ૦**—પરણવું તો મુદલ નથી તે મછતાં કદી પરણુ તો સાંભળઃ—

**રાગ.**

(સુણો દિલ્લી તખ્ત ધરનાર) એ રાહ.

કદી શરીરના કટકા થાય, વિના ક્ષત્રિ હું નહિ વરૂંરે;<br>
કદી અગનીમાં, દેહ જલી જાય. વિના.<br>
કદી ઉગે જો, પશ્ચિમ સૂર. વિના.<br>
કદી ચાલે અવળાંજ, નદી પૂર. વિના.<br>
કદી વિદ્વાન કરે, નીચ કામ. વિના.<br>
કદી કાયર જો, જીતે સંગ્રામ. વિના.<br>
કદી સમુદ્ર મુકે, મરીયાદ. વિના.<br>
કદી ધર્મરાજા, નવ દીએ દાદ. વિના.

**કાન્તા**—ત્યારે તો પ્રીય એની, મુગલ બાદશાહથી ડરે નહિ

Taj Tahir Foundation

એવો મહાન શૂરવિર પરાક્રમી પુરૂષ જ્યારે મળે, ત્યારે આપણો મનોરથ સિદ્ધ થાય !

**વિમળ૦**—એ વિના તો કાર્ય ક્યાંથી થાય ! કેમકે હવે તો જેમ કૃષ્ણચંદ્રે રૂક્ષ્મણીનું હરણ કર્યું હતું. એમ મારી બાબતમાં કરવાનું છે. તો મહા ધિરવિર પુરૂષનું આમાં કામ છે ! !

**કાન્તા**—સખી, ઉદેપુરના રાણા ઘણા શુરવિર છે. એ વાત એના બારોટ અહિ આવ્યા હતા, ત્યારે તે પ્રતાપ રાણાના પરાક્રમની વાત બહુ કરતા હતા કે જેણે બધો મેવાડ પાયમાલ થઈ ગયો તોપણ અકબરને શિશ નમાવ્યું નહિ.

**વિમળ૦**—કાન્તા ત્યારે મારી દ્રષ્ટી પણ એના પૌત્ર રાણા રાજસિંહપર જાયછે. એ ઘણાજ શૂરવિર, વિદ્યાવંત અને પરાક્રમી સંભળાય છે, વળી હમણાં ઔરંગજેબે જજીઆવેરો હિંદુપર નાંખ્યોછે એ વિશેનો એક બોધ પત્ર ઔરંગજેબને લખ્યો છે. એવી હિંમત ધરનાર એ છે. તો એનાથી આપણું કામ થશે. માટે તું કહેતી હો તો એક પત્ર એને લખીને મોકલીએ !

**કાન્તા**—એન ઘણોજ ઉત્તમ વિચાર કર્યો છે. શિશોદીઆ રાણા રજપૂતસ્થાનમાં ટેકી છે. એ અવશ્ય તમારી પ્રતિજ્ઞા પૂર્ણ કરશે !

**વિમળ૦**—બહુ સારૂં ત્યારે લાવ કાગળ, કલમ અને સાહી એટલે પત્ર લખી કાઢું !

**કાન્તા**—ચાલ વાંચનગૃહમાં, ત્યાં બધું તૈયારજ છે.

**વિમળ૦**—(ત્યાં જઈને.) કાન્તા પદ્યમાં લખું કે ?

**કાન્તા**—થોડું ગદ્યમાં અને થોડું પદ્યમાં લખવું.

**વિમળ૦**—(લખી રહ્યા પછી) સખી મેંતો આવું લખ્યું.

**કાન્તા**—વાંચ જોઈએ કેવું લખ્યું ?

**વિમળ૦**—સાંભળ (વાંચેછે) સર્વગુણ ગુણાલંકૃત શૌર્યોદાર્ય, ગાંભીર્યાદિ અનેક ગુણ બિરાજીત સકળકળા સંપન્ન ધર્મ પ્રતિપાળ ઉદેપુર નગરી ભાલ તિલક રાજ રાજેંદ્ર મહારાજા ધિરાજ રાણા અજીતસિંહના પ્રતાપી પુત્ર રાણા રાજસિંહના પવિત્ર ચરણકમલમાં અરજ કરનાર રૂપનગઢના રાઠોડ અમરસિંહની પુત્રી વિમળાદેવીના પ્રણામ. હે શરણાગત રક્ષક વિરપુત્ર ! આ નીચેનું પદ્ય નિધામાં



લેવાની કૃપા કરશો ! એવો સંપૂર્ણ આપનો ભરૂસો છે ! !

## લાવણી.

(આ કલંક હરિ ઉતારો). એ રાહ.

આ પત્ર વાંચજો પ્યારા, તમે ખબરજ લેજો મારા. ટેક.
લખીતંગ વિમળા દાસી, છું તમ દરશનની પ્યાસી;
છું રાઠોડની પુત્રી પ્યારા, તમે ખબરજ લેજો મારા.
મુગલોથી કાગળ આવ્યો, મુજ કાકાને એણે ડરાવ્યો;
તેથી કરે વિચાર નઠારા, તમે ખબરજ લેજો મારા.
હે રાજા તમને વરીછું, એ મુગલથી નથી ડરી હું;
સત્ય કરજો બોલ હમારા, તમે ખબરજ લેજો મારા.
એણે વસંતપંચમી ધારી, છે લગન તણી તૈયારી;
તે દિન પોંચજો પ્યારા, તમે ખબરજ લેજો મારા.
જેમ રૂક્ષમણીએ પણ લીધું, તેમ મેં પણ અહીંયાં કીધું;
હે કાન્ત કૃષ્ણ છો મારા, તમે ખબરજ લેજો મારા.
નિર વિર પૃથ્વીને દેખું, કોઈ માઇ પુત નવ પેખું;
એક રાણા નરછો ન્યારા, તમે ખબરજ લેજો મારા.
અરે મ્લેચ્છ જાતને વરવું, તે થકી બેહેતર છે મરવું;
નહીં આવે થશો હત્યારા, તમે ખબરજ લેજો મારા.
ક્ષત્રિનું તેજ સૌ વામ્યું, અસ્તાંગત સઘળે પામ્યું;
એક તમે છો પ્રાણ હમારા, તમે ખબરજ લેજો મારા.
મુગલોએ સૌને પાડ્યા, છો એક ટેકી રાણા;
થયા ક્ષત્રિ સર્વ બિચારા, તમે ખબરજ લેજો મારા.
છો પ્રતાપના કુળ દીવા, તમ સાથ ચહુંછું વિવા;
હે રાજસિંહ રઢીયાળા, તમે ખબરજ લેજો મારા.
શૂરવીર પિતા વણ બેઠી, કાકા ઓથે દુખ વેઠી;
જશવંત નથી જશવાળા, તમે ખબરજ લેજો મારા.
એક રામસિંહની પક્ષ, મુજ પિતાના મિત્ર સુદક્ષ;
નથી અવર કોઈ આધારા, તમે ખબરજ લેજો મારા.
નથી અવર ઉપાયજ મારો, ક્ષત્રિનું બિરદ વિચારો;

Taj Tahir Foundation

છું દીન તમારી દારા, તમે ખબરજ લેજો મારા.

**કાન્તા**—વાહ ! સખી શું સુંદર પદ્ય રચના બની છે ! !

**વિમળદેવી**—હજુ થોડું બાકી છે !

**કાન્તા**—બોલ ત્યારે શું છે ?

**વિમળદેવી**—સાંભળ ! (વાંચેછે.)

**રાગસોરઠ.**

(પીયુ મારા વચને પળજોરે) એ રાહ.

હે મેવાડના મહારાણારે, શૂરવિર ગણુંછું શાણા. ટેક.
પૌત્ર તમે છો પ્રતાપ રાણાના, એક અટંકી ગણાણારે. શૂર.
નહીં આવો તો નૃપ થશો હત્યારા,પ્રાણમુજ તમથી બંધાણારે.શૂર.
વસંતપંચમી જોરે વિતી તો, નામ તણાં ખોશો નાણારે. શૂર.
રાજસિંહનો ભક્ષજ હું છું, જાંબુક નર લોભાણારે. શૂર.

એ રીતે હે રાજપુત્ર ! મેં આ પત્રમાં આપને જે વિનતિ કરી છે, તે ઉપર લક્ષ દઇને આપે વસંતપંચમીને રોજ અવસ્ય અત્રે પધારી આ અનાથ અબળા જે આપના ચરણકમલની હ-મેશને માટે દાસી થવાને ઇંતેજાર છે, તેની ખબર લેશો. હે ક્ષત્રિ વિર ! તમે વિચારો કે એક રાજહંસણી શું ગીધપક્ષીનો ભક્ષ થશે? શું એક પવિત્ર રજપૂતાણી એક મર્કટ તુરકની પત્ની થશે ? જે રજ-પૂત કુમારીના શરીરમાં ક્ષત્રિનું પવિત્ર લોહી પ્રવાહિત થાયછે, તે શું તુરકડાને સ્વામિનાથ ! કહીને બોલાવશે ? નહીં નહીં ! એવું કદી સ્વપ્નામાં પણ થવું નથી ! તસ્માત્ આપ ક્ષત્રિ બિરદનો વિચાર કરી જરૂર વેહેલા આવજો. નહીં આવો તો હું પ્રાણ ત્યાગ કરીશ તો એની હત્યા રાણા તમારે શિર છે.

**શિખરણી વૃત.**

ખરીદ્યાછે સૌને, મુગલ મહિપાલે રજપૂતો;
દીધાં મૂલો સૌનાં, કર શિર ધર્યા છે સરવકો.
તમોને હે રાણા, ખરીદ કરવાને મથી મર્યા;
તથાપિ તે હાર્યો, મુલ દઈ હજી તે નથી શક્યો.

**કાન્તા**—સખી ! ઘણું લખ્યું છે. આ વાંચીને કાયરને પણ



શૂર ઉત્પન્ન થાય તેવું છે ! તો સૂર્યવંશી રાજસિંહ રાણાનો જુસ્સો કેમ પ્રજ્વલ્લીત નહિ થાય? મેવાડ ભૂમિમાં હજુ સુધી વિરજનુનીઓ કાયમ છે, તેથી તું નિશ્ચિત રહે.

**વિમળદેવી**—સખી ! આ પત્ર દયારામભટ્ટ ગોરમહારાજને સઘળી સૂચના દઈ આપી આવ. અને એનો પ્રત્યુત્તર લઇને પાછા તાકીદથી આવે એમ કહેજે, તથા આ વાત ગુપ્ત રાખે, ને ગુપ-ચૂપ આંહીથી જાય એવી ભલામણ કરજે.

**કાન્તા**—બહુ સારૂં (પછી કાગળમાં મિતિ વિગેરે નાંખી બંધ કરીને) પ્રાંય એની ! સઘળી ભલામણ કરીશ. (એમ કહી ઉભી થાયછે).

**વિમળદેવી**—બેન ! પણ જરા ઉભી રહે. એ ગોરને બસેં સોનામહોર આપવાને માટે તું સાથેજ લેતી જા, કે જેથી એ હોંશથી કામ કરે. અને વળી કહેજે કે શુભ સમાચાર લઇને વહેલા આવશો તો આથી પણ પાછા વિશેષ રાજી કરશું.

**કાન્તા**—બહુ સારૂં ! લાવ એ પણ લેતી જાઉં, એતો હું પણ વિસરી જતી હતી. એનીતો પેહેલાંજ જરૂર છે.

**વિમળદેવી**—લે કુંચી ! પેટીમાંથી લઈ લે.

**કાન્તા**—લાવ. (કુંચી લઈને જાય છે.)

**વિમળદેવી**—વિજયા ! ક્ષત્રિનું ચૈતન હશે તો અદ્રશ્ય નહિ રહે. એકદમ આવશે. પણ બેન મારા દિલમાં એમ વિચાર આવે છે કે આપણે સ્ત્રીજન આ પત્ર લખી મોકલીએ છીએ. એતો ઠીક છે, પણ આમાં મારા કાકા રામસિંહજી, જે મારા પિતાના પરમ દિલજાન મિત્રછે તેની સમ્મતિ લઈ તથા સાથે તેમનો પણ પત્ર લખાવી મોકલીએ તો વધારે સારૂંછે, કેમકે મુગલ બાદશાહથી મારૂં રક્ષણ કરી હરણ કરવું,એ નાનીસુની વાત નથી; જેથી એવું પગલું ભરતાં રાણા આંચકો ન ખાય તે સારૂં આ વાત વજનદાર વિશેષ થવાને મારા કાકાની ભલામણનો પત્ર સાથે હોય તો સારૂં.

**કાન્તા**—બેન એ તું ખરૂં કહે છે, પણ કદાચ તેમનો મત મળશે નહિ તો શું કરશું ?

**વિમળદેવી**—તો મારા કાકા બીજો રસ્તો બતાવશે તેમ કરશું,

Taj Tahir Foundation

કેમકે આવી રીતે ધર્માચરણમાં આયુષ્ય ગુજારવા મારો નિશ્ચય છે એ વાત મારા કાકાને પૂર્ણ રીતે જાણવામાં છે.

**કાન્તા**—બહુ સારૂં, ત્યારે લે જયાને મોકલી રામસિંહ રાઠોડને બોલાવીએ. (જયાને મોકલે છે).

**વિમળ૦**—(વિજયાપ્રતિ) હવે ચાલ, આપણે માતુશ્રીની પાસે જઇએ, જમવાનો વખત થઈ ગયોછે તો તે રાહ જોતાં હશે.

(કાન્તાપ્રતિ) સખી તું તેઓ આવતાં સુધી અહીંજ રહેજે.

**વિજયા**—ચાલો બા !

**કાન્તા**—બહુ સારૂં તમે જમીને જલ્દી આવો, હું અહીંજ બેઠીછું. ત્યાં આ સંબંધી વાત કાઢશો નહીં. કેમકે તમે તેનું સગુ પેટ નથી.

**વિમળ૦**—એમ ભુલ ખાઊં તેમ નથી. આ તો આપણોખાનગી વિચાર છે, ધર્મ રસ્તો છોડનાર માબાપને પણ ન ગણકારીએ.

**કાન્તા**—વિમળાબા, ખરેખરૂં કહોછો.

(વિમળદેવી જાયછે.)

## પ્રવેશ ૮ મો.

**સ્થળ**—જોધપૂરમાં વિમળદેવીનું ભુવન.

**વિમળદેવી, કાન્તા, જયા, રામસિંહ, રાઠોડ.**

**વિમળ૦**—(જમીને આવ્યા પછી) કેમ કાન્તા ! હજુ સુધી રામસિંહકાકા આવ્યા નથી કે ?

**કાન્તા**—સખી, હમણાં આવવા જોઇએ, જયાને વાર ઘણી થઇ છે, વખતે દરબારમાં ગયા હશે તો વાર લાગશે. (રામસિંહ સહીત જયા પ્રવેશ કરેછે.)

**વિમળ૦**—(ઉભી થઇને) કાકા, પ્રણામ કરૂંછું, અહીં પધારો.

**રામસિંહ**—પુત્રી, સુખી રહે. (એમ કહી બેસેછે).

**વિમળ૦**—(રૂદન કરતી) કાકા પ્રાણત્યાગ પર્યંત પણ આ દીકરીની ખબરજ લેવી નહીં ! કાકા શું મારે એક ભવમાંથી બે



ભવ કરવા ! શું મારો જન્મારો ભ્રષ્ટ કરવો, મારી ખબર લેનાર હવે કોઈ ન રહ્યું ! શું કાકા તમારો ભાઇ ગુજરી ગયા તેની સાથે સગપણ સંબંધ ચાલ્યો ગયો ! શું કાકા, તમને પણ હું યાદ નથી આવતી ! કે દશા ફરતાં સગું વહાલું સૌ વેરી થઇ બેઠું !

**રામસિંહ**—બેટા છે શું ! આવડો કલ્પાંત શા સારૂં કરે છે ? મને ખબર હોય તો મહાદેવજીના સોગન ! તને શું દુઃખ પડયું છે દીકરી ! તારો બાપ મરી ગયો સમજતી નહીં ! જ્યાંસુધી આ રામસિંહનો દેહ જોધપૂરના દરવાજાની અંદર છે ત્યાંસુધી તને દુભવનાર કોણ છે ?

**વિમળ૦**—કાકા, આટલી લગ્નની તૈયારી થઈ રહીછે ને તમને ખબર કેમ ન હોય ! એતો નવાઇ ! શું કાકા મુને મ્લેચ્છ વેરે પરણાવશો ? કાકા મારી ધર્મ ટેક પરાણે છોડાવશો ! તે તો આત્મઘાત કરીશ પણ છોડીશ નહીં, કાકા જોધપૂર ગાદીને કલંક બેઠુંછે પણ તમારી મિત્રતાને કલંક નવું બેસવું છે.

**રામસિંહ**—(આશ્ચર્ય પામીને) શું વિમળા, આ બધું તારી મરજી વિરૂદ્ધ થાયછે ? ત્યારે મુને એ વાતની બીલકુલ માલમ નથી ! મેં જાણ્યું કે તારી ઇચ્છાથી આ સર્વ તૈયારી થાતી હશે.

**વિમળ૦**—નારે કાકા, આ તો બેન કેશર દીલ્લીથી આવી હતી તે મુને પુજા વખતે મળવા આવી, તેમાં સ્પર્શાસ્પર્શની બાબતમાં અમારે વિરોધ પડ્યો ! તેથી તેણે એકદમ દીલ્લી જઈ તેના ધણીને સમજાવી આ પ્રપંચ ઉઠાવ્યો છે.

**રામસિંહ**—દીકરી, ઠીક તેડાવીને વાત કરી ! નહીંતો અજાણ્યો મહા અનર્થ થાત ! મને તો પહેલાં તારાપર ક્રોધ ઉત્પન્ન થયો હતો કે તેં ધર્મટેક છોડી શી હલકી બુદ્ધિ કરી ! તારૂં તો મોંય ન જોવું એમ મુને થઈ ગયું હતું ! પણ આતો બધું અવળું ઉતર્યું છે ! બેટી જરાય ફિકર રાખીશ નહીં, મારાં બાર હજાર માણસમાંથી એકપણ હયાત હશે ત્યાં સુધી તુંને તુરકને હાથ જવા નહીં દઊં.

**વિમળ૦**—કાકા એતો ખરૂં, પણ એનાં ગંજાવર સૈન્ય સામે તમે કયાંક સુધી ઉભા રહેશો ?

**રામસિંહ**—પુત્રી તું વાત ખરી કહેછે, એના અસંખ્ય દળ આગળ મારાં બાર હજાર માણસ તો એક કોળીયા તુલ્ય છે પણ ત્યારે એમની સામે ટક્કર લે એવા કોનો આશ્રય લેશું! આજકાલ તમામ રાજસ્થાન મુગલની ભક્તિમાં છે, માટે તારી જાણમાં કોઇ આવેછે? ( યાદ આવ્યાથી ) હા, એક રજવાડું એવું છે! જે હજુ સુધી નિષ્કલંક રહ્યું છે.

**વિમળ૦**—કાકા, એવા તો ઉદેપુરના રાણા!

**રામસિંહ**—બરાબર, બેટી એજ! એને કહે તો પત્ર લખી બોલાવીએ, પણ તારે વરવું પડશે.

**કાન્તા**—રામસિંહકાકા, એવા નિષ્કલંક શુરવીર ધર્મધુરંધર મેવાડ ગાદીપતીને કદી મારી બેન વિમળાને વરવું પડે તો શું હરકત જેવું છે?

**રામસિંહ**—હા, કાન્તા મારો પણ એજ મતછે! તેમાં કાંઈ અડચણ જેવું નથી અને વળી એ તેમનો બોલ પણ યથાયોગ્ય પાળી તારૂં પાણીગૃહણ કરશે. એનાં પૂર્વજનાં પરાક્રમ તો સાંભળ્યાં હશે.

**કાન્તા**—એમનાં દશાંદી પાસેથી મેં ઘણીવાર સાંભળ્યાં છે ને વિમળાને પણ કહી દેખાડ્યાં છે.

**રામસિંહ**—ઠીક, ત્યારે વિમળા મારી દ્રષ્ટિમાં એ વાત બેસેછે કે તેને હુ એક પત્ર લખું ને તારે પણ લખવો.

**વિમળ૦**—કાકા મેં તો એક પત્ર લખી રાખ્યોજ છે ને દયારામ ભટ સાથે મોકલવા ધાર્યુંછું પણ આ બાબતમાં તમારી સમ્મતિની જરૂર હતી, તેથી બોલાવવા પડ્યા; કાકા સુખદુઃખ કહેવાનું આશ્રયસ્થાન આહીં મારે બીજું કોણછે ને વળી જાણ્યું કે બીજો પણ રસ્તો તમે કાઢી આપશો!

**રામસિંહ**—દીકરી બહુ ઠીક કર્યું છે. અમારાં ધન્યભાગ્ય કે અમે તારૂં કન્યાદાન રાણાને દઇયે. મેવાડના વીરની નેકી તો તેમનીજ પાસે છે, લે ત્યારે હું જાઊંછું. દયારામ ભટને મારી ડેલીએ મોકલજે એટલે હું મારો પત્ર આપી મોકલી દઇશ.

**વિમળા**—કાકા, બહુ સારૂં પધારો. (તે જાયછે).



**કાન્તા**—વિમળા, સમ્મતિ પુરેપુરી મળી! તારી નિષ્ટાને મહાદેવજી સહાય કર્યા વગર કેમ રહે?

**વિમળા**—(જયા પ્રતિ) જા, શીવ પૂજનનાં સાહીત્ય તૈયાર કર, સાયંકાળની પુજાનો સમય થઈ ગયોછે.

**જયા**—બહુ સારૂબા, જાઊંછું. (તે જાયછે.)

**કાન્તા**—સખી હું હવે રજા લઊંછું ને પાછી સઘળી તજવીજ કરી ખબર લઈ આવુંછું.

**વિમળા**—ઠીક જા, હું પણ શીવપુજનમાં આરૂઢ થાઊંછું.

( બન્ને ઉઠેછે. )

## પ્રવેશ ૯ મો.

**સ્થળ**—ઉદેપૂર શેહેર બહારનો બગીચો.

**પાત્ર**—ચંદ્રસેન, વૈરીસિંહ.

**ચંદ્રસેન**—વૈરીસિંહ, આપણા મહારાજ રાજસિંહની કીર્ત્તિ દેશોદેશ પ્રસિદ્ધ થઈ ગઈ. કેમકે તેણે સાત વર્ષના દુકાળમાં રાજસમંદ સરોવર બાંધીને રોજી જગાવી હજારો લોકોના જાન બચાવ્યા છે.

**વૈરીસિંહ**—હા! આ મેવાડ ભૂમિમાં એવાજ વીર ઉદાર પુરૂષ ઉત્પન્ન થાયછે! સૂરજકૂળના નરવરમાં શું પુછવું! ભાઈ!

**ચંદ્રસેન**—હા બેટીના બાપ, એક એકથી અધિક શું સંગરાણા, કે શું કુંભારાણા!

**વૈરીસિંહ**—તો ચંદ્રસેન ઝાલા બાપારાવળના વંશજ વિના મુંછે પાણી કોનાં રહ્યાં છે!

**ચંદ્રસેન**—વૈરીસિંહજી, દિલ્હીના તખ્તથી લડાઈ આળસથીજ નથી! હાલમાં ઔરંગજેબ સાથે તો વધારે સળગતી જાયછે.

**વૈરીસિંહ**—ભલેને સળગે! રાજસિંહજી કયાં પ્રતાપ દાદાથી ઉતરે તેવા છે! ચૌદ ચંદાવા સરસ છે. અકબરશાહ મથી મથીને મરી ગયા, તોપણ શું ઝાંખપ આવવા દીધીછે!

**ચંદ્રસેન**—પણ હાથે કરી હમણા કેટલુંક નવું વેર જગવાયછે,

Taj Tahir Foundation

કહેછે કે આજકાલ જજીયાવેરા બાબતમાં શાહપર એક પત્ર તેમણે લખ્યો છે.

**વૈરીસિંહ**—ધર્મરક્ષક રાજા કાંઇ છપાઈને બેસી રહે ! આજકાલ હિંદુના શિરછત્ર બીજા કોનામાં શૂર રહ્યું છે? કે મુગલશાહ સામે બે શબ્દ પણ બોલી શકે. એતો ધર્મધુરંધર રઘુવીરના સિંહ બાળક આખડે, ને રૈયતની દાઝ જાણે !

**ચંદ્રસિંહ**—ખરૂં કહોછો વૈરીસિંહ, ચાલો કચેરીમાં જોઈયે શાં વૃત્તાંતછે !

**વૈરીસિંહ**—હા, ચાલો, વખત થઈ ગયોછે.

( બંને જાયછે. )

---

## પ્રવેશ ૧૦ મો.

**સ્થળ**—ઉદેપુરમાં રાજસિંહની કચેરી,

**પાત્ર—રાજસિંહ, દયાળશાહ, ચંદ્રસેન, વૈરીસિંહ, સુબળસિંહ, દયારામ, વિદુષક, ચોપદાર, સિપાઈ, વસંતી,**

**ચોપદાર**—(રાજકચેરી ભરાણી છે. ત્યાં રાજસિંહ આવેછે. તે વખતે રસ્તામાં બોલતો બોલતો પ્રવેશ કરેછે.) ગૌબ્રાહ્મણ પ્રતિપાળ સૂર્યવંશી, શિશોદીયા શિરછત્ર, સર્વ ક્ષત્રિવીરમેં ભૂપર્ણરૂપ, મુગટમણિ, મેવાડપતિ, મહારાજા ધિરાજ રાજસિંહકી સવારી આતી હે; ખડી તાજીમ નજર રખો મહેરબાન. (રાજસિંહ સિંહાસન ઉપર બેસેછે ત્યારે તેના પટાવતો સલામ ભરેછે, તે વખતે અનુક્રમે.)

બીજોલીના પટાવત્ વૈરીસિંહ પુંવારની સલામપેં નીઘા રખીએ મેહેરબાન.

સાદરીકા પટાવત્ ચંદ્રસેન ઝાલાકી સલામપેં નીઘા રખીએ મેહેરબાન.

એડલાકા પટાવત્ સુબળસિંહ ચહુઆણકી સલામપેં નીઘા રખીએ મેહેરબાન,

સલુંબ્રાકા પટાવત્ રતન ચંદાવતકી સલામપેં નીઘા રખીએ મેહેરબાન.



મહારાજા ધિરાજકે પ્રધાન દયાળશાહકી સલામપેં નીઘા રખીએ મેહેરબાન. (સૌ સલામ ભરી રહ્યાપછી.) અદબસેં, તફાવત્સેં અપને અપને મામુલ દસ્તુરસેં બૈઠીયે મહેરબાન ( સૌ બેસેછે. ) ( ત્યારપછી ઝાલા, પરમાર, હાડા, દુદાવત, રાઠોડ, શક્તાવત સહુ આવી બેસેછે. )

**રાજસિંહ**—કેમ ! પ્રધાનજી, મુગલરાજના શું ખબર છે ?

**દયાળશા**—મહારાજ ! આપે માલપુરા લીધું, તેને માટે શાહ જહાને તો આગલા સંબંધ પ્રમાણે આપની ભૂલ ગણી હતી, પણ હાલ ઔરંગજેબે તો તમામ નવું રૂપ ધારણ કર્યું છે.

**રાજસિંહ**—દયાળશા ! ઔરંગજેબે જે તદબીર કરીછે, તે તમારા સમજવામાં તો આવી હશે.

**દયાળશાહ**—મહારાજ ! શું તદબીર એણે કરીછે ! થોડી ઘણી તો માલુમ છે !

**રાજસિંહ**—જુઓ ! હાલ રજપૂતસ્થાનમાં આપણાં ત્રણ મોટાં રાજ છે. એમાંથી મારવાડના જશવંતસિંહને અને અંબરરાજ જયસિંહને પુરા પક્ષમાં લઇ નબળા પાડ્યા, અને પછી હું એકલો મેવાડનો રાણો રાજસિંહ રહ્યો તેને નમાવવો એટલે પછી કોઇ ટક્કર લેવાવાળું રહ્યું નહીં એમ એ ધારેછે.

**વૈરીસિંહ**—હા મહારાજ એ એવાજ ઈરાદાથી એ કામ કરેછે.

**રાજસિંહ**—વૈરીસિંહ પુંવાર ! એની એ સમજમાં મોટી ભૂલ છે. કેમકે મારા દાદા પ્રતાપે જે કિર્તિ સંપાદન કરી હતી. તેને ત્યાર પછી એ મેવાડ ગાદીપતિએ નાબુદ કરીને, નામોશી લગાડીછે. પરંતુ વિધાત્રીએ એ નામોશી દૂર કરવા માટે મને જન્મ આપ્યો છે. તો હું તે કિર્તિનો પાછો પ્રકાશ કરીશ.

**વૈરીસિંહ**—મહારાજ ! આપનું પરાક્રમ તેવુંજ છે. એમાં કંઈ શક જેવું નથી. કેમકે યવનનું અન્ન રાણાના પેટમાં હજુ સુધી ગયું નથી. અને જશે પણ નહીં.

**જેમલદશાંદી**—(પ્રવેશ કરીને.)

**કવિત.**

સૂર્યવંશ માંહે શૂરા, લવ કુલ અંશ વંશી,
બાપા રાવળ પ્રતાપી વંશ જીનકો વધ્યો હે.
મોરીવંશ પરમાર, પાસસેં ચિતોડ કિલ્લો,
લીનો હે ખુમાણજીને, મમ્મદ કેદ બધ્યો હે.
કેલવાડે હમીર હીરો, પદ પૂરો પામ્યો બાપુ,
અલાદીઓ ખુન્ની, જાકો, બોલ તોલ ન બધો હે.
ઘેલોટ શાખ શિશોદી, રાણાપદ રાખ્યો જીન્ને,
લખમશી હુવો જાકું, અમર મુખ વધો હે.
ભરતખંડ માંહે જબ, ભારી દુશકાળ હુવો,
રાજસ્સર[૧] બાંધ્યો, રાણા રોજી તેં જગવાઈ હે,
છનું લાખ ખર્ચ કિનો, રંક દુઃખ ડારી દીનો,
બર્ષ સાતકો નિભાવ, તિન લોક બધાઈ હે.
રાજનગ્ર થાપ્યો ગામ, રખ્યો અવિચળ નામ,
કામ કિર્તિ ઐસી તેરી, ગુની મુખ ગવાઈ હે.
કે'તહે કવિ જેમલ, શુણો રાણા રાજસિંહ,
ભડ કર્ણ ઉદારતા, તેને તો ભુલવાઇ હે,

**દયાળશા**—જ્યારે શત્રુને શિશ નમાવ્યું નથી. ત્યારે નામ અમર થઈ રહ્યુંછે; જેમલ બારોટ !

**જેમલ**— **કવિત.**

નામ્યો શીર જોધપુર, જેપુર ભી જાઇ નમ્યો,
બિકાનેરકો રાઠોડ, સત્તા, છોડી શમ્યો હે;
સિક હિંદૂ ક્ષત્રિ સારે, નમી ગએ નામ આગે,
યવનકો અન્ન માજા, મૂકી જીનને જમ્યો હે.
નમી ગએ રાજવંશી, ચંદ્ર કુલ કેરે અંશી,
ધર્મકી ઝનુન માર, ખરા હોકર ખમ્યો હે;
કહત કવિ જેમલ, શુણો રાણા રાજસિંહ,
મેવાડ મસ્તક એસો, મુગલ કું ન નમ્યો હે.

૧ તલાવ.



**રાજસિંહ**—દયાળશા! જજીઆવેરો બંધ કરવાનો પત્ર આપણે જે ઔરંગજેબ ઉપર મોકલ્યો છે. તેનો જવાબ હજુ સુધી આવ્યો નથી કેમ ?

**દયાળશા**—ના! મહારાજ એ આદમી હજુ પાછો આવ્યો નથી.

**વૈરીસિંહ**—મહારાજ! આપ ઔરંગજેબનાં ગેરવાજબી પગલાં અને દુષ્ટકૃત્યોની સામે ઉઠયાછો તેથી કરી આપની કિર્તિમાં વધારો થયો છે.

**રાજ૦**—મુગલ બાદશાહી, પાયમાલ ન કરૂં તો દયાળશા મારૂં નામ રાજસિંહ રાણો નહીં સમજશો.

**દયાળશા**—મહારાજ ! મુગલોનું પ્રબળ ઘણું વધી ગયું છે તે ઔરંગજેબનાં અવિચારી કૃત્યોથી તુટવું છે.

**રાજ૦**—પ્રધાનજી દિલમાં ઉમેદ એવીછે કે એ તુરક આખા હિંદુસ્તાનના બાદશાહ થઈને બેઠા છે તેને મારી તોડી મુગલના ટુકડા ઉડાવી રજપુતનું હિંદુરાજ સઘળી જગોએ સ્થાપન કરૂં; ત્યારે દિલમાં શાન્તી થાય. પણ મહાદેવજી શંભુનાથની સહાયતા હશે તો એમ કરવું કાંઇ મુસ્કેલ નથી.

**દયાળશા**—મહારાજ! ગુરૂ ગોવિંદનો પણ એજ મતછે તેમ શાહનો કટ્ટો શત્રુ શિવાજી પણ એવાજ પ્રપંચમાં લાગ્યોછે. આપની પૂરી ઉમેદ બર આવશે.

**સુબળસિંહ**—મહારાજ ! શિવાજી ઘણો હુશિઆર છે, તોપણ એ શાહના ભરૂંશા ઉપર ફસાઈ ગયો હતો. પણ ત્યાંથી પ્રપંચ કરી છટકી ગયો, હવે શાહ બહુ પસ્તાય છે.

**રાજ૦**—શિવાજી, ફસાય તેવો તો છે નહીં; છતાં કેમ ફસાણો?

**સુબળ૦**—મહારાજ ! ઔરંગજેબે કેટલોક દીલાસો આપી શિવાજીને મળવા માટે દિલ્લી બોલાવ્યો, ત્યાં તે વિશ્વાસ રાખીને આવ્યો એટલે તેને કેદ કરી લીધો. અને થોડા રોજ પછી તે જે ધર્મ બહાને મીઠાઇના ટોપલા પહોંચાડનારાઓ આવતા, તેની સાથે છુપી મસલત કરી નાશી ગયો.

**રાજ૦**—સાબાશ છે ! એની યુક્તિને ! એને પણ ઈશ્વરે

હિંદુ ધર્મનો જે લોપ થતો જાયછે, તેને પાછો જાગ્રત સતેજ કરવાને માટે પેદા કર્યો હોય એમ જણાય છે. નહીંતર એટલી શક્તિ ઈશ્વરની કૃપા વિના હોય નહીં !

**સિપાઈ**—( પ્રવેશ કરીને. ) મહારાજ ! જોધપૂરથી કાગળ લઇને એક બ્રાહ્મણ આવ્યોછે.

**રાજ૦**—આવવા દીઓ.

**સિપાઈ**—બહુ સારૂં મહારાજ. (જાયછે.)

**દયારામ**—(પ્રવેશ કરીને.)

**ભુજંગી છંદ.**

ઉદેપૂર રાણાજિ શૂરા અનાદી,
અબાદી સદાને, વધો વંશ ગાદી;
સદા રાજની કિર્તિ, નીર્દોષ જામો,
સદા રાય વિપ્રોની, આશિષ પામો.

મહારાજ જોધપૂરથી આ એ કાગળ લઇને હું આવ્યોછું. તો આના જવાબની જલદી કૃપા કરશો. કેમકે મુને પાછું તાકીદથી આવવા કહ્યુંછે.

**વિદુષક**—દયારામકાકા! રાજમાં પડયા એટલે નમસ્કારે હરામકે?

**દયારામ**—અહો ! દિકરા ગંગારામ તું આંહીંછું ? ઇ તો મુને ખબરે નહીં. નમસ્કારભા ! નમસ્કાર ! છોતો સુખીઓ !

**વિદુષક**—હા ! કાકા અહીંની દાન દક્ષણાઊં મેં અજારે લીધી છે. તેથી હાજર ઉભાજ હોઈએ.

**દયારામ**—( સ્વગત. ) ત્યારે તો આપણી શિખમાંથી આશા કરશે, ખરો ! ( પ્રકાશ ) ગંગાધર મારે ચાલવું છે, માટે રોટલાનું વેહું રાખજે ?

**વિદુષક**—કાકો જાણે ગંગાધરને છેતરૂં, ત્યાં પોતેજ છેતરાઈ ગયા.

**જેમલ**—શી રીતે વિદુષક !

**વિદુષક**—જેમલ બારોટ ! કાકો જાણે કે સીધાંનાં નાણા કરીશ. પણ કાકા એ ચીઠી તો અમારા હાથથી થાય છે.

**દયારામ**—એમ હોય દિકરા ! તારૂં મારૂં ઘર કયાં નોખું છે ! તારો બાપ શીવરામ મારી હેડીનો ? અમે એક દિવસે એંશી એંશી ગાઉ જાતા. તુંતો તે દી નાનો !



**વિદુષક**—કાકા ! રાજસભામાં મારી આબરૂ તો ઠીક વધારી; કે મારો બાપ ખેપું તો તમારા જેવીજ કરતા.

**દયારામ**—જે દિકરા બાપ અકરમી, ને દિકરો કરમી; ને દિકરો અકરમી ને બાપ કરમી. એમાં શરમાઇએ નહીં. થાતું આવેછે.

**વિદુષક**—કાકા ! જનમ આપ્યો, ને શરમ શાની, પણ તમારા ભુદીયાને ભણાવો તો છોના ?

**દયારામ**—દિકરા તારી પેઠે બોલકો બહુ ! પણ રાજસભામાં નહીં.

**વિદુષક**—હું તો રાજસભામાં ભભકું; ને ઘેર મીયાંની મીંદડી. પણ કાકા ! એને રાજદરબારી ભણાવોછો કે ચોવડીયામાં ઝુકાવોછો. હાઓ, હાઓ, ( ચાળા કરે છે. ) હમાચીઓ ! મેં તો ઈ મૂકી દધું છે. કાકા.

**દયારામ**—ગંગારામ! ટોળમાં કંઈ ચઢ્યોછું ખરો. વેદનીએ મશ્કરી!!

**વિદુષક**—કાકા ! નાણાજ આજ ટોળનાં છે. એક વેદ નાનપણમાં ભણ્યો. તેમાં એક અગિયારશ કરવી પડેછે. તે ચાર વેદ ભણ્યો હોત, તો પછી મારૂં ને ઘંટીનું જાડુંએ ન ઉચડત !

**દયારામ**—ગંગાધર ! એ કલીનો પ્રભાવ છે ! પણ આ વેદ ધર્મ પ્રતિપાલ રાણાના રાજમાં, વેદમૂર્ત્તિઓને દ્રવ્યની ખાગી હોયજ નહીં !

**વિદુષક**—કાકા ! રંગછે ! પારખાં લે તો તો, પણ તમે ટેક ન છોડી ! કાકા રાણાજીના રાજમાં હજુ સતયુગ વરતેછે ! વેદવિત્ વિપ્રોના વૈભવ તો આંહી રાજાતૂલ્ય છે ! એક એક લક્ષના વર્ષાશન! એકસોને આઠ અગ્નીહોત્ર ! અને અપાર યજ્ઞો થાયછે !

**રાજ૦**—વિપ્રો ! તમારો સંવાદ હવે બંધ રાખો, બ્રાહ્મણોનો સત્કાર એજ મારૂં જીવન છે ! અને વેદધર્મ પ્રતિપાલન કરવો એજ મારૂં કર્ત્તવ્ય છે. પ્રધાનજી આ મહારાજને જમવાનો બંદોબસ્ત કરાવો.

**દયાળશા**—મહારાજ ! આજ્ઞા પ્રમાણે કરૂંછું. લીઓ મહારાજ ! આ ચીઠી !

Taj Tahir Foundation

**દયારામ**—લાવો ! (લીએછે.)

**વિદુષક**—લાવો કાકા ! કોઠાર છેટોછે. હું લેઈને આવુંછું. અને તમ્મે આપણે ઘેર પરબારા જાઓ. દરબારગઢથી આથમણી કોરે મારૂં ઘર છે.

**દયારામ**—લે ભાઈ ! લે, બ્રાહ્મણ હોય ત્યાં ખડીયા ન ખાટીએ.

**સુમળ૦**—કેમ ! ગંગાધર ?

**વિદુષક**—ઈતો કાકો ખડીઓ મારે ઘેર ટીંગાડશે. ન ઉપડેતો લાવો લેતો જાઉં.

**દયારામ**—ઉપડશે દિકરા ઉપડશે, તારી સેવામાં મણા નથી.

**વિદુષક**—તો ભલે ચાલો ! પ્રધાનજી શિખની ચીઠી મારે ઘેર મોકલજો.

**ગંગાધર**—(ગુસ્સે થઈને) રાજેંદ્રને મળીને ચીઠી કરાવશું ! એમાં ડાપણ કરમાં ગંગારામ !

**વિદુષક**—કાકા ! લોભે ન જાઓ અર્ધ ઉપર નથી લેવું.

**રાજ૦**—કેમ મહારાજ બંદોબસ્ત થઇ ગયોના ?

**દયારામ**—હા ! મહારાજ, ચાલ ગંગાધર હવે અહીં ગડબડ કરમાં. (જાયછે.)

**રાજ૦**—પ્રધાનજી આ પત્રની મતલબ એવીછે કે રૂપનગઢના રાઠોડ અમરસિંહની દિકરી વિમળાદેવી કરીનેછે. અને તેનો પિતા ગુજરી જતાં હાલ તેના કાકા જશવંતસિંહ પાસે રહેછે. એણે આ પત્ર મારા ઉપર જોધપૂરથી લખ્યોછે. અને સાથે રામસીંહ રાઠોડે પણ તેજ મતલબનો પત્ર મોકલ્યો છે. જશવંતસિંહ એ વિમળદેવીનો ઔરંગજેબ સાથે વીવાહ કરવા માગેછે. અને એ શુદ્ધમતિ વિરપુત્રિ વિમળા મારી સાથે લગ્ન અને આવા વખતમાં તમારે શરણછું; એવો કાગળ લખી ખાનગી જોધપૂર આવવા બોલાવે છે. અને તમે જો નહીં આવો તો, હું પ્રાણ ત્યાગ કરીશ એની હત્યા રાણાજી તમારે શિર છે, એવું લખ્યું છે. હવે મારો એવો અભિપ્રાય છે કે આવી પવિત્ર રજપૂત બાળાને એનો કાકો જશવંતસિંહ રજપૂતનું અભિમાન છોડી, નીચ તુરકને આપેછે, તો એને ધિક્કાર છે ! !



ઔરંગજેબથી આપણે ચાય તેટલું હાડવેર ચાલેછે; તોપણ આનું તો અવશ્ય રક્ષણ કરવું જોઈયે ! વળી એ લખેછે કે એક સાચું મોતી શું કાગડો ચુગશે ! એક રાજહંસણી શું ગિધ પક્ષીનો શિકાર થશે ! કેશરીસિંહનો શિકાર એક શિયાળ શું કરશે ? એક શુદ્ધ ક્ષત્રિ તનુજા શું તુરકની પત્ની થશે ? એમ કદી નહીં થવું જોઇએ ! અરે ! ક્ષત્રિમાં કોઈપણ શૂરવિર શું રહ્યો નહીં ? કે જેથી એ નીચ મ્લેચ્છ મારા તરફ કુદ્રષ્ટિથી તાકેછે ! તો આપ આવીને મારી ખબર લેશો. (પ્રધાનપ્રતિ) દયાળશા ! રજપૂતમાંથી શું શૂર ગયું ? કે એક ગંગાજળથી નિત્યસ્નાન કરવાવાળી; શિવપુજનમાં આરૂઢ થવાવાળી; અને શાસ્ત્ર પુરાણના પવિત્ર સ્તોત્ર ઉચ્ચાર કરવાવાળી; શું મસીદમાં જઇને કુરાન વાંચશે ? અને શું નિમાજ પડશે ? ચંદ્રસેનઝાલા ! વૈરીસિંહ પુવાર ! ક્ષત્રિમાં એવો કોઈપણ મરદ નથી રહ્યો, કે આવાં વચન સાંભળીને બેશી ન રહે ? અરે શું ! દિલ્લીપતિ એટલો બધો મદાન્ધ થઇ ગયોછે? કે રજપૂતોની સ્ત્રીઉં અને દિકરીઉંની માગણી કરે ? અને એ રજપૂતો સાંભળીને બેસી રહે ! ને કબુલ કરે. હાય ! હાય ! ક્ષત્રિ લોહી શું નાબુદ થઇ ગયું ? નહીં, નહીં, એમ કદી નહીં બને ! હજુ મેવાડભૂમિના પુત્રોની નસુંમાં ક્ષત્રિનું લોહી ફર્યા કરેછે ! હજુ એની વાલી શમસેરૂ પકડવાને માટે એના હાથ શક્તિમાન છે ! ત્યાં સુધીતો એ મુગલોના હાથમાં એ રજપૂત બાળાને કદી પણ જવા નહીં દીએ ! પણ કેવો વખત આવી ગયોછે ! !

**રાગ.**

(ક્ષત્રિ કલંક કેમ લેશેરે. એ ચાલ.)

અરે આવાં માંઝ્યાં, ક્ષત્રિ બચે કામ,
ક્ષત્રિમાં શુંરે આવી ખુટ્યુંરે; ટેક.
ધિક્ક ધિક્ક નીતિ, કરોછો હરામ. ક્ષત્રિમાં.
ધિક્ક તુરકનાં, જઇ જમો અન્ન; ક્ષત્રિમાં.
ધિક્ક બેટી દઇ, રહોછો પ્રસન્ન. ક્ષત્રિમાં.
અરે કહાં ગઈ, તમ સમશેર; ક્ષત્રિમાં.
ધિક્ક તરકડા, કરે માથે કેર. ક્ષત્રિમાં.

Taj Tahir Foundation

જ્યારે વિધાતા, આપેછે વિર બાળ; ક્ષત્રિમાં.
તેવી પુત્રિઓને પડાવેછો કાળ. ક્ષત્રિમાં.
શુણો પૂર્વજોનાં, તમે પરાક્રમ; ક્ષત્રિમાં.
મહાભારતમાં, થયાં જે રતન. ક્ષત્રિમાં.
સાચો હોઊં જો, લવ કુલ અંશ; ક્ષત્રિમાં.
કાઢું જવનનો જઈ નિરવંશ. ક્ષત્રિમાં.
રાજ બારોટશું, નથી તમ પાસ; ક્ષત્રિમાં.
કેમ સાંભળતાં, નથી ઈતિહાસ. ક્ષત્રિમાં.
વરે તુરકને, જો એ વનિતાય; ક્ષત્રિમાં.
તો તો ધાવ્યો નથી, હું તો ક્ષત્રિમાય. ક્ષત્રિમાં.

**દયાળશાહ**—મહારાજ એ બાઇએ એવો શૂરાતનના અંકુરવાળો પત્ર લખ્યો, ત્યારે ત્યાં બીજા કોઈનું લોહી ઉકળ્યું નહીં હોય?

**રાજ૦**—લોહી કેમ નહીં ઉકળે, ખરો રજપૂત તો છતો થાય! વિમળાના પિતા અમરસિંહના મિત્ર રામસિંહ રાઠોડ પોતાના દશ હજાર માણસ સહીત મદદ આપવા તૈયાર થયા છે. એવું એણે આપણને પત્રમાં લખ્યુંછે. તથા આ કામમાં પ્રાણાર્પણ સુધી વિચાર કરી રાખ્યોછે!

**જેમલ્લદશાદી**—અવળી રૂંવાડીઆ રામસિંગ છાના રહે નહિ!!

**ઝુલણા છંદ.**

અજીતના અજીત, વિનતિ શુણો માહરી;
કીર્તિ રાણા તણી, આપ સાચી.
કેક મુગલોને, મારી ચકચુર કર્યાં;
કો નરે કીધી નહીં, પાની પાછી.
ક્ષત્રિના કુળની, લાજને લૂંટવા;
તરકડા તાકે તે, કેમ સાંખો.
હય દળ ગજ લઈ, હામ ભીડી ચલો;
શત્રુ સંહારમાં, દિલ રાખો.
શુદ્ધ એ પ્રેમદા, પત્ર લઈ મોકલ્યો;
કેમ વિચારશો, વિર માતા.



એહના અંગથી, પુત્ર જે પાકશે;
રત્ન એતો થશે, વિશ્વ ખ્યાતા.

**ચંદ્રસેન**—જ્યાં લગી, શિશ શીશોદીયાનાં રહ્યાં;
રણ વિશે ઝુઝવા, વળગી તનને;
ત્યાં લગી નાર એ, પુત્રિ રાઠોડની;
નહીં વરે કોઈ કાળે, યવનને.
નામનાં નિર રાખી, રણે ઝુઝવું;
વીર નર પાય કેમ, પાછો દેશે;
શરણુગતને, શરણુ જો નહીં આપશું;
ક્ષત્રિનો પિંડ, પિત્રી ન લેશે.

**રાજ૦**—અરે એણે લખ્યુંછે કે એક કસાઇના હાથમાંથી ગાય છોડાવવી છે! એક શીવભક્ત નારીને અપવિત્ર મ્લેચ્છના હાથમાં ભ્રષ્ટ થતી બચાવવી છે! હાય! હાય! જ્યાં સુધી મારા હાથ પગ આબાદછે ત્યાં લગી એ શર્ણાગત અબળા તુરકના હાથમાં કદી જવા દઇશ નહીં, અને જો જાય તો જનુનીએ નવ માસ ભાર અમથો ઉપાડ્યો હતો એમ સમજવું.

**જેમલ્લદશાંદી**— **કવિત.**

પાંચાલીકી પીડ દેખી, પારથ પ્રાક્રમી ઉઠચો;
સર સાંધકે છોર્યો જ્યું, મચ્છકું તોરી ડાર્યોહે.
સંદેશો રૂક્મનીકો, કૃષ્નનેભી જાન્યો જેસો;
શુદ્ધ વાકી લીની બાળા, બોલ્લ નહી બિસાર્યોહે.
જેસે આગે સુર્જબંશી, દાદા શ્રી રામચંદર;
સુની આરત સીતાકી, ધનુષ તોરી ડાર્યોહે.
કેત જેમલ એસેહીં, શુણો રાજસિંહ પ્યારે;
વિમલાકો બોલ રાણા એસો, તેંહી બિચાર્યોહે.

**રાજ૦**—બધો મેવાડ પાયમાલ થઈ જાય, તોપણ શું ડર ખાવાનોછું? ધિક્કાર છે એ નામર્દોને જે તુરક મુગલથી ડરે છે! અને લઈ પૂત્રીઓ હાજર કરેછે?

Taj Tahir Foundation

**જેમલદશાંદી—** કવિત.

મુગલુંકી ધાક સુની, મર્દ સબ મૃત હુવે;
અવર ક્ષત્રિ બિરદ, અપનોજ્ઞ બિસાર્યોહે.
ઉર ભોગ બિલાસકી, આશ ધારી બેઠ રહે;
શસ્ત્રકું કટાઈ દીનો, ધરમકો ધિક્કાર્યોહે.
આંખું સબ અંધ હુવે, લાજ યવનુંને લુંટી;
બેટીકું છેટી કરકે, અંકુર મન માર્યોહે,
જાતીકોહી અભિમાન, મૂકયો માન ક્ષત્રી બચે;
ધિકહી જનુની, ભાર ઉનકો કયું ઉપાર્યોહે.

**દયાળશાહ**—મહારાજ ! શરણાંગતને અવશ્ય શરણ દેવું જોઇએ, એ આપણો ક્ષત્રિનો ધર્મછે.

**ચંદ્રસેન**—હા ! મહારાજ યાચના કરીને રક્ષણ માગ્યું; એનું તો પાણીગ્રહણ કરવું જોઇએ. નહીંતર શિશોદીઆની નિર્મળ કિર્તિને ડાગ લાગે .

**રાજ૦**—એવો ડાગ કદી પણ લાગવા નહીં દઊં!

શ્લોક.

सजीवतियशोयस्य, कीर्त्तियस्यसजीवति ॥
अयशोऽकीर्त्तिसंयुक्तो, जीवन्नपिमृतोपमः ॥

યશ સહિત જેની કીર્તિ થાયછે. એજ પુરૂષ જીવતો છે. અપયશ સંયુકત જેની કિર્તિછે, તે જીવતાં મુવા તૂલ્યછે.

**દયાળશાહ—** શ્લોક.

चलंवित्तंचलंचित्तं, चलेजीवितयौवने।
चलाचलमिदंसर्वं, कीर्त्तिर्यस्यसजीवति ॥

દોલત, ચિત્ત, જીવન, અને યૌવન આદી આ સંસારમાં સઘળું ચલીત છે. માત્ર એક સુકિર્તિરૂપી પદાર્થ સદા અચળીત છે. તસ્માત્ જેની સુકિર્તિ છે તેજ જીવતો છે.



**રાજસિંહ—** શ્લોક.

सजातोयेनजातेन, यातिवंशःसमुन्नतिम् ।
परिवर्तिनिसंसारे, मृतःकोवानजायते ॥

જેના જન્મથી વંશની કીર્તિ કળા વધેછે; એણેજ જન્મ લીધો છે. બાકી આ સંસાર ચક્રમાં કોણ જન્મતું નથી તેમ મરતું પણ નથી! અર્થાત્ સર્વ પ્રાણી જન્મેછે ને મરેછે.

**જમલ—** કવિત.

સ્વાર્થકી બાજી જુગ, માંહી જુગતેહી જાનો,
પૈસા લોભ લાલચસેં પક્ષ કર્યો સો કાચો હે;
ધિક્ક હે જનુની વૃથા, ગયો જો બચન નાખ્યો,
જો ન દીયો શણ હાથ, જોડી જીનકું જાચ્યો હે.
લછમીકો દાનમાન, રછન ઊપકાર એસો,
પ્રસંશા જાકો પુરાન, લેખ લીખકે બાંચ્યો હે.
કેત હેં કવી જેમલ, શુણો રાણા રાજસિંહ.
શર્ણાગત શર્ણદેવે, સોઈ શૂરવિર સાચો હે.

**વસંતી**—(પ્રવેશ કરીને.) મહારાજ માતુશ્રી આપને યાદ કરેછે.

**રાજ૦**—માતુશ્રીને કહે કે હું કંઈ રાજપ્રકરણની મસલતમાંછું, તેથી થોડીવાર પછી આવુંછું.

**વસંતી**—જેવો હુકમ!

**રાજ૦**—પ્રધાનજી! ત્યારે આપણે ત્યાં શી રીતે જવું? એ વિચાર પ્રથમથી કરવાનો છે. કેમકે ઔરંગજેબ મોટા લશ્કર સહિત જાન લઈને આવ્યો હશે.

**દયાળશા**—મહારાજ! આપણે જો કદી લશ્કર લઈને જશું તો કેટલીક જાતની અડચણ નડશે. કેમકે જશવંતસિંહ આપણે આવીએ છીએ એવું જાણશે તો બીકને લીધે વિમળાદેવી કદી મુસલમાનને સ્વાધીન કરી દીએ તો પછી આપણી સઘળી મેહેનત વ્યર્થ જાય. માટે મારો મત તો એવોછે કે ગુપચૂપ જઈ વિમળાને મળવું, અને તેને લઈ અહીં આવ્યા પછી કદી ઔરંગજેબ જો લશ્કર લઈને આવશે તો પછી આપણે હાથ બતાવશું. બાકી જાહેર જવામાં ફત્તેહમંદ નહીં થઈએ.

Taj Tahir Foundation

**રાજ૦**—નહીં નહીં! હરણ કરી જાહેર કર્યા વગર તો ન આવવું! પણ સાથે કોને કોને લેશું?

**વસંતી**—(પ્રવેશ કરીને.) મહારાજ! માતુશ્રીએ ફરમાવ્યું છે જે એવડી બધી શું મસલત છે કે આવી શકતા નથી?

**રાજ૦**—માતુશ્રીને બોલ કે હું હવે વિચારમાંથી ફારક્ત થયો છું. ને હમણાં આવુંછું.

**વસંતી**—બહુ સારૂં. (જાયછે.)

**દયાળશા**— મહારાજ! હું ચંદાવત, ચંદ્રસેન, વૈરીસિંહ, સુબળસિંહ, વિગેરે એક સરખા ઘોડાસાથે હશું તો હરકત નહીં આવે.

**રાજ૦**—અરે ચંદાવત્ એકલા પણ બસ છે. ત્યારે આ પત્રનો જવાબ હું માતુશ્રીને મળ્યા પછી લખુંછું તમે સૌ તૈયારીમાં રહો.

**દયાળશા**—બહુ સારૂં મહારાજ.

**ચંદાવત્**—વખત નજીકમાં આવ્યોછે, માટે એ દિવસમાં નીકળવું જોઈએ.

**રાજ૦**—ત્વરાની જરૂર છે.

**દયાળશા**—મહારાજ! આપણી ગેરહાજરીમાં રાજ કોને સુપ્રત કરતા જશું!

**રાજ૦**—કુમાર જયસિંહ માતુશ્રીના અનુમતથી રાજનો બંદોબસ્ત રાખશે.

**દયાળશા**—મારો પણ એજ વિચાર હતો.

**રાજ૦**—બહુ સારૂં. ત્યારે હું જાઉંછું. (ચંદાવત પ્રતિ) જાઓ ચંદાવત્ તમે પણ તૈયાર થઈને આવો સહુ, (તે જાયછે).

**દયાળશા**—પધારો મહારાજ (જાયછે.)

**ચોપદાર**—આસ્તે કદમ, મુલાકતસેં કદમ, આજુસેં બાજુસેં નિગાહ રખો મહેરબાન.

(કચેરી બરખાસ્ત થાયછે.)



## પ્રવેશ ૧૧ મો.

સ્થળ—રત્નસિંહ ચંદાવતનું ઘર.

**વિરકળા, રતનસિંહ, ચંદાવત, કમળા, સુવર્ણરેખા.**

**વિરકળા**—(લડાઇની નોબત વાગતી સાંભળીને દાસીપ્રતિ) કેમ દાસી, આ નોબત યુદ્ધના ડંકા જેવી વાગેછે તો અલબત કોઇ લડાઇનો પ્રસંગ હોવો જોઇએ.

**કમળા**—બાઇ સાહેબ, હું તો એમ જાણુંછું કે આપ કાલ રોજ અત્રે આવ્યાં, અને ચંદાવતજીએ નવો વિવાહ કર્યો, તેની ખુશાલીમાં ગામને ભોજન આપવા વાસ્તે ઢંઢેરો પીટાવ્યો હશે કેમકે ચંદાવતજીએ રાણાના મોટા પટાવત છે તો તેમનાં લગ્ન થાય ત્યારે તેમ થવા રીવાજ છે.

**વિરકળા**—નહીં નહીં દાસી, આવો ઉગ્ર બુલંદ વાજીંત્રનો નાદ રણસંગ્રામના પ્રસંગ વિના હોયજ નહીં! કેમકે મારો પીતા હાડાજી ઘણી વખત યુદ્ધમાં ચડે છે ત્યારે આવો ડંકો વાગતો મેં ઘણીવાર સાંભળ્યો છે.

**રત્નસિંહ**—(પ્રવેશ કરીને) કેમ પ્રિયા, શું સંવાદ ચાલી રહ્યોછે?

**વીરકળા**—પ્રાણપતિ, આ ડંકો જે હમણાં વાગ્યો તે શું નિમિત્ત માટે હતો. મારો ને દાસીનો એમાં મતભેદ પડ્યોછે. હું જાણુંછું કે કાંઇ વિગ્રહનો પ્રસંગ હોવો જોઇએ.

**રત્નસિંહ**—વાહ! તારી પરીક્ષા સાચી છે! (નીસાસો નાંખીને) પણ મહાદેવજીની મરજી, જે થયું તે ખરૂં! ગયા વગર છુટકો નથી!

**વિરકળા**—પ્રાણનાથ, વિગ્રહ પ્રસંગમાં તમારાં ચંદાવતોનાં પરાક્રમ મુલ્ક મશહૂર છે, મેં સાંભળ્યુંછે કે અજીત ચંદાવત કોઇપણ જગ્યેથી જય મેળવ્યા વિના પાછા નથી આવ્યા, અને આજ મારી નજર આગળ પહેલાજ પ્રસંગમાં આવાં નરમ, કાયર નિશ્વાસયુક્ત વચન આપ કેમ કાઢોછો!! આ પરથી મહા પરાક્રમશાળી ચંદાવતજીના તેજ શૂરાતન પ્રકાશક કમલ વદનપર ઝાંખપની છાંયા પડેછે, આવે વખતે તો મેં સાંભળ્યુંછે તેમ પ્રચંડ સૂર્યકૃતાન્ત કાળનો અને

રૂદ્રકોપાગ્નિ જેવો વદન પ્રકાશ શીવ ત્રીલોચન જેવી ચક્ષુમાંથી પાવક પ્રગટ થવો જોઇએ.

**રત્નસિંહ**—હાડીરાણી, ખરેખર એમજ હોય, એમાં જરાય અંદેશો નહીં, એવોજ આવેશ હું રાણાજી પાસે કચેરીમાં હતો ત્યાંથી ઉત્પન્ન થયો હતો, અને આ લડાઇનું નગારૂં વગડાવ્યું ત્યાં સુધી પણ તેવુંજ શૂરાતન મારા રોમરોમમાં પ્રગટ થયું હતું, પણ જેવો હું આ ઘરમાં આવ્યો, અને તારૂં ચંદ્રમુખ દીઠું કે વિચાર શોકમાં ગમગીન થઈ જઈ મારો શૂરાતન અંકુર સઘળો ગેબ થઈ ગયો; મારા વિચાર ફરી ગયા; મને શૃંગારમય સંસારસુખ લલચાવવા લાગ્યું, અને આ વખતે હું દીલગીરીના સમુદ્રમાં ગીરફતાર થયેલો તારી પાસે એક જડ કાષ્ટવત ઉભોછું.

**વિરકળા**—ચંદાવતજી, ઘણી તાજુબીની વાત છે કે એક હાડાની પુત્રી તમારી અર્ધાંગના તેને જોઈ શૂરાતનનો અંકુર ઉલટો ગુમ થાય!

**કમળા**—મહારાજ, હાડાકુળનાં રાણી અને ચંદાવત કુળના સ્વામી એવું હીરારત્નનું જડિત્ર એક બીજાના તેજને અધીક પ્રકાશ આપેછે માટે મારી બાઇનું કહેવું સાચું છે.

**રત્નસિંહ**—રાણી તું, ને તારી દાસી બરાબર કહોછો. તમારા બાપદાદા હાડા રજપૂત કાંઈ ચંદાવત કુળના પુરૂષથી પરાક્રમમાં ઉતરતા નથી, પણ આ વખતે મારી દીલગીરીનું કારણ એક જુદુંજ છે, હજી ગઈ કાલેજ હું તને પરણીને ચાલ્યો આવ્યોછું અને આજજ આવો મોટો યુદ્ધનો પ્રસંગ આવ્યો, કે જેમાંથી જીવતા પાછા આવવાનો સંભવજ નથી તેમાં તારો વિયોગ કરી મારે જવુંછે એ એક મોટી મુસીબતની વાતછે, એક ક્ષત્રી અબળાની વારે ચડવુંછે!

**વિરકળા**—આહાહા! એમાં આવી ઢીલ! ને આવા વિચાર!!

**ગાયન.**

(ધનુષ્ય છટાએં ધર્યું રે) એ રાહ.

અરે શીદ એવો લાવોછો વિચાર, ચતુર ચંદાવત ચડોરે.
વીર મુખે ઘટે નહીં એ ઉચ્ચાર. ચતુર.
રાણા તણા પટાવત શૂરા મૂખ્ય, ચતુર.



એવું સાંભળી થોભતાં નોય સુખ. ચતુર.
મારી પ્રીતને લગાડો ખોટો દોષ, ચતુર.
કેમ સહન કરી ઉભાછો રે.પ. ચતુર.
સલુમ્બર પતિ શૂરવીર તન, ચતુર.
કામનીમાં ખોટું લગાડો ન મન. ચતુર.
આ ભૂગોળપર સહુ નરનાર, ચતુર.
શ્વાન આદી ભોગવેછેરે શ્રૃંગાર. ચતુર.
પણ સાચવવા ધર્મ કિર્તિ ટેક, ચતુર.
એવા પ્રસંગ મળે નહીં અનેક. ચતુર.
વિચારોને મંદોદરીનાં વચન, ચતુર.
જ્યારે ચડ્યો તેનો ઇંદ્રજીત તન. ચતુર.
મહાભારતનો કરોરે વિચાર, ચતુર.
જ્યારે ચડ્યો અભિમન્યુ કૂમાર. ચતુર.
ત્યારે ઉત્તરામાં ન લોભાણો એહ, ચતુર.
રામ અશ્વમેઘે વિરસેન જેહ. ચતુર.
જીવતાં છે કિર્તિ અમૂલ્ય રતન, ચતુર.
વપુ પડતાં છે સ્વર્ગભૂવન. ચતુર.
મને અળગી ન જાણો ક્ષણું નાથ, ચતુર.
જહાં હશો તહાં હુંછું તમસાથ. ચતુર.
કામ બુદ્ધિથી હું રોકું તો ધિક્કાર, ચતુર.
અરે કેમ એવો કરૂં હું ઉચ્ચાર. ચતુર.
હાય હાય હાડા કૂળની હું બાળ, ચતુર.
તેને માથે રખે ચડાવતા ગાળ. ચતુર.
પણ એવો પ્રસંગ શું પ્રાણાધાર, ચતુર.
તેનો ખ્યાલ મુને આપશો આવાર. ચતુર.

**રત્નસિંહ**—પ્રાણપ્યારી રૂપનગઢના રાઠોડ અમરસિંહની પુત્રી વીમળદેવી તેના કાકા જસવતસિંહના સ્વાધીનમાં છે એ મુગલના માંડલીક જેવા રાઠોડે એ બાઇની મરજી વિરૂદ્ધ તેને મુગલશાહ ઔરંગજેબ સાથે પરણાવવાનો નિશ્ચય કર્યોછે, જેપરથી તે ધર્મનીષ્ટ

Taj Tahir Foundation

ક્ષત્રાણીએ પોતાના રક્ષણને માટે રાણ રાજસિંહને ગુપ્ત પત્ર લખી પાણીગ્રહણ કરવા બોલાવ્યા છે, એ ધર્મ નિમિત્તના પ્રસંગમાં અમારે જવાનો પ્રસંગ ઉભો થયોછે, અને ક્ષત્રી ધર્મ પ્રમાણે જેણે શરણ માગ્યું તેને તે આપવા જવું પણ જોઇએ.

**વિરકળા**—પ્રાણપતિ, આવા મહાન પ્રસંગમાં ન જવાય તો રાણાજીની કીર્તિને જે કલંક લાગે તે કરતાં તેમના મુખ્ય પટાવત ચંદાવતની કીર્તિને વિશેષ કલંક લાગશે ! કેમકે સલુમ્બરના ગાદી-પતિ પાસે બેઠા હોય અને એવો અનર્થ થવા કેમ દીએ ! માટે મારા મત પ્રમાણે આપે એકદમ ચડી જાવું જોઇએ.

**રત્ન૦**—તારાં હીંમતના વચનથી હું ઘણો પ્રસનછું અને જ્યારે તારો પૂર્ણ આગ્રહ છે તો હું તે કામ બજાવવા જાઉંછું, પણ રાણી તમારે તમારા શીયળનું બરાબર રક્ષણ કરવું. જો જો હો એમાં ચૂકતાં નહીં ! !

**વિરકળા**—પ્રાણપતિ આવો બોધ આપ મને આપી શું લ-જ્જા ઉત્પન્ન કરોછો ? શું મારા ધર્મની મને ખબર નથી ? શું હાડા કુળની ટેક આપથી અજાણી છે ? આ બાબતમાં મુખથી વિશેષ કાંઈ કહેવા ઇચ્છતી નથી પણ તમારે બીલકુલ નિશ્ચિંત રહેવું.

**રત્ન૦**—સારૂં, જ્યારે તારા દિલનો એવો પક્કો ભરૂંસો મને આવેછે તો હું રણસંગ્રામમાં નિશંક થઈને નીકળી પડુંછું.

**વિરકળા**—આપ હવે બીલકુલ વીલંબ ન કરો ને રાણાજીને તૈયાર કરી તુરત જાઓ.

**રત્ન૦**—બહુ સારૂં ત્યારે હું જાઉંછું તમે સંભાળીને રેજો, તથા તમારા સતી ધર્મનું બરાબર રક્ષણ કરજો. (એમ કહી જાયછે).

**વિરકળા**—(તે ગયા પછી) કમળા, આજ આવા નિમીત્તથી મારા પ્રાણપતીનો મને વિયોગ થયો તોપણ કારણપર નજર કરતાં મને તેથી તાપ ઉત્પન્ન નથી થતો, કેમકે આવે વખતે જો રાણાજી તથા મારા સ્વામીનાથ ન જાય તો પૂર્વજોએ સંપાદન કરેલી કીર્તિ ધૂળ મળી જાય.



**કમળા**—બાઇસાહેબ, બન્ને પક્ષનું મૂળ સરખું છે માટે તે-મનાં આચરણમાં શું ખામી હોય !

**સુવર્ણરેખા**—(ડેલીયે જતાં ચંદાવતને વિચાર આવવાથી ફરી દાસીને ભલામણ આપવા મોકલી તે આવી કહેછે ) બાઈ બાહેબ, ચંદાવતજી મહારાજે કહેવરાવ્યું છે કે અમે હવે યુદ્ધમાં ચડી જઈ-એ છીએ પણ તમારે તમારી સ્ત્રી ટેકમાં સાવધાન રહેવું, જો જો હો ચૂકતાં નહિ.

**વીરકળા**—દાસી મારા પ્રાણપતીને જઇ કહે કે તમે આમ વારંવાર શા માટે મુને ઉપદેશ મોકલોછો ને તમને ખાતરી ન હોય તો હું પણ સાથે તૈયાર થઈ આવું. અમારા કુળની સતી સોનરાણી-ની વાત વિચારીને પછી સંદેશો કહેવરાવજો. (તે જાયછે) કમળા, ચંદાવતજીને મારી તરફની બહુ ફીકર રહેછે.

**કમળા**—બાઇસાહેબ, એમજ હોય, જ્યારે, નવાં પરણીને લાવ્યાં હોય ને રણસંગ્રામમાં જવાનું થાય ત્યારે વિચાર તો ઉત્પન્ન થાય એમાં નવાઈ નહિ !

**વીરકળા**—પણ જેના દીલની ખાતરી હોય તેને વારંવાર ક-હેવરાવવું શું ?

**કમળા**—બાઇ, એતો તમારા તરફ પ્રીતિનું આકર્ષણ છે !

**સુવર્ણરેખા**—(પ્રવેશ કરીને) બાઈસાહેબ, ચંદાવતજીએ ઉત્તર આપ્યો કે અમ હયાત છતાં તમને યુદ્ધમાં લઇ જઇએ તેમાં શોભા નહીં! પણ તમે તમારો ધર્મ પક્કી રીતે સાચવીને રેજો, એમાં જો જો ફરી કહેવું ન પડે.

**વીરકળા**—વાહ ! પરમેશ્વર ! ગજબની વાત છે કે આમ ફરી ફરી શુદ્ધ હૃદયથી કહેવરાવ્યા છતાં એને મારો ભરોંસોજ નથી આવતો. (દાસીપ્રત્યે) જઇને કહે કે તમથીજ સ્ત્રીની આસક્તિ છો-ડાતી નથી અને તમથી રણસંગ્રામ નહીં બને, માટે પાછા ઘેર આવો. ફરી ફરી કહેવરાવતાં શરમ આવતી નથી ( દાસી તે રીતે ખબર દેવા જાયછે.)

Taj Tahir Foundation

વીરકળા—(તે ગયા પછી), દાસી ચંદાવતજીને આશું થઇ ગયું છે. આવું ચિત્ત વિભ્રમ કેમ જોયામાં આવેછે ! !

કમળા—બાઇસાહેબ, આપ કાલરોજ હજું આવ્યાં અને આ આવું મહા સુંદર સ્વરૂપ છોડીને મોટા યુદ્ધમાં જાવું તેપુરૂષને કેમ નલાગે !

વીરકળા—વીરપુરૂષને આવે વખતે સ્ત્રીમાં આસક્તિ રાખવાની નથી તથા તેને ગૃહસ્થાશ્રમ યાદ પણ આવતો નથી અને તેમછતાં હું કાંઈ ગમાર નથી કે મને વારંવાર બોધ દેવો પડે !

સુવર્ણરેખા—(પ્રવેશ કરીને) બાઈસાહેબ, મહારાજે કહેવરાવ્યું છે કે હું ઘોડેસ્વાર થઈ સદ્ય ચડી જાઉંછું, પણ તમારે બહુ સંભાળ રાખી તમારો શીયળ ધર્મ સાચવવો, જોજો ! મારા કુળની કીર્તિને કલંક લાવતાં નહીં !

વીરકળા—(એ સાંભળીને ક્રોધમાં) બસ બસ જ્યાંસુધી હું ઘેર હયાત છું ત્યાંસુધી આ ચંદાવતથી લડાઈમાં બીલકુલ પરાક્રમ થવું નથી અને એ જરૂર કુળને કલંક લગાડશે, એનું દીલ અવીચ્છીન મારામાંજ લાગી રહ્યું છે તો એનાથી વીરયુદ્ધ બનવું નથી ને રાણાજીને પણ બટ્ટો લગાડશે માટે તેનો ઈલાજ હમણાંજ કરૂંછું કે ફરી ફેરો ન રહે. (દાસી પ્રતિ) દાસી આ એક વસ્તુ હું હમણાંજ આપુંછું તે જઇ ચંદાવતજીને આપજે અને કહેજે કે તમારી હાડી રાણીએ તેનો ધર્મ તમારી ભેળોજ મોકલ્યો છે, માટે હવે નિશંક રહી લડજો અને દાસી જો એ તમે તેની પાસે ન લઇ જાઓ તો તમને બ્રહ્મહત્યાના સોગન છે. (દાસીઓ એ વસ્તુ શું છે તેનો વિચાર કરેછે એટલામાં હાડી રાણી એકદમ ઉઠી તરવાર લઈ પોતાનું મસ્તક ધડથી જુદું પાડી દેછે. અને લાંબે હાથે દાસી તરફ ફેંકેછે. બન્ને દાસીઓ હાહાકારની સાથે તે લઈ જઈ ચંદાવતજી આગળ રજ્જુ કરેછે તથા બધો વૃત્તાંત શુણાવેછે તે સાંભળી ચંદાવત મહાશૂરના આવેશમાં ધુધકારી નાંખતો સૈન્યને મોખરે ચાલી રાણાની દેવડીએ જઈ ઉભો રહેછે.)

---



## પ્રવેશ ૧૨ મો.

**સ્થળ—જોધપુરમાં એક શેરી.**

**પાત્ર—પુરંધરી.**

પુરંધરી—(સ્વગત.) વિમળા હવે પુરી સપડાણી, પણ એ ઘણીજ હુંશીઆર અને લુચ્ચી છે. રૂપનગઢ છોડી આંહી આવી ને હાલમાં પોતાના મેહેલમાં સૌને આવવા મના કરી છે. કોઇને પણ મળતી નથી. તો કાંઈ ગોઠવણમાં હોય એમ જણાયછે. મુંને પણ જનાનામાંથી કઢાવી મૂકી, કે જેથી ખબર પડતી નથી. તો કાંઈ પ્રપંચ કરી, છાનીગાની ભાગી જશે તો પછી કશુંએ નહીં બને. માટે કેશરબા જાનમાં સાથે આવે, એવો કંઇ ઉપાય કરવો. અને એ અહીં આવે ત્યારે એને પૂરતી રીતે સમજાવવાં કે વિમળાને ઘડીવાર સ્વતંત્ર રહેવા દેશો નહીં. નહીંતર સટકી જશે. એટલે તે એની મેળે બંદોબસ્ત રખાવશે. ત્યારે કેશરબાને આવી હકીકતનો પત્રજ લખું, કે તમે જો સાથે નહીં આવો તો વિમળા કાંઈ ગોઠવણમાં હોય એમ જણાય છે, હાલ મેહેલમાં સંભાળથી આવી રહીછે તો કદી છાનીમાની ભાગી જશે તો બાદશાહની આબરૂ જશે. વળી હાલમાં હું પણ એની પાસે રહેતી નથી. કે જેથી હું બાતમી દઇ શકું. માટે તમારે જરૂર અહીં આવવું. આવી મતલબનો પત્ર લખવો, ચાલ ત્યારે જઇને લખી મોકલું (એમ કહીને નીકળી જાયછે.)

## પ્રવેશ ૧૩ મો.

**સ્થળ—ઉદેપુર, રાજસિંહની માનો મેહેલ.**

**પાત્ર—વિરમતિ, વસંતી, રાજસિંહ.**

વિરમતી—કેમ ! દાસી, કચેરીમાં શું વર્તમાન ચાલેછે ?

વસંતી—બાઈ સાહેબ ! કચેરીમાં તો કંઈ સંગ્રામની વાત

Tarikhir Foundation

ચાલતી હતી, આપના પુત્ર રાજસિંહ મુગલના જુલ્મને લીધે ઘણા આવેશમાં હતા.

**વિરમતી**—વસંતી ! જ્યાંસુધી મારો પુત્ર આહીં બેસી રહેછે, અને શત્રુનો સંહાર કરવા જતો નથી. ત્યાં સુધી મારા દુધને એ લજ્જા ઉત્પન્ન કરેછે !

**વસંતી**—મહારાણા રાજસિંહના જેવા આજ શુરવિર કોણછે? વખત આવશે ત્યારે બેસી નહીં રહે. પરંતુ રાજમાતા આપના પુત્ર રણમાં જાય, ત્યારે તમારૂં માતાનું મન કબુલ કેમ કરતું હશે ?

**વિરમતી**—ક્ષત્રિ ધર્માનુસાર જો અમારા પુત્ર યુદ્ધ કર્યા વગર ઘરમાં બેશી રહે, તો એ અમારા પુત્ર નહીં. જેણે શુદ્ધ રજપૂતાણીના પેટમાં નવ માસ વાસ કર્યોછે; તે યુદ્ધથી કેમ ડરે ?

**માલીની છંદ.**

નહિ નહિ તનુ મારો, યુદ્ધથી જેહ બીધો;
નહિ નહિ તનુ મારો, પાય પાછોજ દીધો.
નહિ નહિ તનુ મારો, ભીરૂ થઈ બોલ ભાખ્યો;
નહિ નહિ તનુ મારો, શત્રુનો દ્વેષ સાંખ્યો.

**વસંતી**—ત્યારે બાઇસાહેબ, એનું પરાક્રમ કેવું હશે ?

**વિરમતી**— **માલીની છંદ.**

તનય નકિજ મારો, પાય પાછો ન દેશે;
તનય નકિજ મારો, યુદ્ધમાં અગ્ર રહેશે.
તનય નકિજ મારો, પ્રાણ આશા ન આણે;
તનય નકિજ મારો, વેરીઓ ધા વખાણે.

**વસંતી**—ત્યારે બાઈ સાહેબ ક્ષત્રિ પુત્રિના ઉદરરૂપી વિરભૂમિમાં ઉત્પન્ન થએલા શુરવિરો પૃથ્વીમાં કેટલાક થયા હશે !

**વિરમતી**—દાસી જેને અમે અમારા તન કહીએ, એવા તો થોડાક થાયછે. સાંભળ !

**રાગ કલ્યાણ.**

(સલામ સલામ એ રાહ.)

શુણ હમારા તન, જે ભરતનાં રતન;



માતાઓ શોભાવી જેણે, રહી રણે મગન. ટેક. શુણ.
ભિષ્મ અમારા તન, અર્જુન, કુન્તી તન;
પૃથુરાજ, કર્ણ ઝુઝી, રણ થયા પતન. શુણ.
વનરાજ તન, અને રામચંદ્ર તન;
થઈ ગયા પ્રતાપ આગળ, નવ નમ્યા યવન. શુણ.
ઇંદ્રજીત તન, તેવા દ્રોણાચાર્ય તન;
યુદ્ધ વિશે સોંપ્યાં શિશ, ખાઈ કૌરવ અન્ન. શુણ.

એ રીતે એવા પુરૂષોને અમે વિરમાતાના પુત્રો કહીએ છીએ, બીજાને નહીં, કે જેણે રણક્ષેત્રમાં પાછો પગ દઈ નામ ડુબાવ્યું હોય!

**રાજ૦**—(પ્રવેશ કરીને) માતા પ્રણામ કરૂંછું.

**વિરમતી**—રાજસિંહ, બે વખત દાસી બોલાવા આવી, તો પણ આવ્યા નહીં, તો દીકરા એવડા શું વિચારમાં હતા!

**રાજ૦**— **રાગ પિલુ બરવો.**

સંદેશો ક્ષત્રી સુતાએ કહાવ્યો, વિચાર તો વાત તેથી ન આવ્યો. ટેક.
જોધપૂરથી પત્ર લખ્યોછે, વિપ્ર સંગાથે વેગે પઠાવ્યો. સંદેશો.
એના પિતાએ ડરી મુગલથી, દીલ્લીથકી શાહ વરવા બોલાવ્યો. સંદેશો.
શુદ્ધ વનિતાને વિરમાતા, અંકુરથી મુને એણે તેડાવ્યો. સંદેશો.
નહીં આવો તો હત્યા થશે લખેછે, આપની આજ્ઞા શીછે કહાવો. સંદેશો.
વસંત પંચમીથી વેહેલા આવો, લગનતણો તહાં દિવસ ઠરાવ્યો. સંદેશો.

માતા ! એક ક્ષત્રી પુત્રિ અબળાનું રક્ષણ કરવા જવુંછે. તો એ પ્રસંગથી દિલ્લી શાહની સાથે વેરમાં વધારો થશે એ વિચાર હું પ્રધાનમંડળની સાથે કરતો હતો.

**વિરમતી**—પુત્ર એમાં વિચાર શું કરવા જેવો હતો! હું અજાએબ થાઉંછું કે, મારો પુત્ર થઈને એક નિરાશ્રીત અબળાનું રક્ષણ કરવા જવાને ત્રણ કલાક થયાં વિચાર કર્યા કરેછે ! ! પણ એમાં તમારો દોષ નથી !

**રાજ૦**—એમ કેમ બોલોછો માતુ?

Taj Tahir Foundation

**વિરમતી**—પુત્ર ! જ્યારે તમે નાના બાળક હતા, ત્યારે એક વખત પારણામાં સુતા હતા, અને હું પાસે બેઠી હતી. ત્યાં તમને ઉંઘી ગયા જાણી હું નહાવાને ગઈ. તો પાછળથી તમે બહુ રોવા લાગ્યા. ત્યારે હું તુરત નહાઈને પાછી આવી; અને જોઉંછું તો તમને દાસી બેઠી બેઠી પોતાને સ્તને ધવરાવેછે. અને તમે રોવું છોડી દઈ ધાવ્યા કરોછો. આ જોઈ મુને બહુ ગુસ્સો આવ્યો, અને દાસીની પાસેથી તમને લઈને ચકર ફેરવીં ઉંચે મસ્તક ઝાલી રાખ્યા. જેથી તે દાસીનું દુધ તમારા પેટમાંથી નીકળી ગયું. પછી મેં દાસીને સખત ઠપકો આપ્યો કે હવેથી કોઈ દિવસ ધવરાવીશ નહીં. મારા મનને આજસુધી એમજ હતું કે તે દુધ તમારા પેટમાંથી તમામ નીકળી ગયુંછે. પણ આજ તમને ક્ષત્રિ ધર્મની બાબતમાં બહુજ વિચાર કરતા જોઇ, મુને જણાયછે કે એ નિચ દુધની અસર તમારામાં થોડી રહી ગઈ હશે. નહિતર મારૂં જેણે દુધ પીધુંછે એવો જે શુદ્ધ ક્ષત્રિ પુત્ર આવી વાતમાં ઘડી પણ વિચાર કરવા ઉભો રહે ! પણ એ નીચ દુધની અસર શેષ રહીછે, તેથી તમે શું કરો !

**રાજ૦**—માતુશ્રી આપના દુધને લજ્જા ઉત્પન્ન કરીશ, એમ સમજવુંજ નહીં. જ્યાં સુધી ક્ષત્રિનું લોહી મારા અંગમાં પ્રજ્વલીત છે, જ્યાં સુધી મહત પિતા રામચંદ્રના પરાક્રમ પૃથ્વીપર ગવાયછે, ત્યાંસુધી દુશ્મનના ડરથી કાયર થઈ બેસી રહેવાવાળો નથી. તેમ આપનો પુત્ર ક્ષત્રિના ધર્મને પૂર્ણરીતે જાણેછે. એ નિરસંદેહ સમજજો.

રાગ ખમાચનો દાદરો.

(જલદી લે ખાવાજી એ રાહ.)

કેમ કરૂં એમાં વિલંબ, પડું ક્ષત્રિના ધર્મથી;
પડું ક્ષત્રિના ધર્મથી, કે રાણાના કૂળ કર્મથી. ટેક.
પત્ર લખ્યો પ્રેમદાએ, જાણી ક્ષત્રિ તનસહી;
તે જો સાચો નવ કરૂં તો, નીરવીર થઇ મહિ. કેમ કરૂં.
ઇક્ષવાકુ કૂળની કિર્તિ, ઝગમગેછે શુદ્ધ રહી;
તેને કલંક કેમ હું લાવું, તનુજ તેમનો હું થઈ. કેમ કરૂં.



**વિરમતિ**—પુત્ર ! ક્ષત્રિ ધર્મને જ્યારે બરાબર જાણોછો, ત્યારે હજુ સુધી સ્થિરતા કરીને કેમ ઉભાછો !

રાગ.

(ક્ષત્રી કલંક કેમ) એ રાહ.

અરે એવું લખ્યું, જ્યારે એહ બાળ, વિલંબ વિર શાને કરેરે. ટેક.
ત્યારે જવું જુએ, તહાં તતકાળ; વિલંબ.
અરે તૈયાર તું, થાને મારા તન; વિલંબ.
ખરે વણસશે ક્ષત્રીનું રતન. વિલંબ.
આતો આવ્યો તુને, ઉત્તમ પ્રસંગ; વિલંબ.
રાખ રણવિશે, તુંતો જઈ રંગ. વિલંબ.
પોચે આહીં તુજ, સમશેર ઠેઠ; વિલંબ.
સાચું સેવ્યું, ત્યારે જાણું મારૂં પેટ. વિલંબ.
એમાં વિચાર ન કર, મારા તન; વિલંબ.
કદી કરશે એ, દેહનું પતન. વિલંબ.
ત્યારે હસ્યા લાગશે, રાણાને કૂળ; વિલંબ.
કીર્તિ પૂર્વજોની મળશે, ધૂળ. વિલંબ.

**રાજ૦**—માતુશ્રી હું આપની આજ્ઞા લેવાજ આવ્યોછું.

**વિરમતિ**—શાબાશ ! વિર પુત્ર તારો જય થશે ! આવા માંગલીક અને ક્ષત્રીધમ સંરક્ષણના પ્રસંગ હરહમેશ તુંને આવે, એમ હું ઈચ્છુંછું.

**રાજ૦**—માતુશ્રી મુને આપનું વચન હમેશાં સાનુકુળ હોય એમ જગદીશ્વર પાસે માગુંછું.

**વિરમતિ**—પુત્ર ! આપણા પ્રધાન અને એક બે સરદારૂંમાંથી સાથે લેતા જજો એક ચંદાવતજ સાથે હોય તો બસ છે ! આંહીની કશી ફિકર રાખવી નહીં. પરંતુ આટલું યાદ રાખજો કે એ રાજપુત્રિને લાવ્યા અવલ મારા જો પુત્ર હોતો મુને મોઢું બતાવશો નહીં.

**રાજ૦**—બહુ સારૂં માતુ. (જાયછે.)

Taj Tahir Foundation

**વિશ્મતિ**—વસંતી ! ચાલ હવે પુજાનો વખત થઇ ગયોછે. માટે સ્તુતિગ્રહમાં જઇયે. (ઉઠેછે.)

**વસંતી**—ચાલો માતા. (ચાલીને) આમની તરફ પધારો.

(બંને જાયછે.)

**અંક २ जो समाप्त.**

# अंक ३ जो.

## पात्रजन.

ઔરંગજેબ...... ..દિલ્લીનો બાદશાહ.

વજીર
કાજી
ટૈબરખાન
મોવાજીમ
દિલ્લીરખાન
}......ઔરંગજેબના અમીર ઉમરાઓ.

માણેકચંદ
કેવળચંદ
કૃષ્ણરામ
કેવળપૂરી
કપૂરચંદ
દયાળદાસ
બિહારીલાલ
}...દિલ્લીની પ્રજા

કમળા.............. કૃષ્ણરામ બ્રાહ્મણની દિકરી.

રહેમાનખાં
ઈબ્રાહિમખાં
કરીમખાં
}...ઔરંગજેબની હજુરમાં રહેનારા સિપાઈઓ.

સુતાર
લુહાર
}...પરદેશથી દિલ્લીમાં રળવા આવનાર કારીગરો.

વિમળદેવી.......જશવતસિંહની ભત્રીજી.

જયા
વિજયા
}...વિમળદેવીની દાસીઓ.

કાન્તા..........વિમળદેવીની સખી.

લવિંગી.........વિમળદેવીની માની દાસી.

રાજસિંહ........ઉદેપૂરનો તખ્તનશીન રાણો.

દયાળશાહ......રાણાનો પ્રધાન.

ચંદ્રસેન
વૈરીસિંહ
}...રાણાના સામંત.

Taj Tahir Foundation

**કેશરબા**.........ઔરંગજેબની હુરમ અને વિમળદેવીની મોટી બેન.

**કનીઝક**.........કેશરબાની દાસી,

**પુરંધરી**..........ભીલની છોકરી,

**અજેપાળ**.......વિમળદેવી ઉપર આશક થનાર ભીલનો સરદાર.

**બીજલ**.........અજેપાલનો સંગી.

વિદુષક, જાસુસ, સિપાઈ, ચોપદાર વિગેરે.

# અંક ૩ જો.

## પ્રવેશ ૧ લો.

**સ્થળ**—દિલ્લીમાં બાદશાહની કચેરી.

**પાત્ર**—**ઔરંગજેબ, વજીર, કાજી, ટૈબરખાન, મોવાજીમ, દીલ્લીરખાન.**

(બાદશાહ તખ્ત ઉપર બેઠેલ છે. આસપાસ અમીર ઉમરાઓ બેઠેલા છે.)

**ચોપદાર**—જહાંપનાંહ, બંદેનીવાજ, ગરીબપરવર, દસ્તગીર દરમાન ગાન, સખાવતે હાતમ, અદાલતે નોશેરવાન, કર્મે ઇનાયત, તખ્તનિશિન, શિતારે બુલંદ, હાલ અજકુંનીદે, નિગાહ રખો મેહેરબાન.

**વજીર**—(પ્રવેશ કરીને) એ, રૈયતકે પરવશ કરનેહારા, યહ વઝીર ન્યાજમંદ દસ્ત બસ્તે આપકી તવઝા બજાતાહે.

**ચોપદાર**—નેક બખ્તીકા જહાજ ઓર હજુર રયાશતકા શીતારા, ઓર દાનશમંદીકા ગોહર, ઓર હજુરકે કદમ બોસ્તકા ખાહેસ્તગાર વજીર નીમકહલાલકી સલામપેં નિગાહ રખીએ મહેરબાન.

**કાજી**—(પ્રવેશ કરીને.) ખુદાવિંદ સાહેબ યહ કાજી આપકું બઆદાબ સલામ કરતા હે.

**ચોપદાર**—હજુરકે દામન દોલત ઓર અકબાલકું ઓર ખેરીયત, ઓર બિનઆફ્તી ચાહનેહારા કાજીસાહેબકી સલામપેં નિગાહ રખીએ મહેરબાન. (બેઠા પછી.)

**ઔરંગજેબ**—કયું વજીર ! જોધપૂરકે જશવતસિંહ ઓર અંબરકે જયસિંહ યહ દો તો બરાબર અપને પંઝેમે હે, અબ એક મેવાડકા રાણા રાજસિંહ રહાહે. ઉસ્કુ તાબે કરના બાકીહે. વોભી થોડા રોજમેં લાચાર હો જાયગા.

**વજીર**—જહાંપનાંહ ! મુગલ આફ્તાબકી સામને આખીર તલક ટક્કર લેનેહારા કોનહે ?

**ટૈબરખાન**—અકબરશાહકી સામને રાણા પ્રતાપને બહોત અચ્છી ટક્કર લીથી.

Taj Tahir Foundation

**ઔરંગજેબ**—ઐસી તાકાત રાણા રાજસિંહમેં નહીં હે.

**કાજી**—હા ! ખાવિંદ !

**ઔરંગજેબ**—ક્યું ! કાજી અપની સલ્તનતમેં અબ કાફર લોક હિંદુ કીતને રહે હે.

**કાજી**—ખુદાવિંદ બહોત થોરે રહેહે, ખુદા તાલાકી ફજલસેં ઇસલામકી જીલ્લતમેં સબ આ ગયેહે.

**ઔરંગજેબ**—જજીઆ એરાકા હુકમ સબ પ્રાંતુમે ભેજદીયા હે કે બાકીહે ?

**કાજી**—ઉસ્કી તો ઉપજભી તીજોરીમેં દાખલ હોગઇ નામદાર !

**ઔરંગજેબ**—ક્યું દિલ્લીરખાન મહમદ નબીકે કલ્મેકી રાહપેં અબ આદમી કૈસેં ચલતેહે.

**દિલ્લીરખાન**—નામદાર ! હરહમેશ દશહજાર હિંદુકું સુન્નત હોતી હે. ક્યું કાજી સાહેબ ?

**કાજી**—હાં! ખાવિંદ કાફરકુંસુનત હોતીહે વો બહોતઅચ્છીબાતહે.

**વિદુષક**—(પ્રવેશ કરીને.) ખુદાવિંદ એક ફરીયાદહે ?

**ઔરંગજેબ**—ક્યા હે ?

**વિદુષક**—સાહેબ ! આપણે ત્યાં ઘણુંજ અંધારૂં ચાલે છે. નહીંતર વજીર અને કાજીસાહેબ સરકારી માલ ધોળે દિવસે કેમ પચાવી પાડે ?

**ઔરંગજેબ**—કોનસા માલ લે જાતેહે ? બરાબર માલુમહે ? તિલાશ કીયાહે, નહીંતો વો આબરૂકા જવાબ માંગેગે.

**વિદુષક**—ખાવિંદ બરાબર તિલાશ કર મુદામાલ સહિત પકડ કર આયાહું.

**ઔરંગજેબ**—અચ્છા તબ બોલ ?

**વિદુષક**—સાહેબ ભીમના ઇજારામાંથી લાંચ ખાઇ જાય છે, જનાવરનાં પુંછડાંની ઉપજ સરકારમાં જમા થતી નથી. અને કાજી સાહેબ તથા વજીર સાહેબ પરબારી પચાવી પાડેછે. આ ઘોડાના પુછડાંના વાળનું દોરડું વજીર સાહેબના ઘરમાંથી અને ખચ્ચરનું કાજી



સાહેબની ડેલીએથી હાથ લાગ્યુંછે, તપાસ કરો ! અને પુંજીઓ કાલ ફરીયાદી પણ આવ્યો હતો.

**કાજી**—(ગુસ્સે થઇને.) કમજાત હમ ક્યા કરે ઉસમેં, વો ઉપજ ખર્ચકા તપાસ કરને વાલેકા કામહે.

**વિદુષક**—લીઓ ! આ કાજી સાહેબ તો છૂટી પડ્યા. અને નાખ્યું પાછું વસુલાતખાતામાં !

**ઔરંગજેબ**—ક્યું વજીર સબ દફતરમેં હીજરીસન દાખલહોગયા?

**વજીર**—હાં ! નામદાર સૌર વર્ષ બંધ કીયાહે, ઓર હીજરી સન દાખલ હો ગયાહે.

**ઔરંગજેબ**—ક્યું મોવાજીમ ! શતનરામી લોકકી ક્યા હકીકતહે?

**મોવાજીમ**—ખુદાવિંદ ! નારનોલ ગાંઉમેં ઉન્ને બંડ બહોત મચાયા થા. મગર આખીર વો કમ કૌવત હો ગયેહે. અબ ફક્ત એક રાણા રાજસિંહકી મગરૂરી ચલતી હે.

**ઔરંગજેબ**—સારે રજપૂતકું મારકે નાબુદ કરૂંગા, તબ બેઠુંગા. ઉસ અવલ નહીં. ઉસેં બડે જયસિંહ,, ઓર જશવતસિંહ જેસે તો લાચાર હો ગયેં હે. અબ રાણા ક્યા મગરૂરી કરતા હે. ઉસ્કું જેર કરનેમેં અબ થોરુ દેર હે.

**વજીર**—નામદાર અકબર શાહકી રીતી બિલકૂલ છોડની નાં ચઇએ, દો આદમીસે દોસ્તી રખનાં, ઓર દોસેં દુશ્મનાઇ રખનાં.

**ઔરંગજેબ**—કાફર લોકસેં ક્યા તુમ દોસ્તીકી બાત કરતે હો ! અકબર શાહને બડી ભૂલ કીહે, કે કાફર હિંદુકું મદદ દેકે ઇસલામી પંથકું સત્તેજ નહીં કીયા. ઈસ બાતમેં તુમારી દાનશમંદી મેં બિલકૂલ પસંદ નહીં કરતા.

**ટૈબરખાન**—ખુદાવિંદ શિવાજી બહોત જોરપર આયા હે. કોંકણ પ્રાંત ઉન્ને કબ્જ કર લીયા હે.

**ઔરંગજેબ**—ઉસ્કા નાશ કરનેકી તદબીર હોતીહે, વો મરેઠા લોકને બહોત તકલીફ દીહે.

**દિલ્લીરખાંન**—હાં ! સાલા પરવતકા ચુઆ ! સામને આકર તો કભી લડતાજ નહીં. બડા લુચ્યા હે.

**વિદુષક**—કાફરમાંથીએ કોઇક કોઇક તકલીફ આપનારા નીકળે, એનું કાંઇ નહીં.

**કાજી**—તેં બીચમેં ગડબડ કયું કરતા હે ? તેં કાફર હે કે મુસલમીન !

**વિદુષક**—કાજી સાહેબ ! મૈંતો દોનું હું, (શરીરપર બતાવીને) કમર તલક હિંદુ ઓર સુરવાલસેં મુસલમીન !

**વજીર**—દેખો નામદાર કેસા લુચ્યા હે ! બોલતા હે કે મેં ખોજા હું.

**વિદુષક**—એમ ન કહું તો ઘોડાના દાબડા નીચે માર્યુંએ ચગદાઇ જાય.

**ટૈબરખાંન**—ખાવિંદ યહ મકરંદકું ઇસલામકા પાની પાયાહે, મગર સુનત બાકી હે.

**વિદુષક**—(સ્વગત.) વોય બાપલીઆ. ભાગો છ મહિનાનો ખાટલો, માર્યા જાશું. કયાં ભોગ લાગ્યા હતા કે સુનતની વાત કાઢી. (પ્રાસન) ખાવિંદ! મનેતો કેદીનીએ સુનત થઇ ગઇછે; ઇરાનથી હુમાયુ દાદો મારા બુજરગને તેડતા આવ્યા તે દીની.

**સિપાઈ**—(પ્રવેશ કરીને) નામદાર મેવાડસેં કાગજ લેકે જાસુમ આયા હે.

**વજીર**—અંદર આને દો.

**સિપાઈ**—(હુકમ.) (જાય છે.)

**જાસુસ**—(પ્રવેશ કરી સલામ ભર્યા પછી) યે કાગજ રાણાજીને દીઓ વે (કાગળ આપે છે.)

**વજીર**—લાઓ !

**ઔરંગજેબ**—કયું વજીર દેખો, રાણાને કાગજ ભેજા હે, અબ લાચાર હો ગયા હે, અબ રહેમ મંગતા હોગા.

**વજીર**—કાગજ બાંચે, ફિર કયા મકસદ હે ! વો દરિયાફત કરે. (ઔરંગજેબ અને વજીર કાગળ તપાસી જુએછે.)



**વિદુષક**—ઠાકોર નામ શું ? કાગળ કોના તરફથી લાવ્યા છો.

**જાસુસ**—આપજી માંકો નામ પેથીઓ ? મેવાડરા મહારાજને શાહરો કાગજ દીઓવે.

**વિદુષક**—ત્યારે આ તરવારડી બાંધીને આવ્યા છો તે કોઈ આંચકી લીએ તો ?

**જાસુસ**—કુંણ ! માંકી પેથીઆરી તલવાર ! રજપૂતરી તલવાર! થારી માકો કૂતો મારાં, અણુરી તરવારરે હથ લગે જકો અસો માઇરો પૂત વે કુંણુ ?

**વિદુષક**—આવી બડાઇ મારોછો, ત્યારે કહોતો પારખાં દેખાડું.

**જાસુસ**—થારે અભિમાન આયો વે, દેખ! મું રજપૂતરો બેટો વે, અણુબાતરો અતબાર તું દીખ. પણ થું કુંણવે ?

**વિદુષક**—મુંતો શાહરો મકરંદ હજુરી છાં.

**વજીર**—મકરંદ અબ ચૂપ રે ! (જાસુસ પ્રત્યે.) તુંમ જાકે મૂકામ કરો. ઓર દુપેરકું જવાબ મિલેગા.

**જાસુસ**—બહોત અચ્છા. (જાયછે.)

**વજીર**—સુનીએ સાહેબ !

**ઔરંગજેબ**—બાંચો, બહોત લીખાહે.

**વજીર**—(વાંચેછે.) દિલ્લીકે તખ્તનશિન, દસ્તગીર, દરમાંનદગાન, નામદાર શાહ ઔરંગજેબકી જીનાબમેં ઉદેપૂરસેં લીખનેહારા રાજસિંહકી કુરનસ નિગાહમેં લીજીએ. શાહકું રોશન હોવે કે મેં મુગલ બાદશાહીકી સત્તા સરહદસેં અબ અલગ હુવાહું. લેકીન એક રાજકે ખેરખાહ દાખલ વાજબી હકમ અમલ કરને તૈયારહું. યહ દિલ્હીકે સામને દગે ફટકે કરનેમેં આપને બહોત પૈસા ખર્ચ કીયા હે, ઓર આપકે ખજીને ત્તર કરનેકે સબબસેં નયે નયે કર, વ બેરા, આપને આપકી રૈયતપર દાખલ કીયાહે. ઐસા અખબાર મુઝે મિલાહે, આપકે બુજરગ, જલાલુદીન, અકબર, જો અબ બેહસ્ત નશિનહે, ઉન્ને બાવન બરસ તલક મુગલબાદશાહી નેક ઇનસાફી ઓર સલાહ શાન્તીસેં ચલાઇહે, ઉસ્કી રૈયત હિંદુ વ મુસલમીન, ખ્રીસ્તી વ ઈસરાઇલ, સબપર ઉન્ને એક સરખી રહેમ નજર, ઓર સખી દિલ રખાથા. જીસ્કે લીયે ઉનકી નેકીકી તારીફ સારે

Taj Tahir Foundation

હિંદુસ્તાનમેં હોતીહે, ઓર હમ ક્ષત્રિભી ઉસ્કું જગતગુરૂ કહતેંહે. મહમદ, નુરઉલ્લદ્દીન, જહાંગીર, વ શહાજહાંકીભી ઐસીજ તારીફી હોતીહે. લેકીન આપકી કારકિર્દીમેં ધર્મકી ઝનુનકે લીયે, બહોત મુલ્ક આપસેં છુટે પડ ગયેહે, રાજમેં લૂંટફાટ વ અંધેર ચલ રહાહે. તુમારી રૈયત તુમારે પાઊં નીચે દબકે મર ગઇ હે, મુલ્ક સબ કંગાલ વ વેરાન, રાજકે ઉમરાવ સબ બેહાલ, બેહોશ હોગયે હે, બેપારી લોગ તરફ્સેં જુલમકી દાદ ફરીયાદ જારીહે, સબ હિંદુ એકઠે હોકર યહ જુલમકે આગે મરનાં બેહેતર કરકે લડનેકું તૈયાર હોકે તક શોધતેંહે,' તુમારા માન મર્તબા તુંમનેઈ ગુમાયા હે; સારા હિંદુસ્તાનમેં અબ ઐસી બાત ચલ રહી હે કે દિલ્લીકે બાદશાહ સારે હિંદુ ઉસ્મે બમન, જોગી, બેરાગી, વ સન્યાસી, પરભી જજીયા બેરા નંખતા હે, ઇસ્કે લીયે અકબરકે બંશજોકી આબરૂ તુંમ ગુમાતેહો, જો તુંમકું મુસલ્લમીનમેં કુરાન, હિંદુમેં બેદ, ખ્રીસ્તીમેં બૈબલપર, આકીન હોવે તો દિલ્લમેં સમજનાં કે ખુદા સબ આદમ જાતકાહે, એક મુસલમીનકાઈ નહીં હે, ખુદાકું મૂર્તિ પુજક ઓર મુસલ્લમીન દોનું સમાન હે, આદમ કે જૂદે જૂદે રંગ વો ખુદાકી બનાવટ હે, ઓર સબ ઇનશાનકું હૈયાતી વોઇજ બક્ષીસ કરતાહે. મસ્જીદમેં મુલ્લાં ઉસ્કુંઇ પુકારતેહે, હિંદુકે દેવલમેં ઉસ્કાઈ ઘંટ બજતાહે, ધર્મકી ઝનુનસે મગરૂર હોકર દુસરેકું સતાનાં વો જગતકર્ત્તાકી મરજીસેં બિરૂદ્ધહે, કયું કે અપને જબ કોઉ તસબીર બિગાડતે હે, તબ ઉસ્કે બનાનેહારા ચિત્તારા અપનેપર નાખુશ હોતાહે, તુંમ જો જજીઆ બેરા અબ નંખને મંગતેહો વો ન્યાયસેં બિલકૂલ બિરૂદ્ધહે, ઓર સારે હિંદુસ્તાનકે સ્થાપિત ધારાકું વો તોડને હારાહે, તોભી જબ તુમારી નિદાન બેરા લેનેકી મરજી હે, તબ પહેલેસેં રાજા રામસિંહ, ઓર મેં રાજસિંહકે પાસસેં વસુલ કરનાં ચાહીએ. કે કીસ્તરહસેં ઉસ્કા દામ વસૂલ હોતાહે ?! મગર એસેં ચેટી વ મંખીકું પીડનેસેં કયા હે! ઈસેં મુગલબાદશાહીકું નામોશી લગતીહે; ઓર ઐસી ન્યાયકી પ્રસિદ્ધ બાતમેં આપકે વજીર ઓર ઉમરાવ લોગને આપકું અચ્છી સલાહ નહીં દીહે, વો બડી હેરત હોનેકી બાત હે.



**કાજી**—દેખો સાબ ! અપનેકું શીખ દેતાહે, અપને કયા કુચ્છ બીન સમજસેં બેરા લેતેહે ? કુરાનકી રાહસ લેતેહે. ઉસ્કું કયા માલુમ ! ખુદાકું હિંદુ વ મુસલ્લમીન સમાનહેજ નહીં. વો કાફર કયા કામકે હે! અપને દીનમેં ફરમાયાહે કે ઈસલ્લામી ધર્મ માનને હારા જો હે ઉન્ને મૂર્ત્તિ પુજકકું કતલ કરનાં, યાતો અપના ધર્મ કબૂલ કરાનાં. ઐસા હજરત પેગંબર સાહેબ ખુદને કીયાહે, ઓર ઉસ પીછે, ઈમામ હનીફે ઐસા ફરમાયાહે કે ઉસ્કું મારનેકે બદલ જજીઆ બેરા લેનાં. ઓર વો બસુલ કરનેમેં ઇતની સખ્તી કરની કે મોતકી સજાકું પહુંચ જાવે, ઉસ્મેં હરકત નહીં હે. ઓર ઉસ માફીક આગેભી અલ્લાઉદ્દીન બાદશાહનેભી યહ કર લેનાં શીરૂ કીયાથા. ઓર આપ અબ લેતેહો, ઉસ્મેં કયા બિરૂદ્ધ કરતે હો, ઓર રાણા મગરૂરીસેં લીખતાહે, ઉસ્કું અચ્છી નશીયત દેનાં ચઇએ.

**વિદુષક**—વાહ ! ભાઈ, વાહ ! માએ ભલે જણ્યા.

**દુહો.**

જનુની જણતો, હરી ભગતૂ, કાં દાતા કાં શૂર;<br>
નહીં તો રહીએ વાંઝણી, મત ગુમાવે નૂર.

**ઔરંગજેબ**—વઝીર ! રાણા બહોત મગરૂર હો ગયાહે. મેરેકું બહોત શિખ દેતાહે. ઓર એસેં બે પરવાઇસેં કાગજ લીખકે ભેજતાહે. કમબખ્ત રજપૂતકે મગજમેં બહોત પવન આયાહે. ઔર તૈમુરકે બંશવાલેકા માન અબ વો નાબુદ કરનેકું મંગતાહે. ઉસ નાદાન મેરા પંઝા દેખે અવલ ચુપચૂપ નહીં બેઠેગા. ઈસ કાગજકા જવાબ લીખકે ભેજદો. કે તુમારી સલાહ ઈસ બાતમેં હમ બિલ્લફૂલ કબૂલ નહીં રખતે, તુંમ ઓર રાજા રામસિંહ, દોનું અપને રાજકી રૈયતકા બેરા એકઠા કર રમજાન અવલ ભેજ દેનાં. જો ઈસ્મેં કુચ્છભી દેર હોગી તો તુમારા રાજ જપ્તકર, સો વસૂલ્લ કરનેમેં આયગા. વો બિંન અંદેશે યાદ રખનાં. ઐસી મતલબકા કાગજ વો પેગામકે સાથ અભિ ભેજદો.

**વજીર**—બહોત અચ્છા ખુદાવિંદ, લીખકે તૈયાર કર સહિ સીક્કા કે બાસ્તે દુપેરકું આપકે કદમમેં હાજર કરૂંગા.

Taj Tahir Foundation

**ઔરંગજેબ**—અબમેં જનાનખાનામેં જાતાહું.

(જાયછે.)

**વજીર**—પધારીએ સરકાર.

**ચોપદાર**—આસ્તે કદમ, મુલાકાતસેં કદમ, આજુસેં, બાજુસેં નિગાહ રખો મહેરબાન.

( કચેરી બરખાસ્ત થાયછે. )

## પ્રવેશ ૨ જો.

સ્થળ—દિલ્લીમાં મોટો રસ્તો.

**પાત્ર—માણેકચંદ, કેવળચંદ, રહેમાનખાં, ઈબ્રાહીમખાં, કમળા, કૃષ્ણારામ, કેવલપુરી, વિદુષક, કરીમખાં, કપુરચંદ, દયાળદાસ, સુતાર, લુહાર, બિહારીલાલ.**

**માણેકચંદ**—(કેવળચંદ આગળ ચાલ્યો જાય છે તેને.) કેવળચંદ ખડા ! ખડા રહે કીધર જાતા હે?

**કેવળચંદ**—યાર યે રસ્તેપર ખડા રહેનેમેં ફાયદા નહીં હે. ક્યુંકે કીતેક મુગલ પીછે ચલે આતે હે, તો કુચ્છ નહીંને કુચ્છ હરકત કરેંગે.

**માણેકચંદ**—અબ ક્યા કરેંગે, શાહકે જુલ્મ આગે કુચ્છ સુજ પડતી નાંહીં.

**કેવળચંદ**—માનેકચંદ ! દીલ્લી છોડકે ભગ જાનાં બિના દુસરા ઈલાજ માલુમ નહીં હોતા.

**માણેકચંદ**—કલ ધરમશાકા નિરમલકે પાસ ચંદની ચોકમ પરમાટી ઉઠવા કર ઉસ્કુ ધક્કે મારકે લે ગયે.

**કેવળચંદ**—બડા જુલ્મ હો રહાહે. ત્રાહી ત્રાહી સબ પુકારતે હે, હિંદુકાતો નિકંદન કરનેકું યહ તુરક પૈદા હુવાહે.

**માણેકચંદ**—જજીઆ એરાકા દામ ગરીબ લોક દે સકતે નહીં. ઓર વિધવા ઓરતકે ધર જપ્ત હોતે હે, દેખા નહીં જાતા, ઓર સુના ભી નહીં જાતા. અબ ઈધર રહેનેકા ધર્મ નહીં હે.

**કેવળચંદ**—માનેકચંદ ! કલ દો હજાર આશરફી કાજીસાબકુ



દી, તબ અપના કરમચંદ સુનતમેંસે બચા. નહીંતો ઝપટમેં આ ગયા થા.

**વિદુષક**—(રસ્તે ચાલતાં આ બંને જણને વાત કરતાં સાંભળીને) અરે ! સચોડી બ્રહ્મપોળો ઉજડ થઈ ગઇ છે. અને તપાના મોહોલા ખાલી થઈ ગયા. કાકા ! તમે હવે નામના નગર શેઠ, અને નાણાં મુગલની તિજુરીમાં દાખલ થઈ ગયાં.

**માણેકચંદ**—ભાઈયા ! મેંતો અબ અફીમ ઘુંટકર પી જાઊંગા યહ તુરક મુસલેકા ત્રાસ અપનેસેં દેખા નહીં જાતા.

**રહેમાનખાં**—(એક બ્રાહ્મણીને ઉપાડી છે. અને પ્રવેશ કરેછે.) ઈબ્રાહીમખાં ! સાલે વો બુઢેકું મારકે નીકાલ દો, વો પીછે પીછે ક્યું ચલા આતા હે.

**ઇબ્રાહીમખાં**—હાં ! સાલેકું નીકાલ દેતાહું. યહ રંડીકું બરાબર પકડીયે. પાઊંસે લાતાં મારતી હે.

**કમળા**—મારૂં કોઈ રક્ષણ કરો ! રક્ષણ કરો ! આ દુષ્ટ મુસલાઓ મારૂં શિયળ ભંગ કરવાને મુંને બલાત્કારથી લઈ જાય છે! અરે ! હું બ્રાહ્મણની પુત્રિને આ દુષ્ટ તરકડાઓ વટલાવવા લઈ જાય છે. કોઈ ધાઓરે ! કોઈ ધાઓ ! ! મારા પિતાના ક્યાં ભોગ લાગ્યા હતા, કે ગુજરાત છોડી અહીં વસ્યા. ! હાય હાયરે ! હિંદુઓ ઉપર આ શો જુલમ !

**ઈબ્રાહીમ**—સાલી ! હાય ! હાય ! ક્યા કરતી હે. યે એ હસ્તકી પરી જેસા તેરા ગુલબદન, વો ક્યા કાફરકે બાસ્તે ખુદાને બનાયાહે? વોતો મુગલુંકે જનાનેમેં રખનેકે બાસ્તે બક્ષીસ કીયાહે. અરે ! ઓ નાંજની ચુપ રહે. નહીંતો માર ખાયગી. એક દફેતો તેરેકું બિટલાઈ ! ફિર ક્યા ગડબડ કરતી હે. લે ! ફિર બિટલાતે હે. ( એના મોઢામાં થુંકે છે. )

**કેવળચંદ**—માનેકચંદ ! જો મેં તેરેકું કહતાથા કે કિતેક મુગલ પીછાડી આતે હે. ઉન્ને રસ્તેમેં યહ જુલ્મ કીયા. આજ કાલ હિંદુકી ખુબસુરત ઓરત એસે જાહીર રસ્તેમેં નીકલતીહે, ઉસ્કી એસીહાલત હોતીહે. ક્યા કરનાં જહાં બાદશાહ જુલ્મી વહાં ઉસ્કે નોકર

ચાકર, કાયકે બાસ્તે જુલમ ન ગુજારે. હિંદુકુંતો વો ગુલામ માશીક ગીનતે હે.

**કૃષ્ણારામ**—હાય ! હાય ! બાપરે જુલમ ! જુલમ ! આવો જુલમ સહન નથી થતો. પુત્રિ ! મારો કાંઈ ઈલાજ રહ્યો નથી. તને એ તુરકડા મ્લેચ્છનું પાણી પાઈ વટલાવશે. હવે તારૂં મોઢું હું પાછું જોવા નહીં પામું.

**ઈબ્રાહીમખાં**—(કૃષ્ણારામને વાંસે આવતો જોઈને. ) સાલા ! ફીર પીછા આયા ! (કોરડો મારે છે. ) ચલા જા ! પીછા. અબ વો તેરેકું નહીં મીલેગી કાફર ! (એટલું બોલી ચાલવા માંડેછે.)

**કમળા**—પિતા ! હવે તમે વાંસે નહીં આવો. નહીંતર આ નમેરીઓ તમને મારી નાંખશે.! મારા કિસ્મતમાં જે હતું તે થયું હવે હું કદી જીવવાની નથી. અને આ જમડાઓની મુરાદ હાંસલ થવાની નથી. થોડા વખતમાંજ પ્રાણ ત્યાગ કરીશ.

**રહેમાનખાં**—સાલી જી નિકાલેગી ! તો હમારે કયા હે ! હમ. તો ફૂંક દેયગે. ઓર દુસરીકું ઉઠા લેંગે. મગર તેરેકુંભી એક વકત મજેદારી કીયા બિના છોડને હારે નહીંહે. (એમ કહી ચાલ્યા જાયછે.)

**માણેકચંદ**—હાય ! હાય ! યે કૃષ્ણારામ બ્રાહ્મણપે કયા જુલ્મ.

**કેવળચંદ**—અબી લે ગયે વો ઉનકી બેટી ?

**વિદુષક**—હાય ! હાય ! આ બિચારા અલાની ગાવડી ઉપર આવો ગજબ. !

**કૃષ્ણારામ**—અરે ! ભગવાન. જો પાછળ જાઊંછું તો, એ મુને મારેછે. ત્યારે શું કરૂં ! (વિચાર કરીને) ચાલ પાછળતો જાઊં. જે થવાનું હશે તે થાશે. ( ચાલવા માંડે છે. )

**વિદુષક**—કાકા ! ઉભા રહો આ કેમ થયું. ?

**કૃષ્ણારામ**—ભાઈ મારી પુત્રિને એને સાસરે તેડી જાતા હતા, ત્યાં વચમાં ચાર ફિરસ્તા ઔરંગજેબના મળ્યા, એણે બળાત્કારથી ઉપાડી લીધી. આ મારો હાથ મરડી નાંખ્યો. હવે હું શું કરૂં ! મારા ધોળામાં ધુળ નાંખી.

**માણેકચંદ**—ફીસકાભી ધર્મ રહેવે વેસા નહીં હે.



**વિદુષક**—કાકા ! વહુ દીકરી ઘરમાં રૂપાળી હોય ! ઇએ દુઃખ હો !

**કૃષ્ણારામ**—ભાઈ એટલા માટે કાંઇ ઝેર દેવાય છે ?

**વિદુષક**—ઝેરતો કાંઈ ન દેવાય, આતો હુતારથની વાત કહું છું!

**માણેકચંદ**—બાપુ ! રાજાકી નીતિ જો હરામ હોતી, તબ સબ બાતકા દુઃખ હોતા હે.

**વિદુષક**—હા ! મારૂં હારૂં ! પૈસા ઘરમાં હોય તો પણ દુઃખ ઘર ખોરડાં સારાં હોય તોપણ દુઃખ. નમતા ભજતા ન રહીએ તો પણ દુઃખ, ને છેવટ આવા તુરકના રાજમાં તો હિંદુને ઘેર જન્મ્યા તોપણ દુઃખ !

**કૃષ્ણારામ**—કસાઇ આગળ ગાય ! પછી ધર્મની કયાં વાત કરવી. હવે હું જાઊંછું ભાઇ. (જાય છે.)

**કેવલપુરી**—(પ્રવેશ કરીને.) શેઠજી ? તુમારી સોગન ! કયા જુલ્મકી બાત કરે. મહાદેવજીકા ઘંટ થા, સોભી બેચ દીયા, પીતલકી એક ચલમ થી વોભી બેચ ડાલી, તોભી જજીઆ બેરાકા દામ પૂરા નહીં હુવા, કે ઘરમેં પાંચ આદમીહિ.

**વિદુષક**—પાંચ અઢીયું સાડાબાર, સાડાબાર અશરફી તો કેવળપૂરીનો બાપે કમાણો નહીં હોય !

**માણેકચંદ**—ગજબ હે ! એસેં જોગી, સન્યાસી, ઓર અતીતપરભી જજીઆ બેરા નખા હે.

**સુતાર**—(પ્રવેશ કરેછે.) જમાદાર ! તમે ધકા શામાટે મારો છો. હુ ચાલ્યો આવુંછું ને.

**કરીમખાં**—( પ્રવેશ કરીને ) ચલ ! સાલા, તાકીદસેં ચલ.

**સુતાર**—મહિના દિવસ થયાં વેઠ કરાવેછે, પણ એકે દિવસ પેટીઊં મળતું નથી. બીજે કયાંય કામ કરવા જવા દેતા નથી. ત્યારે ખાવું શું ! તેમ મારે ગામ પણ પાછો જાવા દેતા નથી. અને આહીં કોઈ ઓળખતું નથી કે કોઈ ધીરે, કયાં દૈવ રૂઠો તો જે આ ગામમાં કમાવા આવ્યા.

**લુહાર**—( પ્રવેશ કરીને ) કોણ દાદ ફરીયાદ સાંભળેછે, લોઢું જાણે, ને લુહાર જાણે.

**કરીમખાં**—સાલે ! એસે પુકારનેસે કોન તુમારા બાવા છુડાયગા ! (ધક્કે મારી લઈ જાય છે.)

**કપુરચંદ**—(પ્રવેશ કરીને) જુલમ ! તોબાં જુલમ, માનેકચંદ શેઠ આજ દશ હજાર હિંદુકું સુનત હુઈ, બિસ હજારને ઉસ બાતમેં હુજત કી ઉસ્કુ માર ડાલે. ચોપન હજાર દિલ્લી છોડકે ભગ ગયે. ઓર ઇકકીસ હજારકું પકડકર ગિઝની ગુલામ કરકે બેચનેકુ લે ગયે.

**કેવળચંદ**—કલ દો હજાર હિંદુકે દેવલ તોડ ડાલા. જો ફરીયાદ કરનેકું ગયે, ઉસ્કું ઘોડેકે પાઊં નીચે દબાકે માર ડાલે.

**માણેકચંદ**—ઐસા દુષ્ટ હે, તબ મરતા ક્યું નહીં ?

**વિદુષક**—ઈ ન બોલો ! અલાઉદ્દીન ખુન્ની ને મહમદ ગીઝનવી કાંઈ નાનપણમાં મરી ગયાં નહોતા માટે આ ઔરંગજેબ ને સોમાં કમ થાય તેટલાં ખરાં. બુજરગ તૈમુરલંગે પણ કબરમોડી દીઠી હતી !

**માણેકચંદ**—ઉસ પરસેં ઐસા નહી સમજનાં કે બુરા કરનેહારાકા આખીર બુરા નહીં હોતા.

**વિદુષક**—રંગછે, શેઠ રંગ છે. ભુડુંતો થાય પણ તે દી કાકોતો સ્વર્ગમાં બેઠા હોયનાં ! હુંએ સેવામાં પહોંચી ગયોહું. પછી વાંસે જોનારો કોણ !

**કેવલપુરી**—ઉસ્કા પટંતરા ઐસા હે કે ખુદ મહાદેવજીને પારવતીસેં કહાહે કેઃ—

**શ્લોક.**

**प्रजापीडनसंतापात्, समूद्भूतोहूताशनः**

**राज्ञःश्रीयःकूलःप्राणान्, विदग्ध्वाविनश्यतिः**

પ્રજા કે પીડન સંતાપસેં જો અગ્નિ ઉત્પન્ન હોતા હે, સો રાજાકે લછમી, કૂલ, ઓર આખીર પ્રાણુકા નાશ કરકે શાન્ત હો જાતી હે. અબ, લછમી ઓર કુલકા નાશ હોતા જાતા હે. આખીરમેં ઉસ્કા પ્રાણુકા નાશ હોયગા.

**દયાળદાસ**—(પ્રવેશ કરીને) અબ કીસકે વહાં જાનાં ?

**વિદુષક**—આવો દયાળદાસ આમ બેબાકળા કેણીકોર ?



**દયાળદાસ**—સાલી લુચ્ચી ફાતમાકી હરામી ! કહતી હે કે દયાળદાસને મેરી ઈજત લી.

**વિદુષક**—હાય ! હાય ! ગજબ થવા માંડ્યો. દયાળદાસ જેવા વૈશ્નવ ઈ રાંડ ફાતમાના સામુંએ જુએ!

**દયાળદાસ**—કયા બાત કરનાં માનેકચંદશા યહ ફરિયાદીમેંતો મેં પાયમાલ હો ગયા હું. દશ હજારકી હવેલી થી, વો ગિરો છોડી, કાજીકુ રૂશવત, કોટવાલકું રૂશવત, ઓર ટૈબરખાંકુ રૂશવત દી, તોભી છૂટકારા નહીં હુવા. અબ વો બોલતે હે કે બાદશાહકી રૂબરૂ જાયેંગે.

**વિદુષક**—હાય ! હાય ! જુલમ થયો. ત્યાંતો એ પોતે કોરડો લઈને ઉતરી પડશે. દયાળશાનાં ત્યાં સોય પૂરાં. ને મુસલમાન કર્યા પછીતો ડોઢીમાં પેસવા દેશે,

**દયાળદાસ**—અબતો મરનેકા નિશ્ચય કીયા હે, શામ અવલ યહ દુનિયાં છોડુંગા.

**માણેકચંદ**—દયાળદાસ ! ઐસા નહીં કરનાં દો હજાર લે જા. ઓ મગર કુચ્છ ઈલાજ કરનાં.

**દયાળદાસ**—મામુદખાં કહતા હે કે તિન હજારસેં તુમારી બાત ઉડા દઊંગા.

**માણેકચંદ**—તબ એક હજાર દુસરેકી પાસસેં લેલેનાં. મગર આત્મઘાત નહીં કરનાં.

**બિહારીલાલ**—(પ્રવેશ કરેછે ) હા ! દૈવ ! અબ કિસ્તરહસેં છૂટનાં.

**માણેકચંદ**—બિહારીલાલ ! કિસ્તરફ જાતે હો ?

**બિહારીલાલ**—ભૈયા ! જજીઆમેરા સબ બસુલ કરકે દીયા. તો ભીવો કુતુબખાંકી બદદયાનત હુઈ હે કે તેરી લડકીકી સાદી મેરેસેં કબૂલ કર, નહીંતો બીહારી કીતનેક હિદુમેં જજીઆમેરા બસુલ નહીં કરતાહે; ઐસા બાદશાહકું રોશન કરકે ગરદન મરવાઊંગા. ઉસબાસ્તે યહ દશહજાર અશરફી લેકે વજીરકે વહાં જાતાહું. જો કુચ્છ છૂટકારા હોવેતો.

**વિદુષક**—કાકા ! હમણાં લાંચ આપશોમાં એ કુડું કામ કરવાવાળો ગામમાંથી ટળેછે. બીહારી, તુંએ સમજ્યોના?

Taj Tahir Foundation

**માણેકચંદ**—હાં! દયાળશા. સુનાહે કે જોધપૂરકે રાઠોડકી બેટી કેશરબા ઈધર જનાનેમેંહે. ઉસ્કી છોટી ભેણસંગ જબરજસ્તીસેં નીકાલકે જાતાહે. સો સબ રૂશવતખોર સંગ જાયગ.

**કેવળચંદ**—ઐસે રજપૂતકી બેટીકું જબરજસ્તીસેં લાયગા તબ આપની કયા તાકાત!

**વિદુષક**—સામાછે તો કરડા રજપૂત! ફિકર રાખોમાં, ઇ રજપૂતાણી લાવતાં ઘણીવાર લાગશે. માથાં એક કોરે મૂકીને જવુંછે.

**દયાળદાસ**—ઉધર ભગવત કરે વ ઉસ્કા નીકંદન હો જાવે તો યહ જુલમમેંસેં તો મુકત હોવે!

**કેવળચંદ**—યારો યહ બાત છોડદો. કભી બાતમીદાર યહ બાત સુન જાયગા તો મારે જાયેંગેં.

**દયાળદાસ**—હાં! ઇસ્કે છૂપે બાતમીદારભી બહોત ફિરતેહે.

**માણેકચંદ**—અપને અપને ઘરૂં જાઓ. યહ બાત સારાદીન કરેગે તોભી પાર નહીં આયગા.

**કેવળપુરી**—બીખર જાઓ. સબ બીખર જાઓ. એક જગે ઠેરના નહીં.

**બિહારીલાલ**—ચાલો ભાઈ! ચલો. એસેં બાત કરનેસેં કયા ફાયદા હે!!

(સો ચાલ્યા જાયછે.)

## પ્રવેશ ૩ જો.

**સ્થળ**—જોધપૂર વિમળદેવીનો ખાનગી મેહેલ.

**પાત્ર**—વિમળદેવી, જયા, કાન્તા, વિજયા, લવિંગી.

**વિમળદેવી**—જયા! એક તરફથી લગ્નની તૈયારી થઈ રહી છે. અને બીજી તરફથી મુગલ બાદશાહના મૂકામે મૂકામથી જાસુસપર જાસુસ આવ્યા કરેછે. હવે ઔરંગજેબની સવારી બે મજલ દુર રહી છે. વળી એમ પણ ખબર આવ્યા છે, કે કેશરબા પણ સાથેજ છે. આહીં કાકા જશવંતજી તો મુંને એક પણ વાત પૂછ્યા



વિના વિવાના કામકાજમાં લાગ્યાછે. માતાએ મુંને તે દિવસે દિલાસો આપ્યો હતો, પણ મારા કાકાના દ્રઢ વિચાર આગળ તે પણ હવે કશું બોલતાં નથી. જયા! ઘણો બારીક સમય આવ્યો; આમાં ઉગરવાનો હવે કશો ઉપાય નથી. હે શંભુનાથ! હે ભોળાનાથ! મહેશ્વર! મારી પ્રતિજ્ઞા સાચી કરવી તમારા હાથમાં છે!!

**જયા**—બા! આમ આખો દિવસ શોચ્ય કલ્પાંત કર્યાથી શું થવાનું હતું. શંભુનાથ આપણી મદદમાં છે, તો સૌ સારાં વાનાં થઇ રહેશે. તમારાં પવિત્ર હૃદયને એ ત્રિપુરારી નહીં ભૂલે!

**કાન્તા**—(પ્રવેશ કરીને.) બેન! આમ વિચારમાં ને વિચારમાં બેસવાથી જોને! તારૂં શરીર કેવું દુબળું થઇ ગયું છે. જે લલાટમાં લખ્યું હશે, તે થશે.

**વિમળદેવી**—સખી! ફિકર કરવાનોજ હવે વખત છે. કેમકે આપણે એવો મહા પરાક્રમિ પુરૂષ જાણીને કાગળ લખ્યો છે; છતાં હજુ સુધી કંઈપણ જવાબ આવ્યો નહીં. તો શું! એ શૂરવીર રાણો આપણી અરજ નાકબૂલ કરશે?

**કાન્તા**—બેન! એવો વિચાર તારે કરવોજ નહીં. અવશ્ય એ આવશે. આજ નહી તો કાલ; અને જવાબ બધું સાથે આવવું જોઇએ.

**વિમળદેવી**—સખી! મુંને જરા પણ ચેન પડતું નથી. કેમકે ચારે તરફથી મારો ધર્મ જાવાનો બનાવ થઇ રહ્યો છે. પુરંધરી પણ કંઇ ગડબડમાં હોય એવું જણાય છે.

**કાન્તા**—સખી! આ રાણાજીની વાત આપણે એનાથી ગુપ્ત રાખી, એ સારૂં કર્યું.

**વિમળદેવી**—હા! એને અહીંથી દૂર કરી એ ઠીક કર્યું કેમકે નીચના પેટની ખબર ન પડે.

**લવિંગી**—(પ્રવેશ કરીને) વિમળાબા! મહારાજ જશવંતસિંહજીએ આંહી પધારી સર્વે તૈયારી કરી રાખીછે. મુને આપને ખબર આપવા મોકલીછે જે દિલ્લી શાહની સવારી જોધપૂરને પાદર આવી પહોંચી છે. આપ વસ્ત્રાલંકાર સજીને તૈયાર થાઓ! કેમકે કેશરબા પણ સાથેજ આવ્યાંછે. તો એને મળવામાં આ વખતે પણ

Taj Tahir Foundation

કાંઈ જૂદાઇ રાખશો નહીં. કેમકે હવે એની સાથેજ તમારો વેહેવાર રહેવાનો છે.

**કાન્તા**—ત્યારે ! આ કોળાહળ જે થાયછે, તે એના આવવાનોજ હશે !

**લવિંગી**—હા ! તળાવને કાંઠેજ તંબુ ડેરા ખડા કર્યાછે.

**વિમળદેવી**—(સ્વગત) દુષ્ટ કાકો આંહી પણ આવ્યો ? (પ્રકાશ) જા, એને કહે કે બહુ સારૂં, (દાસીના ગયા પછી.)

( લાવણી દક્ષિણી ચાલની. )

(ચેન નાં પડે એ રાહ.)

કાન્તા કેમ થશે, નાથ હજુએ નાવ્યારે. ટેક.
પડતી ફાળ, જો નિહાલ, અલ્પકાળ મુગલ;
જાળમાં નકી ફસાયાંરે. કાન્તા૦
ક્ષત્રિ ગણી લખ્યો, પત્ર પ્રીતથી મેંરે;
શુણશે ફરણ, દેશે શરણ, ધર્માચરણ,
કષ્ટ હરણ, પરાક્રમિ ગવાયારે. કાન્તા૦
ચોતરફ બળે, દાહ અગની લાગ્યો રે,
વેરી મા બાપ, દિલમાં તાપ, દુઃખ અમાપ,
પૂરવ પાપ, ભાવિએ ભમાવ્યાં રે. કાન્તા૦

**કાન્તા**—ફિકર નાં કરો, પ્રીય એની મારી રે. ટેક.
આવે સુધિર, ક્ષત્રિ વિર, રાખ ધીર,
પેર ચીર, સજ થઇને કર તૈયારી રે. ફિકર.
કિર્તિ નહીં તજે, પણ પોતાનું હારી રે;
વાંચી પત્ર, આવે અત્ર, ક્ષત્રિ છત્ર,
તું કલત્ર, નહીં મૂકે વિસારી રે. ફિકર.
પત્રિકા ગઈ, વિનતિ તેં કરીછે રે,
ધારશે ઉર, એછે શૂર, જગ મશુર,
વાટ દુર, છે તું જો વિચારી રે. ફિકર.

**વિમળદેવી**—સખી ! હવે ધિરજ રહે તેમ છે નહીં. હવે તો



મહાદેવજી કરે તે ખરૂં, બાકી અત્યાર સુધી રાણાજીના કંઈ પણ ખબર આવ્યા નહીં ! પછી ગમે તેમ હોય ! !

રાગ માઢ.

નથી અબળાનો, અવર ઉપાય રે, સહાય કરજો શંભુનાથ; ટેક.
આરે વખત શિવ આકરો છે, સાચવજો શુલ્યપાણ;
નહીં તો મસ્તક કમલ અરપશું, પ્યારા નહીં ગણીએ પ્રાણ. સહાય.
રાણા કૂળના રાજસિંહના, અંતરમાં વસી આપ;
મોકલજો શિવ અમારી વારે, પ્રગટ્યો તનમાં તાપ. સહાય.

**વિજયા**—(પ્રવેશ કરીને.) બા ! દયારામ ભટ્ટ આવી પહોંચ્યા, અને આ પત્ર રાણાજીના જવાબનો લઇને આવ્યા. લીઓ ! વાંચો. (કાગળ આપેછે.)

**વિમળદેવી**—શાહાબાશરે વિજયા ! લે. આ વધામણીમાં તુંને આ હાર આપુંછું. (ગળામાંથી કાઢીને આપેછે.)

**કાન્તા**—સખી લાવ, વાંચું શું લખ્યું છે ?

**વિમળદેવી**—લે ! વાંચ.

**કાન્તા**—જોઈએ. રાણાજીનું તેજ કેવુંછે. એ કાગળ ઉપરથી જણાઇ રહેશે. (કાગળ વાંચેછે.)

રાગ સોરઠ.

( તેંતો ઘટમાં ઘર કીધું. ) એ ચાલ.

વિમળા નવ કરશો ઉચાટ, વેહેલા આવશું રે. ટેક.
પત્ર તમારો પહોંચ્યો પ્રીતે, લખ્યો તમે ક્ષત્રિની રીતે;
બિરદ હમારૂં ખોઇ, કૂળ નહીં લજાવશું રે. વિમળા.
પ્રીય પ્રધાનને સાથે લઇને, સઘ અમે અશ્વારૂઢ થઇને;
વસંતપંચમી વેળા, નહીં વિતાડશું રે. વિમળા.
જરાએ ચિંતા કરશો નહીં મન, મેવાડ ગાદી હજી સજીવન;
શિશોદીઆના સોગન, નહીં વણસાડશું રે. વિમળા.
ધન્ય ક્ષત્રિવટ તારી સાચી, પ્રસન્ન થયોછું પત્રજ વાંચી;
રત્નરૂપ તું બાળા કયેં નીહાળશું રે. વિમળા.
કાન્ત કૃષ્ણ તમે જાણો મુજને, રમા રૂક્ષ્મણી જાણું તુજને;

Taj Tahir Foundation

પ્રતિજ્ઞા જે તુજ પ્યારી, નહીં વિસારશું રે. વિમળા.
વાંચી શાંત તમે મન રેજો, રાયસીંગને ખબરજ દેજો;
ધન્ય ક્ષત્રીવટ દીઠી રાઠોડ આપશુંરે. વિમળા.

પત્ર આપનો વાંચ્યો જ્યારે, અંકુર ઉપજ્યો અધિકો ત્યારે;
ચંદાવતની સાથે હાજર અમો થશું રે. વિમળા.

**વિમળદેવી**—સખી! કેવો નિર્મળ સ્નેહથી લખ્યો છે, શાહ-બાશ છે! વિરપુત્ર! ધન્ય છે! તમારી જનુનીને! બેન! આવું લખવાવાળો હવે આવ્યા વગર કેમ રહેશે?

**કાન્તા**—હું તો, પ્રથમથીજ તુંને કહેતી હતી જે એ મેવાડ ભૂમિના પુત્ર તારો પત્ર વાંચી પલ પણ રોકાશે નહીં.

**વિમળદેવી**—બેન! હવે કાલે વસંતપંચમી છે. રાણાજી આજ આવવા જોઇએ. તો એમને હાલ ક્યાં રાખશું? એ ગોઠવણ કરવી જોઈએ. પછી રાત્રે સમય જોઈ અહીં લાવવા.

**કાન્તા**—બેન! મારે ત્યાં રાખત. પણ મારા પિતાજીને કદી ખબર પડે તોય સારૂ નહિ!

**વિજયા**—બા! કશી ફિકર રાખશો નહીં. હું તમારી દાસી હાજરછું. મેં ઘણા દિવસ તમારૂં રજક ખાધુંછે, તો આવે વખતે કામ નહીં આવું, ત્યારે ક્યારે આવીશ. એમને કોઈ રીતે મારે ત્યાં અડચણ આવવા નહીં દઊં અને પછી અનુકુળ વખત જોઇ, તમારી પાસે લાવશું.

**વિમળદેવી**—કાન્તા! ઠીક! ત્યારે વિજયાને ત્યાંજ રાખશું. અહીંથી જમવાને માટે બધું પહોંચડાવશું.

**કાન્તા**—હા! એના વિના બીજી કોઇપણ વિશ્વાસુ જગ્યા નથી.

**વિમળદેવી**—ત્યારે તું હવે બહાર જઈ, તજવીજ કર, કેમકે તે કદી આવ્યા હશે, તો મુંઝાશે.

**કાન્તા**—બહુ સારૂં ત્યારે હું જાઊંછું.

**વિમળદેવી**—જા બેન! અને હું પણ હવે વસ્ત્રાલંકાર સજી તૈયાર થાઊંછું.

**કાન્તા**—બેન પીયુને મળવાને તૈયાર થઈ રહે?



**વિમળદેવી**—એ તારા હાથમાં છે (કાન્તા જાય છે.)

**વિજયા**—બા! ચાલો ત્યારે અંઘોળ સુગંધી તમામ હાજર છે તો નહાઈ લીયો.

**વિમળદેવી**—ચાલ, હવે મારા મનને કાંઈ નિરાંત થઇ છે.

( બંને જાયછે. )

## પ્રવેશ ૪ થો.

### સ્થળ—જોધપૂરનું પાદર.

**પાત્ર—રાજસિંહ, દયાળશાહ, ચંદ્રસેન, વૈરીસિંહ, કાન્તા, કનકસેન.**

**રાજ૦**—કેમ પ્રધાનજી, આપણે અત્રે આવી પહોંચ્યા, પણ મુગલ તો આપણાં પહેલાં આવી પહોંચ્યા જણાય છે. સામે જે ડેરા તંબુ છે તે મુગલના હશે એમ જણાયછે! વાજીંત્રો વાગેછે તેથી લગ્નની પણ તૈયારી થતી હશે.

**દયાળશા**—મહારાજ, આપણે હલદીઘાટ આગળ પેલા વિ-પ્રના રક્ષણ માટે રોકાવું પડયું એ અરસામાં મુગલો અહીં આવી પહોંચ્યા, નહી તો આપણે વહેલા પહોંચત.

**રાજસિંહ**—શું કરવું! ધર્મસંકટ જ્યાં આવે ત્યાં રોકાવું પડે.

**દયાળશા**—ધર્માચરણી મહીપાલોને ડગલે ડગલે સાચવવાનુંછે.

**રાજ૦**—પણ મારા બહાદુર પટાવત ચંદાવતનું શું થયું તે-ના ખબર હજુ કાંઇ જાણ્યા નહીં. આપણાથી જુદા પડ્યાં તેને દીવસ આઠ થઈ ગયા.

**દયાળશા**—મહારાજ, એ જે પ્રતિજ્ઞા કરીને નોખા પડ્યાછે તે એણે પુર્ણ કરીજ હશે તેમાં પણ અંદેશા જેવું નથી.

( તેનાં માણસો પ્રવેશ કરે છે. )

**કનકસેન**—મહારાજ પ્રણામ કરૂંછું.

**રાજ૦**—ઓહો! કનકસેનજી તમે એકલા કેમ! મારા બહાદુર ચંદાવત ક્યાં છે?

**કનકસેન**—મહારાણા આપના પટાવતે તેની પ્રતિજ્ઞા પુર્ણ કરી

Taj Tahir Foundation

છે. અપાર મુગલ દળનો સંહાર કરી નાંખ્યો છે તથા બાદશાહને તોબા પોકરાવી સાત દીવસ સુધી રોકી રાખ્યો. છેવટ હાથીના હોદાપર તેનાપર ઘોડો ઠેકાવી ચોટ કરી કુરાનના સોગન ખવરાવ્યા છે કે દશ વષ સુધી ઉદેપુરનું નામ ન લેવું. આપણું લસ્કર પણ ઘણું ખરૂં કપાઈ ગયું. થોડા માણુસ રહ્યાં તે લઇ હું આપના કદમમાં સેવા બજાવવા હાજર થયો છું પણ આપ વહેલા આવી પહોંચવા જોઈએ ને આટલીવાર કેમ થઇ !

**રાજ૦**—કનકસેનજી, મારા રસ્તામાં હલદીઘાટ પાસે એક વિપ્રનું ધર્મસંકટ આવી પડયું તેમાં વાર લાગી તોપણ લગ્નના દીવસ પહેલાં તો આવી પહોચ્યા છીએ, પણ મારા પટાવટનાં ચરિત્ર તું મુને સંભળાવ.

**દયાળશા**—મહારાજ એ ચરિત્ર પછી નિરાંતે સાંભળજો. અત્યારે એ વખત નથી, હાલ જે કામને માટે આવ્યા છીએ તે બજાવો ને પછી ઉદેપૂરમાં જઈ ચરિત્ર આપ શ્રવણ કરજો.

**કનકસેન**—હા મહારાજ હાલ તો આ કામ બજાવવું જોઇએ, કેમકે આપણો તથા મુગલ બંનેનો ભેટો થયો છે તેમાંથી આ કામ સિદ્ધ કરવું છે.

**રાજ૦**—એતો મહાદેવજીની ઈચ્છા હશે તેમ થઇ રહેશે પણ આપણે હવે અહીંયાં વિના આમંત્રણ આવ્યા છીએ. ક્ષત્રિ ધર્મને અનુસરવું છે, સાંજપણ થઈ ગઇ છે; માટે રાત થાય ત્યારે આપણે અહિંથી ખસવું, જેથી કોઈ ઓળખે નહીં, તેમ વૈરીસિંહજીને આઢા આગળ મોકલ્યાછે. તો તે તજવીજ કરીને આવે, ત્યાં સુધી આપણે અહીં રોકાવું. નહીંતર જાૂદા પડી જશું, વળી એ પણ તમામ બાતમી લઇને આવશે. અગર તમારી સૌની મરજી હોયતો, હું ગુપ્તરીતે તપાસ કરી આવું.

**દયાળશા**—મહારાજ! તમારાથી એમ જવાય નહીં, કેમકે આ દુશ્મનની જગ્યા છે. વળી મુગલના છુપા બાતમીદાર પણ ફરતા હશે. તો કદાપી આપ ઓળખાઇ જાઓ તો પછી મોટી મુસીબત પડે, મરજી હોય તો હું તપાસ કરવા જાઊં.



**ચંદ્રસેન**—હા : મહારાજ, પ્રધાનજી જાય અથવા હું જાઉં પણ આપે એવા જોખમમાં શા માટે ઉતરવું જોઇએ.

**રાજ૦**—જોખમમાં ઉતરવા તો આહીં આવ્યા છીએ. મોતનો ડર રાખશું તો આ કાર્ય પણ નહીં થાય. એટલા માટે એવો સંકલ્પજ નહીં કરવો. મુગલ સઘળા સુસ્ત થઇ ગયા છે. વળી આ વખત સાદીની ગમતમાં અને મોજશોખમાં પડ્યા હશે.

**દયાળશા**—ત્યારેજ એની કમબખ્તી થવી છે; વળી એ લોકોના દિલમાં એમ પણ રહેછે, કે આપણા કાર્યની વચમાં કોણ આવવાનું છે, તેમ જશવંતસિંહે તો શાદી કબુલ કરીછે. એટલે હવે કશી હરકત એને રહી નથી. નિષ્ફિકરથી લગ્નની ધામધુગમાં લાગ્યા હશે.

**રાજ૦**—હાજતો !

**ચંદ્રસેન**—મહારાજ આપણે જે કામછે, તે માત્ર વિમળદેવીથી છે. તો એનો તપાસ કરવાની જરૂર છે.

**દયાળશા**—તો અંતઃપૂર ક્યાંછે, વિમળદેવીનો મેહેલ તેમાં કઇ જગ્યોએ છે, ત્યાં શી રીતે દાખલ થવાશે. ઇત્યાદિ તમામ હકીક્ત જાણવાની છે.

**વૈરીસિંહ**—(નેપથ્યમાં) કાન્તા જુઓ સામે ઉભા એજરાણાજી.

**દયાળશા**—મહારાજ ! વૈરીસિંહ આવી પહોંચ્યા.

**ચંદ્રસેન**—સાથે સ્ત્રીછે, તે વિમળદેવીની દાસી હશે. એમ જણાયછે.

**રાજસિંહ**—હા ! તે વિના બીજી સ્ત્રીને એની સાથે આવવાનો સંભવ રહેતો નથી.

**વૈરીસિંહ**—(કાન્તા સહિત પ્રવેશ કરેછે.) રાણાજી ! આ વિમળદેવીની સખી કાન્તા છે, એ બપોરની આપણી તજવીજ કરેછે. મેં એને અજાણ્યા થઈ ઘણી રીતે તદબિરથી વાત પૂછી. જેમાં બીલકૂલ દગાની વાત જણાતી નથી.

**કાન્તા**—રાણાજી ! આપની અમે વર્ષોની માફક રાહ જોઈએ છીએ. કેમકે મુગલ બાદશાહ આવી પહોંચ્યો છે. આ સામે જે તંબુ જણાય છે, ત્યાં એનું મૂકામ છે. અત્યારે તળાવના કિનારા ઉપર નાચ તમાશા થઈ રહ્યા છે. લગનની ધામધુમમાં સૌ લાગ્યા

છે. માત્ર મારી સખી એક શિવ આરાધના, તથા તમારા નામનું સ્મરણ કર્યાં કરેછે. એને ક્ષણું પણ ચેન પડતું નથી.

**રાજ૦**—કેમ પ્રધાનજી ! ત્યારે આ વખતેજ તેની સાથે જશું કે કેમ ?

**દયાળશા**—મહારાજ ! આનું વૃત્તાંત નિરસંદેહ નિષ્કપટ સાચું હોય એમ જણાય છે. માટે જવામાં અંદેશો રાખવા જેવું નથી.

**કાન્તા**—તમે ફિકર નહીં રાખો. આ વાતની અમે કોઇને ખબર પડવા દીધી નથી. તેમ અત્યારે તમને ક્યાં ઉતારવા તે પણ બંદોબસ્ત કરી રાખ્યો છે. જેથી કોઈ રીતની અડચણ નહીં આવે. પછી રાત્રે સમય જોઇ આપને હું અંતઃપુરમાં તેડી જઇશ. ત્યાં શી રીતે જવું, વિગેરે તમામ બંદોબસ્ત અમે કરી રાખ્યોછે.

**દયાળશા**—હા મહારાજ ! તે વખતે આપે તેની સાથે જવું. અને અમે સૌ મુગલાઈ લિબાસ પેહેરી તેના મેહેલની આસપાસ ફરશું. રાત હશે, તેથી અમને કોઈ પણ ઓળખશે નહીં. ને સૌ લોકો એમ જાણશે કે મુગલના સવાર હશે ! આજ તે લોકોની એટલી બધી સત્તા છે કે, ગમે ત્યાં ફરે તોપણ કોઈ અટકાવનાર નથી. માટે અમે આ તદબીરથી મેહેલની નીચે રહેશું. કેમકે કદી આપને ત્યાં કાંઇ વિઘ્ન થાય તો પછી આપ એકલાનો ઝુઝવું ન પડે !

**રાજ૦**—શાહબાશ છે, દયાળશા તમારી યુક્તિને !

**કાન્તા**—એ વિચાર પણ ઉત્તમ છે. કેમકે પાણી પેહેલાં પાળ બાંધવી જોઇએ. હવે હું મોઢા આગળ ચાલી જાઊંછું. આપ મારી પાછળ પાછળ ચાલ્યા આવો. કેમકે સાથે જઇએ તો કોઈને વહેમ પડે.

**રાજ૦**—હા ! ખરી વાત છે.

**દયાળશા**—તમે આગળ જાઓ, અમે પણ તમારી વાંસે આવીએ છીએ. તમે વિમળાની સખી છો, એ સૌ જાણતું હશે. માટે અમે તમારી સાથે હોઇએ, તો કોઇને પણ સક લેવાનું કારણ બને.

**કાન્તા**—આપ ઉદેપૂરના મહારાજને આ વખતે આમ ગુપ્ત તેડી જવાનો વખત આવ્યો છે, તો માફ કરજો. કેમકે ઇશ્વરની મરજી આગળ શું થાય !



**રાજ૦**—તેની કશી ફિકર નથી. એતો રાજનિતિ છે ! તમારી સખીને મળ્યા પછી સૌ સારાં વાનાં થશે.

**કાન્તા**—બહુ સારૂં ! ત્યારે હું જાઊંછું.

**રાજ૦**—જાઓ. (જાયછે.)

**દયાળશા**—મહારાજ ! આપણે પણ ચાલો, ધીમે ધીમે ચાલતા થઇએ.

**રાજ૦**—ચાલો.

(સૌ જાય છે.)

## પ્રવેશ ૫ મો.

**સ્થળ—જોધપૂરમાં કેશરબાનું મુકામ.**

**પાત્ર—કેશરબા, કનીઝક, અને પુરંધરી.**

**કેશરબા**—ક્યું ! કનીઝક શાદીમેં ગમતતો બહોત અચ્છી હોતીહે.

**કનીઝક**—હાં ! બેગમ સાહેબ, આપકે બાવા બરાતકી બરદાશ તો બહોત અચ્છી તરેહસેં રખતેંહૈં.

**કેશરબા**—મેરે બાવાતો બિમલાકી શાદી ઈધર હોનેસેં, બહોત ખુશ હે. લેકીન મેરી અમાં થોરે બહોત નારાજ હોવે, વૈસા દીખ પડતા હે.

**કનીઝક**—વો ક્યું નારાજ ન હોવે ! ક્યું કે આપકી છોટી બેહેણ ઉસકી પાસ રહેતે હે, વો સમજાયે બીના રહેવે !

**કેશરબા**—કભી નાખુશ હોવે, તોભી અપને તો ઉસકી એતી. જ પરવા હે, મુજે તો મેરા કસમ સચ્ચા કરનાથા, સો કીયા.

**કનીઝક**—બેગમસાહેબ, અબ બિમલા આપકું કયા મું દિખાયગી. જો સુખન ઉંને કીયાથા, વો સબ ઉસકે મુંમે આપને પીછા દીયા.

**કેશરબા**—હજુ તો ઉસકું દીલ્હી જાકે શાહકી રૂબરૂ ફિટકાર દેનાંહે, ઓર જબ મેરી પાસ માફી મંગેગી, તબશાહકી પાસ બેઠ સકેગી.

**કનીઝક**—હં ! ! એસાઈ કરનાં.

**પુરંધરી**—(પ્રવેશ કરીને.) કેશરબા સલામ છે.

**કેશરબા**—આવ ! પુરંધરી.

**પુરંધરી**—કેશરબા ! તમે બરાતમાં સાથે આવ્યાં, એ બહુ સારૂં કર્યું; અને હું પણ ઘણીજ ખુશી થઇછું. કેમકે વિમળાને તમે સારી રીતે શિક્ષા આપી.

**કેશરબા**—શું કરવું. તારો કાગળ આવ્યો એટલે આવ્યા વગર ચાલે !

**પુરંધરી**—એ તો આપની મહેરબાની છે, એટલે મારૂં કહેવું માનોછો.

**કેશરબા**—જ્યારથી વિમળાએ મુંને વચન કહ્યાંછે, ત્યારથી મારૂં દિલ બળી રહ્યું હતું, કે ક્યારે એને મારા ખાવિંદથી નિકા પઢાવું.

**પુરંધરી**—કેશરબા મારો પણ એણે બહુજ ધિક્કાર કર્યો, અને કહ્યું કે તુ તો નીચ તુખમનીછું. માટે તારો વિશ્વાસ નહી. એમ કહી મુંને તમારા ગયા પછી પોતાની પાસેથી દુર કરીછે.

**કેશરબા**—પુરંધરી ! તુંને તો હું દિલ્લી લઇ જઇશ, પછી હરકત છે ?

**પુરંધરી**—ત્યારે પછી બીજું શું જોઇએ !

**કેશરબા**—પુરંધરી ! મારા ગયા પછી મારા બાવાએ વિમળાને કાંઇ કહ્યું કે નહીં ?

**પુરંધરી**—કેશરબા ! તમે કફા થઇને દિલ્લી ચાલ્યા ગયાં અને થોડા રોજ પછી શાહનો કાગળ જ્યારે જશવંતસિંહજીપર આવ્યો, ત્યારે ગડબડ બહુ ચાલી. વિમળાએ કહ્યું કે હું એ મ્લેચ્છના ઘરમાં નહીં જાઊં એટલા માટે બે ચાર દિવસ અનાજ પણ ખાધુ નહીં. પણ આખર તમારા બાપુએ સમજાવીને કબૂલ કરાવ્યું. કોની તાકાતછે કે દિલ્લીના બાદશાહના નામ આગળ નાકબુલ થાય.

**કેશરબા**—વિમળા તો શું ! પણ એના દાદાઓ મોટા મોટા જમામરદ રજપૂતની પુત્રીઓ મુગલના જનાનામાં દાખલ થઈ ગઇયું છે. તો એ બિચારી વિમળાની તે શેખી ક્યાં સુધી રહે !

**પુરંધરી**—કેશરબા-હમણાં મેં એવું સાંભળ્યું છે જે વિમળા



ચામુંડા દેવીની પુજા કરવાને જવાની છે. આ રીવાજ એણે નવો કાઢ્યો છે, તમારા બાપુએ તો ત્યાં જવા ના પાડી. પણ તેણે કહ્યું કે આપણી કૂળદેવીની પૂજા કર્યા પહેલાં હું પરણીશ નહીં. તેથી તમારા બાપુએ હા પાડીછે. હવે એ અને એની સખી કાન્તા તથા પાંચ સાત માણસ સાથે લઇને આજ સાંજરે જશે, હવે મુંને મારા મનમાં શક આવેછે, કે કદી તે આવો પ્રપંચ કરી ત્યાંથી નાશી જાય તો પછી શું થાય! કેમકે એવા દાખલા આગળના ઈતિહાસુંમાં ઘણા બન્યા છે. માટે ત્યાં ચોકી પેહેરો રાખવો જોઇએ, કે જેથી ખોટા વિચાર ધાર્યો હોય તો તે અમલમાં ન આવે.

**કેશરબા**—ચોકીપેહેરો રાખવાની તો કાંઈ હરકત નથી. પણ આ વાત મારા ખાવિંદને રોશન કરૂં તો તે મારી વાતપર મશ્કરી કરે, અને કહે કે તમે ડરને લીધે આમ બોલોછો, કોની તાકાત છે કે મેં જેને બેગમ કરવા ધારેલ છે, તેની સામો બીજો નજર કરી શકે એમ જરૂર કહેશે. વળી કદી નાશી જાય, તોપણ એક પલમાં પકડી મંગાવવા મારા ખાવિંદ સત્તાવાન છે.

**પુરંધરી**—પણ પછી કદી હાથ ન લાગે તો શું થાય ?

**કેશરબા**—ચાય ત્યાં જાય, તોપણ જેવું મુગલનું કોઇએનામ સાંભળ્યું, કે તુરત આવી હજુરમાં હાજર કરે. એટલી હાક એની હિંદુસ્તાનમાં બોલેછે, વળી એમ દરશન કરવા જાય, તેમાં જો અડચણ કરીએ તો મારા બાપુને ખોટું લાગે, કે શાદી કબૂલ કર્યાછતાં પણ નાહક શાહને સાચું ખોટું સમજાવી અંટસ કરાવેછે, માટે એમ કરવું એ મુંને વ્યાજબી નથી લાગતું. તેમ મારા ખાવિંદને પણ નામોશી લાગે.

**પુરંધરી**—એમ નહિતો તમે કેટલાંક માણસ લઈ ફરવાને બહાને જાઓ,એટલે કંઈ વિચાર ધાર્યો હશે તો અમલમાં નહીં આવે.

**કેશરબા**—એ વિચાર સારો છે ત્યારે ઠીક જઇશ.

**પુરંધરી**—જરૂર જાજો, ભુલશો નહિ. નહીંતર પાછળથી વિમાસવું પડશે. હું તો તમારા સારા માટે કહુંછું.

**કેશરબા**—જરૂર જઈશ. પુરંધરી! તારો એહેશાન હું જીંદગી પર્યંત હું નહીં ભુલું.

Taj Tahir Foundation

**પુરંધરી**—મારેતો આપની મેહેરબાની જોઇએ. હવે હું રજા લઉં છું.

**કેશરબા**—બહુ સારૂં, જા, અને પાછી સાંજે આવજે.

**પુરંધરી**—બહુ સારૂં આવીશ. (જાય છે.)

**કેશરબા**—કનીઝક! આજતો મેં હિંદવી પોશાક પહીરૂંગી કયું કે હિંદુકે દેવલમેં જાનાં હે, સો વૈસા લીબાસ ચહીએ.

**કનીઝક**—બેગમ સાહેબ! આપને બહોત દિનસે યહ લિબાશ નહીં પહીરા હે.

**કેશરબા**—બાસ્તે ચલ, વો જરીયનકી સાડી મુજે નીકાલ દે.

**કનીઝક**—ચલીએ બેગમ સાહેબ.

(બંને જાય છે.)

---

## પ્રવેશ ૬ ઠો.

સ્થળ—અજેપાલનું ઘર.

**પાત્ર—અજેપાલ, બિજલ, પુરંધરી, વિદુષક.**

**અજેપાલ**—બીજલ! આખર સુધી સમજી નહીં. તો છેવટ હિંદુના હાથમાંથી છુટી તુરકના હાથમાં જાય છે.

**બીજલ**—હાં! સાલી. આપણે ભીલ આખર હિંદુનો ખરા! આપણે ઘેરતો રજપૂતથી પણ સારી રીત છે.

**વિદુષક**—રીત સોનામોહોર જેવી, અન્ન વસ્ત્ર ને આબરૂ ત્રણ વાનાંની ખોટ છે. બાકી બધુંએ છે.

**અજેપાલ**—એવું છે. ત્યારે તને કેમ પૈસાદાર કરી દીધો?

**વિદુષક**—ઈતો માથાં રખાવુંછું ત્યારે ના?

**બીજલ**—સાચુંછે અજેપાલ! આ દોસ્તે આપણા બેયનો જાન બચાવ્યો છે.

**વિદુષક**—મેં એ દોસ્તી સારૂં નથી કર્યું.

**બીજલ**—ત્યારે શા માટે?

**વિદુષક**—મારી ભાભી મો વાળે એ જોયું ન જાય, તે માટે આસ્થીથી તણાઇએ, બાકી તમારૂં તો કાંઈ નહીં.

**બીજલ**—અજેપાલ! આ તારા ઘરથી નિશબત રાખેછે કે શું?



**અજેપાલ**—કોણ જાણે! સાળો ઘેર જાવ આવ કરે છે.

**વિદુષક**—અજેપાલ! આ સન્યાસીની શંકા લે છે? ને વળી અંધારી રાત, વેજલ વહુમાં મોહી જાણે કે?

**બીજલ**—અજેપાલ! તું પણ વેજલ ભાભીને ક્યાંથી લાવ્યો. બીજી કોઈ મળી નહીં? તે એવા ઠોઠાંને ઉપાડી આવ્યો?

**અજેપાલ**—વેજલના સારા પગને લીધે તો લૂંટ ખાલી જતી નથી. જ્યાં દા નાંખુંછું ત્યાં પાંસરોજ પડેછે. એટલા માટે રાખીછે.

**વિદુષક**—અજેપાલ! પોંચેલો તો! શેઠ કેમ તણાણા તો લાભે લોભે.

**પુરંધરી**—(પ્રવેશ કરીને) સલામ છે. અજેપાલ ઠાકોર.

**અજેપાલ**—આવો પુરંધરી શું ખબર લાવ્યાં?

**પુરંધરી**—મારા માલીક, હવે વખત આવ્યો છે.

**અજેપાલ**—(ખુશી થઇને) કેમ! સમજી! આખર મુસલમાનથી હું ભિલ સારો છું. ઠીક! ક્યાં છે, ચાલો.

**પુરંધરી**—હાય! હાય! એતુંજ રટણ કર્યા કરે છે. અજેપાલ એતો કદી બનવાનું નથી. બાકી એક ખબર દેવા આવી છું. જો બને તો.

**અજેપાલ**—શું ખબર છે. બોલતો ખરી?

**પુરંધરી**—વિમળા આજ અહીંથી બે ગાઉ ઉપર ચામુંડા દેવીનું જે મંદીર છે. ત્યાં સાંજે દર્શન કરવાને જવાની છે. માટે તમે તે વખતે ત્યાં જઈ એની સાથે પાંચ પચીસ માણુસ હશે, તેને મારી ઉઠાવી જાઓ તો, તમારી મુરાદ હાંસલ થશે. બાકી એ સિવાય બીજો ઇલાજ કોઈ પણ છે નહીં. તેમ ખુશીથી કદી પણ તે કબુલ કરશે નહીં. હવે જેમ તમારી મરજી.

**અજેપાલ**—શાહબાશ! પુરંધરી, સારા ખબર લાવી. ઉઠાવી લાવવી એતો મારૂં કામ છે. કદી તેની સાથે સો માણુસ હોય તો પણ શી હરકત છે! બસેં ભીલને લઇને જઇશ પછી કોણ મારો દિચરો સામો ઉભો રહેસે—તેં પૈસો હક કર્યો. આ ખબર ન આપ્યા હોત તો હાથથી જવીતી.

**પુરંધરી**—પણ એક વાત યાદ રાખવાની છે જે, ત્યાં એની મોટી બેન જે ઔરંગજેબ બાદશાહની હુરમ તે પણ ત્યાં જવાની છે. માટે તેને બોલાવશો નહીં. નહીતર માર્યા જશો.

**અજેપાલ**—કેશરબા, અને વિમળાને હું ઓળખુ શી રીતે? એની કાંઈ નિશાની બતાવવી જોઇએ. કેમકે મેં કોઈને કદી જોઈ નથી.

**પુરંધરી**—એને ઓળખવાને મુશ્કેલી નહી પડે, કેમકે વિમળા હીંદવી પોશાક પહેરે છે. અને કેશરબા મુસલમાની બિબીનો પોશાક પેહેરે છે. માટે જેણે હીંદવી પોશાક પહેર્યો હોય, તેને ઉઠાવવી.

**અજેપાલ**—હવે કશી હરકત નહીં આવે, એકવાર હાથ આવે તો લઈને જંગલમાં ચાલ્યો જાઊં. પછી એનો બાપ આવે તોપણ પત્તો લાગવા ન દઊં,

**પુરંધરી**—હા! એમજ કરવું. હવે હું રજા લઉંછું.

**અજેપાલ**—બિજલ! હમણાની લૂંટમાંથી જે જરીયનની સાડી નીકળી છે, એ પુરંધરીને આપ.

**બીજલ**—બહુ સારૂં. (લાવીને આપેછે.)

**પુરંધરી**—અજેપાલજી! બીજું પણ કંઈ કામકાજ આ દાસી જેવું હોય તો સોંપજો.

**અજેપાલ**—તારા જેવાં તો હજાર કામ. (પુરંધરી જાયછે.)

**બીજલ**—અજેપાલ હું પણ હવે જાઉંછું.

**અજેપાલ**—દોરત મદદમાં રહેવું.

**બીજલ**—આ શિર તારૂં છે. એમાં અંદેશો રાખીશ નહી.

**વિદુષક**—અજેપાલ! માથું બીજલનું ને પગ મારા, મોકલ જલદી એટલે જઇને ઉપાડી આવીએ.

**અજેપાલ**—બીજલ! ત્યારે તું તૈયાર થઇને આવ, અને હુ પણ નગારૂં કરી, આપણા મિત્રોને ભેગા કરાવુંછું.

**બીજલ**—બહું સારૂં.

**વિદુષક**—ચાલો, ત્યારે હું પણ તૈયાર થઇને આવુંછું.

(સૌ નીકળી જાયછે.)

---



## પ્રવેશ ૭ મો.

સ્થળ—જોધપૂર.

**પાત્ર—પુરંધરી.**

**પુરંધરી**—(રસ્તે ચાલતાં ચાલતાં સ્વગત) આખર આપણા મનતું ધાર્યું થયું, વિમળાને તો સારીરીતે નશીયત અપાવી, પણ હવે એક દુઃખ રહ્યું, કે વિમળાના ગયા પછી અજેપાલ પૈસા પાછા માગશે. તથા સુખે રહેવા દેશે નહીં. હજુ સુધી તો લાલચમાંને લાલચમાં, કાંઈ બોલતો નથી. અને ઉલટો આશાઓ આપતો જાયછે. પણ એ મહા લુચ્ચો છે, એનું કામ નહીં થાય તો, આપણી હાજરી લેશે. કેમકે વિમળા તો એના હાથમાં આવવાની નથી એતો નિશ્ચય છે, માટે માતાજી કરેને જે આ ઘાટ ઘડયો છે, તેમાં એનું જો કાસળ નીકળી જાય તો પછી તમામ ઉપાધી મટે. કેમકે તે ત્યાં જાશે, અને વિમળાનાં માણસને મારી જેવો એને એ ઉપાડશે, ત્યારે કેશરબા એમ સમજશે કે આ બધો પ્રપંચ વિમળાએ કર્યો હશે. એટલે વિમળાને તે કબજામાં લેવા માટે પોતાનાં માણસોને હુકમ કરશે. તેમાં અજેપાલ માર્યો જશે. અને આથી કેશરબાને જે વાત ખોટી આપણે સમજાવી છે, તે ખરી પડશે. એટલે મારા ઉપર એનો પૂરો વિશ્વાસ બેસશે. અને વચમાં અજેપાલનું સાલ જે છે, તે ટળશે. બધી રીતે આપણને લાભ છે.

(એમ બોલતી બોલતી નીકળી જાયછે.)

त्रीजो अंक समाप्त.

# अंक ४ थो.

## पात्रजन.

**વિમળદેવી**............જશવતસિંહની ભત્રીજી.
**કાન્તા**................વિમળદેવીની સખી.
**જયા**...................તેની દાસી.
**રાજસિંહ**.............ઉદેપૂરનો તખ્તનશીન રાણો.
**કેશરબા**..............ઔરંગજેબની હુમરને જશવંતસિંહની દીકરી.
**કનીઝક**..............કેશરબાની દાસી.
**અજેપાલ**.............લૂંટનો ધંધો કરનાર ભીલનો રાજા.
**બીજલ**...............લૂંટનો ધંધો કરનાર અજેપાલનો સાથી.
**બીરસદ**..............કેશરબાની દાસી.
**ઔરંગજેબ**...........દિલ્લીનો બાદશાહ.
**વજીર**.................ઔરંગજેબનો પ્રધાન.
**કાજી**..................ઔરંગજેબના રાજનો ન્યાયાધિશ.
**ટેબરખાંન**............ઔરંગજેબનો સેનાપતિ.
**દીલ્લીરખાંન**..........ઔરંગજેબનો એક અમીર.
**પુરંધરી**................ભીલની છોકરી.
**દયાળશાહ**.............રાજસિંહનો પ્રધાન.
**ચંદ્રસેન**................રાણાનો પટાવત.
**શુભાનખાં**, **ઈબ્રાહીમ**, **કરીમખાં**, **રેહેમાનખાં**.........ઔરંગજેબના ખાસ હજુરી સિપાઈ.

આ સિવાય, ચોપદાર, સિપાઈ, ઇત્યાદી પાત્રો આ અંકમાં પ્રવેશ કરેછે.

---

# अंक ४ थो.

## પ્રવેશ ૧ લો.

### સ્થળ – વિમળદેવીનો મહેલ.

**પાત્ર—વિમળદેવી, કાન્તા, જયા, રાજસિંહ.**

**વિમળદેવી**--(સ્વગત) કાન્તાને રાણાજીની તજવીજ કરવાને મોકલીછે. પરંતુ હજુ સુધી કાંઇ પણ ખબર લઈ આવી નહીં. વખત પણ હવે થોડો રહ્યોછે. આજની રાતમાં જે બને તે બની શકશે. નહીંતર પછી રાણાજી આવશે, તોપણ મળવું મુસ્કેલ થશે. કેમકે કાલ સવારથી તો લગ્નની ક્રિયા થવાની છે; માટે તે વખતે મરવા સિવાય બીજો ઇલાજ નથી. હે સદાશીવ ! હે ભોળાનાથ ! હે ત્રિનેત્ર ! તમારાપર મારા જીવનો આધાર છે, યવનનું મોઢું આ શરીરથી કદી જોવાની નથી. સઘળા શૃંગાર સજી પ્રાણપતિને મળવા માટે તૈયાર થઇ રહીછું. પણ એ સઘળું પરિપૂર્ણ રીતે પાર ઉતારવું તમારા હાથમાં છે આ પુષ્પહાર, આ વસ્ત્રાલંકાર, આ મેહેલ માંગલીક કરવો, એ તમારા અખત્યારમાં છે. નહીંતર આ શસ્ત્ર લઇનેજ બેઠીછું. કાન્તા આવશે ત્યાં સુધી રાહ જોઈશ. પછી મારી પ્રતિજ્ઞા કદીભંગ થવા દઇશ નહીં.

**કાન્તા**—(પ્રવેશ કરીને.) સખી ! વધામણી છે. રાણાજી તેમના બે ચાર સામંતો તથા પ્રધાન સહિત આવી પહોંચ્યા.

**વિમળદેવી**—(આશ્ચર્ય થઇને) કયાં છે ! આહીં કેમ ન લાવી ?

**કાન્તા**—સખી ! એકદમ આહીં એમ લઈ અવાય નહીં. હાલ વિજયાને ત્યાં રાખ્યા છે.

**વિમળદેવી**—લે આ વધામણીમાં હાર આપુંછું. (હાર આપેછે.) બેન તારો ઉપકાર મુંને જીંદગી સુધી વિસરશે નહીં. કાન્તા ! ત્યારે રાણાજીને હમણાં આહીં તેડી લાવ, કેમકે હાલ સૌ જમવા કરવામાં પડયા છે; તો અત્યારેજ આહીં લાવવાનો સમય છે. પછી વખત નહીં મળે.

**કાન્તા**—બહુ સારૂં, ત્યારે હમણાં તેડી લાવું.

**વિમળદેવી**—તાકીદથી જા ! હવે મારાથી ધિરજ રહેતી નથી.

Taj Tahir Foundation

**કાન્તા**—બેન આજનો દિવસ ધિરજ રાખવાનો છે. પછી તારી મરજીમાં આવે તેમ કરજે.

**વિમળદેવી**—ઠીક ! ત્યારે તને ગમે તેમ કર.

**કાન્તા**—હું વાર નહીં લગાડું. તુરતજ આવીશ. એ પણ રાહ જોઇનેજ બેઠા હશે. લે હું જાઊંછું. (જાયછે)

**વિમળદેવી**—(કાન્તાના ગયા પછી) જયા ?

**જયા**—(પ્રવેશ કરીને.) કેમ, બા શું કામછે ?

**વિમળદેવી**—થાળી, પીરસી તૈયાર રાખી ?

**જયા**—હા ! સઘળું તૈયાર છે, પાંચ થાળીઓ પીરશી, વિજયા તેને ઘેર રાણાજીના સામંતો માટે લઈ ગઇ.

**વિમળદેવી**—ઠીક કર્યું.

**જયા**—બા આજ તમે અભિસારીકા વેશ ધારણ કર્યાછે. તેથી તમારી કાન્તી કોઈ જુદાજ પ્રકારની દેખાયછે. આ રૂપનો અંબાર જો બાદશાહની નજરે પડે તો, તે તો આંધળો ભીંતજ થઈ જાય.

**વિમળદેવી**—જયા ! ગુલાબ ને કમળની સુવાસતો ભ્રમરને માટેજ નિરમાણ થએલી છે. તે ગરધવને માટે નથી.

**જયા**—કદી ભ્રમર ન મળે તો શું કરે ?

**વિમળદેવી**—ભ્રમર ન મળે તો એની મેળે કરમાઇ જાય. પણ કદી પાત્રવિના બીજાને સુવાસ ન આપે.

**જયા**—બા ! મુકતા મેહેલમાં રોશની વગેરે તમામ તૈયાર કરી રાખેલ છે, તો ત્યાં પધારો.

**વિમળદેવી**—ચાલ ! ત્યાં જઇએ. (મુકતા મેહેલમાં જઈ બેઠા પછી.) જયા ! જો તો ખરી હજી કેમ કાન્તા ન આવી.

**જયા**—બા ! એટલાં બધાં અધિરાં શું થાઓછો; એને ગયાં હજુ કંઈ વાર થઇ નથી. તે કયાંય કામ વિના રોકાય તેવી છે નહીં. પણ તમે પતિને મળવાને માટે બહુ આતુર થઇ રહ્યાંછો, તેથી વખત ખૂટતો નથી,

**વિમળદેવી**—ખરે ! એમજ છે. રાણાજીનું મુખ જોવા મારૂં



મન એટલું બધું ઉતાવળું થઇ રહ્યુંછે કે એક પળ એક વર્ષ જેવડી અત્યારે થઇ પડીછે.

**કાન્તા**—(પ્રવેશ કરીને.) સખી ! રાણાજી પધાર્યાં.

**વિમળદેવી**—કેમ ખરે આવ્યાજ ? (રાણો પ્રવેશ કરેછે. ત્યારે ઉભી થઈ નીચુ મોઢું રાખી હાથ જોડીને) ધન્ય ! ક્ષત્રિપુત્ર ! ધન્યછે તમારી જનુનીને શરણાંગત રક્ષક વિરપુરૂષ યોગ્ય સમયે આવી પહોંચ્યા. પ્રાણપતિ અહીં બીરાજો.

**રાજ૦**—(બેસે છે. તથા રાણીને ઉભી રહેલી જોઈને.) રાજપુત્રિ ! તમે પણ બેસો. બિલકૂલ ફિકર નહીં રાખો. હું આવી પહોંચ્યોછું. તો હવે શી હરકત છે. એ યવનથી જરા પણ ડરશો નહીં. સાચું મોતી કાગને હાથ જવા નહિ દઇએ (હાથ ઝાલી પોતાની પાસે બેસાડે છે.)

**વિમળદેવી**—પ્રાણપતિ ! હું બેસુંછું. આજ મારે સોનાનો સૂર્ય ઉગ્યોછે. (કાન્તાને જયાને જવાને ઈસારો કરેછે.)

**કાન્તા**—જયા ! ચાલ ત્યારે આપણે થાળી પીરશી તૈયાર રાખીએ. (એમ બાનું કાઢી બંને નીકળી જાયછે.)

**વિમળદેવી**— **લાવણી.**

(મુજ ઉપર ગુજરીની ચાલ.)

ધન્ય વિર પુત્રછે, ધન્ય જનુની તમારી;
આવી યોગ્ય વખતમાં, ખબર લીધીછે હમારી. ૧
અમે પત્ર લખ્યોતો, કૂળ રાણાના જાણી;
તમો આવ્યા રાખ્યું, નિજ પરિયાનું પાણી. ૨
ચહુ દિશા નિરખી પણ, નર કોઈ નજરે નાવ્યા;
શુદ્ધ ક્ષત્રિપુત્ર એક, તમે મુજ મન ભાવ્યા. ૩
હતી દિશા શૂન્ય મારે, આ વખતે સ્વામિ;
હું મહા દરિયામાં, હતી નાવ તવ પામી. ૪
આવ્યું છે મુગલદળ, એક તરફથી મોટું;
વળી બીજી તર્ફે, મા, બાપે ધાર્યું છે ખોટું. ૫
તમે ગાય તણી કરી વાર, શરણુ દીધું છે;

Taj Tahir Foundation

એક ક્ષત્રિ અબળા, તણું કામ કીધું છે. ૬
ધન્ય જણ્યાં રત્ન, રજપૂત જનુની આવાં;
જે શરણાંગતના પાલ, શરણ સુખ થાવા. ૭
અરે ભરતખંડના રાય, અને સહુ રાણા;
દીધી કન્યાઓ, તુરક ઘેર વટલાણા. ૮
ત્યારે શરણ હમારે, કોનું લેવું કો' પ્યારા;
એક ટેકવંત નર, તમે રહ્યાછો ન્યારા. ૯
મુજ રૂપનગઢનું, રાજ ઘણુંછે નાનું;
મા બાપ થકી આ કામ, કર્યુંછે છાનું. ૧૦
છે હાથ તમારે રાણા, હમારી લાજ;
હવે ઉચિત હોય તેમ, કરો વિચારી કાજ. ૧૧

**રાજસિંહ—** ગજલ.

(ઇંદ્રસભામાં ગવાતી ઢબની.)

મારા ધર્મથી વિશેષ, મેં નથી કર્યું;
પ્રિયા ન ઉપકાર માનો, શર્મ પામું હું.
આવાં કામે પગલાં પ્રીયા, બહુ અમે ભર્યાં;
શિશોદીયાએ શિશ વહાલાં, ત્યાં નથી કર્યાં.
શસ્ત્ર મારાં સજ જ્યાં લગી, ધડ ઉપરછે શિશ;
ત્યાં લગી તું ડર પ્રીયા, ન કોઈનો ધરીશ.
ક્ષત્રિના અંકુર ખુનથી, નથી ખર્યાં;
કાયર નરના બોલ કોદી, કાને નથી ધર્યાં.
ક્ષત્રિનીતિ ક્ષત્રિટેક, ક્ષત્રિનું અભિમાન;
નામ નિર સાચું ગણીએ, શરીરનું શું કામ.
અરે શું આવીયો છે, એહ શાહ ઔરંગજેબ;
હામ ધારી આવ્યો લેવા, ક્ષત્રિઓની એબ.
ઘોએ મોઢે કાઢું તો હું, રાણો રાજસિંહ;
રાજહંસણી શું જાશે, તરક હાથ દિન.
વરશે શું એ મરકટોને, ક્ષત્રિ નારીઓ;
મર્દશુંરે ગયારે નાશી, હામ હારીઓ.



**વિમળદેવી**—રાણાજી! તમારા જેવા શરણાંગત રક્ષક રત્નને જે જનુનીએ જન્મ આપ્યોછે તેને ધન્યછે. પ્રાણપતિ! ભરતખંડના સઘળા રજપૂત રાજાઓ મુગલોને કન્યા આપી, એની સાથે જમી વટલી ગયા; તો હવે અમારે શરણ કોનું લેવું, એ આપજ વિચાર કરો. આજકાલ એક ટેકવંત નર તમે રાણાછો, તેથી તમને પત્ર લખી મેં તસ્દી આપી, જેથી આપે આવી આ અબળાને સહાય કરી. નહીંતર પ્રાણ ત્યાગ કર્યા વગર છુટકો નહોતો. પણ ઈશ્વરે મારી લાજ રાખી. આ બધી ગોઠવણ મેં મારા કાકા જશવંતસિંહજીથી ગુપ્ત કરેલી છે.

**રાજ૦**—અરે! તમારા જેવી રાજપુત્રી તુરકના હાથમાં જશે! શું ક્ષત્રિ શૂરત્વનો નાશ થઈ ગયોછે, શું નિરવિર ભૂમિ થઈ ગઈછે, કે તમારા જેવી પવિત્ર સ્ત્રીને એક ચંડાલ અપવિત્ર કરવાને ચાહાશે? એમ કદી બનવાનું નથી. પ્રીયા જ્યારથી તમારો પત્ર મારાપર આવ્યો છે, ત્યારથી મેં સુખ ચેનથી અન્નજળ પણ લીધું નથી. એકીદમ અત્રે આવ્યોછું.

**વિમળદેવી**—પ્રાણનાથ! આપે જો એટલી સતાબી ન લીધી હોત તો કયારનુંએ વિપરિત થઈ ગયું હોત; પરંતુ ઈશ્વરે સઘળું સારૂં કર્યું. હવે આપને માટે ભોજન પાનાદિક તૈયાર કરી રાખ્યાંછે, તો આપ મારી સાથે બેસીને તે જમો અને પછીઃ—

રાગ ઝીંઝોટિ (કલ્યાણ. મિશ્રિત.)

(ગોરી તેરો અંચલ ઉડ સમારરી એ રાહ.)

પીયા મોરા ધારન કરૂં શૃંગારરી, અલ્પ કાળ ઠેરો પતિ. ટેક.
શ્રમિત હો તુંમ, કરૂં મેં સેવા, પીયા ભોજનકી એહે તૈયારરી. અલ્પ.
પુષ્પ બિવિધકે, ગુંથિત સુંદર, પરિધાન કરે કંઠમેં હારરી. અલ્પ.
ક્ષત્રિ રીતીવત્ અબ ઈહાં રાજા, મેરે મેલમેં કરેંગે વીહારરી. અલ્પ.

**રાજ૦—** રાગ શીંયાનો કનરો.

ગ્રહણ કરૂં આપો સ્નેહ નિર્મળથી;
પ્રસન્ન થાઉં આરે હસ્તકમલથી. ટેક.
તમે છો નવોઢા કે, અભિસારીકા;

Taj Tahir Foundation

પ્રાપ્ત થયાં પુરવ પુન્ય ફલથી. પ્રસન્ન૦
હસીતવદની, હે મૃગનયની;
મુંને ડુબાવ્યો સુભાષિત જલથી. પ્રસન્ન૦

**વિમળદેવી—** **રાગ સોરઠ મલ્લાર.**

(ચમકે બિજલી ડર મોહે લગે એ રાહ.)
થરકે ચિતડું કરવું શું પીયા,
મુગલો દળ આવી પડયું રે આંહીં. થડકે. ટેક.
સંદેશો આવે નકી, પ્રત્યુત્તર શું દેશુંરે પીયા;
હવે તમથી અમે ન થશું અળગાં,
અમે ચાલશું લઈને ચાલોરે જહીં. થડકે.

**રાજ૦—** **બરવાનિ ઠુમરિ.**

મુગલોથી ડરો ન પ્રીયારે તમો, જવુંછે અહીં એને જાણકરી. મુગલો.
શુંરે શૂરાતન ત્યારે હમારૂં, ગુપ્ત જઈએ અબળાને હરી. મુગલો.
ધૈર્ય રાખો તમે ચિંત્તા વિસારો, જેમ તેડાવ્યાછે હામ ધરી. મુગલો.

**વિમળદેવી**—બહુ સારૂં પ્રાણનાથ દીગવિજયી રાણાના આશ્રય નીચે આ અબળાને શી ફીકર છે. રાણાનો હસ્તકમલ જેણે ગ્રહણ કર્યોછે, એની પત્નીપર દ્રષ્ટી કરવાની કોની તાકાતછે? એ મારા મનમાં નિશ્ચય છે. તોપણ ભોજન પાનાદિક કરી અહીંથી પ્રયાણ કરવાની તૈયારી કરીએ.

**રાજ૦**—બહુ સારૂં ત્યારે તમારે પણ પુરૂષનો પોશાક ધારણ કરવો પડશે. કેમકે અહીંથી અશ્વારૂઢ થઈને જવાનું છે.

**વિમળદેવી**—બહુ સારૂં, હું પણ પુરૂષનો પોશાક ધારણ કરીશ. તથા મારે ચડવા માટે અશ્વ પણ તૈયારજ રાખેલ છે.

**કાન્તા**—(પ્રવેશ કરીને.) સખી! મધરાત થઇ ગઇછે. વળી રાણાજી ભુખ્યાંછે, તો ભોજન પાનાદિક કરી લીઓ. કેમકે પ્રભાત પેહેલાં અહીંથી નીકળી જવાનું છે.

**વિમળદેવી**—બહુ સારૂં ત્યારે ચાલ જમી લઇએ. પ્રાણપતિ ભોજન ગ્રહમાં પધારો.

**રાજ૦**—બહુ સારૂં ચાલો.



**કાન્તા**—બેન ! ત્યારે હું હવે રજા લઉંછું.

**વિમળદેવી—** **રાગભૈરવી.**

અહો મારી પ્યારી સખી, વિયોગ તારો થશે દુઃખકારી. ટેક.
બાળસ્નેહી મારી સુખ દુઃખ સહભાગી,
વિરહઅગ્નિ બહુ બાળશે કાન્તા મુજ પ્યારી. અહો.
આભારી તારી બહુરે થઇછું, પીયુને મિલાવ્યા;
તે શ્રમ તારો ન જઉં વિસારી. અહો.

**કાન્તા—** **ભૈરવી.**

( ચંદ્રમુખીને એકલી એ રાહ. )

હા બેની તું તો જાયછે, તારા પીયુને તું મળી. ટેક.
સંતોષ એછે મુજને, સેવા કરજે સ્વામીની;
સાસુ નણદીથી સદા, રહેજે ત્યાં હેતથી ભળી. હા બેની.
વિયોગ તારો સાલશે, આવીશ ત્યાં હું કોકદી;
રાણાજી પાય હું નમું, શરણે આછે મારી અલી. હા બેની.

**રાજ૦**—પીયા ! તમે દિલગીર નહીં થાઓ, કેમકે ઉદેપૂર ગયા પછી આપણે વિધિ પૂર્વક લગ્ન કરશું, એ ઉત્સવપર કાન્તાને એના પિતાપર પત્ર મોકલી ત્યાં બોલાવશું.

**કાન્તા**—બેન ! આ માંગલીક વખતે દીલગીર ન થવું, અને હું તારો પત્ર આવશે તે વખતે અવશ્ય આવીશ.

**વિમળદેવી**—બહુ સારૂં ! ત્યારે તુ પણ ભોજન કર્યા પછી જા.

**કાન્તા**—ઠીક ત્યારે ચાલો. જમી લઇએ.

**વિમળદેવી**—બેન ! જયાને તો મારી સાથેજ લઇ જવા ધારૂંછું:

**કાન્તા**—હા ! એમજ કરવું.

**વિમળદેવી**—જયા ! ભોજન ગ્રહનો રસ્તો બતાવ.

**જયા**—રાણાજી ! આમની તરફ પધારો.

( સૌ નીકળી જાયછે. )

Taj Tahir Foundation

## પ્રવેશ ૨ જો.

સ્થળ—ચામુંડાદેવીનું મંદીર.

**પાત્ર—કેશરબા. કનીઝક, અજેપાલ, બીજમ, અને બિરસદ, વિદુષક.**

**કેશરબા**—કયું કનીઝક, અબ થોરા વક્તમેં બિમલા ઈધર આયગી. આપને તાકીદસેં ઇધર આયેહેં, યે દેવીકા મંદીર તો અચ્છાહે ?

**કનીઝક**—તુમારે હિંદુમેંભી બડી તારીફ કરને જેસી ધર્મકી જગે હે !

**કેશરબા**—હાં, બહોતહે, લેકીન જો અચ્છે અચ્છે નામાંકીત આલેશાન મકાનથે, વો સબ ખાવિંદને જમીદોસ્ત કરદીયે.

**કનીઝક**—હાં, કાફરકે બુતખાને કયા કામકેહે, ઉસ સબ'સેં તોડ ડાલે હોગે.

**કેશરબા**—કયું કનીઝક યહ હિંદવી લીબાસ મુજે કૈસા લગતાહે ?

**કનીઝક**—આપકું યહ બહોત અચ્છી બહાર કરતાહે, કબી શાહકે દીખનેમેં યહ લીબાસ આવેગા તો ફિર આપકું દુસરા પહિરનેભી નહી દયેગે.

**કેશરબા**—મેરેકુંભી ઐસા લગતાહે કે યહ લીબાસ ખુબસુરતીમે બઢારા કરતાહે. તેસે અપના બીબીઊંકાભી લિબાસ કુચ્છ થોરી બહાર નહીં કરતા.

**કનીઝક**—વાહ ! ઉસ્કી કયા તારીફી કરનાં ! જનાનેકે લાયક તો વોઈજહે.

**કેશરબા**—અભીતલક બિમલા કયું નહી આઇ.

**કનીઝક**—અભી આવેંગે, કેશરબા, તુમ ઉસ્કે મુંપર કુચ્છકહોગે?

**કેશરબા**—દેખતો સઇ, ઉસ્કું કેસા કેસા ફિટકાર દેનાંહે, જો જો સુખન ઉન્ને મુજકું કહાહે, વો સબ ઉસ્કે મુંમે પીછા ડાલુંગી. તબ ઉસ્કું ખબર પડેગી; કે મૈંને સચ્ચા કસમ ખાયાથા.

**કનીઝક**—ફેર શાહકી દીલ લગી ઉસપર હો જાયગી તો કયા કરોગે ?



**કેશરબા**—ઉસ્કી બીલકુલ મુજે ફિકર નહીંહે, મગર કીસ તરેહભી મેરા કસમ સચ્ચા હોવે તો બસહે. જબ વો મેરી સંગ જનાનેમેં બૈઠે, ઔર મૈં ઉસ્કું કલમા પઢાઊ, ઔર વો રજપૂતકી તુકબરી છોડકે લાચાર હોજાવે તબ સબ હોચુકા. ફેર મુજે દુસરા કુચ્છ નાં ચાહીએ.

**કનીઝક**—વો જબ શાહસેં નીકા પઢેગી, તબ આપેંઈ આપકી પાસ જનાનેમેં આકર બૈઠેગી. ફીર દિલ ચાયસો ઉસ્કે મુંપર કહનાં.

**કેશરબા**—ઉમેદેવારીભી વૈસા વકત દેખનેકીં હે.

**કનીઝક**—તબ થોરા વકતમેં વો સબ મોજુદ હોવેંગા.

**નેપથ્યમાં**—મારો સાલેકું !

**કેશરબા**—કનીઝક ! કીસકું મારનેકા બોલતાહે ?

**બિરસદ**—(પ્રવેશ કરીને.) હુરમ સાહેબ બડી જુલમકી બાત હોગઇ. અપને સબ આદમીકું કિતેક ઘોડે સવારને આકર કત્તલ કરદીયા. અબ આપકું ઢુંઢતેહે, બાસ્તે આપ કીધરભી છૂપ જાઓ. કનીઝક, તુમભી જાતે રહો ! નહીંતો મારે જાઓગે ( એમ કહી નાશી જાયછે. )

**કેશરબા**—(ગભરાઈને.) અરે ! યહ કયા, અપનેપર કોન આતાહે ? કયા કુચ્છી બિમલાને તો દગા નહી કીયા, હોગા કનીઝક ! અબ કયા કરનાં !

**કનીઝક**—મેં તો જાણતીહું કે ઉસ્કાઇ દગા હોગા, ઔર સાલી પુરંધરીને અપનેકુ ભૂલ ખીલાઈ.

**બિજલ**—(પ્રવેશ કરીને) અજેપાલ, દેખ યહ દોનું ખડી હે, ઉસ્મે જીસને સાડી પહેરીહે વો તેરી માશુક.

**વિદુષક**—તબ ઉસ્કી પાસ ખડીહે ! વો કયા કેશરબા ? વાહ ! ખુબસુરતી તો અચ્છીહે.

**કનીઝક**—બેગમ સાહેબ યહ લોક અપની તરફ તાકતેં હે, ઉસ્કા કુચ્છ ખરાબ ઈરાદા હોવે, વૈસા લગતાહે.

**કેશરબા**—અપને ઇધર આયે, વો બડી ભૂલકી.

**અજેપાલ**—(કેશરબાની નજીક જઈને.) કયું પ્યારી ચાલો.

Taj Tahir Foundation

**કનીઝક**—કમજાત તેં પ્યારી કિસકું કહતા હે.

**અજેપાલ**—(તેને ધક્કો મારીને) સાલી તેરેકુ કોન પ્યારી બોલતાહે: (ધક્કો લાગવાથી કનીઝક પડી જાયછે.)

**વિદુષક**—લીઓ, ઈ તો તમારાથી રીસાણાં.

**કેશરબા**—તુંમ મેરેકું લે જાનેમેં અચ્છા ફલ નહીં નીકાલોગે.

**અજેપાલ**—મેરેસેં તુરક અછાહે કયું? (એમ કહી ઉપાડીલેછે.)

**કેશરબા**—(રોતાં રોતાં) અરે! મુજે કોન ઉઠાકે લે જાતાહેં, કોઉ શાહકું ખબર ભેજો.

**બિજલ**—બરાબર પકડલેની! નહીં તો સાલી છીંટક જાયગી.

**અજેપાલ**—અબ છીંટકકે કહાં જાયગી?

**કેશરબા**—યા, પરવર દિગાર, પરવસ્તી કર. યહ મિસકીન ઓરતકી આબરૂ રખની. વો અબ તેરે અખત્યારમેંહે, પલક દરિઆવ, પલમેં ખુદા ચાયસો કરે.

**વિદુષક**—ખોદે તે પડે. (અજેપાલ વિગેરે કેશરબાને લઈ ચાલ્યા જાયછે.)

**કનીઝક**—(સાવધ થઇને) અરે! ઈધરસેં બેગમ સાહેબ કહાં ગયે. ઈધર કોઉભી હે નહી. બેશક ઉસકું લૂંટારા ઉઠા ગયે. અબ મેરા બુરા હાલ હોવેગા; અબ મેં કયા કરૂં! ઓર કીધર જાઊં? બાત છુપા દઊ તોભી સલામતી નહીહે. ઓર ઉનસે તો મેંજ ગુનેગાર હોઊંગી; બારતે ચલ શાહકું જાકર યે સબ અહેવાલ રોશન કરૂં. કમજાત પુરંધરીનેજ દગા દીયા.

(એમ કહીને નીકળી જાયછે.)

## પ્રવેશ ૩ જો.

**સ્થળ**—જોધપૂર પાદર ઔરંગજેબની છાવણી.

**પાત્ર—ઔરંગજેબ, વજીર, કાજી, ટેબરખાન, દિલિરખાં, વિદુષક, પુરંધરી, કનીઝક, સિપાઈ, ચોપદાર.**

**ઔરંગજેબ**—કયું વજીર જોધપૂર મેં અપને આયેહે, ઓર પીછે કામ બક્ષકું દિલ્લિમેં રખાહે. વો ઉધર બંદોબસ્ત રખેગા.



**વજીર**—હાં. ખુદાવિંદ વો રાજકું અચ્છી તરેહસેં સમાલેંગે.

**કાજી**—શાદીકી બાતમેં દિલ્લીકી બાત છોડદો.

**વિદુષક**—શું કહ્યું કાજીસાબ? ફરીને બોલો.

**કાજી**—અબ સાદીમેં મોજ શોખ કરનેકું આયેંહે, ઉસકે બિચમેં દિલ્લીકી રાજ ખટપટ ઓર દુસરી તિસરી બાત બોલનેકી કયા જરૂર હે!

**વિદુષક**—કાજી સાહેબને તો લેરજ કરવી. વરસ એંસી થયાં, પણ વાત બીજી ન ગમે.

**વજીર**—ઉસ બાસ્તે તો જીદકરકે સંગ આયેંહેં.

**કાજી**—વજીર, મેં તો જીદકરકે આયાહું, મગર તેને તો આનેકા મુંસેં કહાભી નહીંયા. ઓર સરકાર આપેંય તેરેકું સંગ લાયેહે, કયું?

**વિદુષક**—ભાઈ, માંઈ ઇશકનાં ઠોઠીયાંએ જોઇયે તો, શાદીનાં કામછે, ભાઈ હાંણે માણે કોણ!

**કાજી**—કયું, વજીર નાચ કબ શીરૂ હોવેગા.

**વિદુષક**—થાયછે, કાજી સાહેબ, લાલ લુગડાં હમણાં આવે છે. ડાઢી બાઢી વિંખાઈ ગઇછે, તે ઓળી રાખો.

**વજીર**—આજકે નાચ તમાશાકા ખર્ચ કાજીસાહેબકે શિરપરહે.

**વિદુષક**—એમાં કાંઈ પાડ! રાગનાં પારખાં પણ કાજીસાહેબ કરેછેનાં.

**ગુણિકા**—(પ્રવેશ કરેછે, અને નાચ કરી ગાયછે, તેથી બાદશાહ વિગેરે ખુશ થાયછે.)

**ઔરંગજેબ**—વજીર, યહ તાયફા અચ્છા નાચ કરનેહારા હે.

**વિદુષક**—કયું કાજીસાહેબ, આજકી લીજ્જત કેસી હે?

**કાજી**—સુરતો જાને બપૈયા પોકારતે હે.

**ઔરંગજેબ**—વજીર યહ તાયફાકું કુચ્છ બક્ષીસ દો.

**વજીર**—હુકમ માલીક દેતાહું. (આપેછે, તે લઇ નાયકા જાયછે.)

**ઔરંગજેબ**—વજીર, જશવંતસિંહ ઐસી બહોત દેર કયું કરતાહે?

**વજીર**—ખુદાવિંદ શાદીકા કામહે, દેરભી લગે, આપ મોજમેં

Taj Tahir Foundation

રહો. તૈયારી સબ હોતીહે. આપ બાદશાહુકી શાદીહે, કુચ્છ એસી તેસી બાત નહીં હે, કે જીસેં સટર પટર કર દેવે.

**વિદુષક**—ખુદાવિંદ, જશવંતસિંહ રાઠોડને કુરનસ બજાકે અર્જ કીહે કે યહ મારવાડ દેશમેં શાદીકે પ્રસંગમેં બહોત મશ્કરી કરનેકા રીવાજ હે. તો કભી કીસીકી મશ્કરી હોવે તો ઉનને કફા નહિ હોનાં ઇતની અરજ કબૂલ રખોગે.

**ઔરંગજેબ**—મજેસેં મશ્કરી કરે. ઉસ્મેં કયા હરકત હે.

**વિદુષક**—કાજીસાહેબ એક બાત પૂછતા હું.

**કાજી**—કયા હે ?

**વિદુષક**—આપકું નિકા પઢનાં હોવે તો એક અચ્છી ગુલબદન પરી હાજર હે.

**ઔરંગજેબ**—બહોત અચ્છા, ઐસી હોવે તો કાજીસાહેબકે બાસ્તે લાઓ.

**વજીર**—હાંહાં, ઐસીકું તો ઢુંઢતેઈ હે, ખુદા કરે ને મિલજાવે તો બડી અચ્છી બાત હે.

**કાજી**—ખુદાવિંદ આપભી કયા મશ્કરી કરતે હો, યહ તો દિવાના હે !

**વિદુષક**—નામદાર મેરે બાપદાદેકી કસમ, તંબુકી બહાર ખડી હે, બહોત દેરસેં હુકમ હોવે તો અભિ કદમમેં હાજર કરૂં. નાચ ગાનમેં બહોત હુશિયાર હે.

**ઔરંગજેબ**—જા, ખુલાલા, ઐસી હોવે તો, (જાયછે.)

**કાજી**—સાહેબ યહ મશ્કરીકી બાત છોડદો તો અચ્છા હે. આપકું યહ આદત બડી ખરાબ હે.

**વજીર**—ખાવિંદ, કાજી સાહેબકું ખુશ રખનાં.

**ઔરંગજેબ**—ઇધર કુચ્છ નારાજ કરને બાસ્તે તો નહીં લાયેંહે.

**વિદુષક**—(નેપથ્યમા) ચાલો બીબીસાબ, મીયાં ગોતી કાઢયાંછે.

**વજીર**—ખાવિંદ, બીબી, આ પહુંચે.

**ઔરંગજેબ**—હાં ઐસાઇ લગતા હે. ઘુઘરીકે અવાજ બડે જોરસેં સુનતે હે.



**વિદુષક**—(નેપથ્યમાં) બોલો ? કાજી સાહેબને શી રીતે રંજન કરશો ? પ્રથમ જઇને કહો

**વિદુષક**—( બીબીના રૂપમાં પ્રવેશ કરીને ) કાજી સાહેબ સલામ હે.

**કાજી**—(ઔરંગજેબ સામો હાથ કરીને) તેરે દાદેકું સલામ કર. (સૌ સભા મોઢા આડો હુચો રાખી હસેછે. તથા કાજી આડુ જોઇ જાયછે.)

**બીબી**—(ગાયછે) રાગ છાજીયાંનો.

આશક હુવાં અમે. ટેક.

આ અંખીયાંથી રંજન કરશું, આ દેખાડશું પગ;
લટકાં મટકાં એવાં કરશું, જાણશે આખો જગ. આશક.
ડાઢી ઝાલી ઉભા રાખશું, ચશ્માં નાંખશું ફોડી;
કાજી સાહેબ ઓરા આવશે, ત્યારે જાશું દોડી. આશક.
સોળ શણગાર આટાંણે સજ્યાછે, એકે નથીરે બાકી;
એમ ઘડીમાં નહીં માનીએ, શું કાજી રહ્યાછો તાકી. આશક.
જુઓ આ માથું તળીયાઝાટક, વાળનું ન મળે તરણું;
કાજીની આગળ ઉભી રહું તો, જાણે નાજુક હરણું. આશક.

**કાજી**—(ગુસ્સે થઈને) મેરે જઇફકી હાંસી ? લખ લાનત હે યહ શાદીકી મીજલસકું થુ ! યે મજલશપેં. ચલ કુતુબ ! ચલ દિલ્લી. હેફહે તેરી રયાશતકું ! ઔરંગજેબ ઐસે ગધે આદમીકું કચેરીમેં રખતા હે, વો કયા મુનાસબ હે !

**ઔરંગજેબ**—(કાજીનો હાથ ઝાલીને) બેઠો કાજીસાહેબ, બેઠો ખફા નહી હોનાં. યહ તો જશવંતસિંહકે આદમી હે. હમ કબ મશ્કરી કરતેહે.

**વજીર**—(કાજીનો હાથ ઝાલીને.) બૈઠીયે કાજી સાહેબ બૈઠીયે. દેખો શાદીમેં ઐસી મશ્કરીકા ઇધર રીવાજ હે. (કાજી બેસેછે.)

**વિદુષક**—ગુસ્સે થાઓછો, ત્યારે નહોતું આવવું.

**કાજી**—તેરા મું જલા.

**ઔરંગજેમ**—(વિદુષક આંખનો ઇસારો કરીને) વિદુષક, સ-

Taj Tahir Foundation

બકી મશ્કરી કરનાં લેકીન કાજીકી મશ્કરી નહીં કરનાં.

**વિદુષક**—બહુ સારૂં સાહેબ. (ગાયછે.)

દીવા વાંસે અંધારૂં મારા કાજીસાહેબ. ટેક.

**કાજી**—( ઔરંગજેબ ઉપર અર્થ લાગુ કરીને ) ઐસા હે તબજ તેં કચેરીકે બિચમે હમારી મશ્કરી કરવાતાહે; નહીંતો ચમડા ટુટ જાવે નાંહી.

**વિદુષક**—એમકે પાછા ચડ્યા. ઠીક ત્યારે ફાયદો કાઢજો (ગાયછે)

નાના ગુન્હાનું નામ ન લેવું, મોટા ગુના તો માફ;
ચીભડાના ચોરને ફાંસીની શિક્ષા, એવા કાજીના ઈનસાફ. મારા કાજી.
કાજી સાહેબછે શોખીન જીવડા, વચન બોલેછે ગાજી;
કાજીની સુરત નિરખી ત્યારે, બિબીનૂરી લાજી. મારા કાજી.
આંખે ચશ્માં ચડાવ્યાંછેને, વજીરને કહે પાજી;
કાજીસાહેબ એક ભેટ હું લાવ્યો, લીઓ આ ભાજીતાજી. મારા કાજી.
બાદશાહ સલામત પૂછે ત્યારે, કહેછે હાજી હાજી;
કાજી કામા એવા જોયા ત્યાં, ધોળી ડાઢી લાજી. મારા કાજી.
કાજી બેઠા કુરાન વાંચે, ફકર ગામની ઝાઝી;
ધણી ધણીયાણી રાજી ત્યારે કયા કરે મિયાં કાજી. મારા કાજી.
ફલા ફલા પગ નાખે કાજી, ચડવા જોઈએ વાજી;
કાજી સાહેબ ઉઠે ત્યારે, ઉઠયાં જાણે માજી. મારા કાજી.

**કાજી**—યહ કમજાતકું અબ કયા કરનાં મેરે બિના તેરેકું દુસરા કોઉભી મશ્કરી કરને લાયક મિલતા નાંહી ?

**નેપથ્યમાં**—કચેરીકે આદમીકું સલામહે.

**વજીર ને કાજી**—ાલેકમ સલામ, વાલેકમ સલામ. આઈયે આઈયે કોનહે ?

**ઔરંગજેબ**—કયું નહીં આયે ? વજીર, તલાશ કરો ? કોન પરદેશી જાતે હે ?

**વજીર**—અચ્છા સરકાર.

**સિપાઈ**—(પ્રવેશ કરીને.) ખુદાવિંદ દો ઘોડેસવારથે. સલામ



કરકે ચલ ગયે. ખડા રહેનેકું પુકારે લેકીન પૂર પટીસેં ઘોડા છોડ દીયાહે ! ઓર બહોત દુર નીકલ ગયે.

**ઔરંગજેબ**—કેસેં કમજાત, સુસ્ત આદમીહે. પીછાડી કયું નહી ગયે ?

**સિપાઈ**—સાહેબ હમ કયા કરે ? હમ તો સબ શાદીકી ધુમમેં બેઠેથે.

**વિદુષક**—કસુંબાના ઘેનમાં ચાલ્યા ગયા હશે, ઓણુ વિવા ડોય ધણા ઉલટયો છે. હિંદુને મુસલમાન સૌ ઉપડયું છે.

**સિપાઈ**—(પ્રવેશ કરીને) ખુદાવિંદ જશવંતસિંહ રાઠોડકી એક બાની હજુરમે આને મંગતીહે.

**વજીર**—આનેદો.

**પુરંધરી**—(પ્રવેશ કરીને.) ખુદાવિંદ કુરનસ બજાતીહું.

**ઔરંગજેબ**—કિતની દેરહે નિકલાકું ?

**પુરંધરી**—ખાવિંદ મૈં તો દુસરા ખબર દેને આઈ હું.

**કાજી**—દુસરા કયા ખબરહે બોલ ?

**પુરંધરી**—તુંમ જીસ વિમલ દેવીકો સાથ નિકા પઢનેકું ઈધર આયેહો, ઉસ્કું ઉદેપૂરકા રાણા રાજસિંહ હરન કર લે ગયા.

**વિદુષક**—હાય હાય, ત્યારે ઘોડાસવાર આહીં થઈને ગયા એ એજ ! પણ ભૂલ્યા. હવે શું થાય. નહીંતર મારી દોડમાંથી જાવા ન દેત.

**પુરંધરી**—અભી સલામ કરકે ગયે, વો ખુદ રાજસિંહરાણા !

**ઔરંગજેબ**—(ક્રોધાતુર થઈને. ) કયું, મુગલકી ઓરત વો રાણા લે જાયગા ? અરે વજીર લશ્કર તૈયાર કરદો. સારી દુનિયાં નક્ષત્રિ કરદઉંગા, તબ મેરા નાંઉ ઔરંગજેબ સચ્ચા. ઐસેં મેરી નજરૂંસ ઉડાકે લે જાયગા ? લખલાનતહે, તબ મેરી જાતકું.

**કાજી**—( પોતાની આગળ મશ્કરી થએલ, માટે હવે પ્રસંગ આવ્યો જાણીને) ખાવિંદ ઈધરકા રીવાજ મૂજબ વોતો મશ્કરી કીહોગી.

**પુરંધરી**—ખાવીંદ મશ્કરી નહીં હે સચી બાત હે.

**વિદુષક**—લઈ જાય સાહેબ રાણાનાં ઘરછે. અમારા પ્રતાપદાદાના રાજસિંહ હશે.

Taj Tahir Foundation

**ઑરંગજેબ**—ઉસ્કું સિંહ સિંહ કયા કરતાહે, ઉસ્કું તો ગધા બનાઊંગા.

**વજીર**—યા ! સુભાન અલ્લા ગજબકી બાતહે ! બાદશાહહુંકી ઓરત રજપૂત લે જાવે.

**કાજી**—સાલેને બુરા કિયા. નાચ તમાશાકું તો તાલા દેદીયા.

**વિદુષક**—ખાવીંદ સાંભળો. કાજી સાહેબને તો હજુ નાચ તમાશાનું જાયછે.

**કનીઝક**—(પ્રવેશ કરીને.) ખાવિંદ બહોત દિલગીરીકી બાત હુઇહે, મેં જીભાનસેં નહીં નિકાલ શકતી.

**કાજી**—અબ કાયકે બાસ્તે ડર ખાતી. વો તો અવલસેં ખબર રોશન હો ગયાહે.

**કનીઝક**—કયા ખબર ?

**કાજી**—બિમલાકા હરનકી બાત કે દુસરી ?

**કનીઝક**—(અજાએબ થઈને.) યા ! ખુદાતાલા, યે કયાબાત !

**કાજી**—તબ તેં કયા ખબર લાઇહે ?

**કનીઝક**—ખાવિંદ બેગમ સાહેબ દેવીકે દેવલમેં બિમલા ઉધર જાનેવાલીથી ઉસ્કે તપાસમેં ગયેથે વહાં કિતેક ઘોડેસવારને આકર અપના આદમીકુ મારકે હુરમ સાહેબકુ ઉઠા ગૈયે.

**વિદુષક**—ભૂલછ. બેન, ભૂલછ, એ તો વિમળા હશે. વળી જનાનાનું તે હરણ હોય !

**કનીઝક**—મૈંને આંખુસેં દેખા. મૈં ઉસ્કી પાસથી.

**ઑરંગજેબ**—(કોપાયમાન થઇને.) વજીર કયા બંદોબસ્ત તુંમને કીયાહે !

**કાજી**—ખાવિંદ, ગલત બાતહે, હુરમ સાહેબકુ ઉઠા જાનેકી કિનકી તાકાતહે !

**કનીઝક**—મેં ભેલીથી સો જૂઠ, દેખો મેરેકુભી ચાબુખ લગાયાહે.

(વાસો દેખાડે છે-)

**વિદુષક**—આહોહોહો !! વાંસો તો ફાડી નાંખ્યોછે ને શું ?

**ઑરંગજેબ**—ઈસકુ કોન લે ગયા હોગા ? વોભી રાજસિંહહોગા?



**પુરંધરી**—(જે એક બાજુ ઉભી હતી તે વચમાં) નહીં ખાવિંદ વોતો અજેપાલ ભીલ ઉઠા ગયા હોગા.

**કનીઝક**—(જેણે અત્યાર સુધી પુરંધરીને જોઈ નહોતી, તેને વચમાં બોલતાં જોઇને.) યહ રંડી ઇધરભી આ પુહુંચીહે. ખાવિંદ યહ લુંડીનેજ સબ સત્યાનાશ નીકાલાહે. હમકુભી વહાં જાનેકા ખબર ઇન્નેજ દીયાથા, ઓર હરવખ્ત બાતમી દેનેકુ આતીથી. ઉસપરસેં હમ સચ્ચા માનકે વહાં ગયે, લેકીન ઉસમેસેં ઐસા પરિણામ હુવા ઓર અભી યેહ બોલતી હેકે અજેપાલ હોગા. સો ઉસ્કાજ તરકટ હે ! નહીંતો, અજેપાલ હોયગા વેસા ઉને કિસતરેસેં જાનાં !

**કાજી**—ખાવિંદ સચ બાતહે. બિના ઈસ્કુ કહાંસેં માલુમ હોવે.

**ઑરંગજેબ**—(પુરંધરીને કોરડા મારીને.) સચ ચોલદે. કયા હકીકત હે ?

**પુરંધરી**—ખાવિંદ ઉસ્મે મેરા કુચ્છ ગુન્હા નહીંહે.

**વજીર**—તબ કિસકાહે, સચ બોલ.

**પુરંધરી**—ખાવિંદ બિમલા વહાં જાનેવાલેથે, વો બાતનો સચથી. ઓર ઉસપરસેંજ મેને કેશરબાકું ખબર દીયાથા. કે વહાંસેં બીમલા નીકલ ન જાવે એસા બંદોબસ્ત રખનાં સો ઈસ્મેં મેરા કયા કસુર ?

**ઑરંગજેબ**—અજેપાલ કોનહે વો બોલ.

**પુરંધરી**—ખાવિંદ વો ભિલહે. ઓર લુંટકા ધંધા કરતાહે. વો બિમલાપર આશક હુવાથા. સો ઉસ્કું કબજેમે લેને બાસ્તે મેરી મારફત બાત ચલાતાથા. સો મૈંને એક દફે બિમલાકી પાસ ઉસ્કી બાત નીકાલી. તબ ઊંને ગુસ્સેં હોકર ઉસ્કા બહોત ધિક્કાર કીયા. ઓર મેરેકું ઐસા નહીં બોલનેકું શિખદી. ઉસ અવલ અજેપાલને મુજકું બહોત પેસા ખીલાયાથા. વો જબ મૈંને જાકે કહા કે બિમલા તેરે હાથમેં નહીં આયગી. તબ વો ઉસ્કા પેસા પીછા મંગને લગા. તબ મેને ઉસ્કું કહાકે તેં ધીરજ રખ. એસા વખ્ત જબ આયગા, તબ મૈં તુજકુ મિલા દઊંગી. ઉસ બાસ્ત યહ બિમલા અકેલી દેવીકે મંદીરપેં જાનેવાલીથી, વૈસા ખબર જાનનેસેં ઉસ્કુ વહાં

Taj Tahir Foundation

જાકે બિમલાકુ લેજાનેકા કહા. ઉસપરસેં વો વહાં ગયા હોગા.

**કાજી**—દેખો સાલીને કૈસી ખટપટ લગાઇહે, રંડી મકરજના ઐસા કરનાથા, તબ હુરમ સાહેબકુ ઉધર કાયકુ ભેજે.

**પુરંધરી**—ખાવિંદ, મેરે દિલમેં ફિકરથી કે જો અજેપાલ જીતા રહેગા તો બિમલા બિના મેરેકુ ચેન પડને નહીં દેયગા, બાસ્તે ઉસ્કુ સમજાકે મૈંને વહાં ભીજાથા, ઓર, દિલમેં નિશ્ચયથા કે વો જબ બિમલાકુ ઉઠાવેગા તબ કેશરબા ઉસ્કું અપના આદમીસેં કતલ કરવાવેગે. મગર વો તો કુચ્છ હુવા નહીં. ઓર આખીર મેરીજ કમબખ્તીકા વકત આયા. વો કમજાતકુ મેને કહાયા કે વહાં કેશરબા જાનેવાલેહે સો ઉસ્કુ મત બુલાનાં, તોભી સાલા ઉસ્કુંજ ઉઠા લેગયા.

**વિદુષક**—ભૂલથી લઈ ગયો હશે. નહીતર કંઈ હિંદુને મુસલમાન ઓળખાયા વિના રહે?

**પુરંધરી**—વો પીછાન પડનેકે બાસ્તે તો મૈંને અવલસેં કહાથા કે કેશરબા બીબીકા પોશાક પહીરતેહે. બાસ્તે જીને હિન્દવી લીબાશ પહીરા હોવે ઉસ્કુ ઉઠાના, દુસરેકું મત બુલાનાં.

**કનીઝક**—ખાવિંદ, બેગમ સાહેબને આજ હિન્દવી લિબાશ પહીરાથા.

**વિદુષક**—ત્યારે તો તમેજ ઘર ઘાલ્યું છે. અત્યાર સુધી બોલતી શું નથી?

**ઔરંગજેબ**—વજીર, યહ કમજાત લૂંડીને શબ પ્રપંચકર અપનેકુ તકલીફ દીહે, બાસ્તે ઉસ્કુ દુસરી સજા તો નહીં કરતાહું મગર લશ્કરમેંસેં હલકેમેં હલકા સિપાઇસેં ઉસ્કી શાદી કરદો. ઇસ્કુ હીંદુમેંસેં મુસલમીન કરની ઇતની સજા બસહે.

**વિદુષક**—લીયો, તમે જો આટલી મેહેનત કરી, અને આંકી ખબર દેવા તરત આવ્યાં, તો સૌથી પેહેલાં તમારી સાદી થઇ.

**વજીર**—સિપાઇ ઈસ્કુ અબિ કેદમે રખો. પીછે બાત.

**કનીઝક**—ખાવિંદ તબ મૈંભી રૂકશત લેતીહું. (જાયછે.)

**ઔરંગજેબ**—વજીર કુરાનકી કસમસેં કહેતાહું કે, જબ મૈં



સબ રજપૂત મારકે જેરકર ઉસ્કા બીજ નિકાલુંગા, તબ આરામ કરૂંગા. વહાં તલગ નિંદ ઓર સેનાં હરામહે.

**વજીર**—ખાવિંદ, અપને ઇધર આકે ઇજત ગુમાઇ.

**કાજી**—હમકું તો જીતેઇ ઇધર દફનાઓ. અબ દિલ્લીમે કયા મું દીખાનાં ! !

**વિદુષક**—ઇ વિચારે સારોછે. જઈફ થયાછો. સગાતલો નોય ઠીકછે. પણ ખાવિંદ આ તો હવેલી લેતાં ગુજરાત ખોઇ. લેને ગઈ પૂત ને ખોઆઈ ખસમ. ઉસ માફીક હુવા.

**ઔરંગજેબ**—અબ તેં મત બોલ. તેરાભી કમનશીબ સમજ.

**વિદુષક**—ચાલો ભાઈ હવે છેલશીયાં થઈ જાય તો ખબર ન પડે. સિંહ આગળ રમત છોડીછે. (જાયછે.)

**ઔરંગજેબ**—યા! અલ્લા! હિંદુકે મગજમે ઐસા પવન આયાહે કે મેરી નજરૂસેં મેરી હોનું હુરમકું ઉઠા લેગયે. બસ બસ કસમ લેતાહું કે જબ મેં ન હીંદવી પૃથ્વી કરૂંગા. ઓર રાણા રાજસિંહકુ યહ હાથસેં જબે કરૂંગા, તબ આરામકર બૈઠુંગા, ઓર ઈસ્મેં જશવંતસિંહ રાઠોડકીભી છુપી મસલત હોગી યું માલુમ હોતાહે, ઉસ બિના યહ બાત કભી હોવે નહીં. વજીર, રૂપનગઢ કબજકર પાયમાલ કરડાલો. જોધપૂરકુ જમીદોસ્ત કરનાં. ઓર સારા શહર લુંટ લેનાં. જશવંતસિંહકુ કેદ કર પાઊંમે જંજીર ડાલકર ઇધર લાઓ ઓર દિલ્લીમે જો કુચ્છ લશ્કર રહાહે, સો મંગવાઓ. ઓર ઇહાંસેં મેવાડપર એકીદમ હલ્લાં કરનીહે. યે નામોશિસેં મરનાં બહેતર હે. મુગલ બાદશાહીકા સબ નૂર વો લે ગયા, વજીર, તુંમને કૈસી ગફલતકી. દુશ્મન ઐસે નજીક આય ખરાબી કરકે ચલે ગયે (વજીર નીચું મોઢું રાખી હાથ જોડી ઉભો રહેછે.) ટેબરખાન.

**ટેબરખાંન**—હુકમ !

**ઔરંગજેબ**—તુમારા બંદોબસ્ત કૈસા, નોકરીકે કાંઊં મેં નાલાયકહો. કાજીકું (બીકનો માર્યો કાજી જમીન ઉપર પડી જાય છે. તે ધ્રુજેછે.) બીલકૂલ ઇજતકી ગમ નહીંહે સબ અદગી સુસ્ત ઓર નિકમહરામ હો ગયેહે ચલો અબ બિલકૂલ ઈધર ઠેરનાં નહીંહે,

Taj Tahir Foundation

**કાજી**—(ઉભો થઈને.) હમ કયા કરે ઉસમેં, ચલો અભિ પકડ લેયેંગે, કીતેક દુર ગયે હોંગે,

**ટેમ્બરખાંન**—ગયે હોગે તોભી ક્યા ?

**વઝીર**—કુચ્છ મુશ્કેલ નહીંહે.

(એમ બોલતા બોલતા સૌ નીકળી જાયછે.)

## પ્રવેશ ૪ થો.

**સ્થળ**—જોધપૂરની સીમ.

**પાત્ર**—દયાળશા, ચંદ્રસેન.

**દયાળશા**—કેમ ચંદ્રસેનજી. રાજા અને રાણીએ ઘોડા બહુ જોરથી મારી મૂક્યા છે. આપણાથી આશરે પાંચ કોશ આગળ નીકળી ગયા હશે.

**ચંદ્રસેન**—હા, એના ઘોડા છે સારા તો આજ આપણી સરહદમાં જઈ પહોંચશે. એમાં કશો શક નથી.

**દયાળશા**—આપણી સરહદમાં જાય, તોપછી કોઇનો મગદુરનથી.

**ચંદ્રસેન**—આપણે પણ તાકીદથી ચાલવું જોઈએ. કેમકે મુસલમાન પાછળ હાય પોકારતા આવેછે. માટે ગફલતમાં રહેવાનો આ વખત નથી.

**દયાળશા**—ચંદ્રસેનજી, મુંને એક વિચાર આવેછે. તેમાં તમારો શું મત છે ?

**ચંદ્રસેન**—બોલો શું છે ?

**દયાળશા**—રાજા અને રાણી આગળ જાયછે. એના ઘોડા બહુ દોડવાથી કદી થાકી જાય, અગર એમાંથી એકાદ જાનવર મરી જાય, તો તે આગળ જઈ શકે નહીં. અને પાછળ મુસલમાન પણ દોડતા આવેછે તો એવો ઇત્તેફાક બનવાથી એ પલમાં પકડાઈ જાય, માંટે, હુંતો જાણુંછું કે આ રસ્તો ભૂલાવી મુગલોને બીજે રસ્તે આપણે ચડાવી દઇએ તો પછી રાજા રાણીને કાંઈ પણ અડચણ ન આવે. અને બિન હરકતથી આપણી સરહદમાં જઈ પહોંચે.



**ચંદ્રસેન**—હા, એમ કરવું મુંને પણ વ્યાજબી લાગેછે. એના ઘોડા થાકે એવા તો નથી. તોપણ કદાચ એવું થાય તો પછી આપણે શું કરીએ. માટે પ્રથમથીજ આમ કરવું ઉત્તમ છે.

**દયાળશા**—ત્યારે આપણે ઉભા રહો. અને મુસલમાનોને નજીક આવવા દીઓ ત્યારે એ આપણને દેખી જાણશે કે રાજસિંહ અને વિમળદેવી છે. પછી આપણે શું કરવું. આ ઉદેપૂરનો રસ્તો છોડી આ ડાબી બાજુનો ઉજડ રસ્તો પકડી લેવો. ત્યારે તે આપણી પાછળ પડશે. તો આજ એને આપણે ઓછામાં ઓછો પચીશ ગાઉનો ભૂલાવો દઈ શકશું. અને એટલે દુર ગયા પછી પર્વતની ખીણમાં થઈ, આપણે કયાંય ગુમ થઈ જવું એટલે આપણને નહીં દેખે, તેથી ત્યાં અટકશે, એટલામાં આપણે શું કરવું કે ત્યાંના ભીલોનો આશ્રય લઈ એના ઉપર હુમલો કરવો જેથી એની દુરદશા થશે ! તે દરમ્યાનમાં રાણાજી મજેથી આપણી સરહદમાં જઈ પહોંચશે

**ચંદ્રસેન**—મુંને પણ આ વિચાર ઉત્તમ લાગેછે. નહીંતો હાથ આવી બાજી હારી જશું. વળી આ રસ્તો પણ મેં જોયેલો છે. તેમ એમની તરફના ભીલો પણ આપણી પિછાનવાળા છે જેથી કરી કશી અડચણ નહીં આવે.

**દયાળશા**—ત્યારે તો આ વિચારમાં આપણને ફત્તેહમંદ થવાને કશી પણ હરકત નહીં આવે.

**ચંદ્રસેન**—બહુસારૂં, ત્યારે રોકાઓ.મુગલસ્વારોને આવવાદીઓ.

**નેપથ્યમાં**—અભી પકડ લેયેંગે, કિતેક દુર ગયે હોંગે, બહોત દુર હે નાંહીં.

**દયાળશા**—ચંદ્રસેન,તેઓ આવી પહોંચ્યા.હવેપકડો આ રસ્તો.

**ચંદ્રસેન**—હા, ચાલો.

**નેપથ્યમાં**—કરીમખાં મેરે બેટેને ઉદેપૂરકા રસ્તા છોડ દીયા, ઔર યહ ખરાબ રસ્તા પકડ લીયા. લેકીન ફિકર નાંહી. કોસભરમેં તો પકડ લેયેંગે.

**ચંદ્રસેન**—મીયાં પડે, તોપણ ટંગડી નીચી ન કરે.

Taj Tahir Foundation

**દયાળશા**—એવા છે, ત્યારેજ આપણે જેમ ધાર્યું હતું તેમજ થયું. હવે ફિકર નથી આવવા દીધો.

**નેપથ્યમાં**—ચલે આઓ, સબ ચલે આઓ. બહોત દુર નહીં હે.

( બંને નીકળી જાયછે.

## પ્રવેશ ૫ મો.

સ્થળ—જંગલ.

**પાત્ર—શુભાનખાં, ઈબ્રાહિમખાં, કરીમખાં, રેહેમાનખાં,** પુરંધરી.

**શુભાનખાં**—મીયાં ઈબ્રાહીમખાં, અલા તુમકું સલામત રખે! લેકીન ઔરંગજેબકા તો નાક કટા ગયા. દુનિયાંમેં ઉસ્કા મુર્ત્તબા ગયા. બરાત લેકે બડી ધામધુમસેં શાદી કરનેકું નીકલ આયે, ઓર અબ ફીક્કે વનાંમોશ મુસેં પીછા જાનાં પરેગા.

**ઈબ્રાહીમખાં**—બાતાં તો સચહે, રંડી હાથમેસેં છીટક ગઈ. ઉસ્મે મીયાં સચ કહવે તો બાદશાહકી કસુર હે. અપની ઉંન્ને મસલત લી હોતી તો કેશરબા જો જનાનેકી બેગમ ઉસ્કું તો કભી જાને નહીં દેતે.

**કરીમખાં**—મીયાં કુચ્છ બાત કરનેકી નહીં હે. સાલે કાફરને તો કરનેમેં કુચ્છ બાકી નહીં રખીહે. જીસ્કી સંગે શાદી કરનેકું આયેહે, ઉસ્કું તો લે ગયે. મગર પહીલે જો શાદીથી; જો અબ બેગમકા હક ઉડાતીથી ઉસ્કુંભી લે ગયે. અબ દુનિયાંમેં મું કયા બતાનાં!

**રેહેમાનખાં**—હાં સાલે, બાદશાહકે તુખમકી દો તીન તો બેટે બેટી હો ગયેં હે. ઉસ્કું ભી ઉઠા ગયે હે. અબ ઔરંગજેબ બડા શરમિંદા હો ગયા હે. લેકીન કયા કરે! સાલે હથ આવે તો તો ટુકડે ટુકડા કર દેવે,

**કરીમખાં**—મિયાં હાથ આવે તબ લે કયું જાવે?

**ઇબ્રાહીમખાં**—અબ સબ કાફરપર બાદશાહ બડા ગુસ્સે હો રહા હે. સબકું મારકે જેર કરેગા.

**રેહેમાનખાં**—મીયાં જેર તો કરેગા મગર બાદશાહ આપેઈ ગેર



ઇનસાફસેં ચલતા હે. ઉસ્કી ખુદાને સજા કીહે. વો ઉસ્કું માલુમ નહીંહે!

**કરીમખાં**—મીયાં, કયાં ગેરઈનસાફકી બાત કરતે હો તુંમકું માલુમ હે?

**રેહેમાનખાં**—હાં, દેખો જીતને જીતને કાફરમેં અચ્છી અચ્છી ઓરતાંહે, ઉસ્કુ તો વો જબરજસ્તીસેં અપના જનાને દાખલ કરતાહે. મગર એકભિ અપનેજેસેં સિપાઈ બચ્ચેહે સુપ્રદ કરતેહે! વો કુચ્છ થોરા જુલમહે? ઓર લડાઇમે શિર અપને દેતેહે. મગર જબ ઉસ્કું પકડકે હાજર કરેંગે, તબ મોજમજા આપેઈ અકેલા ઉડાવેગા. વો ખુદા કયું રહેમ નજરસેં દેખે! અપની નોકરી પરભી બાદશાહને દરિયાફ્ કરનાં ચહીએ. કે યહ સિપાઇ કે બચ્ચે કેસી કેસી તકલીફ ઉઠાતેહે. ઉસપર તો નજરભી નહીં કરતા. તેરી સોગન યહ શાદીકી પંચાતમેં તો નુરમામદકી માકા મુંભી તિન માससેં દેખા નહીં હે.

**કરીમખાં**—મીયાં કયા બાત કરે, કેશરબા જો થી, કયા ઉસ્કી ખુબસુરતીથીં ખુદા જાને હમારે હાથમેં જો વો આઈ, તો હમ તો બાદશાહકુ સુપ્રદ ન કરે, ઓર આપેય ઉઠાકે રાણાકે મુલકમેં ચલે જાવે. એ કદરદાનકી નોકરીમેં કયા ફાયદા?

**રેહેમાનખાં**—મીયાં, તબ દુસરા કોન કમબખ્ત હોગા કે ઐસી મિલે તો બાદશાહકુ જાકે સુપ્રદ કરેગા. કેશરબાપર તો યહ જી કુરબાન હે.

**કરીમખાં**—તો સચ કહું, જબસેં શાદીકી બાત ચલતીથી તબસેં ખતીજાકા મું નહીં દેખાહે. ઓર તેરી કસમ ઉસ્કી સાથ રોટી ખાએ છે માસ હો ગયા. અબ તો ઇધરસેં કબ છુટ કે ઘરૂં જાકે બાલબચ્ચેકે સંગ બેઠે.

**ઇબ્રાહીમખાં**—મીયાં બોલનેમેં બહોત ફાયદા હો ગયા. કુચ્છ અક્કલ ઠીકાને હે કે નહીં, ઐસી બાત કરતે હો તો કબરમેં જાનેકી ઉમેદવારી હો ગઈ હે. બાદશાહકે કાનપર યહ બાત જાયગી તો નાહક મારે જાઓગે.

**શુભાનખાં**—સચ બાત કહેતેહો. ઔરંગજેબકે બાતમીદાર

Taj Tahir Foundation

બહોત ફિરતેહે, કભી કાંસીને સુના તો માલુમ હો જાયગા, સમાલકે બાલીએ મીયાં!

**કરિમખાં**—મીયાં, હમ કયા જૂઠ કહતેહે? યહ પર્વતમેં રંડાયાંકુ પકડને બાસ્તે સારા લશ્કર ભેજાહે. ઉસ્મે બહોત મુસલમીન બચેં વો ભીલુંકે હુમલેસેં મારે ગયે. ઓર ખુદા જાને અબ કયા હોગા. ઓર મીયાં તુંમ કાયકુ હમકુ શિખ ન દેને લગો! (પુરંધરી બાદશાહે તેને સોંપીછે ને સાથેછે તેથી) તુમકુ બાદશાહને રંડી સુપ્રદ કરદી. ઓર મજેસેં મોજ લુંટો, દુસરી તિસરી બાત બોલનેકી અબ કયા જરૂર હોવે?

**ઇબ્રાહીમખાં**—બાદશાહને સુપ્રદ એસેઇ નહીં કીહે. દુસરા કોને હમારેસેં હલકા સિપાઈથા, કે ઉસ્કું દેવે?

**કરીમખાં**—તુમારેસેં તો હમ હલકે સિપાઈ હે. લેકીન ઉસ વકત હાજર નહીંથા. નહીંતો બેશક હમકું સુપ્રત કરતે.

**ઇબ્રાહીમખા**—મીયાં હમસેં તુમ કબ નીચહો. હમારે બાપુને તો કેસેં કેસેં નીચે કામ કીયેથે, વો તુમકુ માલુમહે? ઉસ સબબસેં હલકે ગિને જાતેહે.

**કરીમખાં**—તુમસેં હમ જ્યાદે હલકેહે યહ બાત ટેબરખાંનકું હમ બોલેંગે, બાદશાહકા હુકમ હલકેમેં હલકે સિપાઇકુ દેનેકા હે. કુચ્છ તુમારે જેસેં બડેકુ દેનેકા નહીંહે.

**ઇબ્રાહીમખાં**—મીયાં ઈસ્મેં સાર નહીં નીકાલોગે, હમારે બાપુ જેસા તુમારા બાપુને હલકા કાંઊં કીયા નહીંહે.

**કરીમખાં**—ક્યા તુમારા બાપુને હલકા કાંઊં કીયાહે.

**ઇબ્રાહીમખાં**—દેખો હમારે બાપુ તો અવલ અકબર બાદશાહકે વકતમેં ગુન્હેગાર આદમીકું ગરદન મારનેકે કામપરથે. બોલો અબ ઈસેં દુસરા કોનસા હલકા કામ હોગા?

**કરીમખાં**—તબ હમારે બુજરગ તો ઉસ વકતમેં ભીખ માંગકે ખાતેથે. બોલો ઇસ્મેં કીસકા કામ હલકાહે.

**ઇબ્રાહીમખાં**—હમારા કામ હલકાહે.

**શુભાનખાં**—મીયાં, આપસ આપસમેં ટંટા કીયા કરતે હો.



**કરીમખાં**—કાયકું ટંટા ન કરે. સબ બાંટકે ખાવે તો ટંટા પત જાવે નહીંતર બેશક હમ ટેબરખાનકે પાસ જીકર લેયેંગે. આખીર હમારે હાથમેં તો નહીં આવે તો બેર. મગર તુમારે હાથમેં તો નહીં રહેને દેયેંગે.

**ઇબ્રાહીમખાં**—મીયાં ચલો તુમારી મરજી માફીક કરેંગે ફીર કયા. અપને કબ જૂદેહે.

**પુરંધરી**—(અત્યારસુધી ઉભી ઉભી સાંભળતી હતી, તે સ્વગત) હા! દૈવ હવે મારૂં શું થશે! આ તરકડાના હાથમાંથી શી રીતે છૂટું, વિમળાને વટલાવવાનો પ્રપંચ કર્યો, ત્યાંતો હુંજ વટલાણી. આ પીટીયાઓ પાસે આખો દિવસ કામ કરી કરી, મારો અંત જાયછે. તે છતાં પાછો માર પડેછે ઈ જૂદો. આ લજામણા મોઢાવાળાને જોઇ મારૂં અંતઃકરણ કંપ્યા કરેછે. અરે! હું કેવી સ્થીતિમાં હતી; મારી દુર બુદ્ધિને લીધે સઘળાને સંતાપમાં નાંખી, આખર હું પણ આ દશાને પામી. જેનું જેવું કૃત્ય તેવું તેને ફળ મળ્યા વગર રહેજ નહીં. જેનું મેં રજક ખાધું હતું, તેનુંજ ખોદવા તૈયાર થઈ તો આખર મારા પગમાંજ કુવાડા લાગ્યા. આ નીચ સિપાઈ મારે માટે એક બીજા લડી મરેછે. તો હજી પણ મારી શી વલે થવાની હશે. તે ઇશ્વર જાણે!

**રેહેમાનખાં**—મીયાં સાલે વો દો સવારને અપનેકું ભૂલ ખીલાઈ, નહિ તો પલકમેં રાણાકું પકડ લેતે. મગર યહ જૂઠી રાહપર લાકર કીધર ભી સાલે યહ પર્વતુંમેં ગુંમ હો ગયે.

**શુભાનખાં**—મીયાં, વો દો સ્વારને કીયા ભૂલ ખીલાઈ હે, વોજ રાણા વ વિમલા થે. ઉસ્કુંજ પકડને બાસ્તે ઇતની તકલીફ લીહે.

**કરીમખાં**—મીયાં, તબ કેશરબાકા કુચ્છ પત્તા લગા?

**શુભાનખાં**—ઉસ્કી તપાસમેં તો બાદશાહ આપેઇ ગયાં હે હાથ આઇ કે નહીં આઈ વો ખુદા જાને.

**રેહેમાનખાં**—અબ ઇધર છાવણી ડાલકે દો દીનસે પડે હે, તો કયા ઇરાદા હે? ઇધરતો યહ પર્વતોમેં ઉસ્કા પત્તા લગનાં મુશ્કેલહે. નાહક સિપાઇ બચેકા જાન કાયકે બાસ્તે લેતેહે!

Taj Tahir Foundation

**ઇબ્રાહીમખાં**—મીયાં આજ એક નયા ઠરાવ હુવા હે, ઉસ્કી તુંમકું માલુમ નહીં હે.

**રહેમાનખાં**—કયા ઠેરાવ હુવા હે ?

**ઇબ્રાહીમખાં**—દશ દશ આદમીકી ટુકડીયાં કરકે સારા પર્વત ઢુંઢનાં હે.

**કરીમખાં**—અચ્છી તદબીર નીકાલી. દશકું કબરમેં દાખલ હોનાં મુશ્કેલ ન હોવે. લડનાંતો સબકું સંગ લડનાં, ઓર ભગજા-નાં તોભી સંગ.

**રહેમાનખાં**—લડનાં કાયકું, ભગજાના અચ્છા હે !

**ઇબ્રાહીમખાં**—મીયાં ઐસી બાત ટૈબરખાનકે મુંપર બોલી-ઓ. તબ તુંમકુંતો યહ દુનિયાંસેં તુરત દૂર કરેંગે.

**કરીમખાં**—મુંપર કાયકે બાસ્તે બોલેં !

**ઇબ્રાહીમખાં**—તબ કયા કરનાં ?

**કરીમખાં**—અપની ટુકડીકુંતો લેકે દુસરે રસ્તે હોકર દિલ્લિકા રસ્તા પકડ લેનાં. ઇધર કોન ભાવ પૂછતા હે, કે કોન આયે ઓર કોન ગયે. ઓર કભી માલુમ હોગા તો, બોલ દેયેંગે કે હમતો ખોજ કરતે કરતે ઇહાં તલક નીકલ આયે. લેકીન કહાંભી પત્તા નહીં લગા.

**રહેમાનખાં**—વો યુક્તિ અચ્છી નીકાલી.

**કરીમખાં**—ચલો તબ ખુદાકા નામ લેકે !

**ઇબ્રાહીમખાં**—(પુરંધરીને) ચલો પુરંધરી, યહ મશક ઉઠાલો.

**કરીમખાં**—જીનાબ, અબ દિલકું ચેન રખનાં, દિલ્લી જાકે તુંમકું બહોત મજે કરાયગેં.

**પુરંધરી**—ચાલો સાહેબ.

(સો નીકળી જાયછે.)

**अंक ४ थो समाप्त.**

# अंक ५ मो.

## पात्रजन.

શાજસિંહ....... ઉદેપૂરનો તખ્તનશીન રાણો.
વિમળદેવી.........રાજસિંહની રાણી.
જયા..............વિમળદેવીની દાસી.
ઇબ્રાહિમખાં, કરીમખાં }...ઔરંગજેબના સિપાઈ.
પુરંધરી...........ભીલની છોકરી.
અજેપાલ.........લૂટારૂ ભીલનો સરદાર.
કેશરબા..........ઔરંગ જેબની હુરમ.
દયાળશાહ........રાજસિંહનો પ્રધાન.
જેમલ...........રાણાનો દશાંદી બારોટ.
ચંદ્રસેન...........રાણાનો પટાવત.
ઔરંગજેબ ......દિલ્લીનો બાદશાહ.
વજીર ............તેનો પ્રધાન.
કાજી.............તેનો ન્યાયાધીશ.
કેશરબા...........તેની હુરમ.
કનીઝક ..........કેશરબાની દાસી.
સુરસિંહ ..........રાણા રાજસિંહનો અમીર.
નરહરભટ.........ઉદેપૂરના પ્રતિષ્ટિત રાજગોર.
ફતેહખાં ..........મુગલ સિપાઈ.
જશવંતસિંહ .....જોધપૂરનો રાઠોડ રાજા.

( ત્યારબાદ સૂત્રધાર વિદુષક વિગેરે પ્રવેશ કરે છે. )

Taj Tahir Foundation

# અંક ૫ મો.

## પ્રવેશ ૧ લો.

### સ્થળ—મેવાડની સરહદ.

**પાત્ર—રાજસિંહ, વિમળદેવી. જયા, પુરંધરી, ઈબ્રાહીમખાં, કરીમખાં.**

**રાજ૦**—કેમ પ્રીયા, આપણે આંહી રોકાઈ થોડો વખત વિશ્રાંતિ લઇએ તો સારૂં, કેમકે મુસાફરીનો પરિશ્રમ ઘણો પડ્યો છે. વળી તમારાં સકોમળ અંગને પણ ઘોડાપર સ્વારી કરવાથી શ્રમ લાગ્યો હશે. માટે આ પર્વતની તલેટી આનંદ યુક્ત થઈ રહી છે. જેના વૃક્ષોની ઘટા કે જેની અંદરથી શિતલતા યુક્ત સુગંધમય પવનોની લહેરો આવેછે, તેમાં થોડો વખત પણ વિશ્રાંતિ લેવાથી, તમારા શરીરને આરામ મળશે. તથા આ રમુજી અને કુદરતી દેખાવ જોઇ તમે જે મુસાફરીથી કંટાળી ગયાંછો. તે સઘળું વિસરી જશો.

**વિમળદેવી—** રાસડો.

તમે પ્રાણાધારછો પાસ, શ્રમ શેનો લાગેરે.—ટેક.
વદન નીહાળું વેગથી, હર્ષ તણો નહીં પાર;
ઉત્કંઠા દિલમાં હતી, તેતો મળીયા હૈયાના હાર;
મારા સુભાગ્યેરે—તમે પ્રાણા૦
પ્રીય એ ઇચ્છા માહરી, ઉદેપૂર મોઝાર;
જઇને તમ સેવા કરૂં, રાખી પતિવ્રતનો આચાર;
અંતર મારૂં માગેરે—તમે પ્રાણા૦
સિતાને જેમ રઘુપતિ, પ્રલ્હાદને નરસિંહ;
એ રીતે રક્ષણ કર્યું, તમે મારૂં રાણા રાજસિંહ;
આવ્યા મારી આગેરે—તમે પ્રાણા૦

**રાજ૦—** શિખરણીછંદ.

ખરે હે વામાંગી, કુલીન વધુછો ઉત્તમ પ્રીયા;
મળ્યાં છો સૂભાગ્યે, સરલ પ્રીય વાદી સુખમયા.
નહીં ઇચ્છું ક્યારે, વદન શશિ આતો દુર થવા;



સુધાપ્યાઇ સ્યામા, અધર થકિ પામું પ્રીયરમા.
ખરે છોરે રંભા, વિર રસ વપૂ ધારી વનિતા;
ખરે આવ્યાં છોરે, સુરજ કુળ શોભાય સરિતા.
વદો વાણી પ્યારી, રૂતુ રૂતુ વિશે હંસ વરણી;
અહો મુગ્ધા બાળા, ચરણ ધન્ય મેવાડ ધરણી.

**વિમળ૦** તમો જાણો રીતી, શુર વિર સવીતા કુળ તણી;
તમે જાણો નીતી, અતુલીત વનિતા દુઃખ તણી.
તમો આવ્યા વેગે, હિતકર હમારી વિનતિથી;
દિસો પૂરા પ્રેમી, વિલસિત સર્વદા સુખ મઇ.

પ્રાણનાથ જુઓ આપણી નજર આગળ પેલો મૃગ જે આંહીં એની પ્રિયા સાથે ક્રીડા કરતો હતો તે જ્યારે સરોવરની પાસે ગયો ત્યારે ઘણી મૃગલીયોના વૃંદમાં મળવાથી પેહેલી મૃગલીને વિસરી ગયો અહાહા ! ! કેવી સંસારી પ્રેમની અજબ રીતી છે.

**રાજ૦**—પ્રિયાં સ્ત્રી વર્ગનું આકર્ષણ એવુંજ છે, તથાપી હું તો જાણુંછું કે એ પેહેલી મૃગલીને વિસરી ગયો નહીં હોય ! પરંતુ આ અન્યોક્તિથી તમારા મનનો જે અભિપ્રાય છે તે હું અંતઃકરણમાં સમજી ગયો છું.

**વિમળદેવી**—આપ વિચિક્ષણ સ્વામિનાથના સમજવામાં ન આવે, એવી કઇ વસ્તુ છે ? પરંતુ આપે જે હમણાં પ્રત્યુત્તર આપ્યો તે હુ પણ સમજી ગઇછું. તોપણ મારા મનમાં મારા જેવી બીજી મૃગલીયોની ધાસ્તી રહે છે. માટે—

**મારવાડી લાવણી.**

(અચ્છા મેરી જાન સંગ ન છુટે એ રાહ.)
પીયુ આવો સ્નેહ નિભાવશો નિત્યે,
હાલ ચાહો જેવી પ્રીતે—પીયું—ટેક.
આપ જનાનામાં મારા જેવી, અનેક દેખી વિસરૂં ચિત્તે.
નીભાવશો નિત્યે—પીયુ.
તન મન મારૂં આપ સરવછો, રાખશો પ્રીત રૂડી રીતે—નિભાવ.
અળગી રાણાજી કરશો નહીં કદી, રાખશો સંગ સદા પ્રીતે.
નિભાવશો નિત્તે—પીયુ.

Taj Tahir Foundation

પ્રાણુનાથ તોપણ મારા મનનો જે રહસ્ય છે તે આપની આગળ સ્પષ્ટ કહુંછું, તો તે ઉપર આપ લક્ષ આપશો.

**રાજ૦**—કાંઇ ફિકર નહીં. બેલાશક બોલો શું છે ?

**વિમળદેવી**— **રાગ સોરઠ.**

( પીયુ મારા વચને પલજોરે એરાહ. )

છે રાણા કૂળની રીતીરે, અમને પીયુ પૂર્ણ પ્રતિતીરે—ટેક.<br>
અવર રાણીયો અનેક આપની, પ્યારા ન વિસારશો<br>
પ્રીતિરે—અમને પીયુ.<br>
વિશ્રામ સ્થાન એક મેવાડ ભૂમિ, તમે જાણો રસીક નર<br>
નીતીરે—અમને પીયુ.

**રાજ૦**— **રાગ ઉપરનો.**

મેં શુણ્યાં આ વચન તમારાંરે, પ્રીયા છો તમે સૌથી પ્યારાં—ટેક.<br>
ગુણ શિલ રૂપને વિર વનિતા, ગણીએ ભાગ્ય હમારાંરે. પ્રીયા છો.<br>
દેખીને તમને નેત્રા વિલસે, નહીં કરીએ કદી ન્યારાંરે. પ્રીયા છો.

**વિમળદેવી**—પ્રાણુનાથ, એતો મુંને સંપૂર્ણ વિશ્વાસ છે. તોપણ હું એકુજ આપની પાસે છું, ત્યાં સુધીતો એકના સમાગમની પ્રીતિ મહા સુખદાયક અને એક રંગી દ્રઢ રહે છે. પણ એ પ્રીતિ જ્યારે મારા જેવી અનેક આપના અંતઃપુરમાં જોવીમાં આવશે, ત્યારે આપનો હમણાં અપૂર્વ પ્રેમ જે હું દેખુંછું તે કમી થઈ જશે !

**રાજ૦**—પ્રિયા, તમે અવલથીજ મુંને બંધનમાં લેવા ધારોછો, પરંતુ મેં તમને પ્રત્યુત્તર દીધો છે કે તમારા જેવાં રત્ન ઠામ ઠામ નથી હોતાં. તેથી તમારાપર મારો જે નિર્મળ સ્નેહ છે, તે કદી પણ ન્યુન થવાનો નથી. ( રાણીના મોઢા તરફ હાથ કરીને ) આ કમળ વદન હમારૂં વિશ્રામ સ્થાન છે. ( ભ્રકુટી તરફ હાથ કરીને ) આ મન્મથધનુષધારી ભ્રગુટી એ અમારો વિગ્રહ વિલાસ છે ( શરીર તરફ હાથ કરીને ) આ સુકોમલ ગૌર બદન એ અમારો વૈભવ છે. ( હોઠ તરફ હાથ કરીને ) આ અધરામૃત અમારે સૌથી અધિક રસ છે. અને આ તમારી મધુર વાણિ વિનોદ એ અમારો વાગ્વિલાસ છે.



**વિમળદેવી**—પ્રાણુનાથ, નેટ ટેક શૂરવિર પુરૂષની પ્રીતિ સદા ઉજ્વળ ને સુખદાયક રહે છે !

**રાજ૦**—પ્રીયા, તમારા સઘળા મનોરથ હું ઉદેપૂર ગયા પછી સિદ્ધ કરીશ.

**વિમળદેવી**—પ્રાણુનાથ, આંહીંથી મેવાડ કેટલેક દુર હશે. ?

**રાજ૦**—આહીંથીજ મેવાડ શરૂ થયો. આપણા રાજની સરહદમાં આપણે આવી પહોંચ્યાં છીએ. આ ભૂમિ દેવરના મેદાનના નામથી પ્રસિદ્ધ છે. હવે આંહીંથી ઉદેપૂર બહુ દૂર નથી.

**વિમળદેવી**—પ્રાણુનાથ, મુને હવે દિલમાં એમ થાય છે કે કયારે ઉદેપૂર જઈ આપણા મેહેલમાં સ્વસ્થ ચિત્તે પ્રાણપતિની સેવામાં તતપર થાઊં.

**રાજસિંહ**—પ્રીયા, ઉદેપૂરમાં આપણે અમર મેહેલમાં રહેશું કેમકે તે સરોવરપર હોવાથી ત્યાંની હવા સદા સુખકારી રહેછે.

**નેપથ્યમાં**—અરે! કોઈ મુંને બચાવો, કોઈ શરણ આપો!

**રાજસિંહ**—(નેપથ્યના શબ્દો સાંભળીને) પ્રિયા આ કોણ શરણ માગેછે. તમે અને દાસી હુંશિઆરીથી આહીં રહો. એટલામાં હુ આસપાસ તજવીજ કરી હમણાં આવુંછું. જ્યારે કોઇએ શરણનો ઉચ્ચાર કર્યો, અને આપણે સાંભળીને બેશી રહીએ તો ક્ષત્રિનો ધર્મ જાય!

**વિમળદેવી**—પ્રાણુનાથ, મરજી હોય તો હું પણ સાથે આવું.

**રાજ૦**—પ્રીયા, તમારૂં ત્યાં કામ નથી. તમે આહીં હુંશિઆરીથી રહો, તોજ બસ છે. હું ત્યાં વાર નહીં લગાડું.

**વિમળ૦**—બહુ સારૂં પ્રાણનાથ! તમે સત્વર જઈ એનું રક્ષણ કરો. અમારી કશીપણ ચિંતા રાખશો નહીં. આપ આવશો ત્યાંસુધી હું સ્વસ્થ થઇને બેસુંછું.

**રાજ૦**—બહુ સારૂં, (જાયછે.)

**જયા**—બાઈ સાહેબ, રાણાજી આપણને એકલાં મૂકીને ગયા એ સારૂં ન કર્યું.

**વિમળ૦**—દાસી, ક્ષત્રિ ધર્મ સાચવવો કઠણ છે. એતી વિ-

Tajalli Foundation

રનરને ખબર છે. આવો જો ક્ષત્રિ શૂરાતનનો અંકુર એમનામાં ન હોત તો મારી સહાય કરવાને આટલું સંકટ સહન કરી ન આવત!

**જયા**—હુંતો જાણુંછું કે કાળનો પણ મેવાડ ગાદીના મહીપાળોને ડર નહીં હોય!!

**વિમળ૦**—હા, દાસી. આવા ધર્મ સંરક્ષણ પ્રસંગ જ્યારે આવેછે ત્યારે મર્ણનો ભય ક્ષત્રિઓ નથી રાખતા. એવા વખતમાં તો અમે અબળાઓ પણ કાળનો ડર નથી રાખતીયું.

**જયા**—સ્ત્રીઓને એવા પ્રસંગ ક્યાંથી આવે?

**વિમળ૦**—સ્ત્રીયુંને એવા પ્રસંગ ઘણી વખત આવેછે. અનેક સતિ ચરિત્ર મેં વાંચ્યાં છે. જેની અદર શિયળભંગનો પ્રસંગ જ્યારે આવેછે ત્યારે સ્ત્રીપણ પુરૂષની માફક શસ્ત્ર લઈ શત્રુની સામે લડવાને તૈયાર થઈ જાયછે.

**નેપથ્યમાં**—(ઈબ્રાહીમ) ઈસ્કે અંદર કુચ્છ અવાજ હોતાહે? ઇધર આદમી હે! પહાડુંકે બિચ્મેં, ઓરતાંકાભી સાદ સુના જાતાં હે. ચલો કરીમખાં કોન હે દેખેં દુશ્મન હોવે તો પકડ લેવે સાલેકું

**કરીમખાં**—ઈબ્રાહીમખાં, વો રંડીયાં તો ઈધર નહિ હોગી.

**ઇબ્રાહીમખાં**—કેશરબાકુંભી સાલા રંડીયાં બોલતા હે?

**કરીમખાં**—રંડીયાં ન હોવે તો ભગ કયું જાવે.

**વિમળ**—દાસી કોઈ દુશ્મનના આદમી આપણને શોધે છે. માટે હુંશિઆર થઈજા.

**જયા૦**—બાઈસાહેબ એતો કોઈ આપણાં માણસ હશે. આ આપણી ભૂમિમાં મુસલમાન પર્વતની અંદર કયાંથી આવે!

**વિમળ૦**—તુ એમાં ન સમજે સાવધ થઈજા. તથા મારી સમશેર લાવ. તે પકડી દુશ્મનનો ભેટો લેવા હું તૈયાર થઈ રહું. આ વખત ગફલતમાં રહેવાનો નથી.

**જયા**—લીઓ બાઈ સાહેબ (તરવાર આપેછે.) બાઈસાહેબ રાણાજી પણ સમયપર હાજર નથી. ઘણો વિકટ સમય આવ્યો. હવે શું કરશું.

**વિમળ૦**—ધીરજ રાખ, રાણાજી નથી તો રાણાજીનુ અરધું



પરાક્રમ અહી છે એમજ સમજ. (મુસલમાન બે પુરંધરી સહીત પ્રવેશ કરેછે. તેને જોઇને) દાસી આશ્ચર્યની વાતછે કે આ તરકડાઓની સાથ પુરંધરી કયાંથી! રખેને એ દુશ્મનોને આમની તરફ લાવતી હોયની!

**જયા**—હા, મુંને પણ એમજ લાગેછે.

**ઇબ્રાહીમખાં**—(વિમળદેવીને જોઇને) દેખો કરીમખાં કૈસી ખુદાકી મેહેરબાની દોનું રંડીયાં હાજર હે.

**કરીમખાં**—એક તેરી ઓર એક મેરી.

**ઇબ્રાહીમખાં**—યહ છોટીતો બાંદી જૈસી લગતી હે વો તેરી.

**કરીમખાં**—તેરા મુસારા તો સમાલ! સાલા! એકતો હે, ઓર દુસરીકું તેં કયા ખીલાયગા. વોતો મેરે જેસેં અમીરકે ઘરમેં ચહીએ.

**ઇબ્રાહીમખાં**—અરે કયા બડાઈ કરતાહે, મેરે બાપુકી આબરૂ કૈસીથી. અરે રંડીયાં તૈયાર હો જાઓ.

**કરીમખાં**—અરે મીયાં કયા તુમારે બાપુકી આબરૂથી? હમારે બુજરૂગ કૈસેથે, વો તુમકું માલુમ હે? મુગલબાદશાહી તો અબ હુઈ હે.

**ઇબ્રાહીમખાં**—તુમારે બુજરૂગ ચાય તૈસેથા. મગર ઉન્ને શેર નહીં મારાથા.

**કરીમખાં**—તબ તુમારે બુજરગ કુવેકે અંદર ડેડુકસેં ડરકે પાની પીએ બીન નીકલ આયેથે. વોકે દુસરે?

**ઇબ્રાહીમખાં**—કરીમખાં, રંડી મોજુદ સુનતી હે; ઓર તં હમેરી નાલાસી કરતા હે. ઉસ્મે તુજે ફાયદા નહિ મીલેગા.

**કરીમખાં**—તબ મીયાં તુંમ ખાલી કયા પતરાજી કરતેહો, ઉસ્કી ખુશી ચાય તો મેરી ડાઢીપર આશક હો જાય, ચાય તો તેરી બાંતાંપર!

**ઇબ્રાહીમખાં**—બાતાંમેં તો ઐસા ફાયક હું કે બાદશાહી ખડી કર દેઉં.

**કરીમખાં**—મીયાં દેખતો સઈ, યહ છોટી તેરેપર એક નજરસેં દેખ રહી હે.

Taj Tahir Foundation

**ઇબ્રાહીમખાં**—દીલ લગતાહે તબ કુચ્છ દેર નહી હોતી. પ્યારીઓં. હથિયાર છોડદો. ઓર ચલો મુગલ જનાનેમેં તુંમકું દાખલ કર દેયગેં.

**વિમળ૦**—દાસી. જો આ મીયાંભાઇનું મોત મારી સાથે વાતું કરેછે !

**જયા**—હા બાઈસાહેબ. હવે એ આ દુનિયાપર થોડો વખત રહેવાના છે. ખુદાને યાદ કરો મુસલાઓ.

**ઇબ્રાહીમખાં**—મીયાં, સુનો ચૂપચાપ, અપને ડેરેહેં તો ઉસકે મગજમેં પવન આ ગયા.

**વિમળ૦**—નીચ, કમજાત, તુરક મુસલ્લાઓ; તમે જંગલના શિઆળીયાં એક સિંહણના મુખમાં જાણીબુજીને આવ્યા છો, તો હવે નહી બચો.

**કરીમખાં**—રંડીકે હથીઆર ખુંચલો, ઠેર મારનાં નહિ.

**ઇબ્રાહીમખાં**—ઠેર મારે તો તીજેભી મેં માર ડાલું.

**કરીમખાં**—તબ ચલો, ઉઠાલેવે દોનુંકું.

**વિમળ૦**—ઓરા આવો મીયાં, (એક મીયાં સાથે યુદ્ધ કરેછે.)

**ઇબ્રાહીમખાં**—( જખમી થઈ પડ્યો પડ્યો ) ખુદાકે બાસ્તે છોડદે મુજકું તો વો કરીમડાને ભૂલાયા. કરીમડા, મેરી પુરંધરીકી સુરત રખીયો.

**કરીમખાં**—સાલા હમ કયા કરૈ, પહીલે તો પુરંધરીકી સામને ભી દેખને નહી દેતાથા ! ઓર અબ બોલતાહે કે સૂરત રખીયો. સો કયા તેરે કહનેસેં સૂરત રખેંગે. અબ તો હમારા દિલચાય વૈસા કરેંગે સાલા ઉસ સબબસેંજ મેંને તેરેકું ઇસવકત મદદ નહીકી. નહિ તો રંડીકા કયા મગદુરથા. અબ તો તિનુંકુ મેં અકેલા રખુંગા.

**વિમળ૦**—મીયાં હવે શામાટે તમે પણ મરવાને તૈયાર થાઓછો ! ચાલ્યા જાઓને. છોડી દઉંછું.

**કરીમખાં**—રંડીયાં ફિકર મત રખો, મેં તુંમકું છોડને હારા નહી હું વોતો સાલા નામરદાથા.

**વિમળ૦**—ત્યારે તમે પણ લેતા જાઓ. ( એકદમ ધસી જખમી કરી પાડેછે. )



**કરીમખાં**—(મરતાં મરતાં) પુરંધરી, પાનીલા. પાનીલા ! સાલીને જુલમ ગુજાર દીયા. અબ તેરી કોન સુરત રખેગા. મેરી માશુકડી!

**પુરંધરી**—મીયાં, હું તો તમારા મરવાનીજ રાહ જોતી હતી. તો પરમેશ્વરે મેહેરબાની કરી તમારાથી મારો છૂટકો કરાવ્યો. હવે બકવાદ કરો નહીં. તમે આમજ માગતા હતા.

**કરીમખાં**—સાલી અબ ઐસા બોલતી હે. મગર કયા કરૂં, અબ મેરેમેં ઉઠનેકી તાકાત નહીં હે. નહીંતો તેરેકું તો રમત દીખલાતા. (મરી જાયછે.)

**પુરંધરી**—(સ્વગત) શી ! દૈવની ગતી છે ! કે જેનું મેં અત્યાર સુધી બુરૂં કર્યું હતું, તેના હાથથીજ મારો છુટકો થયો. (વિમળદેવીની પાસે જઇને) બાઈ આ તમારી અપકારી દાસીના સર્વ અપરાધ ક્ષમા કરી પ્રણામ સ્વીકારશો.

**વિમળ૦**—પુરંધરી હું અજાએબ થાઉંછું કે તું આ લોકોની સાથે ક્યાંથી ! આ માથે પાણીની મશક શી ! તારી આવી હાલત શી રીતે થઇ ? તથા હજુ પણ કોઈ બાકી પાછળ આવેછે, કે આ બેજ હતા ?

**પુરંધરી**—બાઈ સાહેબ આ બેજ મારા કમનશીબે મુંને મળ્યા હતા.

**વિમળ૦**—અમારા નીકળ્યા પછી પાછળ જોધપૂર શું બન્યું તથા તારી આવી હાલત કેમ થઇ તે બોલ.

**પુરંધરી**—બાઇ, મારી દુષ્ટ બુદ્ધિને લીધે, મેં તમારાથી કાવતરાં કરવામાં બાકી ન રાખી. જ્યારે તમે ચાલ્યાં ગયાં ત્યારે હું બાદશાહને તમારા ખબર આપવા ગઈ, તેટલામાં એવા ખબર આવ્યા કે કેશરબાનું પણ કોઈ હરણ કરી ગયું.

**વિમળ૦**—શું ! આ વાત સાચી છે ? દાસી સાંભળ, બોલ પછી શું થયું !

**પુરંધરી**—પછી હું ભૂલથી ત્યાં બોલી ગઈ કે તેનું હરણ તો અજેપાલ ભીલ કરી ગયો હશે. આથી મારા ઉપર સૌને વેહેમ આવ્યો. અને કેશરબાની દાસીએ પણ કહ્યું કે આ દાસીજ હરવખત અમને બાતમી દેવા આવતી હતી. અને આજપણ અમે આના કહેવાથીજ ચામુંડા દેવીના મંદીરે ગયાં હતાં.

Taj Tahir Foundation

**વિમળ૦**—ત્યાં જવા તેં શામાટે કહ્યું હતું ?

**પુરંધરી**—બાઈ હવે મુંને ઘણો પસ્તાવો થાયછે. તેથી આપની પાસે ખરેખરૂં કહુંછું. સાંભળો ત્યાં તમે જવાનાંછો, એવી ખબર મુંને મળવાથી મારા દુષ્ટ સ્વભાવને લીધે મનમાં એમ આવ્યું કે તમે ત્યાંથી નાશી જશો. માટે તમારી સંભાળ રાખવાને કેશરબાને મેં મોકલ્યાં, ત્યાં તો તેજ ફસાણાં.

**વિમળ૦**—આહાહા ! શો બનાવ બન્યોછે ! પછી તું આ મીયાંની સાથે કયાંથી આવી ?

**પુરંધરી**—બાઈ આ સઘળો પ્રપંચ મારો બાદશાહની નજર આગળ જાહેર થવાથી, તે ઘણો કોપાયમાન થયો. અને મુંને શિક્ષા કરી કે હિંદુમાંથી તુંને મુસલમાન કરવી, એટલુંજ તુંને બસ છે. એમ કહી, આ મીયાંના ઘરમાં મુંને બેસાડી દીધી.

**જયા**—ત્યારે તો તારી પણ પૂરી કમબખ્તી થઈ.

**પુરંધરી**—બાઈ તે મીયાં મુંને દિલ્હી લઈ જતા હતા. તે દરમ્યાનમાં તમારો ભેટો થયો. અને અથાગ દુઃખમાંથી મુંને તમે છોડાવી. હવે મુંને ઘણી શરમ લાગેછે. મારાં કૃત્યનો બદલો મુંને મળી ચૂકયોછે તમે કોઈના બૂરામાં નહોતાં તો આખર તમારો જય થયો. ઈશ્વર તમારૂં કલ્યાણ કરો.

**વિમળ૦**—પુરંધરી તું દીલગીર થઈશ નહીં. જે કાળે જે બનવાનું હોયછે, તે બની જાયછે. જેનાં જેવાં કૃત્ય તેનાં તેવાં ફળ તેને મળેછે.

**પુરંધરી**—તમારૂં અદ્‌ભૂત પરાક્રમ જોઈ હું તો ચકીત થઈ ગઈછું. આવી મુંને તમારી ખબર નહોતી. પરંતુ તમે આંહીં એકલાં કેમછો.

**વિમળ૦**—પુરંધરી રાણાજી કંઈ કામ માટે આંહીં નજીકમાં ગયાછે, તો હમણાં આવશે. માટે ચાલો ત્યાં સુધી આપણે આ વૃક્ષની ઘટામાં બેસીએ.

**જયા**—ચાલો બાઈ સાહેબ.

(સૌ નીકળી જાયછે.)

---



## પ્રવેશ ૨ જો.

**સ્થળ—મેવાડની સરહદ.**

**પાત્ર—અજેપાલ, કેશરબા, રાજસિંહ.**

**અજેપાલ**—કેમ પ્યારી હવે એ બોલતો મોઢેથી બોલો, બહુ દિવસ થયાં તમારી આપેક્ષા હતી.

**કેશરબા**—કજાતમ, નીચ, લંપટ તું મારી સાથે દુષ્ટ ભાષણ કર નહીં.

**અજેપાલ**—તમારી મરજી હોય તો મુસલમાનનું પાણી પી લઉં. પછી છે કાંઈ. કહો તો તમારી સાથે કલમા પઢું.

**કેશરબા**—અરે ! તું મુસલમાન થવાનું નામ મારી આગળ ઉચ્ચાર નહીં.

**અજેપાલ**—ત્યારે હિંદુતો હુંછું. કોલી ઠાકોર ભીલના રાજા કાંઈ જેવા તેવા નથી. તમારા બાદશાહ જેવા પણ અમને કબૂલ કરેછે.

**કેશરબા**—હવે હુ પ્રાણઘાત કરીશ. નહીંતર મને તું સતાવ નહીં.

**અજેપાલ**—એ કામ નહીં કરવું, તમે મારી બાઈને હુ તમારો નોકર થઈને રહીશ, પછી કાંઈ હરકત છે !

**કેશરબા**—શું કરૂં કે મારી પાસે હથિઆર નથી. નહીંતર તુંને તો રમત બતાવત, કે વગર સમજથી, બાદશાહની હુરમને તું ઉઠાવી લાવ્યોછું.

**અજેપાલ**—પ્યારી ગડબડ કરો નહીં. હું તો તમને વિમળા સમજી ઉઠાવી લાવ્યોછું. હવે તમનેજ પટરાણી કરીશ. બોલો નહીં. હૂં પણ આખર હિંદુતોછું.

**કેશરબા**—કાફર તારૂં હિંદુનું મોઢું બાળ. હવે તું મારી સાથે વાત કર નહીં.

**અજેપાલ**—પ્યારી તમેં ધીરજ રાખો થોડીવાર પછી તમે આપેંજ મુંને કબૂલ કરશો. મારૂં બદન તો જુઓ કેવો હુ તૈયારછું.

**કેશરબા**—કમજાત, તારૂં ભીલનું બદન જોઈ મારે શું કરવું છે. જહાંનમમાં જાય તારૂં કાફરનું બદન.

Taj Tahir Foundation

**અજેપાલ**—મુસલ્લાથી ભીલ સારોછું, વિચારતો કર. હુંતો-તુંને વિમળા જેવી હિંદુપર પ્રીતિ રાખવાવાળી જાણતો હતો.

**કેશરબા**—ત્યારે તારી વિમળા પાસે ચાલ્યો જા. મારી પાસે શામાટે ઉભોછું.

**અજેપાલ**—હવે તને છોડી વિમળાને ગોતવા જાઉં, એવો બેઅક્કલ નથી. હવે તો તનેજ વિમળા સમજીશ. વિમળા નહીં તો વિમળાની બેન. તારૂં બદન કયાં કમછે. પ્યારી મેહેરબાની કરીને એક ચુંબી તો લેવાદે.

**કેશરબા**—હું મરીશ ખરી, પણ તનેં તો મારીશ. માટે મારો પીછો છોડી દે.

**અજેપાલ**—હવે છોડું મહા મેહેનતે હાથ આવીછો ને ! તારા પાછળ તો મેં બહુ દામ ખુવાર કર્યાછે. તથા બહુ લુંટું ઉડાવીછે.

**કેશરબા**—યા, અલ્લા, આ નાપાક તસ્કર મુંને કયાંથી ઉઠાવી લાવ્યો. રહેમાન રહીમ ! હવે હું શું કરૂં.

**અજેપાલ**—રહેમાન રહીમ નહીં બોલ, હવે તો મારી મહી-માતા અને રામદે પીરનું સ્મરણ કર !

**કેશરબા**—રાંડ પુરંધરીએ મુંને કેવી સપડાવી દીધી.

**અજેપાલ**—પુરંધરીનો તો તારે એહશાન માનવો જોઇએ. કે મારા જેવો પહેલવાન મેળવી દીધો. આવો મારાં કેશરબા. ( એમ કહી ગળે વળગી પડેછે. )

**કેશરબા**—કોઈ મારૂં રક્ષણ કરો, આ દુષ્ટ પાપીના હાથથી મને છોડાવો.

**નેપથ્યમાં**—ધીરજ રાખ. તારૂં રક્ષણ કરવાવાળો આવી પહોંચ્યો છે.

**કેશરબા**—અરે કોઇ મદદે આવો. એક ગરીબ ઓરતને આ કાફર બેહુરમત કરેછે. કોઈ ખુદાનો બંદો મીસકીન ઓરત છોડાવાને આવો.

**નેપથ્યમાં**—અરે સ્ત્રી તું ધીરજ રાખ, તારો બચાવ હું આવીને કરૂંછું.



**કેશરબા**—મુરખ લે, તારો બાપ આવ્યો! અરે ખુદાએજ મોકલ્યો કે શું!

**અજેપાલ**—કોણ આવવાવાળો છે, આવવાદે, મગદુર કોનોછે?

**રાજ૦**—(પ્રવેશ કરીને) અરે સ્ત્રી શું તું મારી મદદ માગેછે?

**કેશરબા**—એ ખુદાના બંદા, ગરીબની પરવસ્તી કરવાવાળા હું ગરીબ ઓરતછું. નીચ કાફર ભીલ મુંને બેહુરમત કરવાને તૈ-યાર થયોછે. તો ખુદાને માટે આ પાપીના હાથમાંથી મુંને છોડાવ. હું તારા કદમમાં શરણ છું.

**રાજ૦**—અરે અબળા તું નિશફિકર રહે. તેં મારૂં શરણ માગ્યું, ત્યારથી તું નિરભય છે. આ આદમી શી રીતે તુંને ઉપાડી લાવ્યો. તથા તું કોની સ્ત્રી છે.

**કેશરબા**—હું મુગલ બાદશાહ ઔરંગજેબની ઓરત છું. એની સાથે બરાતમાં જોધપૂર આવી હતી. ત્યાથી આ ભીલ મુંને ઉ-ઠાવી લાવ્યો છે !

**અજેપાલ**—હા, હું કાંયા ભીલનો દિકરો અજેપાલ ઉઠાવી લા-વ્યોછું. હવે કોની તાકાત છે કે એનું નામ લીએ.

**રાજ૦**—(આશ્ચર્ય થઇને)

ભુજંગી છંદ.

અજેપાલ શાબાશ છે માત તારી,
હરી લાવિયો કેમ તું શાહ નારી;
અરે જાણતો શૂર સર્વે ખપ્યા છે,
નહીં ! ભૂમિમાં તુજ જેવા પક્યા છે.

શાહાબાશ છે, અજેપાલ તુંને ! આ બાદશાહની હુરમને તું શી રીત ઉઠાવી લાવ્યો ?

**અજેપાલ**—ઠાકોર, તું ગડબડથી મુંને પૂછેછે તો તારો શું ઈરાદો છે! યાદ રાખ કે આમાં તારો બીલકૂલ સ્વાર્થ નથી સર-વાનો. જે રસ્તેથી આવ્યોછું તે રસ્તે પાછો ચાલ્યોજા. મારા કામની વચમાં પડવા તારે શી જરૂર છે?

**રાજ૦**—અરે દુષ્ટ, ચાંડાલ તું શું બકવાદ કરેછે. હું ક્ષત્રિનું

Taj Tahir Foundation

એ ઓરતે શરણ માગ્યું. હવે તારી શી તાકાત છે કે તુ આને બેહુરમત કરવા હિંમત ચલાવ.

**અજેપાલ**—અરે, તારા જેવીતો બહુ હાકરડીઓંને મેં મારીઊં છે. તું મને ઓળખતો નથી. હુ દશ હજાર ભીલનો રાજાછું. મારા સપાટાની તુંને ખબર નથી. નહીંતર તું આહીં આવતજ નહીં.

**રાજ૦**—અરે નીચ, જ્યાંસુધી તારી બહાદુરી ઉપર ખુશી થઈ, દયા લાવી તલવાર ઉપાડતો નથી, ત્યાંસુધી તુ બેપરવાઇથી, વધારે બોલેછે. તો યાદ રાખ કે આ સમશેરથી, તારૂં માથું ઉડાવુંછું. તું નથી સમજતો કે હું શરણાંગત પ્રતિપાલક મેવાડનો રાણો રાજસિંહ છું. એનું નામ તેં નહીં સાંભળ્યું હોય !

**અજેપાલ**—માબાપ આપ રાણા રાજસિંહ ખુદ ? વિમળાનું હરણ કરનાર આપજ, બાપજી તમારી ખબર નહિ !

**રાજ૦**—હા, એ હું ખુદ છું. બોલ હવે તારી શી મરજી છે?

**અજેપાલ**—આ હથિઆર આપના કદમમાં છોડી દઊંછું. હવે મારો બચાવ કરવો આપના જેવા શૂરવિર ક્ષત્રિના હાથમાં છે. કેમકે હું પણ મુગલ બાદશાહનો ચોર છું. મારૂં ક્યાંય પણ ઠેકાણું નથી. તથા આ ઓરત આપની પ્યારી વિમળદેવીની મોટી બેન કેશરબા છે. એનું હું હરણ કરી લાવ્યોછું.

**રાજ૦**—(આશ્ચર્ય થઈને) આ ખુદ કેશરબા ?

**અજેપાલ**—હા મહારાજ. આ એજ. જેને વિમળદેવી સાથે કજીયો થયો હતો. જેનું આખર શું પરિણામ આવ્યું, તે તમારા જાણવામાંજ છે.

**રાજ૦**—હા, મારી પ્રીયાની વાતપરથી હું વાકેફ છું. જેના નિમિત્તથી આ સઘળો પ્રપંચ ઉઠયો હતો. તે ખુદ કેશરબાના આવા હાલ થયા ! ! વાહ ! દૈવ તારી ગતી !

**કેશરબા**—(સ્વગત) હે પરવર દિગાર ! શી મારી કમબખ્તી ! આ ભીલના હાથથી છોડવી તો પછી એક કટ્ટા શત્રુના હાથમાં ફસાવી. હવે એ કોણ જાણે મારી શી દશા કરશે. મારી સઘળી મેહેનત બરબાદ થઈ. આખર મારાપરજ મુશીબત આવી પડી.



**રાજ૦**—કેશરબા તમે મારી તરફનો કાંઈપણ ડર રાખશો નહીં.

**કેશરબા**— **લાવણી.**

(જોડી તમે નવ જોઈ માડી. એ રાહ.)

મૈંને બિના સમજ (૨) યહ ઉઠાયા બડા ફીસાદ,
મેં અપરાધી હું આપકી, કરનાં રાણાજી માફ. મૈંને.
મેં દુશ્મનકે (૨) ઘરકી ઓરત મોજુદ,
મૈં શરન પડી હું કદમમેં, સુનીયો રાણાજી ખુદ. મૈંને.
તુંમ મારો મુજકું (૨) યા જીતી રખો રજપૂત,
મૈંને બહોત સતાઈ બિમલાકું, આફત લાઈ કરતુત. મૈંને.

**રાજ**— **રાગ બીહાગની ગજલ.**

કેશરબા કાંઇએ, શંકા નહીં ખાશો;
અબળા અંતર, નહીં અકળાશો. કેશરબા. ટેક.
ક્ષત્રિ નરોમાં કેવાંછે પાણી, તે તમે જોયો તમાશો. કેશરબા.
તમે પ્રસિધી કીધી હમારી, ક્ષત્રિનો ધર્મ પ્રકાશ્યો. કેશરબા.
નથી દુશ્મનતા તમશું હમારે, શરણે દુઃખી કેમ થાશો. કેશરબા.
તમારે નિમિત્તે પામ્યો હું વિમળા, આભાર ઉલટો એ ખાશો. કેશરબા.
કસુર નથી એમાં કાંઈએ તમારી, વનિતા કાંઇ ન વિમાસો. કેશરબા.

કેશરબા, આ સામો જે પર્વત દેખાય છે. એની તળેટીમાં તમારી નાની બેન દાસી સહવર્તમાન બેઠેલાં છે. માટે એની પાસે ચાલો. ત્યાં તમારી ઇચ્છા પ્રમાણે સઘળો બંદોબસ્ત હું કરીશ.

**કેશરબા**—ચાલો હું મારી નાની બેનને મળું. એને દુઃખ દેવામાં મેં બાકી રાખી નથી !

**રાજ૦**—એ ખાતે જરાપણ અંદેશો રાખશો નહીં.

**અજેપાલ**—રાણાજી, હું હવે શું કરૂં. હું પણ સાથે આવીશ. નહીંતર મુગલ મુંને જીવતો પણ રહેવા નહીં દીએ.

**રાજ૦**—બહુ સારૂં તુ પણ સાથે ચાલ.

**અજેપાલ**—ચાલો.

(સૌ નીકળી જાયછે.)

Taj Tahir Foundation

## પ્રવેશ ૩ જો.

**સ્થળ—જંગલ.**

**પાત્ર—વિમળદેવી, કેશરબા, જયા, પુરંધરી, રાજસિંહ, અજેપાલ, દયાળશા, ચંદ્રસેન, જેમલ બારોટ.**

**જયા**—બાઈ સાહેબ પરાક્રમતો તમે અપૂર્વ કર્યું.

**વિમળદેવી**—આવા વખતમાં આપણી ખરી પરીક્ષા થાયછે. રાણાજી આપણને એકલાં છોડીને ગયાં, અને પાછળથી જે બનાવ બન્યો, તેમાં જો નામોશી લગાડી હોત તો પછી જે તેને શૂરાતનના વૃત્તાંતનો પત્ર આપણે લખ્યો હતો, તે મિથ્યા થાત.

**જયા**—જેવી તમારી મહાદેવજીપર આસ્થા છે, તેવુંજ એણે આ વખતે તમારા અંગમાં શૂરાતન બક્ષીશ કર્યું !

**વિમળદેવી**—દાસી, તેં યુદ્ધ સંગ્રામનાં વૃત્તાંત સાંભળ્યાં નથી. એની આગળતો આ સહેજ ઝટાપટી થઈ છે.

**જયા**—બાઈ સાહેબ મહાભારતમાં આવી ઘણી યુદ્ધ વિગ્રહની વાતું છે. પણ આ વખતે જો મુસલમાન વધારે આવી પહોંચ્યા હોત તો આપણે શું કરી શકત !

**વિમળદેવી**—દાસી, હજારનેતો હું એકલીજ બસ હતી, પણ આપણી પાસે બંદુકું નથી એટલી ખામી છે. તેની પાસે જો ભરેલી બંદુકું હોતતો આપણને વધારે તસ્દી પડત.

**જયા**—બાઈ, કરીમડાને તો મુંને લઈ જવાની મરજી હતી. તેમ આપને પણ એમર્યાદથી બોલતા હતા.

**વિમળદેવી**—દાસી, જેનું મોત નજીક આવ્યું હોય એના મોંમાથી સારાં વચન નીકળતાં એની મતિ ફરી જાય છે. જોને કેશરબાનું ખરાબ થવાનું હતું તો તેણે વગર સબબે આપણાથી તકરાર કરી પણ આખર ધર્મનો જય થયો !

**પુરંધરી**—ખરૂં છે બાઇ સાહેબ, જુઓને મારા એક ભવમાં બે ભવ થવાના હશે. તેથી મુંને પણ એવી મત સુઝી ! નહીંતર બાદશાહને ખબર દેવા ન ગઇ હોત તો કાંઇ થાત નહીં. દૈવેજ ભૂલાવી, અને આખર હિંદુમાંથી મુસલમાન બનાવી.



**જયા**—પુરંધરી, તું એ મિયાંના ઘરમાં કેટલા દિવસ રહી ?

**પુરંધરી**—બેન મુંને કેહેતાં શરમ આવે છે, ઝાઝા દિવસતો કાંઇ થયા નથી. ચાર દીવસ થયાછે હજુસુધી એના ભેગુ મેં ખાધું નથી.

**વિમળદેવી**—ત્યારેતો હરકત નથી.

**જયા**—બા, એ મીયાંની પુરંધરીના ઉપર પ્રીતિતો ઘણી હતી. કેમકે મરતી વખતે પણ એના સોબતીને પુરંધરીની ભલામણ કરતો હતો, અને એજ ફિકરમાં છેવટ એણે પ્રાણ ત્યાગ્યા.

**પુરંધરી**—બેન, હવે તું મુંને એમ બોલી બાળ્ય માં, મુઆ એ પીટયાઓને યાદ કરૂંછું, ત્યારે મુંનેતો ધ્રુજારો છુટેછે.

**જયા**—બાઈ આ દેવરનું મેદાન હલદી ઘાટથી નજીક હશે કેમ ? આમાં સંગ્રામ બહુ થયા છે. !

**વિમળદેવી**—હા, દાસી આ જગ્યા મેવાડ ભૂમિમાં પ્રસિદ્ધછે. એ હલદી ઘાટમાં મારા પ્રાણપતિના વડવા પ્રતાપસિંહ રાણાએ મુગલોનો ઘણી વખત પરાજય કર્યો છે. તથા એના પુત્ર અમરસિંહે પણ મુગલોનો કચ્ચરઘાણ એ ભૂમિમાં વાળ્યો હતો, એ લડાઈમાં રાણાજીના કાકા કાનજીએ જે પરાક્રમ કર્યું છે. તે આખા મેવાડમાં મશહુર છે.

**જયા**—બાઈ સાહેબ જે ભુમિ સંગ્રામની છે, એમાં યુદ્ધનાજ પ્રસંગ આવે છે.

**વિમળદેવી**—હા, શ્રી જગદીશ્વરે એવાં ઘણાં સ્થાન નિરમાણ કર્યાં છે. જ્યાં વિગ્રહનાજ આવેશો આવ્યા કરે, જેવી કુરૂક્ષેત્રની ભૂમિ છે. !

**જયા**—બાઈ સાહેબ રાણાજી હજુસુધી કેમ આવ્યા નહીં !

**વિમળદેવી**—દાસી, શૂરવીર નર પોતાનું કામ બજાવ્યા પેહેલાં પાછા ફરતા નથી.

**નેપથ્યમાં**—( રાજસિંહ. ) અજેપાલ ઠાકોર તમે આંહી રહી ખબર રાખો, કોઈ આવતું હોય તો ખબર આપવા.

**અજેપાલ**—( નેપથ્યમાં ) મારા માલિક હુકમ ઉઠાવવા તૈયારછું.

**વિમળદેવી**—દાસી પ્રાણનાથ આવે છે. સાદ એમનો છે.

**જયા**—હા, એજ છે. ( છેટેથી કેશરબાને જોઇને ) બાઈ

સાહેબ સાથે કોઈ ઓરત છે તે કોણ હશે ?

**વિમળદેવી**—( આશ્ચર્ય થઇને. ) દાસી એતો કેશરબા જેવી લાગે છે.

**પુરંધરી**—હા, એતો એજ છે.

**રાજ૦**—( કેશરબા સહિત પ્રવેશ કરીને ) પ્રિયા, આ તમારાં બેન કેશરબાને ઓળખ્યાં ? ( બંને બેનો કરૂણામાં મળેછે. )

**વિમળદેવી**—પ્રાણનાથ, જ્યારથી તમારી સાથે મારી મોટી બેન કેશરબાને મેં જોયાં છે ત્યારથી હું અજાએબ થઈ ગઈ છું કે એ અહીં કયાંથી !!

**રાજ૦**—પ્રિયા, એનું વૃત્તાંત એવું બન્યું છે કે કેશરબા તમારી તપાસ કરવાને ચામુંડા દેવીને મંદીરે ગયાં હતાં, ત્યાંથી ભીલનો સરદાર અજેપાલ એને તમે છો એમ સમજી ઉઠાવી લાવ્યોછે.

**વિમળદેવી**—ત્યારે તો આપણે જે કરૂણાયુક્ત અવાજ સાંભળ્યો હતો. એ મારી બેનનોજ હશે ?

**રાજ૦**—હા, એ અવાજ એનો હતો, એમને અજેપાલના બળાત્કારથી છોડાવી હું આંહી તમારી પાસે લાવ્યો છું. તે ભીલના રાજાના બાપદાદા આપણા રાજમાં નોકર હતા. તેણે મારૂં નામ સાંભળ્યું, એટલે હથિઆર પગમાં છોડી દીધાં. જેથી તેને પણ શરણે રાખ્યો છે.

**વિમળદેવી**—શી ! દૈવની ગતિ છે, જે અઘટીત વાત છે, તેને દૈવ ઘટાવે છે. અહાહા ! ! શી, શીવજી તમારી ગતી ! સંસાર ચક્રમાં શું ખેલ તમે કરોછો. !

**જયા**—રાણાજી આપના ગયા પછી એક ઘણુંજ તાજુબીનું વૃત્તાંત બન્યું છે. તેમાં બાઈ સાહેબે જે પરાક્રમ કર્યું છ, તેનું હું વર્ણન કરવા અશક્ત છું.

**રાજ૦**—એવો શું બનાવ બન્યોછે, આંહી આવતાં રસ્તામાં બે મુસલમાનની લાસ અમે દેખી ત્યારથી શંકા ઉત્પન્ન થઈ છે, તેમાં વળી આ સ્ત્રીને જોઇ અજાએબ થયોછું કે એ કોણ છે ? તથા આંહી શી રીતે આવી ?



**જયા**—રાણાજી આપના ગયા પછી એ બે મુસલમાન (પુરંધરી તરફ હાથ કરીને) આમને લઇ આહીં આવી ચડયા, તે અમને બંનેને જોઇ ઉઠાવી લઈ જવાને તૈયાર થયા.

**રાજસિંહ**—પછી શું થયું ?

**જયા**—પછી આપ શરણાંગતના રક્ષણમાં ગયા હતા, તે પાછા બોલાવવા મારી બાઇને દુરસ્ત લાગ્યુ નહીં. તથા આપજ કમરકસી સજ થઇ ઉભાં રહ્યાં. અને એવી સમશેર બજાવી કે મેં આંખથી આગળ નોતું જોયું તેવું પરાક્રમ કરી, તે બંનેના ટુકડે ટુકડા કરી નાંખ્યા, તે વખતે તો રાણાજી એમનામાં સાક્ષાત ચંડીનો આવેશ મેં જોયો.

**રાજસિંહ**—શાબાશ છે, વિરપત્ની તમને રાણાકુળમાં લાવ્યોછું, તેને તમે ઘટીતજ છો. તથા પત્રમાં તમે જે જે લખ્યું હતુ, તે સાચું કરી દેખાડયું. તમારી પરીક્ષા તો જ્યારે આપણે જોધપૂરથી નીકળ્યાં હતાં, ત્યારેજ થઈ હતી. તોપણ આ પ્રસંગ શંભુનાથજીએ તમને આપીને તમારી ખરી કસોટી અમને બતાવી.

**જયા**—રાણાજી, હિરાનું કુંદનથી જડીત્ર થયું છે.

**રાજસિંહ**—જેવી શૂરવિર વનિતાઓને અમે શોધીએ છીએ, તેવીજ મહાદેવજીએ કૃપા કરી એની મેળે મેળવી આપી.

**વિમળદેવી**—પ્રાણનાથ, મારામાં એવો શું ગુણછે, એ સઘળો આપની કૃપાનો પ્રતાપ છે.

**રાજસિંહ**—પ્રિયા, ત્યારે આ સ્ત્રીની શી હકીકત છે ?

**વિમળદેવી**—પ્રાણનાથ, એ પણ મારી દાસીજ છે, જેને માટે મેં આપને રસ્તામાં વાત કરી હતી, તે આજ.

**રાજસિંહ**—તે આજ કે, ત્યારે એમનું એ મુસલમાનો સાથે આવવું શા કારણથી બન્યું ?

**વિમળદેવી**—તેણે જે પ્રપંચ અમારી બંને બેનોની વચમાં કર્યો હતો, તે બાદશાહને જાહેર થવાથી આને હિંદુમાંથી વટલાવી મુસલમાન કરી, એની સાથે જે મીયાં હતો, તેના ઘરમાં બેસાડી હતી, તે આને લઈ દિલ્લી જતો હતો, ત્યાં રસ્તામાં આ બનાવ બન્યો.

Taj Tahir Foundation

**રાજસિંહ**—આહાહા! શું બનાવ બન્યોછે, જેણે જેણે બુરૂં કામ કરવા ધારેલ, તેમાં તેજ ફસાણું.

**અજેપાલ**—( નેપથ્યમાં. ) રાણાજી કોઈ બે ત્રણ ઘોડા સ-વાર આવે છે.

**રાજસિંહ**—પ્રિયા એ કોણુ આવેછે, એની હું તજવીજ કરૂં! આ તમારાં શરણાંગત બેનને સઘળી રીતે સંતોષ પમાડજો.

**વિમળદેવી**—પ્રાણનાથ એ શું વાત કરોછો, હું તમારી અર્ધાંગના શું ક્ષત્રિધર્મથી અજાણી હઇશ!

**રાજસિંહ**—ના એમ હોયજ નહીં! (જાયછે.)

**વિમળદેવી**—પ્યારાં કેશરબા, નિશંક થઈ અહીં પધારો, આ તમારી આજ્ઞાંક્તિ ભગિન તમારી સેવામાં હાજર છે.

**રાગ ગજલ.**

(ઇંદ્ર સભામાં ગવાતી ઢબની.)

અરે પ્યારાં કેશરબા, આવો પાસ;
જરાએ શંકાશો ન, થાશો ઉદાસ.
છ દૈવની બેની, ગતી વિપરીત;
અરે આમ કયાંથી, બન્યું અઘટીત.
ધિરજ બેની રાખો, ન થવું દિલગીર;
સુખ દુઃખ માટે, ઘડચુંછે શરીર.
છોરે મોટાં બેન, અમારાં તમો;
નહિ દોષ લેશો, છું છોરૂ અમો.
તમારી જે ઇચ્છા, હોયે તે કહો;
અમો તેમ કરશુંજ, સત્ય લહો.

**કેશરબા**—અરે બેની મુંજકું, યહ હોતી શરમ;
દીલમેં હે મરનાં, તેરી કસમ.
મૈંને બોત તુજકું, હો બેની સતાઈ;
દિલ્હી શાહકું સમઝાકર, મૈંતો લાઈ.
એહી અપરાધ હે, મેરા બડા;
રખે દાગ દિલમેં, તું રાખે ખડા.



કહીદે મુંસે, તેરા ગુના હે માફ;
તો દિલકું આરામ, હોવે જરાક.
સચ્ચી તેરી ટેક, સચાથા શુકન;
તેરા દેવ પાસે, જો બોલી બચન.
ઐસી નેકી દેખીહે, ક્ષત્રિમેં આજ;
નિભાવી તેરા ખાવિંદે, મેરી લાજ.

વિમળા તારી હું ગુનેગારછું; એક વખત આ તારી બેનના સર્વ અપરાધ ક્ષમા કર, મેં આ પ્રપંચ ઉઠાચો તે બીન સમજથી ઉઠાચ્યો હતો.

**વિમળદેવી**—બેન, આમ બોલી તમે મને લજ્જા ઉત્પન્ન કરોછો, આમાં તમારો દોષ કશો નથી, માત પિતાએ તમને નાની વયમાં મુગલોને ત્યાં આપ્યાં, તેથી કરી તેની સોબતમાં રહેવાથી તેની અસર તમારામાં દાખલ થઈ, જેથી તમારા વિચાર હિંદુ રાહથી જુદા થઈ ગયા, એમાં તમારો દોષ શું? હવે તો મુગલ શાહથી સારી રીતે પ્રીત અને નેકી રાખવી એ તમારી ફરજ છે; કેમકે એ તમારા ખાવિંદ છે, માટે આપણો એજ ધર્મછે કે પતિની સેવામાં અહર્નિશ તત્પર રહેવું.

**કેશરબા**—હા બેન! ચાય તેવા તોપણ એ મારા ખાવિંદ છે તો એનું બેહેતર ચહાવું એ મારૂં કામ છે. પણ આજ મારા દિ-લમાં એવી ખાતરી થઈ કે ક્ષત્રિ જાતનું જે અભિમાન છે એ સાચું છે તથા ક્ષત્રિ વીર જે ઉત્પન્ન થાયછે તે ધર્મ પ્રતિ પાલક તથા માઇના પૂત થાયછે. કેમકે રાણાજીએ જ્યારથી મારૂં નામ સાંભળ્યું, ત્યારથી જે તેણે મને દીલાસો આપ્યો છે તેની હું શું તારીફ કરૂં? આખર મુને કહ્યું કે તમારી મરજી માફક સઘળો બંદોબસ્ત હું કરીશ. આવાં અભય વચન ક્ષત્રિ વિના બીજા કોઈ આપે નહિ, તથા આપે તો પાળે નહિ.

**વિમળદેવી**—બેન! હવે તમારો શું ઇરાદો છે? જો ઉદેપૂરમાં રહેવું હોય તો મારી પાસે રહો અથવા મરજી હોય તો માનમરત-બાથી દિલ્હી પહોંચાડીએ.

**કેશરબા**—બેન! મારા એક ભવમાંથી બે ભવ થયા માટે

Taj Tahir Foundation

હવે તો એક ખાવિંદથી નેકી રાખવી એ મુનાસબ છે, એટલા માટે મારો ઇરાદો દીલ્લી જવાનો છે, અને કસમ ખાઇને જાઊંછું કે મારા ખાવિંદને ઘણી રીતે સમજાવી મેવાડથી સલાહ સંપ કરાવીશ તથા હિંદુ પર જે જુલમ ગુજારેછે એનું આખર લાવીશ.

**વિમળદેવી**—બેન! એમ કરવું તમારે ઘટારત છે, તેમ મારી એજ સલાહ છે કે દીલ્લી તમારા ખાવિંદની સેવામાં હાજર રહેવું.

**કેશરબા**—બેન! તેં મને ખરી સમજ દીધી તથા તારાપર મેં જે ગુજારીછે, એનો દિલમાં બીલકુલ રોષ નહિ રાખીશ.

**વિમળદેવી**—બેન તમારો તો હું ઉપકાર માનુંછું કે તમારે લીધે આવા પરાક્રમી વીર પુરૂષથી મારો સંબંધ જોડાણો.

**કેશરબા**—શાબાશ છે વિમળા તારી નેકી અને ટેકીને! આપણા કુળમાં કેવો અંકુર છે, કેવું તેજ રહેલું છે, અને કેવા શૂરવીરો ઉત્પન્ન થાયછે એનો બરાબર ખ્યાલ તારાથી મુને મળ્યો.

**વિમળદેવી**—બેન! જ્યાં સુધી અંધકાર હતો ત્યાંસુધી આ સઘળું નહોતું દેખાતું, તે અંધારૂં દૂર થવાથી હવે સઘળું અજવાળામાં આવ્યું.

**કેશરબા**—બેન! તારી અને મારી સાથે વેરનું બીજ રોપાવનાર આ પુરંધરી હતી, એ દરેક વખતે તારી વિરૂદ્ધ બાતમી મુને આપતી હતી, તેમ દીલ્લી પણ પત્ર તારેને મારે અંટસ ઉત્પન્ન થાય તેવા મુને લખતી હતી, જેથી મેં વગર વિચારે આ નીચના વચનોનો તોલ નહીં કરતાં સાહસ કર્યું તો તેનું આ પરિણામ આવ્યું.

**વિમળદેવી**—બેન! જેવું બીજ તેવી તેની બુદ્ધિ હોયછે, માટે આપણા પિતાજીનોજ દોષ હતો કે આને વિચાર કર્યાવિના આપણી પાસે રાખી, કેમકે આપણો બધો આધાર આપણા દાસદાસીઓ પર હોયછે તો તે જો નીતિવાન ન હોયતો પછી તે લોકોથી આપણું શું ભલું થાય, જુઓ કે આ નીચ તુખમની છોડીને દાસી તરીકે જનાનામાં રાખી આખર આપણા આખા કુટુમ્બને પાયમાલ કરી નાંખ્યું, આપણા પિતાનું રાજ આખું જોખમમાં આવ્યું! તમને એક ભીલના હાથમાં સોંપાવ્યાં, મુને પણ કેટલું સોસવું પડયું, તમારી અને મારી વચ્ચે જે સ્નેહની ગાંઠ હતી તે તોડાવી, ત્યાં કલેશ કરાવ્યો તો જ્યાં આવી એક હલકી દાસી હતી તેણે આટલું કર્યું તો વધારે હોય તો શું ન કરે, માટે આપણી પાસે જે દાસીયું રાખવી તેની પુરેપુરી તપાસ કર્યા વગર નહીં રાખવી જોઇએ, નહીંતર તેનું આવું પરિણામ આવે.



**કેશરબા**—બેન! ખરૂંછે તેણે જો સાચાં ખોટાં ન ભરાવ્યાં હોત તો આમ બનત નહીં પણ એ શું કરે એની જેવી જાત તેવો એનામાં ગુણ હોવો જોઇએ.

**વિમળદેવી**—બેન! છેવટે સૌ સારાંવાનાં થઈ ગયાં પણ પિતાજી તથા આપણી માતાની શી હાલત થઇ હશે એને માટે હું પુરેપુરી દીલગીરછું કે તમારા ક્રુર ખાવીંદે આ બધો રોષ એ નિર્દોષીના ઉપર ઉતાર્યો હશે.

**કેશરબા**—હા મુને પણ એજ ચિંતા છે તેમની હકીકતતો દિલ્લી ગયા પછી જણાય.

**વિમળદેવી**—બેન ત્યાં જઇને મુને તુરત ખબર આપજો.

**પુરંધરી**—બાઈઓ! હવે મુને ઘણોજ પશ્ચાતાપ થાય છે, તમને સૌને સંતાપમાં નાંખનાર હુંજ છું; પણ હવે તમારી સોબતની અસર મારામાં થઇછે, તો આજથી કદી પણ કોઇને દુઃખ થાય એવી બાબતમાં પગલું નહીં ભરૂં. તેમ મારા કૃત્યનું ફળ મુને પણ સારી રીતે મળ્યું છે.

**નેપથ્યમાં**—આતો આપણા સવાર હોય એમ જણાય છે.

**વિમળદેવી**—બેન મારા પ્રાણનાથ પધાર્યા!

**રાજ૦**—(પ્રવેશ કરીને) પ્રિયા, આપણા પ્રધાનજી તથા ચંદ્રસેન ઝાલા આવી પહોંચ્યા.

**વિમળદેવી**—બહુ સારૂં થયું. પ્રાણનાથના દીલમાં જે ચીંતા હતી તે દુર થઈ, પણ હવે હું તથા કેશરબા એક બાજુ બેસીયેં, જો આજ્ઞા હોય તો, અને આપ એમને મળો.

**રાજ૦**—બહુ સારૂં તમે આ વૃક્ષ આડાં બેસો ત્યાં હું એની મુલાકાત લઊં.

Taj Tahir Foundation

**વિમળદેવી**—બહુ સારૂં. (જઇને બેસે છે)

**દયાળશાહ**—ચંદ્રસેન (પ્રવેશ કરીને) મહારાજનો જય થાઓ.

**રાજ૦**—આવો દયાળશા બેસો, કેમ ચંદ્રસેનજી ખુશી મજામાંછો ? તમને બહુ તકલીફ પડીછે તમેતો પાછળ બહુ રહી ગયા !

**દયાળશાહ**—મહારાજ અમે બીજે રસ્તેથી આવ્યા.

**જેમલદશાંદી**—(પ્રવેશ કરીને) જય જય રાણાજી !

**રાજ૦**—અહો હો ! દશાંદી તમે કયાંથી નીકળી આવ્યા !

**જેમલદશાંદી**—માજીએ મને ખબર કાઢવા મોકલ્યોછે. મહારાજ હુંતો જોધપૂર ગયો હતો તો ત્યાં થઇને અહીં આવ્યો.

**રાજ૦**—અહો હો જેમલદશાંદી તમે પણ બહુ મુસાફરી કીધી. અમને બહુ દિવસ થયા નથી કે જેથી તપાસ કરવા જરૂર પડે.

**દયાળશાહ**—રાણાજી, જેમલ તમારા રાજબારોટ એ બેસી કેમ રહે !

**જેમલદશાંદી**—તમેતો સાથે ન લઈ ગયા, પણ આવા યુદ્ધ-સંગ્રામના વખતમાં અમને ઘેર બેઠાં ચેન કેમ પડે ! બાપુ !

**કવિત.**

પૃથુકો બારોટ ચંદ, સુખ દુખ હુવો સાથી;
ભાથી ભડ નામી એક, રંગીન જેસો યાર હે.
બીયોગ ના સહ્યો જીને, મોત કિયો ચક્ષુ આગે;
દુશ્મન મરાયો રાજા, હાથ રંગ હજાર હે.
ગયો જોધની બિદેશે, બિગ્રહકો સમો આયો; ;
રાજબારોટ છેટે સોતો, ભૂમિ પર ભાર હે.
કેતહે કવી જેમલ, શુણો રાણા રાજસિંહ;
ધનીકો નીમક ખાયો, ઘર બેઠો ધિક્કાર હે.

**વિદુષક**—શાબાશ દશાંદી શાબાશ છે રાજબારોટતો તમારા જેવાજ જોઇએ !

**રાજ૦**—કેમ દયાળશા ! તમારી હકીકત શું છે ! તમે જુદી રાહ શા માટે પકડી ?

**દયાળશાહ**—રાણાજી, જ્યારે આપણે જોધપૂરથી નીકળ્યા ત્યારે



પાછળ મુગલ દળને આવતું જોયું, ત્યારે મનમાં વિચાર કર્યો કે આપણે પાંચ સાત માણસ છીએ, તથા મુગલનું આખું લશ્કરછે તો કદી દૈવ યોગથી જો ભેટભેટા થઈ જશે તો વખતે વિપરીત બનાવ બને ! તથા રાણાકુળની કિર્તિ જે નિષ્કલંક છે તેને ડાગ લાગે, માટે એવું સમજી અમે જુદી રાહ પકડી, જેથી કરી દુશ્મનનું લશ્કર અમને જતા જોઈ તમારી ભ્રાંતિપર અમારી પાછળ આવ્યું, તેને અમે પર્વતોની વચમાં લઈ ગયા તથા ત્યાંના ભીલોને મળી થોડી ઘણી ઝટાપટી કરી.

**ચંદ્રસેન**—મહારાજ દયાળશા બોલતા નથી, એ ત્રણતો એને જખમ પણ થઈ ગયા છે, તથા મોતમાંથી બચ્યા છે.

**રાજ૦**—શાહબાશ છે પ્રધાનજી, એવા મોટા લશ્કરનો દાવ ચુકાવ્યો તમારી નેકીને ધન્યછે !

**દયાળશા**—રાણાજી એમાં શું અમે મોટી ફતેહ મારીછે ! રાણાની કીર્તિ અવિચ્છિન્ન શંભુનાથે આજ સુધી રાખી છે એની આગળ કદી અમારા પ્રાણ જાય તોપણ શું વધારે છે.

**જેમલ**— **કવિત.**

તીજોરીકું તાજી દેખી, લછમીકો પેખી પૂર,
પાંચસેં પ્રધાન આઈ, ઉભત જુગ જાન્યો હે.
બીગડયો જો રાજકાજ, અંતર્ન ઉનકી દાઝ;
પેટકી પ્રથમ પાજ, બાંધત મન માન્યો હે,
આયો બલિહારી પાસ, પલાયનકો તપાસ;
આપકી સલામતીરા, અચ્છોજીહીં બખાન્યો હે.
કેત બારોટ જેમલ, શુણો રાણા રાજસિંહ;
અંગ પર ઘાવ લીનો, મંત્રી આજ પીછાન્યો હે.

**રાજસિંહ**—એવી નેકીનો બદલો મારી પાસે નથી, પરંતુ જયાં સુધી દયાળશા અમારા વંશના હાથમાં મેવાડની ગાદીછે ત્યાં સુધી તમારા વંશમાં પ્રધાનજીની જગા કાયમ છે એવું તામ્રપત્રે લખી આપુંછું.

**દયાળશા**—રાણાજી આ ચંદ્રસેન ઝાલાએ જેવી નેકીથી અ-

Taj Tahir Foundation

વલથી નોકરી બજાવી છે તેવીજ આ સંગ્રામમાં બતાવીછે, દુશ્મનના સૌ આદમીને ઠેર કર્યાં છે.

**રાજસિંહ**—શાબાશછે મારા શૂરવીર પટાવત આ જે નોકરી તમે બજાવીછે તેના બદલ ત્રણ ગામ પુત્રપુત્રાદિ તમને બક્ષિશ કરૂંછું.

**દયાળશા**—ધન્ય છે રાણાજી રાણાકુળમાં એવીજ કદરદાની અવલથી ચાલી આવે છે.

**ચંદ્રસેન**—કદરદાન રાણાજી, હું ઘણા એહેશાનની સાથે આપની બક્ષીશ કબુલ રાખુછું.

**જેમલ્લદશાંદી**—સેવા કરવી તો આવાજ નૃપની કરવી !

**કવિત.**

નોકરી અચ્છી પીછાને, કદર્દાન દેવે માન;
ગુનવંતકી પીછાન, લાવ જીનસેં લેવો હે.
દુશ કાલ આવે કાજ, નોકરકી રાખે લાજ;
બાજરીકી ચિંતા તીન, જુગમે ટારે તેવો હે.
ધર્મ રાજહુકો અંશ, ભૃત્યકો નીભાવે બંશ;
રોજગારી દીની બાલ, બચ્ચે જનક જેવો હે.
કેતહે દશાંદી મુખ, શુણો રાણા રાજસિંહ;
એસો નૃપ સેવ્યો તબ નૃપહી ઉન્ને સેવ્યો હે.

**રાજસિંહ**—દશાંદી તમે જોધપૂર ગયા હતા તો ત્યાં શા વર્તમાન ચાલેછે ?

**જેમલ**—રાણાજી જોધપૂરમાં તો હાહાકાર થઈ રહ્યો છે! મુગલ શાહની નામોશી જમી આશમાનમાં વ્યાપ્ત થઈ ગઇ છે; એ કાળું મોઢું લઈ પાછો દીલ્હી જવાનો છે! એક તાજુબીની વાત ત્યાં ચાલી રહીછે કે એ વગર પરણેલી સ્ત્રીનું તો રાણો હરણ કરી ગયો પણ જે ઓરત કંઇક વર્ષ થયાં જનાનામાં દાખલ હતી એનુંય કોઇ હરણ કરી ગયું !

**રાજસિંહ**—બારોટ ઘણોજ દીલગીરીનો એક બનાવ બન્યોછે કે આંહી એનીએ બેગમ કેશરબા મોજુદ છે, તેને આ અજેપાળ ભીલ ઉઠાવી લાવ્યો છે.



**વિદુષક**—અરે રંગરે અજેપાલ તેં પણ હામ ભારે નાંખીહો ! જાનો બાદશાહથી મારો આખડ્યો !

**દયાળશા**—રાણાજી, ત્યારે કેશરબા અહિ શી રીતે આવ્યાં ?

**રાજસિંહ**—આ બંનેની રગઝગ આ નજીકમાં ચાલતી હતી. તે દરમ્યાનમાં કેશરબાનો રક્ષણને માટે પોકાર સાંભળી હું ત્યાં જઈ પહોંચ્યો, તથા અજેપાલ પાસેથી તેમને છોડાવી આંહ લાવ્યો તથા અજેપાલે પણ મારૂં નામ સાંભળ્યું ત્યારે હથિઆર મારા પગમાં છોડી દીધાં જેથી તેને પાસે રાખ્યો છે.

**અજેપાલ**—હા ઠાકોર, મારી જનેતા તથા બાપુ સૌ તમેછો હું તો તમારે શરણેછું.

**વિદુષક**—તારી જનેતા તો જે હોય તે હોય! બાકી તું રાજનું છોકરૂં ખરૂં !

**અજેપાલ**—રાણાજી, આ ખળ પુરૂષ તો મશ્કરીમાંજ ઉડાવે છે.

**રાજસિંહ**—આ જંગલીને કોઈ સતાવશો નહીં.

**અજેપાલ**—બાપજી, તમે પણ જંગલીમાં ગણી કાઢોછો.

**વિદુષક**—લેતો જા, રાજાનાં છોકરાંમાંથી કાઢી નાંખ્યો ! ને જાતો જંગલી ઠરાવ્યો. મારાને હજી કાંઇક લાલચ હોય એમ જણાંય છે ખરૂં.

**રાજસિંહ**—અજેપાલ શું તારા દિલમાં ઉમેદ છે!

**અજેપાલ**—રાણાજી કાંઈ ઉમેદ નથી. માત્ર—

**વિદુષક**—ઉમેદ શું મનની મનમાં ! એય આંખુંનાં તેજ ગયાં ભીલના રાણા ફિકર રાખશોમાં ભગવત સારૂં કરશે.

**રાજસિંહ**—નહીં એની મરજી હોય એનાથી લગ્ન ઉદેપૂરમાં કરી આપીએ પછી શું ?

**વિદુષક**—હાં હાં કૌલા બક્ષની છોડી જે કાળીચૌદશની રાત છે તેને આ દીવો દેખાડીએ તો.

**અજેપાલ**—માબાપ એ શું બોલોછો, ભરી સભામાં મારી ઇજત જાયછે. મને તો બાપજી પુરંધરીએ દગો દીધો.

Taj Tahir Foundation

**જેમલદશાંદી**—હા રાણાજી, જોધપૂરમાં એવી વાત સાંભળી કે એક પુરંધરી ભીલની છોડીને ઔરંગજેબની કચેરીમાં સખત માર પડચો. તથા એક હલકા સિપાઇને સુપ્રદ કરી વટલાવી.

**અજેપાલ**—રાણાજી તમામ જગ્યાએ ચુગલી ખાઈ એણેજ કજીઓ કરાવ્યો હતો.

**દયાળશા**—તો એને પોતાની બુરાઇનું ફળ મળ્યું.

**જેમલદશાંદી**— કવિત.

નિમક હરામ અંગ, કલેશ કો લાવે પ્રસંગ;<br>
નીચકો સુભાવ દુઃખ, સુલકો લે નીકારેહે;<br>
આપ જાને અંધેરેમેં, કરત હું કામ મેરો;<br>
પાસ બેઠો પ્રભુ ભલી, બુરી સબ નિહારેહે.<br>
દુષ્ટકી દેખા બુરાઈ, દૈવ દે તહીં ભૂલાઇ;<br>
ઓરનકી જંજીરમેં, આપ પાઊંન ડારેહે;<br>
કેતહે દશાંદી પ્યારે, સુનો રાણા રાજસિંહ;<br>
ઓર કાજ ખોદી ખાડ, અપનેકું લે ડારેહે.

**રાજસિંહ**—દયાળશાહ જે પુરંધરી વિશે બારોટ હકીકત કહે છે, તે દૈવ ઇચ્છાથી આહીં આવી ચડીછે.

**દયાળશા**—એ શી રીતે આહીં આવી?

**રાજસિંહ**—જે મીયાને એને સુપ્રદ કરી હતી, તે તેને દિલ્હી લઈ જતોતો ત્યાં રસ્તામાં ભૂલાં પડયાં, અને જે વખતે રાણીને એકલાં મૂકી હું કેશરબાના રક્ષણ માટે ગયો તે વખતે તે આહીં આવી ચડયાં, તે મીયાને તો રાણીએ ઠેર કર્યો, તથા પુરંધરીને પોતાના કૃત્યને માટે ઘણો પસ્તાવો થયો તથા રાણીની પાસે તેણે માફી માગી. જેથી પાસે રાખીછે.

**જેમલ**—આહા! શો બનાવ બન્યો છે!

**દયાળશા**—રાણાજી, હવે કેશરબા તો ઉદેપૂર રહેશેના, કેમકે એ પણ એતુંજ રાજછે!

**રાજસિંહ**—મારો મત તો એવોછે કે!—



**લાવણી.**

(ભરથરી ભ્રાતા વિચારીને એ રાહ.)

હું દિલમાં વાત વિચારૂં, દિલ્હી મોકલવા ધારૂં. ટેક.<br>
છે દૈવ તણી ગતી ન્યારી, એ શાહ તણીછે નારી;<br>
એને રોકવી એહ ન સારૂં—દિલ્હી૦<br>
શત્રુતા શાહથી મારે, રણભૂમિ હોય જ્યારે;<br>
એ નીતિની રીત નિહાળું—દિલ્હી૦<br>
જે બાલ વૃદ્ધ હોય આગે, જે કાયર રણથી ભાગે;<br>
અબળાપર વેર ન વાળું—દિલ્હી૦

એમને માન મર્તબાથી રથમાં બેસાડી દિલ્હી મોકલવાં આપણને લાજમ છે.

**દયાળશા**—ધન્યછે રાણા કૂળ રત્ન ધન્યએ!! નિતિની વાતછે "पंडितोपि वरं शत्रु न मूर्खो हितकारकः" શત્રુપણ પંડિત હોય તો શ્રેષ્ટછે પણ હિત કર્ત્તા મુર્ખ હોય તો શ્રેષ્ટ નહીં.

**જેમલ**— કવિત.

મિત્રસેં મિત્રકી પ્રીત, શત્રુસેં શત્રુકી રીત;<br>
ધરમકી ધજા જીને, ધરમ યુદ્ધ ધારીહે.<br>
દાવ લડનાં પ્રસિદ્ધ, કપટનાં પાઊં દેનાં<br>
શરન આયો ઉગારે, એસી ટેક તિહારીહે.<br>
ધન્યહે કદર તેરી, કીયોહે ઉચિત રાના;<br>
દિલ્હી શાહ જનાનેકી, આબરૂ તો વિચારીહે.<br>
કહત કવિ જેમલ, શુણો રાણા રાજસિંહ;<br>
દુશ્મન તો હુવો, તોભી દાનાકી બલહારીહે.

**દયાળશા**—મહારાજ તોપણ કેશરબાની શું મરજી છે તે જાણવું જોઇએ.

**રાજસિંહ**—બહુ સારૂં ત્યારે એમને પૂછી જોઇએ (દાસીને બોલાવે છે અને કાનમાં કહેછે).

**કેશરબા**—(ઝાડને ઓથે રહી બોલેછે.)

Taj Tahir Foundation

**ગજલ.**

(ઇંદ્રસભામાં ગવાતી ઢબની.)

મેરા ખાવિંદ પાસ, દિલ્હી મેં જાને ચહૂં,
રાણાજી અરજ ઐસી મેરી સચ દીલે કહૂં;
નેકી ઉસસેં રખની યહ હે નીતિકી રશમ,
રાણાજી દિલ વિચારીએ, મેં કહતી ખા કસમ.
દિલ્હી શાહસેં નીકા પઢી મેં નામદાર,
પાક દિલ એક ઉસસે રખનેકા બિચાર;
માન મર્તબા મેરા રખા તુમે રાજન,
એ એહેશાન કબ ન ભૂલું સચ કહું બચન.
રાણાજી યહહે બંદગી મેરી ખુદાકી પાસ,
તુમારે જેસેં હોવે પેદા સૂર જગમેં ખાસ;
વિમલાકી જોડી ક્ષત્રિ બેટીઓ બને,
સચા ધર્મ સો દીખાવે સંકટ નવ ગીને.

**જેમલ**—ધન્યછે શિશોદીયા શિરછત્ર! ઇક્ષ્વાકુ વિરમણી! તમે જે દિર્ઘ દ્રષ્ટિ વિચાર અવલથી દરશાવ્યો, તેજ કેશરબાનું દિલ ચાહેછે!

**રાજસિંહ**—સાહાબાશ છે જેમલ બારોટ! તમારી રાજભક્તિ તથા સમયોચિત્ત વાકચાતુરી જોઇ હું ઘણોજ પ્રસન્ન થયોછું (દયાળશાને) દયાળશા! બારોટને એક ગામ ઇનાયત કરૂંછું!

**દયાળશા**—આ લગ્નના પ્રસંગમાં રાજબારોટનો હકછે ઘણી સારી કદરદાની તમે કરીછે.

**જેમલ**—રાજસિંહ રાણાના રાજમાં મોજુંછે, બાપજી!

**કવિત.**

સૂરા નર પૂરા મશહુર જગહુ મેં જાન્યા,
બખાન્યા જશ જીનકા, તામ્ર પત્રે જડયાહે.
નેક નર ખાસા તમાશાહી તુરકુને દેખ્યા,
પરાક્રમી પેખ્યા લેખ્યા, વિશ્નુ કરસેં ઘડયાહે.
મેવાડકા રાણા મહારાણા વરતાણા વિશ્વે,
લેખ તો લખાણા એસા, અબળા વારે ચડયાહે.



કેતહે દશાંદી પ્યારે સુનો રાણા રાજસિંહ,
સુરજ કૂળ નર્વર પંઝા પાછા કહાં પડયા હે.
ભરતખંડકો નાંહ, ઔરંગજેબ જેસો શાહ,
નગ્ર આયો આશધારી, એસેંહી ઉર છીન્યોહે.
મેવાડસેં મહા વેગ, કરકે આયો મહિપ,
અબળાકો પણ સાચો, કળાવંતને કીનોહે.
તુરકકો ગયો રાજ, હિંદુકો ભયો સુકાજ,
પ્રભુને બઢાઈ લાજ એસોહી દીલ ચીન્યોહે.
કેતહે કવિ જેમલ શુણો રાણા રાજસિંહ,
ક્ષત્રિવટ સ્થાપન અવતાર તેને લીનોહે.

**વિદુષક**—મહારાજ સૌને ઇનામ આપ્યાં હવે હું તથા અજેપાલ માત્ર ધોયે મોઢે રહ્યા, તેમાં મારૂં તો ઠીક, પણ આ અજેપાલે તો બિચારે મેહેનત કરી વલખાં મારવામાં કાંઈ બાકી રાખી નથી. તોપણ એના સામું કોઇએ જોયું નહીં.

**રાજસિંહ**—એને પણ કાંઈ આપવું જોઇએ પ્રધાનજી!

**દયાળશા**—મહારાણાની મરજી!

**રાજસિંહ**—ત્યારે આપણા ભીલની જે સૈન્યાછે તેનો અધિપતિ એને હું બનાવુંછું. તથા તેની જીવાઇ બદલ બે ગામ આપુંછું.

**અજેપાલ**—ખંમા બાપજી ખંમા! આપના જેવી કદરદાની બીજો કોણ કરનાર છે! આજથી આપની સેવામાં હાજર રહેવા હું બંધાઉંછું.

**દયાળશા**—મહારાજ નિમક હલાલીથી નોકરી બજાવશે તો એને બીજો પણ લાભ થશે!

**રાજ૦**—દયાળશા, તે સિવાય આ જે પુરંધરી છે તેનાં લગ્ન અજેપાલની સાથે કરવા મારો ઇરાદો છે, માટે અજેપાલે એને કબુલ રાખવી તથા બંને જો સંપસંપી દંપતિનો સ્નેહ જોડશે તો તેની જીવાઇમાં પાછો વધારો કરી આપીશ.

**અજેપાલ**—મહારાજ આપના હુકમને તાબે છું.

**પુરંધરી**—રાણાજી, આપનું કલ્યાણ થાઓ.

**વિદુષક**—(અજેપાલના સામું જોઇને) કેમ તમારૂં પણ વચ-

માં કામ થઈ ગયું, કરો મજા હવે કાંઇક મોઢું હસ્યું!

**અજેપાલ**—મારા કિસ્મતમાં એજ હતી તો આખર ફરી રખડી રઝળી છેવટ મુને મળી.

**વિદુષક**—હવે સંપીને બેયજણાં રહેજો, પાછાં ખટપટ ઉઠાવતાં નહીં!

**પુરંધરી**—હવે શા ભોગ લાગ્યા છે!

**જેમલદશાંદી**—બાપુ, બંકાચંદાવતે પ્રતિજ્ઞા પૂરી કરવામાં પ્રાણ ખરચ્યા એવું જોધપૂર આવી સાંભળ્યું.

**રાજ૦**—દશાંદી, એ મારા ટેકદાર પટાવતના પ્રતાપથી હું નિર્ભયપણે આ રાણીનું હરણ કરી આવ્યો છું.

**જેમલદશાંદી**—બાપુ, સલુમ્બર ગાદીપતીનો મોખરો પાછળ ક્યાંઈ પડ્યો છે!

**દયાળશાહ**—મહારાજ એવા નરતો વિરલા થાવા છે!

**જેમલદશાંદી**—વિરલા, દયાળશાહ, મેવાડભૂમિમાં જેને ભગવતે જન્મ આપ્યો છે, તેણે કાયરપણું સ્વપ્ને દીઠું નથી!

**દયાળશાહ**—હા, દશાંદી રાણાજીના દેશનું ઉગ્ર અન્ન આગળ પડ્યા વગર રહ્યુંજ નથી!

**જેમલ**—રાણાજી, માજી આપને મળવાને ઘણુંજ આતુરછે, જગરનાથના દેવળ સુધી સામાં આવ્યાં છે તો હવે અહીંથી સત્વર જવું જોઇએ.

**દયાળશાહ**—હા, મહારાજ, હવે રોકાવાની શી જરૂરછે, તાકીદથી જઇએ કેમકે સૌ સામાં આવ્યાં હશે.

**રાજ૦**—બહુ સારૂં ચાલો. ત્યારે ઘોડા મંગાવો.

**અજેપાલ**—મહારાજ તૈયારજ છે, પધારો.

**રાજ૦**—ચાલો (ઉઠે છે).

**જેમલદશાંદી**—ખંમા શીશોદીયા શિરછત્ર સુરજવંશી શૂરવિર નરકું ખમા, ભલે ભડ ઘોડે પાંઉ દીયો મુગલકાં માન અચ્છો લીયો.

(સૌ જાય છે.)

---



## પ્રવેશ ૪ થો.

**સ્થળ—જોધપૂર પાદર ઔરંગજેબની છાવણી.**

**પાત્ર—ઔરંગજેબ, વજીર, કાજી, નરહરભટ, જશવંતસિંહ, સુરસિંહ.**

**ઔરંગજેબ**—વજીર, યહ જો અપની નામોશી હુઈ; ઉસ્મેં કસુર બીલકુલ જસવતસિંહકી જાન પડતી હે, ઉસકે લીયે સબસેં પહિલા ઉસકા રાજ પાયમાલ કરનાં ચાહઇએ.

**વજીર**—ખુદાવીંદ, ઇસ બાતમેં જો અહવાલ અપનેકું માલુમ હુવાહે, વો ફક્ત પુરંધરીકે મુંસેં જાન પડા હે, વહ બોહોત આકીન રખને જેસા નહીં હે, બાસ્તે કુછ બારીક તીલાસ કરની ચાહઇએ.

**કાજી**—તીલાસ અબ જ્યાદે કયા કરની હે? અબતો દીન જગાઓ! યા બીસમીલ્લા! અબ કયા રહા, દોનું પરીયાં તો ગેબ હો ગઈ!

**ઔરંગજેબ**—બજીર દીલ્લીસેં સબ લસ્કર ઇકઠા કર ઇધર હીં મંગવાઓ, જહાં તલક એક છોટા ગાઉંભી મેવાડ તાબેમેં રહેગા, તબ તલક નીંદ હરામ હે.

**વજીર**—જહાંપનાહ, મેં એસા જાનતાહું કે અપને એક વક્ત ઇહાંસે દીલ્લી જાવેં, ઓર ફેર વહાં સબ બાતકા અચ્છા બંદોબસ્ત કર વ લસ્કર લેકર દોનું રાજપર હલ્લાં કરેં.

**કાજી**—દેખો, યહ સ્યાના બજીર, મુગલ બાદશાહુંકા! કયા મું લેકર દીલ્લી જાવેં.

**વજીર**—તબ કયા કરનાં હે, કાજી સાહેબ, તુંમ ફરમાઓ!

**કાજી**—કયા કરનાં? સારે ક્ષત્રિકું તારાઝ કરી દેના ઓર કાફરકા નાઉં હીંદમેં નાબુદ કર દેનાં.

**ફતેહખાં**—(પ્રવેશ કરીને) ખુદાવીંદ, મેવાડસેં સુરસિંહ ઠાકોર ઓર નરહર ભટ આયેં હે.

**વજીર**—અચ્છા, કચેરીમેં બુલવાઓ, (તેને બોલાવે છે અને ત આવી પ્રવેશ કરે છે.)

**સુરસિંહ**—(ઔરંગજેબ પ્રતિ) નામદાર મહારાણા રાજસિંહને

Taj Tahir Foundation

આપ હજૂર કુરનસ બજાનેકે સંગ યહ પત્ર ભેજા હે.

**ઓરંગજેબ**—અચ્છા લાઓ. (તે લેછે ને પછી વજીર પ્રતિ કહે છે) બજીર બાંચો, કયા લીખા હે? (વજીર કચેરીમાં વાંચેછે.)

નેક નામદાર ઓરંગજેબ શાહકી હજુરમેં કુરનસ બજાનેવાલા મેવાડકા રાણા રાજસિંહ રોશન કરતા હે કે નામદારકે જનાને કેશરબા એક અજેપાલ કરકે ભીલુંકા રાજા થા, ઉસકે હાથમેં ફસ ગયે થે, વહ ઉસકું જંગલમેં લેકર નીકલ આયા, ઓર બડા સતાને લગાયા ઇત્તેફાક ઐસા બનાકે હમને ઉસ વકતકે દરમ્યાન નજીકમેં મુકામ કીયાથા, ઉસી વકત એક ઓરત જાતકા શરન આનેકા પુકાર હમને સુનાં, જીસકે લીયે દયાકે ખાતર હમને બહોત સતાબીસેં વહાં જાકર ઉસકા ખબર લીયા, ઓર વો ભીલ રાજા અજેપાલ મેરા નામ સુનકે પાણીમે પડા, તબ મેં ઉસકું ક્ષમાકર આપકી હુરમકું ઉસકે કબજેસેં છુડાકર મેરે હવાલે રખી, ઓર ઉસકી મરજી માફીક મુગલ તખ્તકે સુંનાસબ જો માનમરતબા હે ઉસ રાહસેં મેને ઉસકું રથમેં બીઠાકર આપકી છાવણીમેં ભેજેહેં; ઓર મેરે ઉમરાવ સુરસિંહ ઓર નરહરભટકું સંગ ભેજેહેં, આપકે જનાને કેશરબા યહ દુષ્ટ ભીલકે પંજેમેં ફસ ગયે, એસી બાત જબસેં રોશન હુઈ વહાંસે ઓર આપકી પાસ ભેજે તલક ઉસકા માન અચ્છી તરેહસેં રખનેમેં બહોત સંભાલ લીહે, લેકીન હમસેં કુછ જ્યાદે વ કમતી હુવા હોવે તો આપકી હજૂરમેં માફી મંગતે હે; કયું કે યહ નેક નીતિકી રાહ ઇનસાનકું અદલ અદા કરની ઐસી ખુદાકે બંદેકી ફરઝહે. દુશ્મની જો હે સો ધર્મ રાહસેં મેદાનમેં હોતી હે, ઈસ બાતમેં ઉસકા ઈસારા કરનેકીભી જરૂર નહીં હે, કયું કે આપકું સબ રોશન હે.

**વજીર**—શાબાશ હે રાજસિંહરાણા તેરી ક્ષત્રિવટ ઓર નેકીકું!!

**ઓરંગજેબ**—અચ્છા એસી નેકી ઇનસાનકું લાજીમ હે.

**કાજી**—જહાં પનાહ, એસી નેકી આપને અવલસેં રખી હોતી તો રજપૂતસેં ઇતની દુશ્મની નાંહીં હોતી.

**નરહરભટ**—દીલ્લીપતિ, એમાં આપનો દોષ નથી એતો ગ્રહનો પ્રતાપ છે.